**૧. બોયકોટ ચીન : હાઈ વે પ્રોજેક્ટ્સમાં હવે ચાઈનીઝ કંપનીઓને સામેલ નહીં કરાય**

ભારતીય કંપનીઓને ટોચની પ્રાથમિકતા અપાશે

**બોયકોટ ચીન અભિયાન હેઠળ ભારતનાં કેટલાંક પગલાંઓ**

- ✓ ગાલવાન સંઘર્ષ બાદ રેલવેએ ચાઈનીઝ કંપનીનો રૂ. ૪૭૧ કરોડનો કોન્ટ્રાક્ટ રદ કરી નાખ્યો
- ✓ બિહારમાં મેગા ગંગા પ્રોજેક્ટમાં સામેલ ચીન કંપનીઓનું ટેન્ડર રદ
- ✓ બીએસએનએલ ચીની કંપનીઓને બાકાત રાખવા ૪-જી ટેન્ડર રદ કર્યું
- ✓ વેપારીઓ દ્વારા ચીની માલનો બહિષ્કાર : ૨૦૨૧ સુધી ચીનને ૧ લાખ કરોડનું નુકસાન
- ✓ ૫૯ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ

**૨. ગ્લોબલ ટાઈમ્સ : ચીનની સરકારની માલિકીનું અખબાર**

**૩. ખેલકૂદ : રાજીનામું**

**ICCના ચેરમેન તરીકે ભારતીય શ્રી શશાંક મનોહરનું મુદ્દત પૂર્ણ થતા રાજીનામુ**

- ✓ શ્રી મનોહર કુલ બે ટર્મ એટલે ૪ વર્ષ ICCના ચેરમેન
- ✓ કાર્યકારી ચેરમેન : ઈમરાન ખ્વાજા
- ✓ ICC : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ
- ✓ મુખ્ય મથક : દુબઈ

**૪. કેન્દ્ર સરકાર : ૦૯ ખાલિસ્તાની એક્ટિવિસ્ટને ગૃહ મંત્રાલય દ્વારા આતંકવાદી જાહેર**

- ✓ UAPAમાં સંશોધન બાદ સૌથી મોટી કાર્યવાહી
- ✓ આ કાયદામાં સુધારો થયો તે પછી ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કેન્દ્ર સરકારે મસૂદ અઝહર, હાફિઝ સઈદ, જકી-ઉર-રહેમાન અને દાઉદ ઈબ્રાહિમને આતંકવાદી ઘોષિત કર્યા હતા. એ પછી ગૃહ મંત્રાલયે પહેલી વખત ખાલિસ્તાની ચળવળ ચલાવનારા સામે આકરા પગલાં ભર્યા છે.
- ✓ ગૃહમંત્રાલયે નવને આતંકવાદી જાહેર કર્યા પછી તેના નામની યાદી પણ જાહેર કરી હતી.
- ✓ પાકિસ્તાન સ્થિત બબ્બર ખાલસા ઈન્ટરનેશનલનો નેતા વાધવા સિંહ બબ્બર, પાકિસ્તાનમાંથી જ એક્ટિવિટી કરતો લખબીર સિંહ, રણજીત સિંહ અને પાકિસ્તાન સ્થિત ખાલિસ્તાન કમાન્ડો ફોર્સના નેતા પરમજીત સિંહ આતંકી જાહેર થયા હતા.
- ✓ જર્મનીમાંથી ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ મારફતે એક્ટિવિટી કરતા ભૂપિન્દર સિંહ ભીંડા, ગુરમિત સિંગ બગ્ગા, અમેરિકામાં રહીને એક્ટિવિટી કરતા ગુરપતવંત સિંહપનૂન, કેનેડામાં રહેતા હરદીપ સિંહ નિજ્જર અને બ્રિટનમાં રહીને બબ્બર ખાલસા ઈન્ટરનેશનલની એક્ટિવિટી કરતા પરમજીત સિંહને ગૃહ મંત્રાલયે આતંકવાદી જાહેર કર્યા હતા.
- ✓ તમામ નવ આતંકવાદીઓ વિદેશની ધરતી પર રહીને ભારત વિરૂદ્ધની ગતિવિધિ કરે છે.
- ✓ આ આતંકવાદીઓ પંજાબમાં ઉગ્રવાદ ફેલાવીને ખાલિસ્તાન આંદોલનને વેગ આપવાનું કૃત્ય કરે છે.
- ✓ UAPA : અનલોફૂલ એક્ટિવિઝ પ્રિવેન્શન એક્ટ

**૫. દિન વિશેષ : ૧ જુલાઈ :**

**(૧) રાષ્ટ્રીય ડૉકટર્સ ડે**

- ✓ **થીમ-૨૦૨૦ : 'Lessen the mortality of Covid-19'**
- ✓ કોની યાદમાં : ડૉ. બિધાનચંદ્ર રોય (બંગાળ)નો જન્મદિવસ
- ✓ પ્રથમ ઉજવણી : ૧લી જુલાઈ-૧૯૯૧
- ✓ સંસ્થા : ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)

**(૨) RBIના નાણાંકીય વર્ષનો પ્રારંભ**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૭-૨૦૨૦)**

1. ભારત સરકાર દ્વારા હાઈવે પ્રોજેક્ટ્સમાં હવે કયા દેશની કંપનીઓને સામેલ નહીં કરાય - **ચાઈનીઝ**
2. ગાલવાન સંઘર્ષ બાદ ભારતીય રેલવેએ ચાઈનીઝ કંપનીનો રૂપિયાનો કોન્ટ્રાક્ટ રદ કર્યો - **રૂ. ૪૭૧ કરોડ**
3. બિહારમાં કયા પ્રોજેક્ટમાં સામેલ ચીન કંપનીઓનું ટેન્ડર રદ કરાયુ હતુ - **મેગા ગંગા**
4. બીએસએનએલ એ ચીની કંપનીઓને બાકાત રાખવા કયુ ટેન્ડર રદ કર્યું હતુ - **૪-જી**

5. ભારતીય વેપારીઓ દ્વારા ચીની માલનો બહિષ્કારને કારણે વર્ષ ૨૦૨૧ સુધીમાં ચીનને અંદાજે કેટલા રૂપિયાના નુકસાનનો અંદાજ છે - **૧ લાખ કરોડ**
6. ચીનની સરકારની માલિકીનું અખબારનું નામ જણાવો - **ગ્લોબલ ટાઈમ્સ**
7. ICCના ચેરમેન તરીકે કોની મુદત પૂર્ણ થતા રાજીનામુ આપ્યુ - **શશાંક મનોહર**
8. શ્રી શશાંક મનોહર કુલ કેટલી ટર્મ-વર્ષ ICCના ચેરમેન પદે રહ્યા - **બે ટર્મ તથા ૪ વર્ષ**
9. ICCના ચેરમેન પદેથી શ્રી શશાંક મનોહરના રાજીનામા બાદ કાર્યકારી ચેરમેન કોણ બન્યા - **ઈમરાન ખ્વાજા**
10. ક્રિકેટના સંદર્ભમાં ICCનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ**
11. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ મુખ્ય મથક ક્યાં આવેલુ છે - **દુબઈ**
12. જૂલાઈ-૨૦૨૦માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા કેટલા ખાલિસ્તાની એક્ટિવિસ્ટને આતંકવાદી જાહેર કરાયા – **નવ**
13. કયા કાયદામાં સુધારા બાદ સપ્ટેમ્બર-૨૦૧૯માં માં કેન્દ્ર સરકારે મસૂદ અઝહર, હાફિઝ સઈદ, જકી-ઉર-રહેમાન અને દાઉદ ઈબ્રાહિમને આતંકવાદી ઘોષિત કર્યા હતા - **UAPA**
14. UAPAનું વિસ્તૃત નામ જણાવો - **અનલોફૂલ એક્ટિવિઝ પ્રિવેન્શન એક્ટ**
15. રાષ્ટ્રીય ડૉકટર્સ ડે ક્યારે મનાવવામાં આવે છે - **૧ જુલાઈ**
16. ભારતમાં રાષ્ટ્રીય ડૉકટર્સ ડે કોની યાદમાં મનાવવામાં આવે છે - **ડૉ. બી.સી. રોય**
17. . ડૉ. બી.સી. રોયનું વતન જણાવો – **બંગાળ**
18. રાષ્ટ્રીય ડૉકટર્સ ડે-૨૦૨૦ની થીમ જણાવો - **'Lessen the mortality of Covid-19'**
19. રાષ્ટ્રીય ડૉકટર્સ ડેની પ્રથમ ઉજવણી કયારે થઈ હતી - **૧લી જુલાઈ-૧૯૯૧**
20. કઈ ભારતીય સંસ્થા રાષ્ટ્રીય ડૉકટર્સ ડે ઉજવવામાં આવે છે - **IMA**
21. મેડિકલ સંદર્ભે IMAનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ડિયન મેડિકલ એસોસિએશન**
22. RBIના નાણાંકીય વર્ષનો પ્રારંભ જણાવો - **૧ જુલાઈ**

## DATE : 02-07-2020

**૧.સંરક્ષણ મંત્રાલય : ભારતીય સેના માટે રૂ. ૩૮,૯૦૦ કરોડના શસ્ત્રો ખરીદવાની મંજૂરી**

✓ જેમાંથી રૂ. ૩૧,૧૩૦ કરોડ મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત ભારતમાં જ શસ્ત્રો બનાવવા-અપગ્રેડ કરવા ખર્ચ કરાશે (અંદાજે ૮૦ ટકા રકમ)

**શસ્ત્ર ખરીદીની મહત્વની વિગત :**

✓ કુલ ૩૮,૯૦૦ કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક શસ્ત્ર સરંજામનો સોદો કરાશે જેમાં ૭,૪૧૮ કરોડ રૂપિયાના ખર્ચે ૨૧ મિગ-૨૯ વિમાન, ૫૯ વિમાનનું અપગ્રેડેશન માટે, રૂ. ૧૦,૭૩૦ કરોડના ખર્ચે HAL પાસેથી ૧૨ સુખોઇ-૩૦ વિમાન તથા રૂ. ૨૦,૪૦૦ કરોડના ખર્ચે ક્રૂઝ મિસાઇલ સિસ્ટમ અને એસ્ટ્રા મિસાઇલ.

**૧. શસ્ત્રો અને ખર્ચની રકમ :**

✓ ૨૧ મિગ-૨૯ ફાઇટર જેટ રશિયા પાસેથી અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પાસેથી ૧૨ સુખોઇ-૩૦ એમકેઆઇ યુદ્ધવિમાનોની ખરીદી કરાશે.

✓ નવા ૨૧ મિગ-૨૯ વિમાનની ખરીદી અને હાલના ૫૯ મિગ-૨૯ વિમાનને અપગ્રેડ કરવાનો કુલ ખર્ચ રૂપિયા ૭,૪૧૮ કરોડ થશે.

✓ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પાસેથી રૂપિયા ૧૦,૭૩૦ કરોડના ખર્ચે નવા ૧૨ સુખોઇ-૩૦ એમકેઆઇ ફાઇટર જેટ ખરીદાશે.

✓ ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે નેવી અને એરફોર્સ માટે ૨૪૮ બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ એર ટુ એર એસ્ટ્રા મિસાઇલ અને ૧,૦૦૦ કિમીની રેન્જ ધરાવતી ક્રૂઝ મિસાઇલ સિસ્ટમ ખરીદવાની પણ મંજૂરી આપી છે.

✓ લાંબી રેન્જની લેન્ડ એટેક ક્રૂઝ મિસાઇલ સિસ્ટમ અને એસ્ટ્રા મિસાઇલની ડિઝાઇન અને ડેવલપમેન્ટનો ખર્ચ રૂપિયા ૨૦,૪૦૦ કરોડ આવશે.

**૨. કુલ રકમમાંથી રૂ.૩૧,૧૩૦ કરોડ ભારતમાં ખર્ચાશે**

✓ સંરક્ષણ મંત્રાલયે ૨૪૮ સશસ્ત્ર એર મિસાઈલ ખરીદવાને પણ મંજૂરી આપી છે. તે વાયુદળ અને નૌકાદળ માટે છે.

✓ સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે ૩૧ હજાર કરોડથી વધુ રૂપિયા મેક ઈન ઈન્ડિયા એટલે કે ભારતમાં અપગ્રેડ થનારા

વિમાનો, પિનાકા રોકેટ લોન્ચરના ગોળાબારૂદ પાછળ ખર્ચાશે.

**૩. શસ્ત્રો અને તેની વિશેષતા :**

**સુખોઈ-૩૦ (મૂળ રશિયન બનાવટ) :**

- ✓ સુખોઈ મલ્ટિરોલર કોએક્ટ એરક્રાફ્ટ છે, એટલે કે એ જરૂરિયાત પ્રમાણે ફાઈટર વિમાન, બોમ્બર, સર્વેલન્સ કરનાર, હવામાં જ દુશ્મન વિમાનોને વ્યસ્ત રાખનાર એમ વિવિધ રોલ કરી શકે છે.
- ✓ સંખ્યાબંધ મિસાઈલ્સ, રોકેટ, બોમ્બ લઈને ઉડતું સુખોઈ ૩ હજાર કિલોમીટરની રેન્જ ધરાવે છે.
- ✓ દરેક સુખોઈની ખરીદી ભારતને અંદાજે ૮૯૦ કરોડ રૂપિયામાં પડશે.

**અસ્ત્ર :**

- ✓ ડીઆરડીઓ દ્વારા વિકસાવાયેલા અસ્ત્ર મિસાઈલ ઉડતા વિમાનમાંથી કલાકના સાડા પાંચ હજાર કિલોમીટરની ઝડપે ફાયર કરી શકાય છે.
- ✓ ભારતના મોટા ભાગના ફાઈટર જેટ સાથે ફીટ થઈ શકતા અસ્ત્રની રેન્જ ૮૦ કિલોમીટર જેટલી છે .

**મિગ-૨૯ :**

- ✓ કલાકના અઢી હજાર કિલોમીટરની ઝડપે ઉડતું મિગ-૨૯ આકાશમાં પ્રભુત્વ જમાવવા માટે વિશેષ ઉપયોગી છે.
- ✓ તેમાં પણ અનેક પ્રકારના રેડાર ગાઈડેડ મિસાઈલ્સ અને બોમ્બ ફીટ કરી શકાય છે.
- ✓ કારગિલ યુદ્ધ વખતે આ વિમાનોએ પાકિસ્તાની ફાઈટર વિમાનો એફ-૧૬ને દૂર રાખવાનું મહત્ત્વપૂર્ણ કામ કર્યું હતું.

**પિનાક :**

- ✓ પિનાક એ જમીન પરથી ફાયર થતી મલ્ટિપલ રોકેટ સિસ્ટમ છે. એક મલ્ટિબેરલ લોચિંગ સિસ્ટમમાં સામાન્ય રીતે ૧૨ પિનાક હોય છે.
- ✓ ૭૫ કિલોમીટર સુધીની રેન્જ ધરાવતા પિનાક રોકેટ સાથે ભારતની સ્વદેશી નેવિગેશન સિસ્ટમ પણ જોડાયેલી છે.

**૫. કોના દ્વારા ખરીદીની મંજૂરી :**

- ✓ કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં શસ્ત્રોની ખરીદી અંગે નિર્ણયો લેવાયાં હતાં.

## ૨. રશિયા : વર્તમાન રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિન વર્ષ-૨૦૩૬ સુધી પ્રમુખપદે રહેશે (વૈશ્વિક રાજકારણ)




ખાસ જોગવાઈ : રશિયાના બંધારણમાં સુધારો કરીને પુટિનને ૨૦૩૬ સુધી પ્રમુખપદે રહેવાની પરવાનગી અપાઈ આ માટે મતદાન પણ યોજાયુ હતુ

- ✓ અંદાજે ૭૮ ટકા મતદાતાઓનું સમર્થન કર્યું
- ✓ હાલ કાર્યકાળ વર્ષ ૨૦૨૪માં પૂર્ણ થતો હતો
- ✓ રાજધાની – મોસ્કો

## ૩. ભારતીય રેલવે : વર્ષ-૨૦૨૩થી ભારતમાં ખાનગી પેસેન્જર ટ્રેનો શરૂ થશે

ખાનગી કંપનીઓને મૂડિરોકાણ માટે આમંત્રણ

- ✓ ખાનગી ટ્રેનના ભાડા રેલવે દ્વારા નકકી કરાશે
- ✓ એશિયાની સૌથી જૂની અને વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું નેટવર્ક ગણાતી ભારતીય રેલવેના ખાનગીકરણનો પ્રારંભ કરાયો છે.
- ✓ ભારતમાં પહેલીવાર પેસેન્જર ટ્રેનોના સંચાલન માટે ભારતીય રેલવેએ પ્રાઇવેટ કંપનીઓને મૂડીરોકાણ કરવા આમંત્રણ આપ્યું
- ✓ ૧૫૧ પેસેન્જર ટ્રેનનું ૧૦૯ રૂટ પર સંચાલન કરવા માટે પ્રાઇવેટ કંપનીઓને તેમની ઓફર રજૂ કરવા જણાવ્યું છે.
- ✓ રેલવે અંદાજે ૧૫૧ પેસેન્જર ટ્રેનના ખાનગીકરણથી અંદાજે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ મળશે.

## ૪. રશિયાના વ્લાદિવોસ્તોક શહેર પર ચીનનો દાવો (વૈશ્વિક રાજકારણ)

- ✓ ચીનની સરકારી ન્યૂઝ ચેનલના એડિટર શેન સિવઇએ દાવો કર્યો છે કે વ્લાદિવોસ્તોક શહેર વર્ષ-૧૮૬૦ પહેલાં ચીનનો હિસ્સો હતું.
- ✓ આ શહેર પહેલાં હૈશેનવાઈ તરીકે ઓળખાતું હતું. રશિયાએ એકતરફી સંધિ કરાવીને ચીન પાસેથી આ શહેર આંચકી લીધું હતું.
- ✓ તાજેતરના દિવસોમાં રશિયા અને ચીન વચ્ચેના સંબંધોમાં કડવાશ વધી છે. આવી સ્થિતિમાં ચીને રશિયા સામે પણ મોરચો ખોલી દીધો છે.

✓ થોડા દિવસ પહેલાં ચીનની ગુપ્તચર એજન્સી પર રશિયાએ સબમરીન સાથે સંકળાયેલી ટોપ સિક્રેટ ફાઈલ ચોરવાનો આરોપ મૂક્યો હતો.
✓ રશિયાના એક ટોચના અધિકારીએ ફાઈલ ચોરીને ચીનને આપી હતી. રશિયાની સરકારે આ અધિકારી પર દેશદ્રોહનો કેસ દાખલ કર્યો છે.

## ૫. નેપાળ : નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીને સંસદ ભંગ કરવા રાષ્ટ્રપતિની મંજૂરી (વૈશ્વિક રાજકારણ)

✓ કારણ : પાર્ટી વિભાજન માટેનો વટહુકમ
✓ પક્ષ : નેપાળ કોમ્યુનિસ્ટ પાર્ટી
✓ રાજધાની : કાંઠમાડુ

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૭-૨૦૨૦)

1. જૂલાઈ-૨૦૨૦માં ભારતીય સેના માટે કેટલા રૂપિયાના શસ્ત્રો ખરીદવાની મંજૂરી મળી – **રૂ. ૩૮,૯૦૦ કરોડ**
2. જૂલાઈ-૨૦૨૦માં ભારતીય સેના માટે રૂ. ૩૮,૯૦૦ કરોડના શસ્ત્રો ખરીદવાની મંજૂરી મળી તે પૈકી કેટલા રૂપિયા મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત ભારતમાં જ શસ્ત્રો બનાવવા-અપગ્રેડ કરવા ખર્ચ કરાશે – **રૂ. ૩૧,૧૩૦**
3. જૂલાઈ-૨૦૨૦માં સંરક્ષણ મંત્રાલય દ્વારા ભારતીય સેના માટે મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત ભારતમાં જ શસ્ત્રો બનાવવા અપગ્રેડ કરવા-અંદાજે કેટલા ટકા ખર્ચ કરાશે – **અંદાજે ૮૦ ટકા**
4. ભારતીય સેના માટે કેટલા રૂપિયાના ખર્ચે ૨૧ મિગ-૨૯ વિમાન, ૫૯ વિમાનનું અપગ્રેડેશન કરાશે – **રૂ. ૭,૪૧૮ કરોડ**
5. ભારતીય સેના માટે કેટલા રૂપિયાના ખર્ચે HAL પાસેથી ૧૨ સુખોઇ-30 વિમાન ખરીદાશે - **રૂ.૧૦,૭30 કરોડ**
6. ભારતીય સેના માટે કેટલા રૂપિયાના ખર્ચે ક્રૂઝ મિસાઇલ સિસ્ટમ અને એસ્ટ્રા મિસાઇલ ખરીદાશે - **રૂ. ૨૦,૪૦૦ કરોડ**
7. સંરક્ષણ સંદર્ભે HALનું વિસ્ત નામ જણાવો - **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ**
8. ભારતીય સંરક્ષણ મંત્રાલય ક્યા દેશ પાસેથી ૨૧ મિગ-૨૯ વિમાન ખરીદશે - **રશિયા**
9. ભારતીય સંરક્ષણ મંત્રાલય કોની પાસેથી ૧૨ સુખોઈ ખરીદશે - **હિન્દુસ્તાન એરોનોટિક્સ**
10. ભારતીય સંરક્ષણ મંત્રાલય કેટલી એર મિસાઈલ સિસ્ટમ ખરીદશે - **૪૮**
11. અસ્ત્ર મિસાઈલ કોના દ્વારા વિકસાવવામાં આવી છે - **ડીઆરડીઓ**
12. અસ્ત્ર મિસાઈલ ઉડતા વિમાનમાંથી કલાકના કેટલા કિલોમીટરની ઝડપે ફાયર કરવાની ક્ષમતા ધરાવે છે – **૫૫૦૦ કિ.મી.**
13. ભારતના મોટા ભાગના ફાઈટર જેટ સાથે ફીટ થઈ શકતા અસ્ત્ર મિસાઈલની રેન્જ કેટલી છે - **૮૦ કિલોમીટર**
14. ભારતીય મિગ-૨૯ કલાકના કેટલા કિલોમીટરની ઝડપે ઉડવાની ક્ષમતા ધરાવે છે – **૨૫૦૦ કિ.મી.**
15. જમીન પરથી ફાયર થતી મલ્ટિપલ રોકેટ સિસ્ટમનું નામ જણાવો - **પિનાક**
16. એક મલ્ટિબેરલ લોંચિંગ સિસ્ટમમાં સામાન્ય રીતે કેટલા પિનાક હોય છે - **૧૨**
17. પિનાક રોકેટ કેટલા કિલોમીટર સુધીની રેન્જ ધરાવે છે - **૭૫ કિ.મી.**
18. જૂલાઈ-૨૦૨૦માં કોના દ્વારા ભારતીય સેના માટે રૂ. ૩૮,૯૦૦ કરોડ રૂપિયાના શસ્ત્રો ખરીદવા અંગેનો નિર્ણય લેવાયો - **કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં મળેલી ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં**
19. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિન કયા વર્ષ સુધી પ્રમુખપદે રહેશે - **૨૦૩૬**
20. રશિયાની રાજધાની કઈ છે - **મોસ્કો**
21. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિને વર્ષ-૨૦૩૬ સુધી પ્રમુખપદે રહેવા કઈ જોગવાઈ કરાઈ - **ખાસ જોગવાઈ દ્વારા રશિયાના બંધારણમાં સુધારો કરવા મતદાન કરાયુ**
22. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિને વર્ષ-૨૦૩૬ સુધી પ્રમુખપદે રહેવા ખાસ જોગવાઈ દ્વારા રશિયાના બંધારણમાં સુધારો કરવા કરાયેલા મતદાનમાં કેટલા ટકા મતદાતાએ સમર્થન કર્યુ – **૭૮ ટકા**
23. ભારતમાં કયા વર્ષથી ખાનગી પેસેન્જર ટ્રેનો શરૂ થશે - **૨૦૨૩**
24. કયો દેશ વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું રેલ્વે નેટવર્ક ધરાવે છે – **ભારત**
25. ભારતીય રેલવે દ્વારા ટ્રેનના ખાનગીકરણ માટે કેટલી પેસેન્જર ટ્રેનનું કેટલા રૂટ પર સંચાલન કરવા માટે પ્રાઇવેટ કંપનીઓને તેમની ઓફર રજૂ કરવા જણાવ્યું છે – **૧૫૧ તથા ૧૦૯**

26. ભારતીય રેલવેને ૧૫૧ પેસેન્જર ટ્રેનના ખાનગીકરણથી કેટલા રૂપિયાના રોકાણની આશા છે – **રૂ. 30,000 કરોડ**

27. ચીનની સરકારી ન્યૂઝ ચેનલના દાવા મુજબ રશિયાનું વ્લાદિવોસ્તોક શહેર ક્યા સમયગાળા પહેલાં ચીનનો હિસ્સો હતું – **વર્ષ ૧૮૬૦**

28. રશિયાનું વ્લાદિવોસ્તોક શહેર પહેલાં કયા નામે ઓળખાતુ હતુ – **હૈશેનવાઈ**

29. જુલાઈ-૨૦૨૦માં નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીને કયા કારણે સંસદ ભંગ કરવા રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી - **પાર્ટી વિભાજન માટેનો વટહુકમ માટે**

30. નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી કયા રાજકીય પક્ષના નેતા છે - **નેપાળ કોમ્યુનિસ્ટ પાર્ટી**

31. નેપાળની રાજધાનીનું નામ જણાવો - **કાંઠમાડુ**

DATE : 03-07-2020

## ૧.લદ્દાખ : વડાપ્રધાન શ્રી મોદીની લદ્દાખની અગ્રીમ સૈન્ય ચોકી નીમૂની અચાનક મુલાકાત (સંરક્ષણ)

**નીમૂ ચોકી :**

- ✓ ૧૧ હજાર ફૂટની ઊંચાઈએ આવેલી છે ગલવાન ખીણથી ૧૫૦ કિમી દૂર છે
- ✓ અગાઉ વર્ષ ૧૯૭૧માં તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધી લદાખ મુલાકાતે ગયા હતા

**વડાપ્રધાન મોદીની મુલાકાતના મહત્વના અંશો**

- ✓ પીએમ મોદીએ શહીદ જવાનોને સલામી સાથે શ્રદ્ધાંજલિ આપી
- ✓ વડા પ્રધાન મોદીએ તા. ૩જી જૂલાઈ-૨૦૨૦ના રોજ સવારે ૯:૩૦ કલાકે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત અને સેનાધ્યક્ષ જનરલ નરવણે સાથે અચાનક લેહની મુલાકાતે પહોંચ્યા
- ✓ લેહથી પીએમ મોદી ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલી ઝરકાર રેન્જની નીમૂ ફોરવર્ડ પોસ્ટની મુલાકાતે.
- ✓ નીમૂ ખાતે પીએમ મોદીએ આર્મી, એરફોર્સ અને આઇટીબીપીના જવાનો સાથે વાતચીત કરી તેમની સેવાઓને બિરદાવી
- ✓ પોસ્ટ પર હાજર ઉચ્ચ અધિકારીઓએ પીએમ મોદીને લદ્દાખની સ્થિતિ અંગે માહિતી આપી
- ✓ પીએમ મોદીએ કેમોલેજ ટેન્ટમાં બેસીને જવાનો સાથે ચર્ચા કરી
- ✓ પીએમ મોદી નીમૂ પોસ્ટથી લેહની હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ગાલવાનની અથડામણમાં ઘાયલ થયેલા જવાનોની ખબરઅંતર પૂછી
- ✓ ભારતના દુશ્મનોએ ભારતીય જવાનોની ફાયર એન્ડ ફ્યુરી જોઈ છે. જવાનોની વીરતા દેશના દરેક ઘરે ગૂંજે છે.
- ✓ મહાન તમિલ કવિ તિરુવલ્લુવરે કહ્યું હતું કે શૌર્ય, સન્માન, મર્યાદાપૂર્ણ વ્યવહાર અને વિશ્વસનીયતા આ ચાર ગુણ કોઈ પણ દેશની સેનાના પ્રતિબિંબ હોય છે. ભારતીય સેના હંમેશા એ જ માર્ગે ચાલે છે.

## ૨. ગુજરાત વિધાનસભા : વિવિધ ૧૮ સમિતિઓની પુનઃ રચના (બંધારણ)

**MLA અને જવાબદારી :**

1. જાહેર હિસાબ સમિતિ-PAC અધ્યક્ષપદે સતત ત્રીજા વર્ષે પૂંજા વંશની પુનઃ નિયુક્તિ.
2. અંદાજ સમિતિના અધ્યક્ષપદે બાબુભાઈ બોખીરિયા
3. જાહેર સાહસો અંગેની સમિતિમાં ડૉ.નિમાબહેન આચાર્ય
4. વિશેષાધિકાર સમિતિમાં અધ્યક્ષપદે - રાકેશ શાહ.
5. પંચાયતી રાજ સમિતિના અધ્યક્ષપદે ગોવિંદ પટેલ.

**કામગીરી :**

- ✓ આ સમિતિઓ સરકારના ખર્ચ, વહીવટ અને નિયમો ઉપર વૈધાનિક સ્તરેથી કાર્યરત હોય છે. જેનું સંસદીય કાર્ય પ્રણાલીમાં મહત્વ છે.

## ૩. અવસાન : બોલિવૂડના કોરિયોગ્રાફર સરોજ ખાનનું ૭૧ વર્ષે મુંબઈ ખાતે અવસાન

- ✓ **મૂળ નામ :** નિર્મલા નાગપાલ
- ✓ **ઉપનામ :** માસ્ટરજી
- ✓ **જન્મ :** મુંબઈ (૧૯૪૮)
- ✓ **મૂળ વતન :** પાકિસ્તાન
- ✓ અંદાજે ૨૦૦૦થી વધુ ગીતોનું નૃત્ય દિગ્દર્શન કર્યું હતું.

## ૪. સિદ્ધિ : ભારતીય રેલવે

### નાગપુર ડિવિઝનને ૨૫૧ વેગન સાથેની ૨.૮ કિલોમીટર લાંબી ટ્રેન/માલગાડી દોડાવી રેકોર્ડ બનાવ્યો

- ✓ **ટ્રેનનું નામ :** 'શેષનાગ' ભારતની સૌથી લાંબી રેલગાડી
- ✓ લંબાઈ અને વજનના કારણે ટ્રેન દોડાવવા ચાર લોકોમોટીવ એન્જિન લગાવાયા
- ✓ અગાઉ તારીખ ૩૦ જૂને ૧૭૭ ડબ્બાની ટ્રેનને સુપર એનાકોન્ડાની ઓળખ અપાઇ હતી.

૫. UN : ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 (પર્યાવરણ)

**વિશ્વમા વર્ષ 2019માં ૫.૩૬ કરોડ ટન ઈ-વેસ્ટ**

**ઈ-વેસ્ટ એટલે શું :**

✓ કમ્પ્યુટર, મોબાઈલ, લેપટોપ, વિવિધ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો વપરાય ગયા બાદ ખરાબ થઈ જાય એટલે તેને ઈ-વેસ્ટ તરીકે ગણવા રહ્યા.

**રિપોર્ટના મહત્વના તથ્યો :**

✓ આખા જગતમાં 2019ના વર્ષ દરમિયાન 5.36 કરોડ ટન ઈલેક્ટ્રોનિક કચરો પેદા થયો હતો. એટલે કે ધરતી પરના દરેક રહેવાસીએ સરેરાશ 7.3 કિલોગ્રામ ઈ-વેસ્ટ પેદા કર્યો હતો.

✓ આ જથ્થો અત્યાર સુધીનો સૌથી મોટો છે. છેલ્લા પાંચ વર્ષમાં ઈ-વેસ્ટના પ્રમાણમાં 21 ટકાનો વધારો.

✓ 2014માં કચરાનું પ્રમાણ 4.44 કરોડ ટન હતું, જે 2030 સુધીમાં વધીને 7.47 કરોડ ટન થવાનો અંદાજ છે.

**સૌથી વધુ ઈ-વેસ્ટ પેદા કરનાર ત્રણ દેશો**

૧. ચીન 2019માં- 1.01 કરોડ ટન ઈ-વેસ્ટ

૨. અમેરિકા - 69 લાખ ટન ઈ-વેસ્ટ

૩. ભારત – 32 લાખ ટન ઈ-વેસ્ટ

✓ આ ત્રણ દેશોએ મળીને કુલ ઈ-વેસ્ટમાંથી 38 ટકા કચરો પેદા કર્યો.

✓ કુલ ઈ-વેસ્ટ પૈકી માત્ર 17.4 ટકા ઇ-વેસ્ટ ગયા વર્ષે રિ-સાઈકલ કરાયો.


✓ ઇ-વેસ્ટ મેનેજમેન્ટ માટે જગતના ઘણા દેશોએ કોઈ નીતિ જ બનાવી નથી.

✓ રિપોર્ટ પ્રમાણે ઈ-વેસ્ટ સાથે દર વર્ષે અંદાજે 10 અબજ ડૉલરની કિંમતની સોના-પ્લેટિનમ જેવી ધાતુ ભંગારમાં જાય છે. કેમ કે ઈલેક્ટ્રોનિક ઉપકરણમાં વપરાતી સર્કિટમાં સોનાનો ઉપયોગ અનિવાર્ય છે.

✓ ઇ-વેસ્ટમાં પર્યાવરણ અને સ્વાસ્થ્ય માટે નુકસનકારક સીસાં જેવી ઝેરી ધાતુઓ પણ હોય છે.

✓ વિવિધ ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં વિવિધ 69 પ્રકારની ધાતુનો ઉપયોગ થાય છે.

**વ્યક્તિદીઠ સૌથી વધુ ઈ-વેસ્ટ ઉત્પાદન**




✓ દુનિયાના ક્યા વિસ્તારમાં 2019ના વર્ષ દરમિયાન પ્રતિ-વ્યક્તિ સૌથી વધુ ઈ-વેસ્ટનું ઉત્પાદન થયું?

| પ્રદેશ | ઇ-વેસ્ટ (કિલોગ્રામ) |
|---|---|
| ઉત્તર યુરોપ | 22.4 |
| ઓસ્ટ્રેલિયા-ન્યુઝિલેન્ડ | 21.3 |
| અમેરિકા-કેનેડા | 20.9 |
| ઈસ્ટર્ન યુરોપ | 11 |
| એશિયા | 5.6 |
| આફ્રિકા | 2.5 |

૬. ભારતીય ચૂંટણીપંચ : મતદાન માટે નવી જોગવાઈ (બંધારણ)

**૬૫ વર્ષથી વધુ વયના લોકો અને કોરોનાના દરદીઓ પોસ્ટલ બેલેટથી મત આપી શકશે**

✓ કેન્દ્ર સરકારે કન્ડક્ટ ઓફ ઈલેક્શન રૂલ્સ-૧૯૬૧માં મોટો ફેરફાર કર્યો

૭. જન્મ દિન વિશેષ : ૩ જુલાઈ

પ્રથમ મહિલા કુલપતિ : હંસા મહેતા

જન્મ : ૩ જુલાઈ - ૧૮૯૭

અવસાન : ૪ એપ્રિલ ૧૯૯૫

✓ આજના દિવસે પોર્ટુગલના રાજાએ પોતાની રાજકુમારીના લગ્ન કરી ઇંગ્લેન્ડને મુંબઈ બેટ દહેજમાં આપી દીધો હતો. અને આજે ભારતના પહેલા મહિલા કુલપતિ હંસાબેન મહેતા, દૂધસાગર ડેરી (મહેસાણા)ના પિતા મોતીભાઈ ચૌધરીનો જન્મદિવસ.




✓ હંસા મહેતાના પિતા એટલે મનુભાઈ મહેતા વડોદરા રાજ્યના દીવાન અને પતિ ડોક્ટર જીવરાજ મહેતા ગુજરાતના પહેલા મુખ્યમંત્રી હતા.

- ✓ હંસા મહેતા તત્વજ્ઞાન સાથે સ્નાતક થયાં પછી પત્રકારત્વનો અભ્યાસ કરવા ઇંગ્લેન્ડ ગયાં. ત્યાં ચાલતા નારી આંદોલન અને ફેબિયન સમાજવાદથી ઘણા પ્રભાવિત થયાં હતાં.
- ✓ અમેરિકા નિવાસ દરમિયાન તેમણે સ્ત્રી મતાધિકાર માટેની ઝુંબેશમાં ભાગ લીધો હતો. તેઓ સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી અધિકારોના પ્રખર હિમાયતી હતાં.
- ✓ હંસા મહેતા ભારત આવી રાષ્ટ્રની સ્વતંત્રતા માટે ચાલતા આંદોલનમાં જોડાયાં હતાં. પિકેટિંગ અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો હતો. તેઓ મુંબઈ મ્યુ. કોર્પોરેશન, મુંબઈ લેજિસ્લેટિવ એસેમ્બલી અને બંધારણ સભાના સભ્ય પણ બન્યાં હતાં.
- ✓ હંસા મહેતા વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિ.ના પહેલાં કુલપતિ બન્યાં.
- ✓ તેઓનું 4 એપ્રિલ 1995માં અવસાન થયું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૭-૨૦૨૦)

1. ભારતના વડાપ્રધાને તાજેતરમાં 3 જુલાઈએ લદાખમાં આવેલી કઈ ચોકીની મુલાકાત લીધી હતી - **નીમૂ સૈન્ય ચોકી**
2. નીમૂ સૈન્ય ચોકી ગલવાન ખીણથી કેટલા કિલોમીટર દૂર આવેલી છે - **150**
3. નીમૂ સૈન્ય ચોકી દરિયાઇ સપાટીની કેટલા ફૂટની ઉંચાઈએ આવેલી છે - **11,000**
4. સૌપ્રથમ વર્ષ 1971માં કયા તત્કાલીન વડાપ્રધાન લદાખની મુલાકાતે ગયા હતા - **ઇન્દિરા ગાંધી**
5. કયા ભારતીય મહાન કવિએ ભારતની સેના માટે કહ્યું છે કે "શૌર્ય, સન્માન, મર્યાદા પૂર્ણ વહેવાર અને વિશ્વસનીયતા આ ચાર ગુણ ભારતીય સેનામાં જોવા મળે છે"- **તમિલ કવિ તિરુવલ્લુવર**
6. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં કેટલી સમિતિઓની પુન:રચના કરાઈ - **18**
7. ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે કોની પુનઃ નિમણૂક કરવામાં આવી - **ધારાસભ્ય પુંજાભાઈ વંશ**
8. ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં અંદાજ સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઈ - **બાબુભાઈ બોખિરીયા**
9. ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં જાહેર સાહસો અંગેની સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઈ - **ડૉ.નિમાબહેન આચાર્ય**
10. ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં વિશેષાધિકાર અંગેની સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઈ - **રાકેશભાઈ શાહ**
11. ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં પંચાયતી રાજ અંગેની સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઈ - **ગોવિંદભાઈ પટેલ**
12. તાજેતરમાં બોલિવૂડના કોરિયોગ્રાફર સરોજ ખાનનું 71 વર્ષની વયે ક્યાં અવસાન થયું - **મુંબઈ**
13. કોરિયોગ્રાફર સરોજ ખાનનું મૂળ નામ જણાવો - **નિર્મલા નાગપાલ**
14. કોરિયોગ્રાફર સરોજ ખાનનું મૂળ વતન જણાવો - **પાકિસ્તાન**
15. કોરિયોગ્રાફર સરોજ ખાનને કયા કયા વર્ષે નેશનલ એવોર્ડ અપાયો હતો - **2003, 2006, 2008**
16. સરોજ ખાનની કોરિયોગ્રાફર તરીકેની છેલ્લી ફિલ્મ જણાવો - કલંક(2019)
17. -કોરિયોગ્રાફર સરોજ ખાન કયા ઉપનામથી ઓળખાતા હતા - **માસ્ટરજી**
18. જૂલાઈ-૨૦૨૦માં ભારતીય રેલવેના કયા ડિવિઝને ૨૫૧ વેગનની લાંબી ટ્રેન/માલગાડી દોડાવી રેકોર્ડ બનાવ્યો - **નાગપુર ડિવિઝન**
19. જૂલાઈ-૨૦૨૦માં ભારતીય રેલવેના નાગપુર ડિવિઝને કેટલા કિલોમીટર લાંબી ટ્રેન/માલગાડી દોડાવી રેકોર્ડ બનાવ્યો - **૨.૮ કિલોમીટર**
20. જૂલાઈ-૨૦૨૦માં ભારતીય રેલવેના નાગપુર ડિવિઝને ૨.૮ કિલોમીટર લાંબી ટ્રેન/માલગાડી દોડાવી રેકોર્ડ બનાવ્યો તે ટ્રેનનું નામ શું હતુ - **'શેષનાગ'**
21. નાગપુર રેલ્વે ડિવિઝને સૌથી લાંબી શેષનાગ ટ્રેન દોડાવી રેકોર્ડ બનાવ્યો તે પહેલાં આ રેકોર્ડ ક્યા ટ્રેનના નામે હતો - **સુપર એનાકોન્ડા (૧૭૭ ડબ્બાની ટ્રેન)**
22. જૂલાઈ-૨૦૨૦માં કોના દ્વારા ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 જાહેર કરાયો – **UN**
23. UNના ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર વિશ્વમા વર્ષ 2019માં કેટલો ઈ-વેસ્ટ થયો હતો - **૫.૩૬ કરોડ ટન**

24. કમ્પ્યુટર, મોબાઈલ, લેપટોપ, વિવિધ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો વપરાય ગયા બાદ ખરાબ થઈ જાય એટલે તેને કયા નામે ઓળખાય છે - <u>ઈ-વેસ્ટ</u>
25. UNના ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર વિશ્વમા વર્ષ 2019માં ૫.૩૬ કરોડ ટન ઈ-વેસ્ટ થયો એટલે કે ધરતી પરના દરેક રહેવાસીએ સરેરાશ કેટલો ઈ-વેસ્ટ પેદા કર્યો - <u>7.3 કિલોગ્રામ</u>
26. UNના ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર ઈ-વેસ્ટના પ્રમાણમાં છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા ટકાનો વધારો થયો - <u>21</u>
27. ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર 2014માં કચરાનું પ્રમાણ 4.44 કરોડ ટન હતું, જે 2030 સુધીમાં વધીને કેટલો થવાનો અંદાજ છે - <u>7.47 કરોડ ટન</u>
28. ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર સૌથી વધુ ઈ-વેસ્ટ પેદા કરનાર પ્રથમ ત્રણ નંબરના દેશ જણાવો - **<u>અનુક્રમે ચીન, અમેરિકા તથા ભારત</u>**
29. ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર ચીને 2019માં કેટલો ઈ-વેસ્ટ પેદા કર્યો હતો-**<u>1.01 કરોડ ટન</u>**
30. ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર અમેરિકાએ 2019માં કેટલો ઈ-વેસ્ટ પેદા કર્યો હતો - <u>69 લાખ ટન</u>
31. ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર ભારતે 2019માં કેટલો ઈ-વેસ્ટ પેદા કર્યો હતો - <u>32 લાખ ટન</u>
32. ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 પ્રમાણે ઈ-વેસ્ટ સાથે દર વર્ષે અંદાજે કેટલા કિંમતની સોના-પ્લેટિનમ જેવી ધાતુ ભંગારમાં જાય છે - <u>10 અબજ ડૉલર</u>
33. ગ્લોબલ ઈ-વેસ્ટ મોનિટર રિપોર્ટ-2019 અનુસાર વિવિધ ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં વિવિધ કેટલા પ્રકારની ધાતુનો ઉપયોગ થાય છે - <u>69</u>
34. જૂલાઈ-૨૦૨૦ ભારતીય ચૂંટણીપંચે મતદાન માટે કઈ નવી જોગવાઈ કરી - **<u>૬૫ વર્ષથી વધુ વયના લોકો અને કોરોનાના દરદીઓ પોસ્ટલ બેલેટથી મત આપી શકશે</u>**
35. જૂલાઈ-૨૦૨૦ ભારતીય ચૂંટણીપંચે ૬૫ વર્ષથી વધુ વયના લોકો અને કોરોનાના દરદીઓ પોસ્ટલ બેલેટથી મત આપી શકશે એવી જોગવાઈ માટે કયા રૂલ્સમાં ફેરફાર કર્યો - **<u>કન્ડક્ટ ઓફ ઈલેક્શન રૂલ્સ-૧૯૬૧</u>**
36. ભારતના પહેલા મહિલા કુલપતિ કોણ હતા – **<u>હંસાબહેન મહેતા</u>**
37. હંસાબહેન મહેતા કઈ યુનિ.ના પહેલાં કુલપતિ બન્યાં હતાં - **<u>મહારાજા સયાજીરાવ યુનિ. (વડોદરા)</u>**
38. દૂધસાગર ડેરી કયા આવેલી છે – **<u>મહેસાણા</u>**
39. દૂધસાગર ડેરી મહેસાણાના જનક તરીકે કોણ ઓળખાય છે - **<u>મોતીભાઈ ચૌધરી</u>**
40. ભારત સરકારે હંસાબહેન મહેતાને કયા વર્ષે પદ્મભૂષણથી સન્માનિત કર્યાં હતા – **<u>વર્ષ ૧૯૫૯</u>**
41. કઈ યુનિવર્સિટીએ વર્ષ-૧૯૫૮માં હંસાબહેન મહેતાને ડી.લિટની પદવી એનાયત કરી હતી– **<u>અલ્હાબાદ યુનિ.</u>**
42. હંસાબહેન મહેતાના પિતા મનુભાઈ મહેતા કયા રાજ્યના દીવાન હતા – **<u>વડોદરા</u>**
43. ગુજરાતના પહેલા મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાના પત્નીનું નામ જણાવો – **<u>હંસાબહેન મહેતા</u>**

**DATE : 04-07-2020**

<u>૧. સાઉથ ચાઇના સી (સમુદ્ર) વિવાદ (વૈશ્વિક વિવાદ)</u>

**<u>ચીની સમુદ્રમાં યુ.એસ.એ.ના પરમાણુ યુદ્ધ જહાજો તહેનાત</u>**

- ✓ <u>ચીને સાઉથ ચાઇના સીનાં ૯૦ ટકા વિસ્તાર પર પોતાની માલિકીનો દાવો</u> કર્યો છે અને ત્યાં કૃત્રિમ ટાપુઓ બનાવીને લશ્કરી મથકો તેમજ એરબેઝ બનાવ્યા છે.
- ✓ <u>બ્રુનેઈ, મલેશિયા, ફિલિપાઈન્સ, તાઇવાન અને વિયેટનામનો પણ સાઉથ ચાઇના સીમાં અધિકૃત હિસ્સો</u> છે તેથી તેઓ ચીનની દાદાગીરીનો વિરોધ કરી રહ્યા છે .
- ✓ અમેરિકાએ તેનું એક સુપર કેરિયર તેમજ અણુ સંચાલિત બે વિમાન વાહક યુદ્ધ જહાજ USS નિમિત્ઝ અને USS રોનાલ્ડ રિગનને નૌકા કવાયત માટે સાઉથ ચાઇનામાં મોકલીને ચીન પર દબાણ સર્જ્યુ છે.
- ✓ USS રોનાલ્ડ રિગનનાં રિઅર એડમિરલ જ્યોર્જ વિકોફે કહ્યું હતું કે, પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતા માટે તેમજ સહયોગી દેશોને મદદ કરવા માટે અમેરિકા પ્રતિબદ્ધ છે આથી આ પગલું લેવાયું છે.

<u>૨. સોસાયટી રી-ડેવલપમેન્ટ નીતિ : ગુજરાત સરકાર (વહીવટ)</u>

- ✓ **નવી જોગવાઈ:** ૨૫ વર્ષ જૂની સોસાયટીના ૭૫ ટકા સભ્યો સર્વ સભ્યો સંમત હશે તો પણ રી-ડેવલપમેન્ટને મંજૂરી અપાશે
- ✓ અગાઉ 100 ટકા સભ્યોની સંમતિની જરૂર હતી
- ✓ ગુજરાત ઓનરશીપ ફ્લેટ ૧૯૭૧માં તા.૧૯/૦૨/૨૦૧૯ના રોજ સુધારો કરાયો હતો

## ૩.આત્મનિર્ભર ભારત : એપ ઇનોવેશન ચેલેન્જનો પ્રારંભ (સંશોધન)

- ✓ **હેતુ :** ભારતના યુવાનોને IT અને સ્ટાર્ટઅપ અંતર્ગત મેડ ઇન ઇન્ડિયા મોબાઈલ એપ તૈયાર કરવા વડાપ્રધાન શ્રી મોદીની હાકલ

**સ્પર્ધા વિશે :**

**સ્પર્ધામાં સામેલ એપ્સની કેટેગરી**

(૧) ઓફિસ પ્રોડક્ટિવિટી એન્ડ વર્ક ફ્રોમ હોમ
(૨) સોશિયલ નેટવર્કિંગ (૩) ઇ-લર્નિંગ
(૪) એન્ટરટેઇનમેન્ટ (૫) હેલ્થ એન્ડ વેલનેસ
(૬) બિઝનેસ (૭) એગ્રિટેક એન્ડ ફિનટેક
(૮) ન્યૂઝ એન્ડ ગેમ્સ

- ✓ નીતિ આયોગ દ્વારા દેશના નાગરિકો દ્વારા ઉપયોગમાં લેવાતા અને તેમના ક્ષેત્રમાં વિશ્વસ્તરની એપ્સ બનવાની સંભાવના ધરાવતી શ્રેષ્ઠ ભારતીય એપ્સની ઓળખ કરાશે.
- ✓ આ સ્પર્ધામાં સારી એપ્સને વિવિધ રોકડ ઈનામો અને પ્રોત્સાહનો આપવામાં આવશે.

**ઇનામી રકમ વિશે :**

- ✓ કેગરીના આધારે ઇનામની રકમ રૂપિયા ૨૦ લાખથી રૂપિયા ૨ લાખ વચ્ચે રાખવામાં આવી છે.
- ✓ પ્રથમ પુરસ્કાર રૂ. 20 લાખ બીજો પુરસ્કાર રૂ. 15 લાખ
- ✓ ત્રીજો પુરસ્કાર રૂ. 10 લાખ
- ✓ સબ-કેટેગરીઝ માટે પણ
- ✓ પ્રથમ પુરસ્કાર રૂ. 5 લાખ બીજો પુરસ્કાર રૂ. 3 લાખ
- ✓ ત્રીજો પુરસ્કાર રૂ. 2 લાખનો રખાયો છે.

## ૪. દામિની એપ : આકાશી વીજળીથી બચવા દામિની એપ મદદરૂપ થશે (ટેકનોલોજી)

**એપ વિશે :**

- ✓ કેન્દ્ર સરકારના મિનીસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ વિભાગ અને પુના સ્થિતિ આઇઆઇટીએમ વિભાગે એક એપ તૈયાર કરી છે.
- ✓ દામિની નામની આ એપની મદદથી જે તે વિસ્તારના જીપીએસ લોકેશનના આધારે તે વિસ્તારમાં વિજળી થવાની સંભાવના વ્યક્ત કરાય છે.
- ✓ જીપીએસ લોકેશનના 20 થી 40 કિલોમીટરના વિસ્તારની ત્રણ તબક્કામાં આગાહી કરવામાં આવે છે.
- ✓ પ્રથમ તબક્કામાં 5 મિનિટની અંદર
- ✓ બીજા તબક્કામાં 5 થી 10 મિનિટની અંદર
- ✓ ત્રીજા તબક્કામાં 10 થી 15 મિનિટની અંદર વિજળી થશે કે કેમ તે ચેતવણી જાહેર કરાય છે.

## ૫. અંદામાન નિકોબાર કમાન્ડ (સંરક્ષણ)

**દરિયાઈ સુરક્ષા વધારવા માટે રૂ. ૫,૬૫૦ કરોડનો એક્શન પ્લાન**

- ✓ આંદમાન નિકોબાર કમાન્ડની રચના ૨૦૦૧માં કરાઇ હતી
- ✓ દેશનું આ પહેલું કમાન્ડ હતું જેના દ્વારા જમીન માર્ગ, દરિયાઈ માર્ગે તેમજ હવાઈ માર્ગે દુશ્મન દેશોની ગતિવિધિઓ પર નજર રાખવાનું નક્કી કરાયું હતું.
- ✓ આંદામાન નિકોબાર કમાન્ડને મજબૂત બનાવવા તેમજ ત્યાં વૉરશિપ, વિમાનો, મિસાઇલ્સ બેટરી અને ઇન્ફન્ટ્રી સહિતનાં માળખાને વિકસાવવા રૂ. ૫,૬૫૦ કરોડના ખર્ચે ૧૦ વર્ષનો પ્લાન ઘડવામાં આવ્યો.
- ✓ કમોર્તા ટાપુ પર ૧૦,૦૦૦ ફૂટનો રનવે બનાવીને એરબેઝ બનાવવા કામ હાથ ધરાવાનું છે. સરકાર અહીં કાયમી ધોરણે ફાઇટર જેટનો બેઝ બનાવવા માગે છે.
- ✓ અહીં વધારાની ઇન્ફન્ટ્રી બટાલિયન ગોઠવવા, સર્ફેસ-ટુ-એર મિસાઇલ્સ સિસ્ટમથી તેને સજ્જ કરવા, MI-૧૭ V૫ હેલિકોપ્ટર્સ ગોઠવવા ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને ડોર્નિયર-૨૨૮ મેરિટાઇમ પેટ્રોલ પ્લેનથી તેને સજ્જ કરવા આયોજન કરાયું

## ૬. નિમણૂક : ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના નવા ચેરમેન તરીકે શ્રીકાંત માધવ વૈદ્યની નિમણૂક

## ૭. દિન વિશેષ : ૪ જુલાઈ

### (૧) સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ

- ✓ નામ : નરેન્દ્રનાથ દત્ત
- ✓ ગુરૂ : રામકૃષ્ણ પરમહંસ
- ✓ જન્મ : ૧૨, જાન્યુઆરી-૧૮૬૩ કોલકાતા
- ✓ અવસાન : ૪, જુલાઈ-૧૯૦૨
- ✓ બેલુર મઠ, હાવરા (કોલકત્તા)




(૨) USAનો સ્વાતંત્ર્ય દિવસ : ૪ જુલાઈ આઝાદી ૪ જુલાઈ-૧૭૭૬

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૭-૨૦૨૦)

1. દક્ષિણ ચીન સમુદ્ર ઉપર 90% ગેરકાયદેસર હિસ્સો કયો દેશ ધરાવે છે - **ચીન**
2. તાજેતરમાં ચાલી રહેલા ભારત-ચીન સરહદી વિવાદ વચ્ચે ભારતની મદદ કરવા કયા દેશ દ્વારા સાઉથ ચાઈના સમુદ્રમાં પરમાણુ યુદ્ધ જહાજો તહેનાત કરવામાં આવ્યા છે - **USA**
3. સાઉથ ચાઈના સમુદ્રમાં મુખ્યત્વે કયા કયા દેશો સાથે ચીનના કારણે વિવાદ ચાલે છે - **મલેશિયા, વિયેતનામ, બ્રુનેઇ,ફિલિપાઈન્સ અને તાઈવાન**
4. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી સોસાયટી રીડેવલપમેન્ટ નીતિ અંતર્ગત કેટલા વર્ષ જૂની સોસાયટીનું નવીનીકરણ કરી શકાય - **25વર્ષે**
5. સોસાયટી રીડેવલપમેન્ટ નીતિ અંતર્ગત સોસાયટીના કેટલા સભ્યોની મંજૂરીથી સોસાયટીનું નવીનીકરણ કરી શકાય - **75%**
6. ગુજરાતમાં સોસાયટી રી-ડેવલોપ કરવા માટે કયા એક્ટમાં ક્યારે સુધારો કરાયો હતો - **ગુજરાત ઑનરશિપ ફ્લેટ- 1971 અને 21 મે 2019**
7. તાજેતરમાં વડાપ્રધાનશ્રીના હસ્તે આત્મનિર્ભર ભારત અંતર્ગત ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન-સંશોધન માટે કઈ નવી ચેલેન્જ યુવાનો માટે જાહેર કરાઈ - **આત્મનિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જ**
8. "આત્મનિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જ" અંતર્ગત સ્પર્ધાઓની વિવિધ-8 કેટેગરીઓ જણાવો – **(૧) ઓફિસ પ્રોડક્ટિવિટી એન્ડ વર્ક ફ્રોમ હોમ (૨) સોશિયલ નેટવર્કિંગ (3) ઇ-લર્નિંગ (૪) એન્ટરટેઇનમેન્ટ (૫) હેલ્થ એન્ડ વેલનેસ (૬) બિઝનેસ (૭) એગ્રિટેક એન્ડ ફિનટેક (૮) ન્યૂઝ એન્ડ ગેમ્સ.**
9. "આત્મનિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જ" અંતર્ગત સ્પર્ધાઓમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે આવનારને કેટલી ઇનામી રકમ આપવામાં આવશે – **રૂ.20 લાખ, 15 લાખ અને 10 લાખ**
10. ભારતના યુવાનોને પ્રોત્સાહિત કરવા "આત્મનિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જ" કોના દ્વારા શરૂ કરાઈ છે - **નીતિ આયોગ**
11. જુલાઈ-૨૦૨૦માં આકાશી વીજળીથી બચવા કઈ એપ વિકસાવવામાં આવી - **દામિની**
12. આકાશી વીજળીથી બચવા કોના દ્વારા દામિની કઈ એપ વિકસાવવામાં આવી – **કેન્દ્રીય અર્થ સાયન્સ વિભાગ અને પુના સ્થિતિ આઇઆઇટીએમ વિભાગ**
13. આકાશી વીજળીથી બચવા વિકસાવેલી દામિની એપ કઈ રીતે કામ કરે છે - **તેના મદદથી જે તે વિસ્તારના જીપીએસ લોકેશનના આધારે તે વિસ્તારમાં વિજળી થવાની સંભાવના વ્યક્ત કરાય છે**
14. આકાશી વીજળીથી બચવા વિકસાવેલી દામિની એપ જીપીએસ લોકેશનના કેટલા કિલોમીટરના વિસ્તારની ત્રણ તબક્કામાં આગાહી કરે છે - **20 થી 40**
15. દેશનું એ પ્રથમ કમાન્ડનું નામ જણાવો કે જેના દ્વારા જમીન માર્ગ, દરિયાઈ માર્ગે તેમજ હવાઈ માર્ગે દુશ્મન દેશોની ગતિવિધિઓ પર નજર રાખવાનું નક્કી કરાયું હતું - **આંદમાન નિકોબાર કમાન્ડ**
16. ક્યા વર્ષમાં આંદમાન નિકોબાર કમાન્ડની રચના કરાઇ હતી – **વર્ષ ૨૦૦૧**
17. અંદામાન નિકોબાર કમાન્ડને વિકસાવવા કેટલો રૂપિયાનો ખર્ચ માટેનો ૧૦ વર્ષીય એક્શન પ્લાન ઘડાયો - **૫,૬૫૦ કરોડ**
18. ક્યા ટાપુ પર ૧૦,૦૦૦ ફૂટનો રનવે બનાવીને એરબેઝ બનાવાશે જ્યા કેન્દ્ર સરકાર ફાઇટર જેટનો બેઝ બનાવવા માગે છે - **કમોર્તા ટાપુ**
19. જુલાઈ-૨૦૨૦માં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરાઈ-**શ્રીકાંત માધવ વૈદ્ય**
20. યુવાનોના આદર્શ સમાન સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ જણાવો – **૪, જુલાઈ-૧૯૦૨**
21. સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ શું હતુ - **નરેન્દ્રનાથ દત્ત**
22. સ્વામી વિવેકાનંદનું અવસાન ક્યા સ્થળે થયું હતુ - **બેલુર મઠ, હાવરા (કોલકત્તા)**
23. USAનો સ્વાતંત્ર્ય દિવસ જણાવો - **૪ જુલાઈ-૧૭૭૬**

## ૧.સરદાર પટેલ કોવિડ કેર સેન્ટર – નવી દિલ્હી (આરોગ્ય)

**ITBP દ્વારા દિલ્હીમાં ફૂટબોલના ૧૦ મેદાનના કદનું ૧૦,૦૦૦ બેડ ધરાવતું ભારત અને વિશ્વનું સૌથી મોટુ કોવિડ કેર સેન્ટર શરૂ કરાયું**

- ✓ DRDO દ્વારા પણ ૧,૦૦૦ બેડની કોવિડ હોસ્પિટલ શરૂ કરાઈ
- ✓ આગામી સમયમાં બેડની સંખ્યા વધારીને ૧૦,૨૦૦ કરાશે

**સરદાર પટેલ કોવિડ કેર સેન્ટર વિશે :**

- ✓ 1700 ફૂટ લાંબુ 700 ફૂટ પહોળું
- ✓ 20 ફૂટબોલનાં મેદાન જેટલું 200 વોર્ડ
- ✓ 50 બેડ દરેક વોર્ડમાં 10,000 કુલ બેડ
- ✓ સ્થાન : રાધાસ્વામી સત્સંગ બિયાસ-દિલ્હી
- ✓ ITBP – ઈન્ડો તિબેટ બોર્ડર પોલીસ (ગૃહ મંત્રાલય)

## ૨. સાઉથ ચાઈના સી કટોકટી : એક નજર (વૈશ્વિક વિવાદ)

**(૧) દક્ષિણ ચીન સમુદ્રમાં વિવાદ કેમ ?**

- ✓ દક્ષિણ ચીન સાગરમાં સેંકડો દ્વીપ, ચટ્ટાન અને એટોલ છે, જેમાં સ્પ્રેટલી, પારાસેલ અને સ્કારબોરાઘ શોએલ મુખ્ય છે. ચીન ઉપરાંત બ્રૂનેઇ, મલેશિયા, ફિલિપાઇન્સ, તાઇવાન અને વિયેતનામ આ ટાપુઓ ઉપર પોતાનો દાવો કરે છે.
- ✓ જો કે ઇન્ડોનેશિયા સીધી રીતે આ વિવાદમાં સંકળાયેલું નથી, પરંતુ ચીન તેના નતુના દ્વીપ હેઠળ આવતા એક્સક્લુઝિવ ઇકોનોમી ઝોન પર કબજો કરવા માગે છે.
- ✓ આ તમામ દેશોની સરહદ દક્ષિણ ચીન સમુદ્ર સાથે જોડાયેલી છે અને તેથી આ દેશો માટે આ ક્ષેત્રનું ઘણું મહત્ત્વ છે. દક્ષિણ ચીન સમુદ્ર વૈશ્વિક વ્યાપારની દૃષ્ટિએ ઘણું મહત્વપૂર્ણ છે.
- ✓ અમેરિકાની હાજરી સ્વીકાર્ય આસિયાનના સભ્ય દેશ ચીન સાથે યુદ્ધ તો નથી ઇચ્છતા, પરંતુ તેઓ ઇચ્છે છે કે અમેરિકા આ ક્ષેત્રમાં પોતાની સૈન્યને તહેનાત રાખે.
- ✓ પોતાની અમેરિકા વિરોધી નીતિ છતાં ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ડુટેર્ટેએ અમેરિકા-ફિલિપાઇન્સ સૈન્ય સમજૂતીની મર્યાદા વધારી છે, તેની પાછળ ચીન સૌથી મોટું કારણ છે.

**(૨) આસિયાન દેશ ચીનની આક્રમકતાને પહોંચી વળવા માટે એકજૂથ થઇ રહ્યા છે.**

- ✓ દક્ષિણ ચીન સમુદ્ર અંગેના વિવાદને આસિયાન દેશો મંત્રણા દ્વારા હલ કરવા માગે છે, પરંતુ તેમને ખબર છે કે તે એટલું આસાન નથી, ત્યારે તેમની સમક્ષ કેટલા વિકલ્પ છે ?
- ✓ વિયેતનામની અધ્યક્ષતામાં હાલમાં દક્ષિણ પૂર્વ એશિયાઇ દેશોના સંગઠન આસિયાનની ૩૬મી શિખર મંત્રણામાં દક્ષિણ ચીન સમુદ્ર વિવાદ છવાયેલો રહ્યો.
- ✓ અમેરિકા, બ્રિટન સહિતના દેશોના યુદ્ધજહાજો ચાઈના સીમમાં આવી પહોંચતાં ચીન ચારેબાજુથી ભીંસમાં મુકાયો છે.
- ✓ સાઉથ ચાઈના સીમાં સ્થિતિ દિવસે દિવસ ગંભીર બનતી જાય છે

**(૩)ચીનની કાલ્પનિક સરહદ નાઇન ડેશ લાઇન**

- ✓ વાસ્તવમાં ચીને દક્ષિણ ચીન સમુદ્રમાં પોતાની દાવેદારીના સમર્થન માટે એક કાલ્પનિક સરહદ બનાવી રાખી છે, જેને તે નાઇન ડેશ લાઇનનો સંકેત આપે છે.
- ✓ ચીનનું કહેવું છે કે સદીઓ પહેલાં આ ક્ષેત્ર ચીનના શાસકોને આધીન હતું.
- ✓ ચીન સંયુક્ત રાષ્ટ્રસંઘના યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓફ લો ઓફ સીને માનતું નથી અને એ મુસદ્દા પર તેણે સહી પણ કરી નથી.
- ✓ છેલ્લા 30 વર્ષોમાં નાઇન ડેશ લાઇન અંગે ચીને પોતાનું વલણ સખત કર્યું છે.

**(૪) ચીનના ઇરાદા**

- ✓ જ્યાં ચીન અને જાપાનની વચ્ચે સરહદી વિવાદ છે એ પૂર્વ ચીન સમુદ્રની જેમ જ ચીન દક્ષિણ પૂર્વ સમુદ્રમાં પણ એર ડિફ્ન્સ આઇડેન્ટિફિકેશન ઝોન સ્થાપિત કરવાની યોજના બનાવી રહ્યું છે.
- ✓ એર ડિફ્ન્સ આઇડેન્ટિફિકેશન ઝોન હેઠળ ચીન આ ક્ષેત્રમાં મિસાઇલ તહેનાત કરશે અને પોતાની સરહદમાં અતિક્રમણ પર જવાબી સૈન્ય કાર્યવાહી કરશે.
- ✓ ચીનની વધતી જતી આક્રમક ગતિવિધિઓ અને સૈન્ય અભ્યાસ વચ્ચે અમેરિકાએ જાહેરાત કરી છે કે એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં તે પોતાનું સૈન્ય ફી તહેનાત કરશે.

**(૫) દક્ષિણ ચીન સાગરમાં સપડાયેલા દેશોની તાકાત**

- ✓ ચીનની પાસે પોતાનું એક વિમાનવાહક જહાજ છે, બીજાનું નિર્માણ ચાલી રહ્યું છે.

- ✓ ચીનની નેવી પાસે ૫૩ સબમરિન, ૭૮ મોટાં યુદ્ધજહાજો, ૨૭ નાનાં યુદ્ધજહાજો, ૫૨ વિમાનો અને ૫૨૩ કોસ્ટ ગાર્ડની નાવ છે.
- ✓ નૌસૈનિકોની સંખ્યા ૨,૩૫,૦૦૦ છે.

**ઇન્ડોનેશિયા :**

- ✓ ઇન્ડોનેશિયા પાસે બે સબમરિન, ૧૨ મોટાં યુદ્ધજહાજ, ૨૭ નાનાં યુદ્ધજહાજ, ૧૯ ટેન્ક લેન્ડિંગ જહાજ તથા ૪૩ ગાર્ડ વેસલ્સ છે.

**સિંગાપુર :**

- ✓ સિંગાપુરની નેવીની પાસે ૩,૦૦૦ સૈનિક છે. તેની પાસે ચાર સબમરિન, ૬ મોટાં યુદ્ધજહાજ, ૬ નાનાં યુદ્ધજહાજ, ૨૯ નાવ અને ૧૦૨ તટરક્ષક નાવ છે.

**થાઇલેન્ડ :**

- ✓ ૪૪,૦૦૦ સૈનિકોવાળા થાઇલેન્ડની નેવીની પાસે એક હેલિકોપ્ટર કેરિયર, ૯ મોટાં યુદ્ધજહાજો છે.

**ફિલિપાઇન્સ :**

- ✓ ૨૪,૦૦૦ નૌસૈનિકોવાળા દેશમાં ૧૦ જૂનાં અને નાનાં યુદ્ધજાહજ છે. ૬૬ પેટ્રોલિંગ નાવ અને ૭૨ કોસ્ટગાર્ડ શિપ પણ છે.

**વિયેતનામ :**

- ✓ વિયેતનામની પાસે ૪૦,૦૦૦ સૈનિકોવાળી સેના છે. સેના પાસે ૭ રશિયન સબમરિન, ૨ ઘાતક યુદ્ધજહાજ, ૫૧ પેટ્રોલિંગ બોટ્સ અને ૭૮ કોસ્ડગાર્ડ શિપ છે.

**મલેશિયા :**

- ✓ મલેશિયા પાસે બે સબમરિન, ૧૦ ઘાતક અને ચાર જર્મન બનાવટનાં યુદ્ધજહાજો, ૩૩ પેટ્રોલિંગ બોટ્સ અને ૩૧૭ કોસ્ટગાર્ડ શિપ છે.

**(૬) નતુના ટાપુ અંગે ઇન્ડોનેશિયાનું કડક વલણ:**

- ✓ ઇન્ડોનેશિયાએ આ અંગે પોતાનું વલણ પણ કડક કર્યું છે.
- ✓ ચીનની મંત્રણાની દરખાસ્ત પણ ઇન્ડોનેશિયાની જોકો વિડોડો સરકારે એમ કહીને ઠુકરાવી દીધી કે નતુના ટાપુની આસપાસનો વિસ્તાર તેનો છે અને ચીનની સાથે તે અંગે મંત્રણા કરવાનો કોઇ પ્રશ્ન જ નથી.
- ✓ જો ઇન્ડો.નું આ વલણ ચાલુ રહે, તો ચીનની મુશ્કેલીઓ નિશંક પણ વધશે.
- ✓ <u>દ. પૂર્વ એશિયાનો સૌથી મોટો દેશ હોવાને નાતે પણ ઇન્ડો.ની આ અંગે મહત્વની ભૂમિકા બને છે.</u>
- ✓ વિયેતનામ, ફિલિપાઇન્સ અને મલેશિયાના ક્ષેત્રમાં ચીનની નૌકાઓ અને જહાજોએ સતત અતિક્રમણ કરીને આ દેશોની પરેશાની અને અમેરિકા પ્રતિ સકારાત્મક વલણમાં વધારો કર્યો છે.

**(૭) ચીનની નજર દક્ષિણ ચીન સમુદ્રના ૨૫૦ ટાપુ પર..**

- ✓ વિસ્તારવાદી ચીનની નજર દક્ષિણ ચીન સમુદ્રમાં આવેલા ૨૫૦ જેટલા ટાપુ પર છે.
- ✓ ચીન આ તમામ ટાપુ પર કબજો જમાવવાનો બદઇરાદો ધરાવે છે.
- ✓ ચીન આ ટાપુઓ પરથી દક્ષિણ ચીન સમુદ્રમાંથી પસાર થનારા દરેક જહાજ પર નજર રાખી શકે છે.
- ✓ વિસ્તારવાદી ચીન દક્ષિણ ચીન સમુદ્ર પર દાવો કરી રહ્યો છે.
- ✓ જાપાન, વિયેટનામ, ફિલિપાઇન્સ સહિતના દેશો ચીનના આ દાવાનો વિરોધ કરી રહ્યા છે.

**(૮) ચીને હવે ભુતાનના પૂર્વના વિસ્તારો પર દાવો કર્યો :**

- ✓ <u>ભુતાનના સાકતેંગ અભયારણ્ય પર ચીને કરેલા દાવાનો</u> ભુતાનની સરકારે ઉગ્ર રાજદ્વારી વિરોધ નોંધાવ્યા બાદ હવે ચીને પહેલીવાર આ અભયારણ્ય ઉપરાંત પૂર્વ ભુતાનના વધુ વિસ્તારો પર પોતાનો દાવો કર્યો છે.
- ✓ ચીનના વિદેશ મંત્રાલયે એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે, ચીન અને ભુતાન વચ્ચે ક્યારેય સરહદ નક્કી કરાઇ નથી.

**સમગ્ર સ્થિતિ દર્શાવતો મેપ**




**3. નવતર પહેલ : પ્લાસ્ટિક વેસ્ટ રોડ (પર્યાવરણ)**

**દેશના ૧ લાખ કિ.મી. પ્લાસ્ટિક રસ્તા તૈયાર : વિશ્વમાં સૌથી વધુ**

**મહત્વના બિંદુઓ :**

- ✓ <u>અત્યાર સુધીમાં ભારતના 11 રાજ્યમાં 1 લાખ કિમી રસ્તા પ્લાસ્ટિક વેસ્ટથી બની</u> ચૂક્યા છે.
- ✓ <u>1 કિમી રોડમાં 10 લાખ પ્લાસ્ટિક બેગ જેટલા પ્લાસ્ટિક બેગની ખપત થઈ જાય છે.</u>

✓ પ્લાસ્ટિક રોડના મેઇન્ટેનન્સની વય 10 વર્ષ છે. તેમાંથી પાણી ગળતું નથી, આથી ખાડા પડતા નથી. સામાન્ય રસ્તાથી દોઢ ગણા વધુ ટકાઉ છે.

✓ પ્લાસ્ટિક રોડ સામાન્ય રસ્તાની તુલનામાં 8 ટકા સસ્તા પડે છે અને 66 ટકા ડિગ્રી સેલ્સિયસ ગરમીમાં પણ પીગળતા નથી.

✓ ચાલુ વર્ષે પ્રથમવાર આસામના નેશનલ હાઈવેના પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગની શરૂઆત થઈ. 2004માં પ્રથમવાર આ કન્સેપ્ટ ચેન્નાઈએ આપ્યો હતો.

૪. દિન વિશેષ : ગુરૂ પૂર્ણિમા :

✓ **અન્ય :** વેદ વ્યાસ પુર્ણિમા **તિથિ :** અષાઢ સુદ પૂનમ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં ભારતમાં સૌથી વધુ બેડ ધરાવતું કોવિડ કેર સેન્ટર ક્યાં શરૂ કરાયું - **નવી દિલ્હી**
2. તાજેતરમાં નવી દિલ્હીમાં શરૂ કરાયેલ ભારતના સૌથી મોટા કોવિડ કેર સેન્ટરને કયું નામ અપાયું - **સરદાર પટેલ કોવિડ કેર સેન્ટર**
3. તાજેતરમાં નવી દિલ્હીમાં શરૂ કરાયેલ ભારતના સૌથી મોટા કોવિડ કેર સેન્ટરમાં કેટલા બેડની વ્યવસ્થા કરાઈ છે - **10,000**
4. તાજેતરમાં નવી દિલ્હીમાં શરૂ કરાયેલ ભારતના સૌથી મોટા કોવિડ કેર સેન્ટર કોના દ્વારા તૈયાર કરાયું છે - **ITBP**
5. ITBPનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ડો તિબેટ બોર્ડર પોલીસ**
6. ચીન દ્વારા દક્ષિણ ચીન સમુદ્રમાં કઈ કાલ્પનિક સરહદ બનાવવામાં આવી છે - **નાઈન ડેશ લાઈન**
7. દક્ષિણી ચીની સમુદ્રમાં આવેલા મુખ્ય દેશોના નામ જણાવો-**ઈન્ડોનેશિયા, સિંગાપુર, થાઇલેંડ, ફિલિપાઈન્સ, વિયેતનામ, મલેશિયા**
8. ચીન દ્વારા નતુના ટાપુ ઉપર પોતાનો દાવો કરવામાં આવ્યો છે તે મૂળ કયા દેશનો છે - **ઈન્ડોનેશિયા**
9. દક્ષિણ પૂર્વ એશિયામાં સૌથી મોટો દેશ જણાવો - **ઈન્ડોનેશિયા**
10. વિસ્તારવાદી ચીનની નજર દક્ષિણી સમુદ્રમાં આવેલા કેટલા ટાપુ પર છે - **250**
11. તાજેતરમાં ચીન દ્વારા ભૂતાનના કયા અભયારણ્ય ઉપર ગેરકાયદેસર પોતાનો દાવો રજૂ કર્યો છે - **સાકતેંગ અભયારણ્ય**
12. ભારતમાં પર્યાવરણના જતન માટે અત્યાર સુધીમાં કેટલા કિલોમીટર લાંબા પ્લાસ્ટિક વેસ્ટના રોડ તૈયાર કરવામાં આવ્યા છે - **1 લાખ કિલોમીટર**
13. ભારતમાં પર્યાવરણના જતન માટે અત્યાર સુધીમાં કેટલા રાજ્યોમાં પ્લાસ્ટિક વેસ્ટના રોડ તૈયાર કરવામાં આવ્યા છે - **11 રાજ્યો**
14. ભારતમાં એક કિલોમીટરના પ્લાસ્ટિક રોડમાં કેટલી વેસ્ટ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ કરવામાં આવે છે - **અંદાજે 10 લાખ**
15. ભારતમાં વેસ્ટ પ્લાસ્ટિક રોડનું કેટલા વર્ષે સમારકામ કરાવું પડે છે – **10 વર્ષે**
16. ભારતમાં વેસ્ટ પ્લાસ્ટિક રોડ સામાન્ય રસ્તાની તુલનામાં કેટલા ટકા સસ્તા પડે છે - **08%**
17. ભારતમાં વેસ્ટ પ્લાસ્ટિક રોડ કેટલા ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુધી પીગળતા નથી - **66**
18. ભારતમાં ચાલુ વર્ષે 2020માં પ્રથમવાર કયા રાજ્યમાં નેશનલ હાઈવે ઉપર પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગનો પ્રારંભ કરવામાં આવ્યો છે - **આસામ**
19. દક્ષિણી ચીની સાગરમાં મુખ્ય ટાપુઓ કયા છે - **સ્પ્રેટલી, પારાસેલ અને સ્કારબોરાઘ શોએલ**
20. પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગથી પ્રથમ રોડ બનાવવાનો વિચારનો અમલ વર્ષ-૨૦૦૪માં સૌપ્રથમ કયા શહેરમાં કરાયો હતો - **ચેન્નાઈ**
21. ભારત ગુરૂ પૂર્ણિમા ક્યારે ઉજવવામાં આવે છે - **અષાઢ સુદ પૂનમ**
22. ગુરૂ પૂર્ણિમા અન્ય કયા નામે ઓળખાય છે - **વ્યાસ પૂર્ણિમા**

DATE : 06-07-2020

૧. ભારત-ચીન વિવાદ (વૈશ્વિક વિવાદ)

**ચીન LAC પરથી સેના પાછી ખેંચવા સહમત : ભારતની મોટી કૂટનીતિક સફળતા-વિજય**

**અન્ય બાબતો :**

**ગાલવાનમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે બફર ઝોન નક્કી કરાયો**

✓ ચીને પૂર્વ લદ્દાખમાં ગાલવાન રિવર વેલીમાંથી ૧ થી ૧.૫ કિલોમીટર સુધી તેની સેના પાછી ખેંચી છે. તેના પગલે

ભારતીય જવાનોને પણ નિશ્ચિત અંતર સુધી પાછા ખેંચવામાં આવ્યા છે.

- ✓ બંને દેશની સેનાઓ વચ્ચે ગલવાન વેલીમાં એક બફર ઝોન નક્કી કરાયો છે અને ગલવાન વેલીમાં પીપી ૧૪ ખાતે ચીની સૈનિકો દ્વારા ઊભા કરાયેલાં ગેરકાયદેસર સ્ટ્રક્ચર ખસેડવામાં આવી રહ્યાં છે.
- ✓ ગલવાનમાં ચીની સેનાને તંબુ અને સ્ટ્રક્ચર દૂર કરતાં જોવાઇ હતી. ચીની સેનાના વાહનો પણ પાછા ખેંચી લેવાયા.
- ✓ હોટ સ્પ્રિંગ અને ગોગરાના પીપી ૧૫ અને પીપી ૧૭એ ખાતેથી ચીની સેના રહી છે
- ✓ પેંગોગ ત્સો વિસ્તારના ફિંગર ફોર ખાતે ચીની સેના દ્વારા કેટલાક ટેન્ટ હટાવવામાં આવ્યા છે.
- ✓ ફિંગર એઇટ ખાતે ચીની સેના તરફ કોઇ ગતિવિધિ જોવા મળી નથી.

**ઘર્ષણની શરૂઆત પેંગોગ સરોવરથી થઈ હતી**




- ✓ ઘર્ષણની શરૂઆત ગલવાનથી ૨૨૫ કિલોમીટર દક્ષિણે આવેલા પેંગોગ સરોવરના કાંઠે થઈ હતી.
- ✓ તા. ૫મી મેના દિવસે ચીનના સૈનિકો આ સરોવર વિસ્તારમાં ઘૂસી આવ્યા હતા. એ પછી બીજી માથાકૂટ લદ્દાખને બદલે સિક્કીમમાં થઈ હતી.
- ✓ તા. ૯ મી મેના દિવસે સિક્કીમના નાથુલા પાસ ખાતે બન્ને દેશના સૈનિકો સામસામે આવી જતાં ચાર ભારતીય, સાત ચાઈનિઝ સૈનિકો ઘાયલ થયા હતા.
- ✓ તા. ૧૫ મી મેની મધરાતે ગલવાનમાં સંઘર્ષે મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું, જ્યારે ભારતના ૨૦ સૈનિકો શહિદ થયા હતા.

## ૨. ઓર્કિડ ફૂલ : ભારતમાં અતિ દુર્લભ ઓર્કિડ ફુલની પ્રજાતિ ૧૧૮ વર્ષ બાદ જોવા મળી (વન્યસૃષ્ટિ)

- ✓ **અન્ય નામ:** ગ્રાઉન્ડ ઓર્કિડ
- ✓ **સ્થાન:** દુધવા ટાઈગર રિઝર્વ(ઉત્તર પ્રદેશ)
- ✓ ઉત્તર પ્રદેશના દુધવા ટાઈગર રિઝર્વમાં વન અધિકારીઓ અને વન્ય જીવ નિષ્ણાંતોને નિરીક્ષણ દરમિયાન યુલોફિયા ઓબ્તુસા નામની ઓર્કિડની પ્રજાતિ જોવા મળી હતી.
- ✓ ગ્રાઉન્ડ ઓર્કિડ તરીકે પણ જાણીતું આ ઓર્કિડ વિલુપ્ત થતા છોડની યાદીમાં સામેલ છે.
- ✓ આ પ્રજાતિ છેલ્લે ૧૯૦૨માં પીલીભીતમાં જોવા મળી હતી. ઈંગ્લેન્ડમાં ક્યૂ હર્બેરિયમના દસ્તાવેજોમાં એ બાબત નોંધાયેલી છે.
- ✓ ૧૯મી સદીમાં ગંગા નદીના મેદાની વિસ્તારમાંથી વનસ્પતિ વિજ્ઞાની આ પ્રજાતિ પીલીભીત લઇ આવ્યા હતા. પરંતુ છેલ્લા ૧૦૦ વર્ષ દરમિયાન આ ઓર્કિડ ફૂલ ક્યારેય જોવા મળ્યું ન હતું.

## ૩. કુવૈત:વિદેશ નાગરિક ખરડાને મંજૂરી

- ✓ **જોગવાઈ :** વિદેશી નાગરિકોની વસ્તી ૩૦ ટકા કરવાનો મુસદ્દા ખરડામાં પ્રસ્તાવ
- ✓ **અસર:** ૮ લાખ ભારતીય પર દેશનિકાલનું જોખમ
- ✓ કુવૈતની ૪૩ લાખની વસતીમાં ૧૪.૫૦ લાખ ભારતીયો
- ✓ ભારતીયોની સંખ્યા દેશની વસતીમાં ૫૨ ટકાથી વધુ ન હોવાની જોગવાઈ
- ✓ કુવૈતની મૂળ સમસ્યા તેની વસતીનું માળખું છે.
- ✓ હાલ કુવૈતમાં કુલ વસતીના ૭૦ ટકા વિદેશી નાગરિકો છે.
- ✓ ગંભીર બાબત એ છે કે દેશમાં વસતા ૩૩.૫૦ લાખ વિદેશીઓ પૈકીના ૧૦.૩ લાખ અભણ છે અથવા તો ફક્ત થોડું ઘણું વાંચી લખી શકે છે.

## ૪. નિર્ણય : ભારતમાં દેશભરના હાઈ-વેને રેન્ક અપાશે (માર્ગ)

**હેતુ :**

- ✓ આ રેન્ક આપવાનો હેતુ જરૂરિયાત પ્રમાણે રસ્તા સુધારીને તેની ગુણવત્તા સારી કરવાનો છે, જેથી નાગરિકોનો પ્રવાસ સારો રહે.

**ટકાવારી :**

- ✓ હાઈ-વેની યોગ્યતા (૪૫%), સુરક્ષા (૩૫%) અને ઉપયોગકર્તા (૨૦%)ને મળતી સેવા તેના આધારે સમીક્ષા થશે .
- ✓ **સંસ્થા : નેશનલ હાઈ-વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)**

## ૫. વર્લ્ડ બેન્ક : ભારતના MSME એકમને બળ આપવા વર્લ્ડ બેન્ક ૭૫ કરોડ ડોલર ફાળવવા અંગે સમજૂતિ

**વર્લ્ડ બેન્ક :**

✓ MSME ઈમરજન્સી રિસ્પોન્સ પ્રોગ્રામ હેઠળ કોરોનાના કારણે મુશ્કેલીમાં મૂકાયેલા ૧૫ લાખ MSME એકમોને તાત્કાલિક નાણાકીય પ્રવાહિતા પૂરી પાડશે

✓ નાણા મંત્રાલય : ભારત સરકાર

## ૬. ભારતીય રેલવે : નવતર પ્રયોગ

**વિશ્વમાં પ્રથમવાર ભારતમાં સૌર ઊર્જાથી ટ્રેન દોડાવવાનો પ્રયોગ કરાશે**

✓ અંદાજે ૧.૩૭ કરોડથી વધુની બચત થશે.

**પ્રોજેક્ટની વિશેષતાઓ :**

✓ પ્રાયોગિક સ્તર પર પ્રકલ્પના ભાગરૂપે મધ્યપ્રદેશના બીનામાં સોલાર પાવર પ્લાન્ટની સ્થાપના. જેમાં ૧.૭ મેગા વોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા છે.

✓ અહીંથી ૨૫૦૦૦ વોલ્ટ વીજળી ઉત્પાદન કરી શકાશે જેને રેલવેના ઓવરહેડ વાયર સાથે જોડાશે.

✓ સોલાર પાવર પર ચાલતી ટ્રેનોનો પ્લાન્ટ જો સફળ થશે તો ભારત વિશ્વનો સૌપ્રથમ દેશ બની જશે.

✓ સોલાર પાવર દ્વારા ઉત્પન્ન થયેલી ડીગ્રીને ઈન્વર્ટર દ્વારા એસીમાં રૂપાંતરિત કરાશે.

✓ ટ્રાન્સફોર્મર દ્વારા ૨૫ કીલોવોટ એસીની ઉર્જાને ઓવર હેડ વાયર સુધી પહોંચાડાશે. જેની વાર્ષિક ક્ષમતા ૨૪.૮૨ લાખ યુનિટ વીજળીની રહેશે.

✓ આ પ્રકલ્પથી વાર્ષિક વિદ્યુતના બિલમાં ૧.૩૭ કરોડ રૂપિયાની બચત થશે. જેનું કાર્ય આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનો અંદાજ

## ૭. જન્મદિન વિશેષ : ૬ જુલાઈ

1. બૌદ્ધ ધર્મ ગુરુ અને તિબેટના શાસક તેમજ આધુનિક શાંતિદૂત - શ્રી દલાઈ લામાનો ૮૫મો જન્મદિવસ

જન્મ : ૬ જુલાઈ-૧૯૩૫

ઉજવણી : ધર્મશાળા (હિમાચલ પ્રદેશ)

૧૪માં દલાઈ લામા

2. ભારતની એકતા અને અખંડિતતા માટે પોતાનાં પ્રાણોનું બલિદાન આપનાર - જનસંઘનાં સ્થાપક - ડો.શ્યામા પ્રસાદ મુખર્જીનો જન્મદિવસ

3. નારી જાગરણનાં અગ્રણી-રાષ્ટ્રીય સ્વયંસેવિકા સમિતીનાં સંસ્થાપક - લક્ષ્મીબાઈ કેલકર (મૌસીજી)નો જન્મદિવસ

## ૮. દિન વિશેષ : ૪ જુલાઈ

## ધર્મ ચક્ર દિવસ (ધર્મ)

✓ તા.૪થી જુલાઈ-૨૦૨૦ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ધર્મ ચક્ર દિવસની ઉજવણીના પ્રારંભ પ્રસંગે એક વીડિયોના માધ્યમથી સંબોધન કર્યું હતું.

✓ **કોના દ્વારા ઉજવણી :** ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના નેજા હેઠળ ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ ફેડરેશન દ્વારા ધર્મચક્ર દિવસની ઉજવણી.

**ધર્મ ચક્ર દિવસનું મહત્વ :**

✓ આ દિવસ ભગવાન ગૌતમ બુદ્ધે બનારસ જિલ્લાના રીસીપત્તને જે હાલમાં સારનાથના નામે ઓળખાય છે ત્યાં તેમના પાંચ ચુસ્ત શિષ્યોને આપેલા પ્રથમ પ્રવચનની યાદમાં મનાવવામાં આવે છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં સરહદી વિવાદમાં ભારત અને ચીન સીમા વચ્ચે કયા વિસ્તારમાં બફર ઝોન નક્કી કરાયો - **ગાલવાન**
2. ભારત અને ચીન વચ્ચે સરહદી સીમા ઉપર સંઘર્ષની શરૂઆત કયા સરોવરથી થઈ હતી - **પેંગોંગ સરોવર**
3. તાજેતરમાં તા.06 જુલાઇની સ્થિતિએ ચીન દ્વારા પૂર્વ લદાખમાં ગલવાન રિવર વેલીમાં કેટલા કિ.મી સેના પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે- **1 થી 1.5 કિલોમીટર**
4. તાજેતરમાં ભારતમાં 118 વર્ષ બાદ કઈ એક દુર્લભ પ્રજાતિનું ફુલ મળી આવ્યું છે - **ઓર્કિડ**
5. તાજેતરમાં ભારતમાં 118 વર્ષ બાદ ઓર્કિડ દુર્લભ પ્રજાતિનું ફુલ ક્યાંથી મળી આવ્યું છે - **દુધવા ટાઈગર રિઝર્વ**
6. તાજેતરમાં ભારતમાં 118 વર્ષ બાદ ઓર્કિડ દુર્લભ પ્રજાતિનું ફુલ મળી આવ્યું છે તેની મૂળ પ્રજાતિ કઈ - **યુલોફિયા ઓબ્તુસા**
7. દુર્લભ પ્રજાતિ ઓર્કિડ ફૂલનું અન્ય નામ જણાવો - **ગ્રાઉન્ડ ઓર્કિડ**
8. તાજેતરમાં ભારતમાં 118 વર્ષ બાદ મળી આવેલી ઓર્કિડ દુર્લભ પ્રજાતિનું ફુલ છેલ્લે 1902માં ક્યાં જોવા મળ્યું હતું -**પીલીભીત**
9. તાજેતરમાં કયા દેશમાં વિદેશી નાગરિક ખરાડાને મંજૂરી અપાઈ જેની સૌથી વધુ અસર ભારતીયોને થશે - **કુવૈત**
10. તાજેતરમાં કુવૈતમાં રજૂ કરાયેલા વિદેશી નાગરિક ખરડામાં વિદેશી નાગરિકોની વસ્તી કેટલા ટકા કરવાનો પ્રસ્તાવ રજૂ કરાયો છે - 30%

11. તાજેતરમાં કુવૈતમાં રજૂ કરાયેલા વિદેશી નાગરિક ખરડામાં અંદાજે કેટલા લાખ ભારતીયો ઉપર દેશનિકાલનું જોખમ રહેલું છે - 8 લાખ
12. કુવૈતની કુલ 43 લાખની વસ્તીમાં કેટલા લાખ ભારતીયો છે - 14.50 લાખ
13. વર્તમાનમાં કુવૈતમાં તેની કુલ વસ્તીના કેટલા ટકા વિદેશી નાગરિકો છે - 70%
14. ભારતમાં દેશભરના હાઈ-વેની ગુણવત્તા સુધારવાના હેતુથી કોના દ્વારા રેન્કિંગ અપાશે - NHAI
15. ભારતમાં NHAI દ્વારા ગુણવત્તા માટે કયા માપદંડને આધારે દેશના હાઇ-વેને રેન્કિંગ અપાશે - **યોગ્યતા-45%, સુરક્ષા-35% અને ઉપયોગકર્તા-20%**
16. NHAIનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ હાઈ-વે ઓથોરિટી ઓફ ઇન્ડિયા**
17. કોરોના મહામારીના કારણે અસર પામેલા ભારતના MSME એકમોને પુનઃ ચાલુ કરવા વર્લ્ડ બેંક દ્વારા કેટલા ડોલર ફાળવવા માટે સમજૂતી કરવામાં આવી છે - **75 કરોડ ડોલર**
18. કોરોના મહામારીના કારણે અસર પામેલા ભારતના MSME એકમોને પુનઃ ચાલુ કરવા વર્લ્ડ બેંક દ્વારા 75 કરોડ ડોલર ફાળવવા માટે સમજૂતી કરવામાં આવી છે તેનાથી ભારતમાં અંદાજે કેટલા એકમોને લાભ મળશે - 15 લાખ
19. વર્લ્ડ બેન્કે ક્યા પ્રોગ્રામ હેઠળ ભારતના MSME એકમોને બળ આપવા ૭૫ કરોડ ડોલર ફાળવશે – **MSME ઈમરજન્સી રિસ્પોન્સ**
20. વિશ્વમાં સૌપ્રથમ વાર કયા દેશમાં સૂર્ય ઊર્જાથી ટ્રેન દોડાવવાનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાશે - **ભારત**
21. ભારતમાં સૂર્ય ઊર્જાથી ટ્રેન દોડાવવા માટે પ્રાયોગિક ધોરણે કયા શહેર-રાજ્યમાં સોલર પાવર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે - **બીના-મધ્યપ્રદેશ**
22. બીના સોલર પાવર પ્લાન્ટ કેટલા મેગા વૉટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે - **1.7 મેગા વૉટ**
23. ધર્મ ચક્ર દિવસ કયારે મનાવવામાં આવે છે – **૪ જુલાઈ**
24. તા.૪થી જુલાઈ-૨૦૨૦ના રોજ ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના નેજા હેઠળ કોના દ્વારા ધર્મચક્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી- **ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ ફેડરેશન**
25. પ્રતિ વર્ષ ૪ જુલાઈએ ધર્મ ચક્ર દિવસ શા માટે ઉજવવામાં આવે છે - **ભગવાન ગૌતમ બુદ્ધે બનારસ જિલ્લાના સારનાથમાં પાંચ ચુસ્ત શિષ્યોને આપેલા પ્રથમ પ્રવચનની યાદમાં**
26. ભગવાન ગૌતમ બુદ્ધે બનારસ જિલ્લાના રીસીપત્તમાં પાંચ ચુસ્ત શિષ્યોને પ્રથમ પ્રવચન આપેલુ હતુ એ રીસીપત આજે ક્યા નામે ઓળખાય છે – **સારનાથ**
27. તાજેતરમાં 6 જુલાઈના રોજ તિબેટના કયા આધ્યાત્મિક ધર્મ ગુરુનો 85મો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો – **ધર્મ ગુરૂ દલાઈ લામા**
28. દલાઈ લામા તીબેટના કેટલામા ધર્મગુરૂ છે – **૧૪માં**
29. ભારતની એકતા અને અખંડિતતા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર જનસંઘના સ્થાપકનું નામ જણાવો - **ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી**
30. જનસંઘ એટલે હાલના BJPના સ્થાપક ડૉ.શ્યામા પ્રસાદ મુખરજીનો જન્મદિવસ જણાવો - **06 જુલાઈ**
31. નારી જાગરણનાં અગ્રણી-રાષ્ટ્રીય સ્વયંસેવિકા સમિતીનાં સંસ્થાપકનું નામ જણાવો-**લક્ષ્મીબાઈ કેલકર**

## DATE : 07-07-2020

**૧. નિર્ણય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે CBSE દ્વારા હવે ધોરણ ૯થી ૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરાયો (શિક્ષણ)**

**અભ્યાસક્રમમાં ઘટાડેલા ટોપિક પણ વિદ્યાર્થીઓને શીખવવા પડશે : સીબીએસઈ**

- ✓ શિક્ષકોએ અભ્યાસક્રમમાંથી ઘટાડાયેલા ટોપિક અન્ય ટોપિક સાથે જોડીને વિદ્યાર્થીઓને શીખવવાના રહેશે.
- ✓ અભ્યાસક્રમમાંથી દૂર કરાયેલા ટોપિક ઇન્ટરનલ અને વર્ષાંતે લેવાતી બોર્ડની પરીક્ષામાં સામેલ કરાશે નહીં.
- ✓ ઉપરાંત ધોરણ ૮ સુધી સીબીએસઇની શાળાઓ અભ્યાસક્રમમાં ઘટાડો કરી શકશે.

**CISCEએ પણ ધો.૧૦ અને ૧૨ના અભ્યાસક્રમમાં ૫ ટકાનો ઘટાડો કર્યો**

- ✓ કાઉન્સિલ ફોર ધ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન (CISCE) એ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માટેના અભ્યાસક્રમમાં ૨૫ ટકા સુધીનો ઘટાડો કર્યો હતો.
- ✓ ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક વર્ષમાં શિક્ષણ કાર્યમાં થયેલા નુકસાનને પગલે આ નિર્ણય કરાયો છે.

- ✓ CBSE : સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન
- ✓ CISCE : કાઉન્સિલ ફોર ધ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન
- ✓ માનવ સંસાધન મંત્રી : શ્રી રમેશ પોખરીયાલ, નિશંક
- ✓ મંત્રાલય : માનવ સંસાધન વિકાસ મંત્રાલય, દિલ્હી

**૨. USA : અમેરિકામાં અંદાજે બે લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ પર દેશનિકાલનું જોખમ (વિદેશ નીતિ)**

- ✓ અમેરિકી ફેડરલ ઇમિગ્રેશન ઓથોરિટી મુજબ અમેરિકાની કોલેજો અને યુનિવર્સિટીઓમાં ફોલ સેમેસ્ટરમાં ફક્ત ઓનલાઇન ક્લાસિસ જ ચાલુ રાખવામાં આવે તો તેઓમાં અભ્યાસ કરી રહેલા એફ-વન અને એમ-વન વિઝા ધરાવતા વિદેશી વિદ્યાર્થીઓએ અમેરિકા છોડીને તેમના દેશ પરત ફરવું પડશે.
- ✓ આ પ્રકારના વિદેશી વિદ્યાર્થીઓને દેશનિકાલ કરવામાં આવશે.
- ✓ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઇ) એ જણાવ્યું હતું કે, જે યુનિવર્સિટી અને કોલેજો ફક્ત ઓનલાઇન ક્લાસિસ ચાલુ રાખશે તેમાં વિદેશી વિદ્યાર્થીઓ ઓનલાઇન કોર્સ લઈ શકશે નહીં અને અમેરિકામાં રહી શકશે નહીં.
- ✓ અમેરિકામાં હાલ બે લાખ કરતાં વધુ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે.
- ✓ ૨૦૧૭ અને ૨૦૧૮માં ભારતથી ૨,૫૧,૨૯૦ વિદ્યાર્થી અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા હતા.

**મુખ્ય ત્રણ બાબતો :**

1. અમેરિકી યુનિવર્સિટીમાં એડમિશન મેળવી ચૂકેલા જે વિદ્યાર્થીઓના ક્લાસ ફક્ત ઓનલાઈન ચાલી રહ્યા છે તેમને એફ-1 કે એમ-1 વિઝા નહીં મળે.
2. એવા લોકો જો એફ-1 કે એમ-1 વિઝા મેળવી ચૂક્યા છે તો તેમને તેના આધારે અમેરિકામાં પ્રવેશવા નહીં દેવાય.
3. જો આવા વિદ્યાર્થીઓ અમેરિકામાં રહે છે તો આગામી સેમેસ્ટરથી તેમનું એફ-1 કે એમ-1 સ્ટેટ્સ સમાપ્ત કરી ડિપોર્ટ કરી દેવાશે.

**૩. સુધારો : ગુજરાત સરકાર (કૃષિ પશુપાલન)**

**દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પ્રોત્સાહન યોજના**

- ✓ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી હવે ૪૦ ગુંઠા એટલે એક એકરમાં થઈ શકશે

**અન્ય વિગત :**

- ✓ દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવાની યોજના જૂન મહિનાથી અમલમાં મુકાયેલી હતી.




- ✓ અગાઉ માસિક રૂ. ૯૦૦ એટલે વર્ષે રૂ.૧૦,૮૦૦ની વાર્ષિક સહાય મેળવવા સરકારે ખેડૂતે ધારણ કરેલી તમામ જમીનમાં પ્રાકૃતિક ખેતી કરવી પડે તેવી જોગવાઈ હતી.

**નવી જોગવાઈ :**

- ✓ કૃષિ વિભાગે નિયમ સુધારીને ઓછામાં ઓછા ૪૦ ગુંઠા અર્થાત એક એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરવી પડશે એવો ફેરફાર સૂચવ્યો છે.
- ✓ જેમાં જે ખેડૂત દેશી ગાય રાખીને તેના ગોબર, ગૌમુત્ર થકી પ્રાકૃતિક ખેતી કરશે તેને એક ગાયના નિભાવ ખર્ચ પેટે મહિને રૂ. ૯૦૦ની સહાય સરકાર તરફથી મળશે તેવુ ઠેરવાયુ હતુ.
- ✓ જેના માટે ખેડૂતો ધારણ કરેલી તમામ જમીનને બદલે તે પૈકીની ઓછામાં ઓછી એક એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને આ સહાય આપવાનો સુધારો કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાયો છે.

**૪. ભૈરવા પેઇન્ટિંગ : સદગુરૂ જગ્ગી વાસુદેવનું પેઇન્ટિંગ ભૈરવ ઓનલાઇન હરાજીમાં રૂ. ૫.૧ કરોડમાં વેચાયું**

**વિગત:** જગ્ગી વાસુદેવ એટલે ઈશા ફાઉન્ડેશનના સંસ્થાપક

- ✓ આ પેઇન્ટિંગની રકમમાંથી કોરોના સામે લડી રહેલા પ્રથમ હરોળના યોદ્ધાઓને મદદ કરવામાં વપરાશે

**૫.UN નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)નો અહેવાલ-૨૦૨૦ (પર્યાવરણ)**

**હેતુ :**

- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘના એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (યુએનઇપી) દ્વારા ભવિષ્યના ઝૂનોટિક રોગચાળાઓ અંગે આ અહેવાલ તૈયાર કરાયો હતો.
- ✓ વિવિધ પ્રાણીઓમાંથી મનુષ્યમાં આવી ચડે એવા રોગચાળાને ઝૂનોટિક કહેવાય છે.

**અહેવાલનું નામ :**

- ✓ "પ્રિવેન્ટિંગ ધ નેક્સ્ટ પેન્ડેમિક : ઝૂનોટિક ડિસિઝ એન્ડ હાઉ ટુ બ્રેક ધ ચેઈન ઓફ ટ્રાન્સમિશન" નામના રિપોર્ટમાં કહેવાયું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રાણીમાંથી મનુષ્યમાં આવતા રોગ વધ્યા છે.
- ✓ ઈબોલા, સાર્સ, મેર્સ, એચઆઈવી, રિફ્ટ વેલી ફિવર, લાસા ફિવર, લીમે ડિસિઝ વગેરે રોગો એવા છે, જે પ્રાણીઓમાં હજારો વર્ષોથી હતા. પરંતુ મનુષ્યો તેના સંપર્કમાં આવ્યા પછી જ એ મનુષ્યોમાં દાખલ થયા હતા.
- ✓ પહેલા એવુ મનાતુ હતું કે મોટો રોગચાળો સદીમાં એકાદ વખત જ આવે છે, એ માન્યતા હવે ખોટી પડે છે.

## ૬. ભારત-ચીન સરહદી વિવાદ ગાલવાન ખીણમાંથી ચીની સૈન્ય પરત ફર્યું તેની સેટેલાઈટ તસવીરો

## ૭. યુરોપિયન યુનિયન (EU) :

- ✓ EUના કાઉન્સિલનું નેતૃત્વ હાલમાં જર્મની કરી રહ્યું છે
- ✓ EU- યુરોપના કુલ-૨૭ દેશોનું સંગઠન

## ૮.ઓનલાઈન ઉચ્ચ શિક્ષણ માટે : UDAYAM પ્રોજેક્ટનો પ્રારંભ (શિક્ષણ)

**પ્રોજેક્ટનો હેતુ :**

- ✓ આ માટે રાજયની સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણની કોલેજોમાં એકસરખા માધ્યમથી ઓનલાઈન શૈક્ષણિક કાર્ય થઇ શકે અને એકસૂત્રતા જળવાય તે માટેની વ્યવસ્થા ઉભી કરવા રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા "Unlimited Digital Advanced Year Long Academic Method (UDAYAM)" પ્રોજેક્ટની શરૂઆત કરાઈ.
- ✓ **પ્રોજેક્ટનો પ્રારંભ :** તા. ૨૨ જૂન, ૨૦૨૦ **કોનો સમાવેશ :**
- ✓ આ પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષણ વિભાગ હસ્તકની કચેરીઓ સંસ્થાઓ, સોસાયટીઓ ખાતે કાર્ય કરતા અધિકારીઓ અને સરકારી યુનિવર્સિટીઓ, સરકારી અને અનુદાનિત કોલેજો, ગ્રામવિદ્યાપિઠો ખાતે કાર્ય કરતા આચાર્ય, અધ્યાપકો તથા અન્ય સ્ટાફ અંગેની વિગતો સહેલાઇથી મળી રહે તે માટે "Common Gateway of Education and Technology (COGENT)" પોર્ટલ પ્લેટફોર્મ ડેવલપ કરવામાં આવ્યું.
- ✓ જેમાં તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ અંગેની સર્વિસ સંબંધિત માહિતી સરળતાથી ઉપલબ્ધ થઇ શકશે.
- ✓ તમામ શૈક્ષણિક સંસ્થાઓની માહિતી સિંગલ પ્લેટફોર્મ મારફત મળવાથી સરકારશ્રીની વખતોવખતની યોજનાઓનું અમલીકરણ સરળતાથી થઇ શકશે.
- ✓ રાજયની સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપકો ઓનલાઈન શૈક્ષણિક કાર્ય સરળતાથી કરી શકે તે માટે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) મારફત અધ્યાપકોની માઈક્રોસોફ્ટ પ્લેટફોર્મ પર તાલીમ આપવામાં આવી રહી છે.

## ૯. જન્મ દિન વિશેષ : 7 જુલાઈ

## સવાઈ ગુજરાતી : એ.કે.ફોર્બ્સ

**જન્મ : 7 જુલાઈ-1821 અવસાન : 31 ઓગસ્ટ-1865**

- ✓ 'કુથ્યા પુસ્તક કાપિને એનો ન કરીશ તું અસ્ત, ફરતો ફરતો ફાર્બસ ગ્રાહક મળ્યો ગૃહસ્થ' આ પંક્તિ આપણા કવિ દલપતરામે વિદ્યાપ્રીતિને વરેલા અંગ્રેજ અધિકારી એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ માટે લખી હતી. આજે તેમનો જન્મદિવસ.
- ✓ સ્કોટલેન્ડમાં જન્મેલા ફોર્બ્સને વારસામાં પિતાનું ઉમરાવ હૃદય અને માતાની વિદ્યાપ્રીતિ મળી હતી.
- ✓ 15 નવે. 1843માં સનદી અધિકારી તરીકે ભારત આવ્યા.
- ✓ 1846માં અમદાવાદમાં સહાયક ન્યાયાધીશના હોદ્દે બિરાજમાન થયા પણ મુખ્ય કામ તો કર્યું સાહિત્ય અને ઇતિહાસના અધ્યયન અને સંશોધનને પ્રોત્સાહન આપવાનું.
- ✓ ફોર્બ્સ પ્રવાસમાં લાકડી, પિસ્તોલ, નકશો અને નાણાની કોથળી સાથે રાખતા. વટેમાર્ગુઓના ખબર અંતર પણ પૂછતા.
- ✓ ભાટચારણો પાસેથી કથા વાર્તાઓ સાંભળી ગુજરાતના ઇતિહાસનું પહેલું કહી શકાય તેવું 'રાસમાળા' નામનું પુસ્તક 1856માં પ્રસિદ્ધ કર્યું.
- ✓ કવિઓ અને લેખકો તથા જરૂરિયાતમંદોને મદદ કરવામાં જ તેમનો પૂરો પગાર પૂરો થઈ જતો હતો અને ફોર્બ્સે પૈસા વિલાયતથી મંગાવવા પડતા.
- ✓ દલપતરામ પાસેથી માત્ર છ મહિનામાં ગુજરાતી શીખ્યા હતા.

✓ ગુજરાતી ભાષાના સાચા હિતૈષી અને શેક્સપિયરના પ્રશંસક એવા એ.કે.ફોર્બ્સનું 31 ઓગસ્ટ 1865ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં સી.બી.એસ.ઈ. દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ 2020-21માં ધોરણ 9થી 12ના અભ્યાસક્રમમાં કેટલા ટકાનો ઘટાડો કરાયો - 30%
2. CISCE દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ 2020-21માં ધોરણ 10 અને 12ના અભ્યાસક્રમમાં કેટલા ટકાનો ઘટાડો કરાયો - 25%
3. CBSEનું વિસ્તૃત નામ જણાવો - સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન
4. CISCEનું વિસ્તૃત નામ જણાવો - કાઉન્સિલ ફોર ધ ઇન્ડિયન સ્કૂલ સર્ટીફીકેટ એક્ઝામિનેશન
5. ભારતના વર્તમાન કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રીનું નામ જણાવો- રમેશ પોખરીયાલ(નિશંક)
6. તાજેતરમાં કયા દેશ દ્વારા ફોલ સેમેસ્ટરમાં ઓનલાઇન ક્લાસીસમાં અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓને નવી નીતિ મુજબ દેશ છોડવા આદેશ કરાયો છે - અમેરિકા
7. અમેરિકામાં અભ્યાસ કરી રહેલા કઈ કેટેગરીના વિઝા ધરાવતા વિદ્યાર્થીઓને પરત પોતાના મૂળ દેશમાં જવું પડશે - F-1 અને M-1
8. અમેરિકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની તાજેતરમાં જાહેર કરાયેલ નવી નીતિ મુજબ અંદાજે કેટલા ભારતીયોને તેની અસર થશે - 2 લાખ
9. ગુજરાત સરકાર દ્વારા દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન માટે ગાય દીઠ માસિક કેટલી સહાય આપવામાં આવે છે- રૂ. 900/-
10. ગુજરાતમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે સુધારો કરીને તાજેતરમાં કેટલા ગુંઠાની મર્યાદા કરાઈ - 40 ગુંઠા
11. 40 ગુંઠા એટલે કેટલા એકર - 1 એકર
12. તાજેતરમાં ઓનલાઇન હરાજીમાં "ભૈરવા" પેઇન્ટિંગ કેટલી કિંમતમાં વેચાયું – રૂ. 5.1 કરોડ
13. ભૈરવા" પેઇન્ટિંગના સર્જકનું નામ જણાવો - સદગુરૂ જગ્ગી વાસુદેવ
14. ભૈરવા" પેઇન્ટિંગ દ્વારા હરાજીમાં મળેલી રકમમાંથી કોને મદદ કરવામાં આવશે - કોરોના વોરિયર્સ
15. સદગુરૂ જગ્ગી વાસુદેવ દ્વારા કયા ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી છે - ઈશા ફાઉન્ડેશન
16. કયા રોગચાળા અંગે સંયુક્ત રાષ્ટ્રસંઘના એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) અહેવાલ-૨૦૨૦ તૈયાર કરાયો - ભવિષ્યના ઝૂનોટિક
17. વિવિધ પ્રાણીઓમાંથી મનુષ્યમાં આવી ચડે એવા રોગચાળાનેશું કહેવાય છે - ઝૂનોટિક
18. સંયુક્ત રાષ્ટ્રસંઘના કયા રિપોર્ટમાં કહેવાયું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રાણીમાંથી મનુષ્યમાં આવતા રોગ વધ્યા છે - "પ્રિવેન્ટિંગ ધ નેક્સ્ટ પેન્ડેમિક : ઝૂનોટિક ડિસિઝ એન્ડ હાઉ ટુ બ્રેક ધ ચેઈન ઓફ ટ્રાન્સમિશન"
19. વર્તમાનમાં EUના કાઉન્સિલનું નેતૃત્વ કોણ કરી રહ્યું છે - જર્મની
20. EU-યુરોપના કેટલા દેશોનું સંગઠન છે - ૨૭
21. ગુજરાતમાં સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણની કોલેજોમાં એકસરખા માધ્યમથી ઓનલાઈન શૈક્ષણિક કાર્ય થઇ શકે અને એકસૂત્રતા જળવાય તે માટેની વ્યવસ્થા ઉભી કરવા ક્યા પ્રોજેક્ટ કાર્યરત છે – UDAYAM
22. ગુજરાતમાં UDAYAM પ્રોજેક્ટ કયા વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે – શિક્ષણ
23. પ્રોજેક્ટ UDAYAMનું વિસ્તૃત નામ જણાવો - Unlimited Digital Advanced Year Long Academic Method
24. ગુજરાતમાં UDAYAM પ્રોજેક્ટનો પ્રારંભ કયારથી કરાયો - તા. ૨૨ જૂન, ૨૦૨૦
25. UDAYAM પ્રોજેક્ટનો હેતુ જણાવો - શિક્ષણ વિભાગ હસ્તકની કચેરીઓ સંસ્થાઓ, સોસાયટીઓ ખાતે કાર્ય કરતા અધિકારીઓ અને સરકારી યુનિવર્સિટીઓ, સરકારી અને અનુદાનિત કોલેજો, ગ્રામવિદ્યાપિઠો ખાતે કાર્ય કરતા આચાર્ય, અધ્યાપકો તથા અન્ય સ્ટાફ અંગેની વિગતો સહેલાઇથી મળી રહે તે હેતુ
26. COGENTનું વિસ્તૃત નામ જણાવો - Common Gateway of Education and Technology
27. KCGનું વિસ્તૃત નામ જણાવો - નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત
28. શિક્ષણ વિભાગ દ્વારા UDAYAM પ્રોજેક્ટ અંતર્ગત ક્યા માધ્યમથી અધ્યાપકોને માઈક્રોસોફ્ટ પ્લેટફોર્મ પર તાલીમ આપવામાં આવી રહી છે - નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત

29. એ.કે. ફોર્બ્સનું પુરૂ નામ જણાવો - **એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ**

30. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સનો જન્મ દિન જણાવો - **7 જુલાઈ-1821**

31. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ કયાંના વતની હતા – **સ્કોટલેન્ડ**

32. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ સનદી અધિકારી તરીકે ભારત કયારે આવ્યા હતા - **15 નવેમ્બર 1843**

33. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સએ 'રાસમાળા' નામનું પુસ્તક કયા વર્ષે પ્રસિદ્ધ કર્યું – **વર્ષ 1856**

34. ગુજરાતના ઇતિહાસનું પહેલું પુસ્તક કહી શકાય એવું 'રાસમાળા' પુસ્તક શાના પરથી તૈયાર કરાયું હતુ - **ભાટચારણો પાસેથી કથા વાર્તાઓ સાંભળી**

35. એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ કોની પાસેથી માત્ર છ મહિનામાં ગુજરાતી શીખ્યા હતા – **કવિશ્વર દલપતરામ**

**DATE : 08-07-2020**

## ૧. WHO : કોરોના વાયરસ હવાથી ફેલાતો હોવાના પુરાવા મળી રહ્યા છે (આરોગ્ય)

✓ હજુ આ પુરાવા નિર્ણાયક નથી આગામી દિવસોમાં WHO નવેસરથી વૈજ્ઞાનિક માહિતી જાહેર કરશે

**વિગત : વૈજ્ઞાનિક આધાર**

✓ અગાઉ વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ની બીમારી ફેલાવતો વાઇરસ પ્રાથમિક રીતે સંક્રમિત દર્દીના ઉચ્છવાસમાં નાક અને મોંમાંથી હવામાં ફેલાતા માઇક્રો ડ્રોપલેટ્સ દ્વારા પ્રસરે છે.

✓ આ ડ્રોપલેટ હવામાં એક મીટર દૂર સુધી જઇ શકે છે અને ત્યારબાદ જમીન પર પડી જાય છે. તેથી કોરોના વાઇરસ હવા દ્વારા પ્રસરે છે તેમ કહી શકાય નહીં.

✓ પરંતુ ૩૨ દેશના ૨૩૯ વૈજ્ઞાનિકોએ પત્ર લખીને જણાવ્યું હતું કે, હવામાં તરતા વાઇરસ પાર્ટિકલ દ્વારા કોવિડ-૧૯ની બીમારી ફેલાઈ શકે છે.

✓ દર્દી દ્વારા હવામાં છોડાયેલા ઉચ્છવાસમાં રહેલા માઈક્રો પાર્ટિકલ હવામાં તરતા રહે છે અને જો તે પાર્ટિકલ તંદુરસ્ત વ્યક્તિના શ્વાસમાં જાય તો તે સંક્રમિત થઈ શકે છે.

✓ WHO : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન

✓ મુખ્ય મથક : જીનીવા (સ્વિસ)

## ૨. "બ્લેક લાઈવ્સ મેટર" અભિયાન (રંગભેદ નીતિ)

**USAમાં અશ્વેત વ્યક્તિ જ્યોર્જ ફ્લોઈડના મૃત્યુ બાદ વિશ્વભરમાં રંગભેદ નીતિ વિરોધી અભિયાનનો પ્રારંભ થયો છે**

## 3. મની લોન્ડરિંગ : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે જોડાયેલા 3 ટ્રસ્ટ સામે મની લોન્ડરિંગના આરોપોની તપાસ માટે ગૃહમંત્રાલય દ્વારા આંતર મંત્રાલય સમિતિની રચના (કાયદો)

✓ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ અને ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ઈન્કમટેક્સ એક્ટ, ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ જેવા વિવિધ કાયદાઓના કરાયેલા ઉલ્લંઘનની તપાસ માટે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા એક આંતરમંત્રાલય સમિતિની રચના કરાઇ છે.

✓ આ સમિતિનું નેતૃત્વ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના સ્પેશિયલ ડિરેક્ટર કરશે.

**ટ્રસ્ટ વિશે :**

**૧. રાજીવ ગાંધી ફાઉન્ડેશન**

✓ **સ્થાપના:** ૨૧ જૂન ૧૯૯૧ના રોજ સોનિયા ગાંધી દ્વારા સ્થાપના,

✓ **કાર્ય:** આરોગ્ય, શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, મહિલા અને બાળ વિકાસ, દિવ્યાંગ સહાય, શારીરિક રીતે અશક્તની સહાય, પંચાયતી રાજ, કુદરતી સંસાધનોની જાળવણી જેવાં ક્ષેત્રો.

**હોદ્દેદારો :**

**અધ્યક્ષ**-સોનિયા ગાંધી,

✓ **ટ્રસ્ટી**-મનમોહનસિંહ, પી ચિદમ્બરમ, મોન્ટેકસિંહ આહલુવાલિયા, સુમન દુબે, ડો. શેખર રહા, સંજીવ ગોએન્કા, પ્રિયંકા ગાંધી

**૨. રાજીવ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ :**

✓ **સ્થાપના :** વર્ષ ૨૦૦૨

✓ **કાર્ય :** પછાત વર્ગ અને ગ્રામીણ ગરીબોનો વિકાસ, મહિલા વિકાસ અને સશકતીકરણ, ઇન્દિરા ગાંધી આઇ હોસ્પિટલ

**3. ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ :**

✓ **સ્થાપના:** ઇન્દિરા ગાંધીની હત્યા બાદ ૧૯૮૫માં

✓ **કાર્ય:** ઇન્દિરા ગાંધીના જીવનના આદર્શોનો પ્રચાર, નહેરુ-ગાંધી વિચારો પર સંશોધન, સામાજિક કાર્યો,

✓ **પુરસ્કાર:** દર વર્ષે વિશ્વના સમાજસેવક અથવા સંગઠનને ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર

## ૪. સોલાર પાવર પોલીસી : ગુજરાત સરકાર (ઊર્જા)

**ગુજરાતની સોલર પાવર પોલીસી-૨૦૧૫ની મુદ્દત તા.૨૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધી લંબાવાઈ**

- ✓ આ પોલીસીની મુદત માર્ચ-૨૦૨૦માં પૂર્ણ થઈ હતી
- ✓ ઉર્જામંત્રી - સૌરભભાઇ પટેલ

**૫. અવસાન : બોલિવૂડના હાસ્ય અભિનેતા જગદીપનું ૮૧ વર્ષે મુંબઈમાં નિધન**

- ✓ પ્રખ્યાત રોલ : સૂરમા ભોપાલી (શોલે)
- ✓ કારકિર્દી : ૪૦૦થી વધુ ફિલ્મો-સિરીયલોમાં કામ કર્યું
- ✓ પ્રારંભ : વર્ષ ૧૯૫૧થી
- ✓ જન્મ : અમૃતસર
- ✓ મૂળ નામ : સૈયદ ઈશિયાક અહમદ જાફરી
- ✓ ફિલ્મોમાં જગદીપ તરીકેની ઓળખ

**૬. મત્સ્ય ઉત્પાદન : ભારત**

- ✓ વાર્ષિક મત્સ્ય ઉત્પાદનમાં તમિલનાડુ પ્રથમ ક્રમે.
- ✓ જયારે ગુજરાત બીજા ક્રમે.
- ✓ વાર્ષિક મત્સ્ય ઉત્પાદનમાં ૨.૩ ટકાનો વધારો નોંધાયો.
- ✓ તમિલનાડુમાં ૭.૭૫ લાખ ટન માછલીનું ઉત્પાદન થયું હતું, જ્યારે ગુજરાતમાં ૭ ૪૯ લાખ ટનનું થયું છે,
- ✓ આ આંકડા સેન્ટ્રલ મરીન ફિશરીઝ રીસર્ચ ઇન્સ્ટીટયુટ દ્વારા બહાર પાડવામાં આવ્યા.

**૭. દુર્લભ પ્રજાતિ : રેડકોરલ કુકરી સાપ (વન્યજીવ)**



- ✓ ઉત્તરપ્રદેશમાં રેડકોરલ કુકરી નામનો દુર્લભ પ્રજાતિનો સાપ જોવા મળ્યો.
- ✓ છેલ્લે આ સર્પ આજથી ૮૨ વર્ષ પહેલાં એટલે કે સાલ ૧૯૩૬માં દૂધવાના બંગલામાં જોવા મળ્યો હતો.
- ✓ તેની લંબાઇ ૧ મીટર આસપાસ હોય છે.

**૮. પુસ્તક વિમોચન : 'ઓવરડ્રાફ્ટ સેવિંગ ધ ઇન્ડિયન સેવર'**

**પુસ્તકના લેખક - RBIના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલ**

**૯. જર્મની : કોલસાનો ઉપયોગ બંધ કરવાની જાહેરાત (પર્યાવરણ)**

- ✓ હેતુ: ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણ ઘટાડવા

**૧૦. જન્મ દિન વિશેષ : 8 જુલાઈ**

**આદિવાસીઓના જંગલ હક્ક માટે લડનાર : જોરિયા પરમેશ્વર**

**જન્મ – 8 જુલાઈ-1838 અવસાન – 1868**

- ✓ જેની પ્રવૃતિઓ અખિલ ભારત સ્તરના ઈતિહાસમાં બિરાજમાન થઇ શકે તેવી છે છતાં ગુજરાતના ઈતિહાસમાં જ અવગણાયેલા એક બાહુબલી આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો આજે જન્મદિવસ.
- ✓ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના વડેક ગામે જન્મેલા જોરિયાનું આખું નામ જોરિયા કાલિયા નાયક હતું.
- ✓ ગાંધીજીના જન્મ (1869) પહેલા એક વર્ષે જોરિયાએ આદિવાસીઓના જંગલના હક્કો, બળજબરીથી કરાવાતી વેઠ અને ખાસ તો આદિવાસીઓના સામાજિક અને ધાર્મિક ઉત્થાન માટે અંગ્રેજ સરકાર અને સ્થાનિક રજવાડાંઓ સામે જોરદાર આંદોલન શરૂ કર્યું હતું.
- ✓ માત્ર બે જ મહિના ચાલેલા તેના ભગત આંદોલને હજારોની સંખ્યામાં અનુયાયીઓને પ્રભાવિત કર્યા હતા.
- ✓ પ્રસ્તુત સ્થિતિ બ્રિટિશરો અને સ્થાનિક દેશી રજવાડાંઓ સહી શકયા નહીં અને 16 ફેબ્રુઆરી 1868ના રોજ 1100 સૈનિકોનાં ધાડાએ જોરિયા અને નાયક આદિવાસીઓ પર હલ્લો બોલાવ્યો, જોરીયો અને તેના અનેક સાથીદારો બહાદૂરીપૂર્વક ઝઝૂમ્યા. પણ આખરે તેઓ પકડાઈ ગયા, 16 એપ્રિલ 1868ના રોજ તેમના પર રાજદ્રોહનો કેસ ચાલ્યો ચલાવી પાંચ ક્રાંતિકારી આદિવાસીઓને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યા.
- ✓ સ્થાનિક સત્ર પર તો તેના નામ અને કામને લગતા અનેક ગીતો અને દંતકથાઓ પ્રચલિત થયા છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૭-૨૦૨૦)**

1. કોરોના વાયરસ હવાથી ફેલાતા હોવાના પુરાવા તાજેતરમાં મળી રહ્યા છે એવું કોણે દ્વારા જાહેર કરાયું - **WHO**
2. કોરોના વાયરસ હવાથી ફેલાય છે તેવું સંશોધન તાજેતરમાં કેટલા દેશોના 239 વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યું છે - **32**
3. WHOનું મુખ્ય મથક ક્યાં આવેલું છે - **જિનિવા**
4. તાજેતરમાં "બ્લેક લાઈવ્સ મેટર" અભિયાનનો વિશ્વ વ્યાપી પ્રારંભ કયા દેશમાંથી થયો છે - **અમેરિકા**
5. તાજેતરમાં શરૂ થયેલ "બ્લેક લાઈવ્સ મેટર" અભિયાનમાં કઈ નીતિ સામે વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે - **અશ્વેત સામેની રંગભેદ નીતિ**
6. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા તાજેતરમાં કયા ત્રણ ટ્રસ્ટ સામે મની લોન્ડરિંગ આરોપસર તપાસ માટે સમિતિની રચના કરાઈ છે - **1. રાજીવ ગાંધી ફાઉન્ડેશન**

**2.રાજીવ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ 3. ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ**

7. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા તાજેતરમાં ત્રણ ટ્રસ્ટ સામે મની લોન્ડરિંગ આરોપસર તપાસ માટે કઈ સમિતિની રચના કરાઈ છે - **આંતર મંત્રાલય સમિતિ**
8. તાજેતરમાં ગુજરાત સરકારે સોલર પાવર પોલિસીની મુદત ક્યાં સુધી વધારી છે - **31 ડિસેમ્બર 2020**
9. ગુજરાત "સોલર પાવર પોલિસી" કયા વર્ષે બનાવવામાં આવી હતી - **વર્ષે 2015**
10. ગુજરાતના વર્તમાન ઊર્જા મંત્રીનું નામ જણાવો - **સૌરભભાઈ પટેલ**
11. રાજીવ ગાંધી ફાઉન્ડેશનનું સ્થાપના વર્ષ જણાવો - **21 જૂન 1991**
12. રાજીવ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટનું સ્થાપના વર્ષ જણાવો - **2002**
13. ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટનું સ્થાપના વર્ષ જણાવો - **1985**
14. દર વર્ષે વિશ્વભરના સમાજ સેવક અથવા સંગઠનોને "ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર" કોના દ્વારા આપવામાં આવે છે - **ઇન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ**
15. જૂલાઈ-૨૦૨૦માં બોલિવૂડના ક્યા હાસ્ય અભિનેતાનું ૮૧ વર્ષે મુંબઈમાં નિધન થયુ હતુ - **જગદીપ**
16. બોલીવૂડની જાણીતી ફિલ્મ શોલેમાં પ્રખ્યાત સૂરમા ભોપાલીનો રોલ કોણે ભજવ્યો હતો - **હાસ્ય અભિનેતા જગદીપ**
17. બોલિવૂડના હાસ્ય અભિનેતા જગદીપે તેમની કારકિર્દીનો પ્રારંભ કયા વર્ષથી કર્યો હતો - **વર્ષ ૧૯૫૧**
18. બોલિવૂડના હાસ્ય અભિનેતા જગદીપનું મૂળ નામ જણાવો - **સૈયદ ઈશિયાક અહમદ જાફરી**
19. જૂલાઈ-૨૦૨૦માં સેન્ટ્રલ મરીન ફિશરીઝ રીસર્ચ ઇન્સ્ટીટયુટના અહેવાલ અનુસાર માછલીના વાર્ષિક ઉત્પાદનમાં પ્રથમ ક્રમનું રાજ્ય જણાવો - **તમિલનાડુ**
20. જૂલાઈ-૨૦૨૦માં સેન્ટ્રલ મરીન ફિશરીઝ રીસર્ચ ઇન્સ્ટીટયુટના અહેવાલ અનુસાર માછલીના વાર્ષિક ઉત્પાદનમાં બીજા ક્રમનું રાજ્ય જણાવો – **ગુજરાત**
21. જૂલાઈ-૨૦૨૦માં ઉત્તરપ્રદેશમાં કઈ દુર્લભ પ્રજાતિનો સાપ જોવા મળ્યો હતો - **રેડકોરલ કુકરી**
22. તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં દુર્લભ પ્રજાતિનો રેડકોરલ કુકરી સાપ જોવા મળ્યો હતો આ પહેલા આ સાપ ક્યારે જોવા મળ્યો હતો – **વર્ષ ૧૯૩૬ (દૂધવાના બંગલામાં જોવા મળ્યો હતો)**
23. જૂલાઈ-૨૦૨૦માં વિમોચીત થયેલ 'ઓવરડ્રાફ્ટ સેવિંગ ધ ઇન્ડિયન સેવર' પુસ્તકના લેખકનું નામ જણાવો - **RBIના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલ**
24. જૂલાઈ-૨૦૨૦માં કયા દેશે કોલસાનો ઉપયોગ બંધ કરવાની જાહેરાત કરી હતી - **જર્મની**
25. જૂલાઈ-૨૦૨૦માં જર્મની એ કયા હેતુસર કોલસાનો ઉપયોગ બંધ કરવાની જાહેરાત કરી હતી - **ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણ ઘટાડવા**
26. બાહુબલી આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો જન્મ દિવસ જણાવો – **8 જુલાઈ, 1838**
27. આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનું પુરુ નામ જણાવો - **જોરિયા કાલિયા નાયક**
28. આદિવાસી નેતા જોરિયા પરમેશ્વરનો જન્મ ક્યા થયો હતો - **વડેક ગામ, તા. જાંબુઘોડા, જિ. પંચમહાલ**

**DATE : 09-07-2020**

## ૧. ઇન્ડિયા ગ્લોબલ વીક-૨૦૨૦નો પ્રારંભ (આર્થિક)

**વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે ઈ-ઉદ્ઘાટન**

**ઇન્ડિયા ગ્લોબલ વીક-૨૦૨૦ વિશે :**

- ✓ થીમ : "બી ધ રીવાઇવલ ઇન્ડિયા અ બેટર ન્યુ વર્લ્ડ"
- ✓ વર્લ્ડના કુલ દેશ : ૩૦
- ✓ પ્રતિનિધિ : ૫૦૦૦ +
- ✓ કુલ સત્ર : ૭૫
- ✓ આયોજક : ઇંગ્લેન્ડ

## ૨. દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ (પ્રવાસન)

**કેન્દ્ર સરકાર દ્વારા દ્વારકા, ગોપનાથ અને વેરાવળની દિવાદાંડીને પર્યટન સ્થળ તરીકે વિકસાવાશે**

**વિગત : પ્રોજેક્ટ વિશે**

- ✓ ગુજરાતમાં ત્રણ દીવાદાંડી સહિત દેશમાં ૧૯૪ જેટલા દીવાદાંડીના સ્થળોને મુખ્ય પર્યટક આકર્ષણ સ્થળ તરીકે કેન્દ્રીય શિપિંગ મંત્રાલય દ્વારા વિકસાવાશે.
- ✓ લગભગ ૧૦૦ વર્ષ કરતાં વધુ જૂનો ઈતિહાસ ધરાવતી દીવાદાંડીઓને ઓળખ આપવાનો પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

**પ્રવાસન પ્રવૃત્તિ :**

✓ જેના પરિણામે દીવાદાંડી અને તેની આસપાસના વિસ્તારોમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળશે અને દીવાદાંડીના સમૃદ્ધ ઈતિહાસની જાણકારી મેળવવાની લોકોને તક મળશે.

✓ મંત્રાલય - શિપિંગ મંત્રાલય

✓ કેન્દ્રીય શિપિંગ મંત્રી – શ્રી મનસુખ માંડવિયા

## 3. MSME એકમો : નવી વ્યાખ્યાનો અમલ (ઉદ્યોગ)

**તા. ૧ જુલાઈ ૨૦૨૦થી અમલી બનેલી નવી વ્યાખ્યાને પરિણામે દેશના ૯૯ ટકા વેપાર ગૃહો MSMEની શ્રેણીમાં સામેલ**




**નવી વ્યાખ્યા :**

✓ કોઈ ઉપક્રમનું ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૧ કરોડ સુધીનું હોય અને તેનું ટર્નઓવર રૂપિયા પાંચ કરોડથી વધુ ન હોય તો તે માઈક્રો ઉપક્રમની વ્યાખ્યામાં આવે છે.

✓ સ્મોલ ઉપક્રમ માટે આ રકમ રૂપિયા ૧૦ કરોડ તથા ૫૦ કરોડ

✓ મીડિયમ માટે રૂપિયા ૫૦ કરોડ તથા રૂપિયા ૨૫૦ કરોડ.

✓ MSME : માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ

## ૪. ધ ઇન્ડિયાસ્પોરા બિઝનેસ લીડર્સ લિસ્ટ-૨૦૨૦ (બિઝનેસ)

✓ દુનિયાભરમાં ફેલાયેલા ભારતીય મૂળના એક્ઝિકયુટિવ - કોર્પોરેટર અધિકારીમાંથી ટોચના ૫૮ અધિકારીઓ એવા છે, જે ૧૧ દેશમાં કુલ મળીને ૩૬ લાખ લોકોને રોજગારી આપે છે. તેમની પાસે ૧ લાખ કરોડ ડૉલરના મૂલ્યની કંપનીઓનો વહિવટ છે.

✓ જે અગિયાર દેશોમાં બિઝનેસ ફેલાયેલો છે, તેમાં અમેરિકા ઉપરાંત કેનેડા, ઈંગ્લેન્ડ, સિંગાપોર વગેરેનો સમાવેશ થાય છે.

✓ ભારતીય મૂળના આ કોર્પોરેટ ઑફિસરો પાસે કુલ ૧ લાખ કરોડ ડૉલરની રેવન્યુ, ૪ લાખ કરોડ ડૉલરની માર્કેટ કેપ




**ટોચના ઉદ્યોગપતિ અને કંપની :**

✓ સુંદર પીચાઇ : આલ્ફાબેટ - ગૂગલ

✓ સત્યા નાદેલા : માઇક્રોસોફ્ટ

✓ અરવિંદ ક્રિષ્ના : આઈબીએમ

✓ લક્ષ્મી મિત્તલ : આર્સેલરમિત્તલ

✓ રાજ સુબ્રમણ્યમ : ફેડએક્સ

✓ વિવેક શંકરન : આલ્બર્ટસન્સ

✓ વસંત નરસિંહમન : નોવાર્ટિસ

✓ પુનિત રંજન : ડિલોઈટ ગ્લોબલ

✓ ભરત મસરાની : ટીડી બેન્ક

✓ માઈક મોહન : બેસ્ટ બાય

✓ આ માહિતી અમેરિકા સ્થિત પરદેશી ભારતીઓના મોટા સંગઠન ધ ઈન્ડિયા સ્પોરા બિઝનેસ લિડર્સ દ્વારા તેમના ૨૦૨૦ના લિસ્ટમાં આપવામાં આવી હતી.

## ૫. મની લોન્ડરિંગ એટલે શું

**સરળ શબ્દોમાં કહીએ તો મની લોન્ડરિંગ એટલે કે કાળા નાણાંને કાયદેસરના બનાવવાની પ્રક્રિયા**

✓ મની લોન્ડરિંગ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા ગેર કાયદેસર આવકને કાયદેસર બનાવી દેખાડવામાં આવે છે.

✓ દર વર્ષે સમગ્ર વિશ્વમાં અબજો રૂપિયાના કાળા નાણાને કાયદેસરના બનાવવામાં આવે છે.

✓ વિશ્વની સરકારો મની લોન્ડરિંગ કરતા લોકોને શોધીને તેમને સજા કરવા માટે અલગ-અલગ તપાસ એજન્સીઓની રચના કરી છે.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૭-૨૦૨૦)

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા "ઇન્ડિયા ગ્લોબલ વીક-2020"નું ઈ-ઉદ્ઘાટન ક્યારે કરવામાં આવ્યું હતું - **09 જુલાઈ 2020**
2. "ઇન્ડિયા ગ્લોબલ વીક-2020"ની થીમ જણાવો - **"બી ધ રિવાઇવલ ઇન્ડિયા અ બેટર ન્યુ વર્લ્ડ"**
3. "ઇન્ડિયા ગ્લોબલ વીક-2020"માં કુલ કેટલા દેશોએ ભાગ લીધો - **30**
4. "ઇન્ડિયા ગ્લોબલ વીક-2020"નો આયોજક દેશ જણાવો - **ઇંગ્લેન્ડ**
5. કેન્દ્ર સરકારના દ્વારા પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ હેઠળ ભારતની કુલ કેટલી દીવાદાંડીનો વિકાસ કરાશે - **194**
6. દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં કઈ કઈ દીવાદાંડીનો વિકાસ કરાશે - **દ્વારકા, ગોપનાથ અને વેરાવળ**
7. દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ હેઠળ અંદાજે કેટલા વર્ષ જૂની દીવાદાંડીને નવી ઓળખ આપવાનો પ્રયાસ કરાશે - **100**
8. દીવાદાંડી વિકાસ પ્રોજેક્ટ કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો છે - **શિપિંગ મંત્રાલય**
9. ભારત સરકારના વર્તમાન શિપિંગ મંત્રીનું નામ જણાવો - **મનસુખભાઈ માંડવીયા**
10. MSME એકમોની નવી વ્યાખ્યા કયારથી અમલી બની છે - **તા. ૧ જુલાઈ ૨૦૨૦**
11. તા. ૧ જુલાઈ ૨૦૨૦થી MSME એકમોની અમલી બનેલી નવી વ્યાખ્યાને પરિણામે દેશના કેટલા ટકા વેપાર ગૃહો MSMEની શ્રેણીમાં સામેલ થયા - **૯૯**
12. કોઈ ઉપક્રમનું ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૧ કરોડ સુધીનું હોય અને તેનું ટર્નઓવર રૂપિયા પાંચ કરોડથી વધુ ન હોય તો તે કઈ ઉપક્રમની વ્યાખ્યામાં આવે છે - **માઈક્રો**
13. કોઈ ઉપક્રમનું ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૧૦ કરોડ સુધીનું હોઈ અને તેનુ ટર્નઓવર ૫૦ કરોડથી વધુ ન હોય તો તે કઈ ઉપક્રમની વ્યાખ્યામાં આવે છે - **માઈક્રો સ્મોલ ઉપક્રમ**
14. કોઈ ઉપક્રમનું ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા ૫૦ કરોડ સુધીનું હોઈ અને તેનું ટર્નઓવર રૂપિયા ૨૫૦ કરોડથી વધુ ન હોય તો તે કઈ ઉપક્રમની વ્યાખ્યામાં આવે છે - **મીડિયમ**
15. MSMEનું વિસ્તૃત નામ જણાવો - **માઇક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ**
16. ધ ઇન્ડિયા સ્પોરા બિઝનેસ લીડર્સ લિસ્ટ ૨૦૨૦-અનુસાર દુનિયાભરના ટોચના ૧૧ દેશમાં ફેલાયેલા ભારતીય મૂળના ૫૮ એક્ઝિક્યુટિવ-કોર્પોરેટર અધિકારીઓ મળીને કેટલા લોકોને રોજગારી આપે છે - **૩૬ લાખ**
17. અમેરિકા સ્થિત પરદેશી ભારતીઓના મોટા સંગઠનનું નામ જણાવો - **ધ ઈન્ડિયા સ્પોરા બિઝનેસ લિડર્સ**
18. દુનિયાભરમાં ફેલાયેલા ભારતીય મૂળના ટોચના ૫૮ એક્ઝિક્યુટિવ કોર્પોરેટર-ઑફિસરો પાસે કુલ કેટલી રેવન્યુ તથા કેટલી માર્કેકેપ છે – **અનુક્રમે ૧ લાખ કરોડ ડૉલર તથા ૪ લાખ કરોડ ડૉલર**
19. વિશ્વ પ્રસિદ્ધ આલ્ફાબેટ-ગૂગલ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **સુંદર પીચાઇ**
20. વિશ્વની જાણીતી માઇક્રોસોફ્ટ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **સત્યા નાદેલા**
21. વિશ્વની જાણીતી આઈબીએમ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **અરવિંદ ક્રિષ્ના**
22. આર્સેલરમિત્તલ કંપનીના વર્તમાન CEO-ચેરમેનનું નામ જણાવો - **લક્ષ્મી મિત્તલ**
23. ફેડએક્સ કંપનીના વર્તમાન પ્રેસિડેન્ટ-CEOનું નામ જણાવો - **રાજ સુબ્રમણ્યમ**
24. આલ્બર્ટસન્સ કંપનીના વર્તમાન પ્રેસિડેન્ટ-CEOનું નામ જણાવો - **વિવેક શંકરન**
25. નોવાર્ટિસ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **વસંત નરસિંહમન**
26. ડિલોઈટ ગ્લોબલ કંપનીના વર્તમાન CEOનું નામ જણાવો - **પુનિત રંજન**
27. ટીડી બેન્ક કંપનીના વર્તમાન ગ્રુપ પ્રેસિડેન્ટ-CEOનું નામ જણાવો - **ભરત મસરાની**
28. બેસ્ટ બાય કંપનીના વર્તમાન પ્રેસિડેન્ટ-CEOનું નામ જણાવો - **માઈક મોહન**
29. કાળા નાણાંને કાયદેસરના બનાવવાની પ્રક્રિયાને કયા નામે ઓળખવામાં આવે છે - **મની લોન્ડરિંગ**
30. કઈ પ્રક્રિયા દ્વારા ગેર કાયદેસર આવકને કાયદેસર બનાવી દેખાડવામાં આવે છે - **મની લોન્ડરિંગ**

DATE : 10-07-2020

૧. રીવા સોલર પાવર પ્લાન્ટ : મધ્યપ્રદેશ (ઊર્જા)

**<u>વડાપ્રધાનના હસ્તે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી મધ્યપ્રદેશના રીવા ખાતે એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનું ઉદઘાટન</u>**

**<u>સૌર ઊર્જા ક્ષેત્રે ભારત વિશ્વના ટોચના દેશોમાં પાંચમો ક્રમ</u>**

- ✓ ક્ષમતા :૭૫૦ મેગાવૉટ (૨૫૦X૩ = ૭૫૦)
- ✓ વિસ્તાર : ૧૫૦૦ હેક્ટર
- ✓ જિલ્લો : રીવા

**<u>વડાપ્રધાનના પ્રવચનના મહત્વના અંશો :</u>**


- ✓ મોદીએ કહ્યું કે ભારતને આત્મનિર્ભર બનાવવામાં સોલર એનર્જી મહત્ત્વની ભૂમિકા નિભાવશે. તે ઊર્જાનું શુદ્ધ સ્વરૂપ છે. તે શ્યોર, પ્યોર અને સિક્યોર છે.
- ✓ તે શ્યોર છે કારણ કે સૂર્ય આખા વિશ્વમાં નિરંતર પ્રકાશ આપતો રહેવાનો છે. તે પ્યોર છે કારણ કે પર્યાવરણને પ્રદૂષિત કરવાને બદલે તે તેને શુદ્ધ કરે છે અને સિક્યોર છે કારણ કે તે આત્મનિર્ભર ભારતની દિશામાં દેશને લઈ જવાનું પ્રમાણ છે.
- ✓ આપણે ભારતને આત્મનિર્ભર બનાવવું હશે તો વીજળીનાં ક્ષેત્રમાં આત્મનિર્ભર થવું પડશે.
- ✓ આપણે જ્યારે આત્મનિર્ભરતા અને પ્રગતિની વાત કરીએ ત્યારે ઇકોનોમી તેમાં મહત્ત્વની છે.
- ✓ સરકાર પર્યાવરણની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્કીમો શરૂ કરે છે. લોકોની જીવનશૈલી સરળ બને તે મહત્ત્વનું છે.
- ✓ આપણે જ્યારે પુનઃ પ્રાપ્ય ઊર્જાની વાત કરીએ ત્યારે ક્લીન એનર્જીને ખાસ ધ્યાનમાં રાખીએ છીએ.
- ✓ દેશના દરેક નાગરિકને તેના લાભ પહોંચે તે જોઈએ છીએ.

**<u>સોલર એનર્જી ૨૧મી સદીમાં ઊર્જાની જરૂરિયાતો પૂરી પાડતું મહત્ત્વનું માધ્યમ</u>**

- ✓ <u>દિલ્હી મેટ્રોની જરૂરિયાત ઉપરાંત રીવા સોલર પાવર પાર્ક ઉદ્યોગોને પણ વીજળી પૂરી પાડશે.</u>
- ✓ રીવાની જેમ શાજાપુર, નીમચ અને છત્તરપુર ખાતે પણ સોલર પાવર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.
- ✓ <u>છેલ્લા છ વર્ષમાં સરકાર દ્વારા ૩૬ કરોડ LED બલ્બનું વિતરણ.</u>
- ✓ <u>૧ કરોડથી વધુ LED બલ્બ સ્ટ્રીટ લાઇટોમાં નાંખવામાં આવ્યા છે.</u>
- ✓ <u>મધ્યપ્રદેશ રાજધાની : ભોપાલ</u>
- ✓ <u>મુખ્યમંત્રી : શિવરાજસિંહ ચૌહાણ</u>

<u>૨. ભારતીય વાયુદળ (સંરક્ષણ)</u>

**<u>USAની વિમાન કંપની બોઇંગ દ્વારા IAFને કરાર મુજબ અત્યારસુધીમાં અત્યાધુનિક ૨૨ અપાચે : AH64-E અને ૧૫ માલવાહક ચીનૂક હેલિકોપ્ટર અપાયા</u>**







**<u>ફાઇટર હેલિકોપ્ટર અપાચે વિશે :</u>**

- ✓ અપાચે એક ફાઇટર હેલિકોપ્ટર છે જે ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઊડવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ ગત વર્ષે આ હેલિકોપ્ટરને વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું છે.
- ✓ વિશ્વમાં પોતાની મારક ક્ષમતા માટે જાણીતા અપાચે હેલિકોપ્ટરમાં આધુનિક ટાર્ગેટ એક્વિઝિશન ડેસિગ્નેશન સિસ્ટમ છે જે હવામાનની જાણકારી પણ આપે છે.
- ✓ જેમાં અંધારામાં જોવાની ક્ષમતા પણ છે જે સૈન્ય માટે ખૂબ મદદરૂપ સાબિત થશે.
- ✓ સમુદ્ર પર ઉડાન ભરવાની ક્ષમતા પણ આ અપાચે હેલિકોપ્ટર ધરાવે છે.
- ✓ ચિનૂક પાણીમાં પણ તરી શકે છે

<u>3. Top-100 મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ (બિઝનેસ)</u>

- ✓ વિશ્વની સૌથી મૂલ્યવાન 100 બ્રાન્ડ્સ અંગેનો 'બ્રાન્ડ્ઝ ટોપ ૧૦૦ મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ્સડ્સ' રિપોર્ટ રજૂ.
- ✓ રિપોર્ટ મુજબ વિશ્વની સૌથી વધુ મૂલ્યવાન પ્રથમ ૧૦૦ બ્રાન્ડસની કુલ વેલ્યુ ૫ ટ્રિલિયન ડૉલર એટલે કે જાપાનના અર્થતંત્ર જેટલી (અને ભારતના અર્થતંત્ર કરતાં ડબલ) થાય છે.
- ✓ એક વર્ષમાં આ ૧૦૦ બ્રાન્ડ્સની વેલ્યુમાં ૫.૯ ટકાનો વધારો નોંધાયો હતો. ૨૦૦૬થી આજ સુધીમાં ટોપ-૧૦૦ બ્રાન્ડની વેલ્યુમાં ૨૪૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

## ટોપ-૧૦૦માંથી ટોપ-૧૦ બ્રાન્ડ્સ

| ક્રમ | બ્રાન્ડ | વેલ્યુ (અબજ ડૉલર) | વેલ્યુમાં વધ-ઘટ |
|---|---|---|---|
| ૧ | એમેઝોન (અમેરિકા) | ૪૧૫.૯ | +૩૨ |
| ૨ | એપલ (અમેરિકા) | ૩૫૨.૨ | +૧૮ |
| ૩ | માઈક્રોસોફ્ટ (અમેરિકા) | ૩૨૬.૫ | +૩૦ |
| ૪ | ગૂગલ (ટેક્નોલોજી) | ૩૨૩.૬ | +૫ |
| ૫ | વિઝા (અમેરિકા) | ૧૮૬.૮ | +૫ |
| ૬ | અલિબાબા (ચીન) | ૧૫૨.૫ | +૧૬ |
| ૭ | ટેન્સિન્ટ (ચીન) | ૧૫૦.૯ | +૧૫ |
| ૮ | ફેસબૂક (અમેરિકા) | ૧૪૭.૨ | -૭ |
| ૯ | મેકડોનાલ્ડ (અમેરિકા) | ૧૨૯.૩ | -૧ |
| ૧૦ | માસ્ટરકાર્ડ (અમેરિકા) | ૧૦૮.૧ | +૧૮ |

✓ અહેવાલ : એપ્રિલ ૨૦૨૦ની સ્થિતિ

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં 10 જૂલાઈએ એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કોના દ્વારા કરાયું - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
2. તાજેતરમાં 10 જૂલાઈએ એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન ક્યાં કરવામાં આવ્યું - **રીવા, મધ્યપ્રદેશ**
3. તાજેતરમાં 10 જૂલાઈએ એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરાયું તેની ઉત્પાદન ક્ષમતા કેટલા મેગાવોટ છે - **750 MW**
4. તાજેતરમાં રીવા ખાતે શરૂ કરાયેલ એશિયાના સૌથી મોટા સોલર એનર્જી પ્રોજેક્ટનો કુલ વિસ્તાર જણાવો - **1500 હેક્ટર**
5. સૌર ઊર્જા ઉત્પાદનમાં ભારત વિશ્વના કેટલા ટોચના દેશોમાં છે - **05**
6. મધ્યપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **શિવરાજસિંહ ચૌહાણ**
7. તાજેતરમાં અમેરિકાની બોઈંગ કંપનીએ ભારતીય વાયુદળને કયા બે પ્રકારના હેલિકોપ્ટર આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી - **અપાચે અને ચિનૂક**
8. અમેરિકાની બોઈંગ કંપની દ્વારા ભારતીય વાયુદળને અત્યાર સુધીમાં કુલ કેટલા અપાચે અને ચિનૂક હેલિકોપ્ટર આપવામાં આવ્યા છે - **અપાચે-22 અને ચિનૂક-15**
9. અપાચે હેલિકોપ્ટરનું મૂળ નામ જણાવો - **AH64-E**
10. અપાચે હેલિકોપ્ટરની વિશેષતા જણાવો - **ફાઇટર હેલિકોપ્ટર**
11. ફાઇટર હેલિકોપ્ટર અપાચે પ્રતિ કલાકે કેટલી ઝડપે ઉડવાની ક્ષમતા ધરાવે છે - **350 કિલોમીટર**
12. ભારતીય વાયુદળમાં સમુદ્ર ઉપર ઉડાન ભરવાની ક્ષમતા કઈ હેલિકોપ્ટર ધરાવે છે - **અપાચે**
13. ચિનૂક હેલિકોપ્ટરની વિશેષતા જણાવો - **માલવાહક અને પાણીમાં પણ તરી શકે**
14. તાજેતરના અહેવાલ પ્રમાણે એપ્રિલ 2020ની સ્થિતિએ "વિશ્વની ટોપ-100 મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ"માં પ્રથમ ક્રમે કઈ કંપની છે – **એમેઝોન**
15. તાજેતરના અહેવાલ પ્રમાણે એપ્રિલ 2020ની સ્થિતિએ "વિશ્વની ટોપ-100 મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ"માં પ્રથમ 10 કંપનીઓ અને દેશનું નામ જણાવો – **૧. એમેઝોન(અમેરિકા) ૨. એપલ(અમેરિકા) 3. માઈક્રોસોફ્ટ(અમેરિકા) ૪. ગુગલ ૫. વિઝા(અમેરિકા) ૬. અલીબાબા(ચીન) ૭. ટેન્સિન્ટ(ચીન) ૮. ફેસબૂક (અમેરિકા) ૯. મેકડોનાલ્ડ(અમેરિકા) ૧૦. માસ્ટર કાર્ડ (અમેરિકા)**

## DATE : 11-07-2020

### ૧. સિદ્ધિ : ભારતમાં વાઘની વસ્તી ગણતરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન (વન્યજીવ)

**રેકોર્ડની વિગત :**

**સિદ્ધિ : ભારતમાં વિશ્વનો સૌથી મોટા કેમેરા ટ્રેપ વન્યજીવ સરવે કરાયો :**

✓ ભારતમાં વાઘની વસ્તી ગણતરી ૨૦૧૮નો ચોથો તબક્કો દુનિયાના સૌથી મોટા કેમેરા ટ્રેપ વન્ય જીવ સર્વેક્ષણ હોવાનો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

**લક્ષ્યાંક:**

✓ ભારતે પોતાના લક્ષ્યને ચાર વર્ષ પહેલા જ વાઘની સંખ્યા બમણી કરીને પૂર્ણ કર્યું.

**૧૨૧ સાઇટ પર ૩,૪૮,૫૮,૬૨૩ તસવીરો ખેંચાઇ :**

✓ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ મુજબ ૨૦૧૮-૧૯માં કરાયેલા સર્વેક્ષણની ચોથી ગણતરી સંસાધન અને ડેટા બંનેના હિસાબે અત્યાર સુધીની સૌથી મોટી ગણતરી રહી.

✓ ૧૪૧ વિભિન્ન સાઇટોમાં ૨૬,૮૩૮ સ્થળે રખાયા હતા અને ૧,૨૧,૩૩૭ વર્ગ કિલોમીટર વિસ્તારમાં સર્વેક્ષણ કર્યું હતું.

- ✓ કેમેરા ટ્રેપે વન્યજીવોની ૩,૪૮,૫૮,૬૨૩ તસવીરો ખેંચી હતી. આ તસવીરોના માધ્યમથી વાઘોની ઓળખ થઇ હતી.

<u>ભારત: કુલ-૨૯૬૭ વાઘનું ઘર :</u>

- ✓ **<u>નવીનતમ વસ્તી ગણતરી મુજબ દેશમાં વાઘોની અંદાજિત સંખ્યા ૨૯૬૭ છે, ભારતમાં વિશ્વના કુલ ૭૫ ટકા વાઘ છે.</u>**
- ✓ ભારતે ૨૦૧૦માં સેન્ટ પીટસબર્ગમાં ૨૦૨૨ સુધીમાં વાઘની સંખ્યા બમણી કરવાનો સંકલ્પ લીધો હતો.

<u>ભારતમાં વાઘની વસ્તી વિશે અહેવાલ :</u>




- ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર
- ✓ <u>૨.સાંસદ આદર્શ ગ્રામ યોજના (વહીવટ)</u>

<u>ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે પાંચ ગામ આ યોજના હેઠળ દત્તક લીધા</u>

<u>ગામ અને તેનું ઐતિહાસિક મહત્વ :</u>

(૧) સાણંદ તાલુકો : ૧. માણકોલ ૨. મોડાસર

(૨)કલોલ તાલુકો:૧.બિલેશ્વરપુરા ૨.રામનગર

(૩) ગાંધીનગર તાલુકો : રૂપાલ

<u>માણકોલ :</u>

- ✓ <u>નળસરોવર રોડ ઉપર આવેલું માણકોલ ગામ એ અવકાશ વૈજ્ઞાનિક ડો.વિક્રમ સારાભાઈનું વતનનું ગામ છે.</u>
- ✓ સાણંદ અને નળ સરોવરને જોડતા ૬૦૦ વર્ષ જૂના આ ગામમાં શ્રી બુટ ભવાનીનું મંદિર અને ત્યાં યોજાતી નવરાત્રિનું પણ આગવુ મહત્ત્વ છે.

<u>રૂપાલ :</u>

- ✓ પાંડવકાળના રૂપાલ ગામનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ દર વર્ષે નવરાત્રિમાં નોમની રાત્રિએ નીકળતી શ્રી <u>વરદાયની માતાજીની પલ્લીની યાત્રાથી રૂપાલ વિશ્વપ્રસિદ્ધ</u> છે.

<u>મોડાસર :</u>

- ✓ મોડાસર ગામ પૌરાણિક વારસો ધરાવે છે. આ પાંડવકાલીન ગામમાં અત્રિ ઋષિ દ્વારા બાણ મારીને બાણગંગા તળાવ અસ્તિત્વમાં આવ્યાની તથા તપોબળ દ્વારા અત્રેશ્વર મહાદેવની સ્થાપના કર્યાની વાયકા પ્રચલિત છે.

<u>બિલેશ્વર ગામ :</u>

- ✓ બિલેશ્વર ગામ કલોલથી આઠ કીલોમીટરના અંતરે આવેલુ છે. આ ગામનું નામ ગામમા સ્થિત સ્વંભૂ શિવલીંગ બિલેશ્વર મહાદેવ પરથી આવેલુ છે.
- ✓ બિલેશ્વેરપૂરા ગામમા જોવાલાયક રામજી મંદીર અને મહાકાળી માતાજીના મંદીરો છે.

<u>૩. સિંગાપોર : સામાન્ય ચૂંટણીઓ સંપન્ન (વૈશ્વિક રાજકારણ)</u>

**<u>વર્તમાન વડાપ્રધાન લી સીએન લુંગની PAP પુનઃ સત્તામાં</u>**

- ✓ PAP : પીપલ્સ એકશન પાર્ટી
- ✓ કુલ-૯૩માંથી ૮૩ બેઠક પર PAPનો વિજય

<u>૪. IRDA : ભારતની 29 વીમા કંપનીઓને કોરોના કવચ પોલીસી લોન્ચ કરવા IRDAની મંજૂરી (આરોગ્ય)</u>

**<u>નવી જોગવાઈ :</u>**

- ✓ ઉંમર - ૧૮ થી ૬૫ વર્ષની વ્યક્તિ માટે
- ✓ વીમા ક્ષેત્રની નિયમનકાર ઈરડા એ 29 જનરલ અને હેલ્થ વીમા કંપનીઓને ટૂંકી મુદતની 'કોરોના કવચ' હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી બજારમાં રજૂ કરવા માટે મંજૂરી આપી.
- ✓ આ પોલિસી હેઠળ કોરોનાની બીમારીના મેડીકલ ખર્ચને આવરી લેવાશે.
- ✓ કેટલીક વીમા કંપનીઓએ રૂ. 50,000થી રૂ. 5 લાખની રકમની સાડા ત્રણ મહિના, સાડા છ મહિના અને સાડા નવ મહિનાની 'કોરોના કવચ' પોલિસીઓ લોન્ચ કરી છે.
- ✓ <u>IRDA:</u> ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી

<u>૫. દિન વિશેષ : ૧૧ જુલાઈ વિશ્વ વસ્તી દિવસ</u>

- ✓ <u>થીમ ૨૦૨૦ : Putting the brakes on COVID-19: how to safeguard the health and rights of women and girls now</u>
- ✓ વિશ્વની અંદાજે વસ્તી:૭૭૬ કરોડ ૭૦ લાખ

- ✓ ભારતની વસ્તી : ૧૩૮ કરોડ ૩ લાખ
- ✓ વિશ્વની વસ્તીમાં ભારતનો હિસ્સો ૧૭.૭ ટકા

**ભારતમાં વસ્તી અંગે વર્તમાન સ્થિતિ :**

- ✓ 15 વર્ષથી વધુ વય જૂથમાં મહિલાઓની વસ્તીની ટકાવારી પુરુષથી વધુની થઈ ગઈ છે.
- ✓ 15 થી વધુ વયમાં મહિલાઓની ટકાવારી પુરુષોથી 0.6 ટકા વધુ જોવા મળી.
- ✓ બુનિયાદી માપદંડના હિસાબે મહિલાઓ સંબંધિત તમામ સામાજિક પરિસ્થિતિમાં પણ સુધારાનો સંકેત છે.
- ✓ ભારતના વસ્તી ગણતરી કાર્યાલયના સેમ્પલ રજિસ્ટ્રેશન સરવેનો રિપોર્ટ જાહેર થયો છે, જે 2018 સુધીની સ્થિતિ દર્શાવે છે. દરેક દાયકા પછી વસ્તી ગણતરી થાય છે. પરંતુ આ દરમિયાન થયેલા પરિવર્તન પર નજર રાખવા માટે આ સરવે કરાયો.
- ✓ તેમાં સૌથી પરિવર્તન મહિલાઓ અને પુરુષોની વસ્તીની પેટર્નમાં જોવા મળ્યું.
- ✓ શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારમાં વસ્તીની આ પેટર્ન લગભગ એક જેવી છે.
- ✓ 0 થી 4, 5 થી 9 અને 10 થી 14 વર્ષની વયમાં છોકરીઓની વસ્તી 0.4 ટકા ઓછી.
- ✓ ગામડામાં પણ આ ત્રણેય વર્ગમાં આ ફરક માત્ર 0.4 ટકા.

**મહિલાની લગ્નની વય 19.3 થી વધી 22.3 વર્ષ**

- ✓ 1991થી 2018 વચ્ચે વિધવા, છૂટાછેડાવાળી અને ત્યક્તા મહિલાઓની વસ્તીમાં 2.6 ટકાનો ઘટાડો નોંધાયો છે. 1991માં આ સંખ્યા 8.1 ટકા હતી. જે 2018માં 5.5 ટકા થઈ ગઈ.
- ✓ લગ્નની વયમાં પણ મહિલાઓની સ્થિતિમાં મોટાભાગે સુધારો જોવા મળ્યો છે. આ માપદંડમાં ભારતમાં મહિલાઓએ પ્રગતિ કરે છે.
- ✓ 1990માં મહિલાઓની લગ્નની સરેરાશ ઉંમર 19.3 વર્ષ હતી જે 2018માં વધીને 22.3 વર્ષની થઈ ગઈ.
- ✓ દેશમાં લગ્ન કરેલી મહિલાઓની સંખ્યા 1990માં 45.7 ટકા હતી જે 2018માં 49.5 ટકા થઈ ગઈ.

**ગુજરાતની સ્થિતિ :**

- ✓ વર્ષ 2021માં ગુજરાતની સંભવિત વસ્તી 6,97,88,000 (6.97 કરોડ) થશે.
- ✓ નેશનલ કમિશન ઓફ પોપ્યુલેશન દ્વારા નવેમ્બર, 2019માં જાહેર કરાયેલા પોપ્યુલેશન પ્રોજેક્શન રિપોર્ટમાં આ અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો.
- ✓ જેમાં 3.66 કરોડ પુરુષ જ્યારે 3.31 કરોડ મહિલાઓ હશે.
- ✓ 2011ની વસતી ગણતરી પ્રમાણે રાજ્યમાં 3.14 કરોડ પુરુષ અને 2.890 કરોડ મહિલાઓ હતી.
- ✓ 2011માં 6.04 કરોડ હતી જે 2021માં વધીને 6.97 કરોડ પહોંચી જવાનો અંદાજ.
- ✓ એટલે કે છેલ્લા 10 વર્ષમાં વસતીમાં 94 લાખનો વધારો થયો હોવાનો અંદાજ છે. જે 13.5 ટકાનો વધારો સૂચવે છે.
- ✓ ગુજરાતમાં 2021માં 3.25 કરોડ લોકો એટલે કે અડધી વસ્તી 20થી 50 વર્ષની વયની હશે.
- ✓ 2026માં ગુજરાતની વસ્તી 7.40 કરોડ સુધી પહોંચી જશે.
- ✓ 2011ની વસતી ગણતરી પ્રમાણે, વસતી ગીચતાનું પ્રમાણ પ્રતિ ચોરસ કિમીએ 308 હતું જે વધીને 2021માં 356 થયાનો અંદાજ છે.
- ✓ 2021થી 25માં પોપ્યુલેશન ગ્રોથ 12 ટકા રહેવાનો અંદાજ છે.

**દરેક જન્મથી ધરતી પર કેટલી અસર?**

- ✓ દરેક અમેરિકન બાળક પોતાના સમગ્ર જીવનમાં વાતાવરણમાં 10 હજાર મેટ્રિક ટન $CO_2$ વધારે છે.
- ✓ કોઈ ચાઈનીઝ બાળકની સરખામણીમાં આ 5 ગણું વધુ છે.
- ✓ ભારતમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન 1.73 મેટ્રિક ટન છે.

**સૌથી ઓછો પ્રજનન દર ક્યાં છે?**

- ✓ દુનિયામાં સૌથી ઓછો પ્રજનન દર તાઈવાનમાં છે. 2.38 કરોડની વસ્તીવાળા આ દેશમાં દરેક મહિલા 1.21 બાળકને જન્મ આપે છે.
- ✓ મોલ્દોવામાં દરેક મહિલા 1.23 બાળકો અને પોર્ટુગલમાં 1.24 બાળકોને જન્મ આપી રહી છે.
- ✓ ભારતમાં પ્રજનન દર 2.0 છે.

**લોકોનું સરેરાશ આયુષ્ય સૌથી ઓછું ક્યાં?**

- ✓ આફ્રિકાના દેશ નાઈજરમાં લોકોની સરેરાશ આયુષ્ય માત્ર 15.2 વર્ષ છે.
- ✓ આ દુનિયાનો સૌથી વધુ યુવાન વસ્તીવાળો દેશ છે.
- ✓ ભારતમાં 15-59 વર્ષની વસ્તી દુનિયામાં સૌથી વધુ છે. વસ્તીનો 60% ભાગ તેમાં આવે છે.

**વિશ્વની વસ્તી વધારા અંગે સરખામણી**

- ✓ 18મી સદીમાં 100 કરોડ વસ્તી
- ✓ 20મી સદીમાં 200 કરોડ વસ્તી
- ✓ 1960માં 300 કરોડ વસ્તી
- ✓ 1974માં 400 કરોડ વસ્તી
- ✓ 1987માં 500 કરોડ વસ્તી
- ✓ 1999માં 600 કરોડ વસ્તી
- ✓ 2011માં 700 કરોડ વસ્તી

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં ભારત કયા વન્ય પ્રાણીની વસ્તી ગણતરીને "ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ"માં સ્થાન અપાયું - **વાઘ**
2. ભારતમાં કયા વર્ષની વાઘની વસતી ગણતરીના ચોથા તબક્કાને "વિશ્વના સૌથી મોટા કેમેરા ટ્રેપ વન્યજીવ સર્વેક્ષણ"ને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન અપાયું છે - **વર્ષ 2018**
3. ભારત વાઘની વસ્તી બમણી કરવાના લક્ષ્યાંકને કેટલા વર્ષ પહેલાં જ પૂર્ણ કરી દીધો હતો - **4 વર્ષ**
4. ભારતમાં હાલમાં વાઘની સંખ્યા કેટલી છે - **2967**
5. વિશ્વના કુલ વસ્તીના કેટલા ટકા વાઘ ભારત પાસે છે - **75%**
6. વર્ષ 2010માં વિશ્વના કયા શહેરમાં ભારતે વર્ષ 2022 સુધીમાં વાઘની સંખ્યા બમણી કરવાનો સંકલ્પ લીધો હતો - **સેન્ટ પિટ્સબર્ગ**
7. ભારતમાં વર્ષ 2018 વાઘની વસ્તી ગણતરી મુજબ કયા રાજ્યમાં સૌથી વધુ વાઘ છે અને અંદાજે કેટલા - **મધ્ય પ્રદેશ, 526**
8. ભારતના મુખ્યત્વે કયા કયા રાજ્યોમાં વાઘની વસતી જોવા મળે છે - **મધ્ય પ્રદેશ, કર્ણાટક, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, આસામ, કેરળ અને ઉત્તર પ્રદેશ**
9. ભારત સરકારના કેન્દ્રીય પર્યાવરણ મંત્રીનું નામ જણાવો - **પ્રકાશ જાવડેકર**
10. "સાંસદ આદર્શ ગ્રામ યોજના" અંતર્ગત ભારતના ગૃહ મંત્રી દ્વારા કયા લોકસભા મતવિસ્તારમાં પાંચ ગામ દત્તક લેવામાં આવ્યા - **ગાંધીનગર**
11. સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત તાજેતરમાં ભારતના ગૃહ મંત્રી દ્વારા પોતાના મતવિસ્તારમાં કયા પાંચ ગામ દત્તક લેવામાં આવ્યા- **માણકોલ, મોડાસર, બિલેશ્વરપુરા, રામનગર અને રૂપાલ**
12. સાણંદ તાલુકામાં આવેલું માણકોલ ગામની વિશેષતા જણાવો-**અવકાશ વિજ્ઞાની ડૉ.વિક્રમ સારાભાઈનું વતન**
13. તાજેતરમાં સિંગાપોરમાં કયા પક્ષની સરકાર પુનઃ સતા પર આવી છે - **પીપલ્સ એક્શન પાર્ટી(PAP)**
14. સિંગાપોરના નવા વડાપ્રધાનનું નામ જણાવો - **લી સીએન લુંગ**
15. જૂલાઈ-૨૦૨૦માં IRDA દ્વારા ભારતની કેટલી વીમા કંપનીઓને કોરોના કવચ પોલીસી લોન્ચ કરવાની મંજૂરી આપી – **29**
16. જૂલાઈ-૨૦૨૦માં IRDA દ્વારા ભારતની 29 વીમા કંપનીઓને કેટલા વર્ષની ઉંમરની વ્યક્તિઓ માટેની કોરોના કવચ પોલીસી લોન્ચ કરવાની મંજૂરી આપી – **૧૮ થી ૬૫ વર્ષ**
17. IRDAનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી**
18. વિશ્વ વસ્તી દિવસ ક્યારે મનાવવામાં આવે છે – **૧૧ જૂલાઈ**
19. વિશ્વ વસ્તી દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **Putting the brakes on COVID-19: how to safeguard the health and rights of women and girls now**
20. વર્તમાનમાં વિશ્વની વસ્તી કેટલી છે - **અંદાજે ૭૭૬ કરોડ ૭૦ લાખ**
21. વર્તમાનમાં ભારતની વસ્તી કેટલી છે – **અંદાજે ૧૩૮ કરોડ 3 લાખ**
22. વર્તમાનમાં વિશ્વની વસ્તીમાં ભારતનો હિસ્સો કેટલા ટકા છે - **૧૭.૭**
23. ભારતમાં એક વસ્તી ગણતરીથી બીજી વસ્તી ગણતરી દરમિયાન થયેલા પરિવર્તન પર નજર રાખવા માટે ક્યો સરવે કરવામાં આવે છે - **સેમ્પલ રજિસ્ટ્રેશન સરવે**
24. વસ્તી ગણતરી કાર્યાલયના વર્ષ 2018 સુધીની સ્થિતિના સેમ્પલ રજિસ્ટ્રેશન સરવેનો રિપોર્ટ અનુસાર ભારતમાં મહિલાની લગ્નની વયમાં કેટલો વધારો થયો છે - **19.3 થી વધી 22.3 વર્ષ**
25. સેમ્પલ રજિસ્ટ્રેશન સરવેના આંકડા મુજબ ભારતમાં વર્ષ 1991થી 2018 વચ્ચે વિધવા, છૂટાછેડાવાળી અને ત્યક્તા મહિલાઓની વસ્તીમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો - **2.6**
26. નેશનલ કમિશન ઓફ પોપ્યુલેશન દ્વારા નવેમ્બર, 2019માં જાહેર કરાયેલા પોપ્યુલેશન પ્રોજેક્શન રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં ગુજરાતની સંભવિત વસ્તી જણાવો - **6,97,88,000 (6.97 કરોડ)**
27. 2011ની વસતી ગણતરી પ્રમાણે રાજ્યમાં પુરુષ-મહિલાની સંખ્યા કેટલી હતી - **3.14 કરોડ પુરુષ અને 2.890 કરોડ મહિલાઓ**

28. નેશનલ કમિશન ઓફ પોપ્યુલેશન દ્વારા નવેમ્બર, 2019માં જાહેર કરાયેલા પોપ્યુલેશન પ્રોજેક્શન રિપોર્ટ અનુસાર ગુજરાતમાં 2021માં કેટલા લોકો 20થી 50 વર્ષની વયની હોવાનો અંદાજ છે - **3.25 કરોડ લોકો**
29. 2011ની વસતી ગણતરી પ્રમાણે, વસતી ગીચતાનું પ્રમાણ પ્રતિ ચોરસ કિમીએ કેટલું હતું જે 2021માં વધીને કેટલો થવાનો અંદાજ છે – **308 તથા 356**
30. પ્રત્યેક અમેરિકન બાળક સમગ્ર જીવનમાં વાતાવરણમાં કેટલો $CO_2$ વધારે છે - **10 હજાર મેટ્રિક ટન**
31. ભારતમાં માથાદીઠ કાર્બન ઉત્સર્જન કેટલો છે - **1.73 મેટ્રિક ટન**
32. દુનિયામાં સૌથી ઓછો પ્રજનન દર ક્યા દેશમાં છે – **તાઈવાન**
33. વિશ્વમાં કયા દેશના લોકોનું સરેરાશ આયુષ્ય સૌથી ઓછું છે - **આફ્રિકાના દેશ નાઈજર**
34. વિશ્વમાં સૌથી ઓછું આયુષ્ય આફ્રિકાના દેશ નાઈજરમાં કેટલા વર્ષનું છે - **15.2 વર્ષ**
35. વિશ્વમાં 18મી સદીમાં કેટલી વસ્તી હતી - **100 કરોડ**
36. કઈ સદીમાં વિશ્વની વસ્તી 200 કરોડે પહોંચી હતી - **20મી સદી**
37. વિશ્વની વસ્તી 300 કરોડે કયારે પહોંચી હતી – **વર્ષ 1960**
38. વર્ષ 1974માં વિશ્વની વસ્તી કેટલી હતી - **400 કરોડ**
39. વર્ષ 1987માં વિશ્વની વસ્તી કેટલી હતી - **500 કરોડ**
40. વિશ્વની વસ્તી 600 કરોડે ક્યારે પહોંચી હતી – **વર્ષ 1999**
41. વર્ષ 2011માં વિશ્વની વસ્તી કેટલી હતી - **700 કરોડ**

DATE : 12-07-2020

### ૧. ભારતીય સેના : ઇન્ડિયન આર્મીમાં અમેરિકી બનાવટની ૭૨,૦૦૦ એસોલ્ટ રાઇફલ ખરીદવામાં આવશે (સંરક્ષણ)




- ✓ નામ : SIG 716 એસોલ્ટ રાઇફલ
- ✓ પ્રોગ્રામ : ફાસ્ટ ટ્રેક પ્રોક્યુટમેન્ટ હેઠળ રાયફલની ખરીદી

### ૨. કોરોના રસી : રસીના તમામ ક્લિનિકલ પરીક્ષણો પૂર્ણ કરનાર રશિયા વિશ્વનો પ્રથમ દેશ (આરોગ્ય)

- ✓ હાલમાં દુનિયાભરમાં કોરોનાની ૨૧ રસીનું પરીક્ષણ ચાલી રહ્યું છે પરંતુ રશિયાએ કોરોનાની રસીનું સફળતાપૂર્વક પરીક્ષણ કરી લીધું છે.
- ✓ કોરોના વાઈરસની રસીની તમામ ક્લિનિકલ ટ્રાયેલ પૂર્ણ કરનાર રશિયા વિશ્વનો પહેલો દેશ બન્યો છે.
- ✓ ઈન્સ્ટીટ્યુટ ફોર મેડિસન એન્ડ બાયોટેકનોલોજી વિભાગના ડિરેક્ટર વાદિમ તરાસોવે કહ્યું કે સેચેનોવ ફર્સ્ટ મોસ્કો સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાં વોલેન્ટિયર્સ પર આ રસીનું પરીક્ષણ કરાયું
- ✓ પહેલા જૂથમાં રહેલા વોલેન્ટિયર્સને ૧૫ જુલાઈએ તો બીજા જૂથમાં રહેલા વોલેન્ટિયર્સને ૨૦ જુલાઈએ રજા આપવામાં આવશે.
- ✓ રાજધાની : મોસ્કો

### ૩. એવોર્ડ : રાજકોટને ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ એવોર્ડ-2020 (પર્યાવરણ)

- ✓ ગુજરાતના ચોથા ક્રમના શહેર રાજકોટને ભારતમાં WWF ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ-૨૦૨૦નો પ્રતિષ્ઠીત એવોર્ડ.

**પ્રદાન :**

- ✓ વર્ષ ૨૦૧૫-૧૬ કરતાં ૨૦૨૨-૨૩માં કુલ વાર્ષીક સીએચજી એમિશન ૧૪ ટકા સુધી ઘટાડવા બદલ સતત ત્રીજા વર્ષે આ એવોર્ડ મળ્યો હતો.

**અન્ય શહેરો :**

- ✓ રાજકોટ ઉપરાંત ગંગટોક, ગુવાહાટી, ઇન્દોર, પણજી, નાગપુર, પુણે અને કોચીને પણ આ એવોર્ડ મળ્યો હતો.
- ✓ ઓપીસીસી ૨૦૧૯-૨૦ની પસંદગીમાં ૫૩ દેશોના ૨૫૫ શહેરોમાં આ શહેરોનો સમાવેશ થતો હતો.

### ૪. અવસાન : પદ્મશ્રી, પત્રકાર અને કટાર લેખક નગીનદાસ સંઘવીનું સુરત ખાતે અવસાન

**ભારતમાં સૌથી મોટી વયના કટારલેખક તરીકે સેવારત**

- ✓ અવસાન: ૧૨મી જુલાઈ ૨૦૨૦-સુરત

**કટારલેખક તરીકે :**

- ✓ દિવ્ય ભાસ્કરની રવિવારની પૂર્તિ 'રસરંગ'માં 'પરિક્રમા' અને બુધવારની પૂર્તિ "કળશ"માં 'તડ ને ફડ'ના કોલમિસ્ટ અને પ્રખર રાજકીય સમીક્ષક.

**વિસ્તૃત પરિચય :**

- ✓ જ્ઞાનમાં ઊંડાણ અને હૃદયમાં વિશાળતા ધરાવનાર નગીનદાસ સંઘવીનો જન્મ 10 માર્ચ, 1920ના રોજ સૌરાષ્ટ્રના ભાવનગર ખાતે કપોળ વણિક પરિવારમાં થયો હતો.
- ✓ નવી પેઢીમાં નગીનબાપાના લાડકા નામે જાણીતા બનેલા નગીનભાઇએ ભાવનગરની શામળદાસ આર્ટ્સ કોલેજમાંથી પોલિટિકલ સાયન્સના વિષયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી.
- ✓ ભારત દેશ આઝાદ થયો એ વર્ષે એટલે કે 1947માં તેમણે યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની ડિગ્રી મેળવી.
- ✓ બાદમાં તેઓ મુંબઇની મીઠીબાઈ કોલેજમાં ઇતિહાસના અધ્યાપક બન્યા અને પોલિટિકલ સાયન્સ વિભાગના વડા તરીકે નિવૃત્ત થયા.
- ✓ ત્રીસેક વર્ષ અધ્યાપન કાર્ય બાદ નિવૃત્તિ પછી નગીનભાઇએ 1962થી ગુજરાતના વિવિધ અખબારો અને સામયિકોમાં કટાર લેખનની શરૂઆત કરી.
- ✓ જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ લેખનકાર્યમાં સક્રિય રહ્યા.
- ✓ જીવનભર નાસ્તિક રહેલા નગીનભાઇએ ધર્મશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.
- ✓ તેમના બહુચર્ચિત પુસ્તકોમાં "રામાયણ", "મહાત્મા ગાંધી", "સરદાર પટેલ, અને "નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે.
- ✓ ઊંડા અભ્યાસના આધારે તેમણે "યોગનો ઇતિહાસ અને, ગીતાવિમર્શ' અને "મહામાનવ કૃષ્ણ સહિત કુલ 18 પુસ્તકો લખ્યા અને વિક્રમી કહી શકાય એટલી સંખ્યામાં 29 પરિચય પુસ્તિકાઓ લખી.
- ✓ 2019માં નગીનભાઈને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતો.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૭-૨૦૨૦)

1. ભારતીય સેનામાં કયા દેશ પાસેથી 72,000 જેટલી રાયફલ ખરીદવામાં આવશે - **અમેરિકા**
2. ભારતીય સેનામાં આગામી સમયમાં અમેરિકા પાસેથી કઇ નવી રાયફલ ખરીદવામાં આવશે - **એસોલ્ટ**
3. અમેરિકન બનાવટની એસોલ્ટ રાયફલ અન્ય કયા નામે ઓળખાય છે - **SIG 716**
4. તાજેતર જુલાઈ 2020માં કોરોના વાયરસની વેક્સિન તમામ ક્લિનિકલ પરીક્ષણો પૂર્ણ કરનાર વિશ્વનો પ્રથમ દેશ - **રશિયા**
5. રશિયાની રાજધાની જણાવો - **મોસ્કો**
6. જુલાઈ-૨૦૨૦માં ગુજરાતના કયા શહેરને ભારતમાં WWF ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ-૨૦૨૦નો પ્રતિષ્ઠીત એવોર્ડ પ્રાપ્ત થયો – **રાજકોટ**
7. રાજકોટ શહેરને સતત કેટલામા વર્ષે વખત ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ એવોર્ડ મળ્યો - **સતત ત્રીજા વર્ષે**
8. કયા હેતુસર રાજકોટ શહેરને ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ-૨૦૨૦ એવોર્ડ મળ્યો - **વર્ષ ૨૦૧૫-૧૬ કરતાં ૨૦૨૨-૨૩માં કુલ વાર્ષીક સીએચજી એમિશન ૧૪ ટકા સુધી ઘટાડવા બદલ**
9. ગુજરાતના રાજકોટ શહેર ઉપરાંત ભારતના અન્ય ક્યા શહેરોને ગ્લોબલ વન પ્લાનેટ સિટી ચેલેન્જ એવોર્ડ-૨૦૨૦ મળ્યો - **ગંગટોક, ગુવાહાટી, ઇન્દોર, પણજી, નાગપુર, પુણે અને કોચીન**
10. તાજેતરમાં સુરત ખાતે અવસાન પામેલ પદ્મશ્રી નગીનદાસ સંઘવીનું ક્ષેત્ર જણાવો- **કટાર લેખક, પત્રકાર, રાજકીય સમીક્ષક અને લેખક**
11. પદ્મશ્રી નગીનદાસ સંઘવી ગુજરાતના કયા પ્રસિદ્ધ દૈનિકમાં કોલમિસ્ટ તરીકે કાર્યરત હતા - **દિવ્ય ભાસ્કર**
12. પદ્મશ્રી નગીનદાસ સંઘવી દિવ્ય ભાસ્કર દૈનિકમાં રવિવારની રસરંગ પૂર્તિમાં કઈ કોલમ લખતા હતા - **પરિક્રમા**
13. પદ્મશ્રી નગીનદાસ સંઘવી દિવ્ય ભાસ્કર દૈનિકમાં બુધવારની કળશ પૂર્તિમાં કઈ કોલમ લખતા હતા - **તડ ને ફડ**
14. પદ્મશ્રી નગીનદાસ સંઘવીએ કયા વિષયના અધ્યાપક તરીકે મુંબઈની મીઠી બાઈ કોલેજમાં સેવા આપી હતી - **ઇતિહાસ**
15. પદ્મશ્રી નગીનદાસ સંઘવીના મહત્વના પુસ્તકોના નામ જણાવો - **રામાયણ, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, નરેન્દ્ર મોદી, યોગનો ઈતિહાસ, ગીતા વિમર્શ અને મહામાનવ કૃષ્ણ**
16. નગીનદાસ સંઘવીને કયા વર્ષે ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર અપાયો - **2019**
17. પદ્મશ્રી નગીનદાસ સંઘવીનો જન્મ કઈ તારીખે ક્યાં થયો હતો – **10 માર્ચ 1920 અને ભાવનગર**

18. તાજેતરમાં પદ્મશ્રી નગીનદાસ સંઘવીએ તેમનો કેટલામો જન્મદિવસ ઉજવ્યો હતો -100

19. પદ્મશ્રી નગીનદાસ સંઘવીને નવી પેઢી કયા લાડકા નામથી ઓળખતી હતી - નગીનબાપા

20. ગુજરાતી કટાર લેખક નગીનદાસ સંઘવીએ કઈ કોલેજમાંથી પોલિટિકલ સાયન્સના વિષયમાં સ્નાતકની પદવી મેળવી હતી - ભાવનગરની શામળદાસ આર્ટ્સ કોલેજ

DATE : 13-07-2020

## ૧.ભારતમાં વિદેશી રોકાણ (FDI)

**ડિજિટલ શિક્ષણ માટે ગૂગલ ભારતમાં રૂપિયા ૭૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે (આર્થિક)**

**ગૂગલ ફોર ઈન્ડિયાની છઠ્ઠી વાર્ષિક વર્ચ્યુઅલ બેઠક યોજાઈ**

- ✓ સર્ચ એન્જિન ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈ તેમજ પીએમ નરેન્દ્ર મોદી વચ્ચે ૧૩મી જુલાઈએ કોરોના મહામારી, આધુનિક ટેકનોલોજીનો આવિષ્કાર તેમજ કોરોના પછીના કાળમાં ઊભરી રહેલા નવા વર્ક કલ્ચર મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

**રોકાણ :**

- ✓ પિચાઈએ ભારતમાં ગૂગલ દ્વારા આગામી પાંચથી સાત વર્ષમાં ૧૦ અબજ ડોલર એટલે કે રૂ.૭૫,૦૦૦ કરોડનાં ડિજિટાઈઝેશન ફંડની જાહેરાત કરી.

**ગૂગલના ભારતમાં રોકાણના ક્ષેત્રો :**

- ✓ ઇક્વિટી અને પાર્ટનરશિપ દ્વારા રોકાણમાં ૪ મુદ્દા પર ભાર

1. દરેક ભારતીય માટે તેની પોતાની ભાષા હિન્દી, તામિલ, પંજાબી કે માતૃભાષા સિવાયની અન્ય કોઈપણ બીજી ભાષામાં માહિતી પૂરી પાડવાના પ્રયાસો કરાશે.
2. ભારતની જરૂરિયાત મુજબ નવી પ્રોડક્ટ અને સેવા શરૂ કરાશે.
3. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન મુજબ બિઝનેસને વિકસાવાશે.
4. હેલ્થ, એજ્યુકેશન, કૃષિ સહિતનાં ક્ષેત્રોમાં સામાજિક કલ્યાણ માટે આધુનિક ટેકનોલોજી અપનાવવી તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવો.

**ગૂગલ ભારતમાં દસ લાખ શિક્ષકોને તાલીમબદ્ધ કરશે**

- ✓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) સાથે ગૂગલે ટાઈ-અપ કર્યું હતું. એ દ્વારા હવે ગૂગલ વર્ષના અંત સુધીમાં અંદાજે 10 લાખ શિક્ષકોને ઓનલાઈન શિક્ષણની તાલીમ આપશે તથા ગૂગલ ટુલ્સનો ઉપયોગ કરી કઈ રીતે એજ્યુકેશન સરળ બનાવવું એ શિખવશે. આ પ્રોજેક્ટનો લાભ આખા દેશની 22 હજાર જેટલી સ્કૂલોને મળશે.

## ૨.નોવેલ એલિફન્ટ વાયરસ (વન્યજીવ)

**દક્ષિણ આફ્રિકાના દેશ બોત્સવાનામાં સંભવિત નોવેલ એલિફન્ટ વાયરસથી ૪૦૦ હાથીઓના મૃત્યુ**

- ✓ દક્ષિણ આફ્રિકાના દેશ બોત્સવાનામાં એક રહસ્યમસી વાઈરસે દેખા દેખોયો છે. સદનસીબે આ વાઈરસ હજુ સુધી પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાયો નથી.
- ✓ વૈજ્ઞાનિકોએ કહ્યું કે દેશમાં જે આપદા આવી છે તેની પાછળ આ નોવેલ એલિફન્ટ વાઈરસ અથવા પેથોજન વાઈરસ હોવાની પણ આશંકા છે.

## ૩.પદ્મનાભસ્વામી મંદિર : સુપ્રીમ કોર્ટનો મંદિરના વહીવટ માટે ઐતિહાસિક ચુકાદો (ધર્મ)

**કોર્ટનો ચૂકાદો :**

- ✓ કેરળના ઐતિહાસિક અને દેશના અતિ ધનાઢ્ય એવા શ્રી પદ્મનાભસ્વામી મંદિર પ્રશાસન અને તેની સંપત્તિઓ પરના અધિકાર અંગે સુપ્રીમ કોર્ટે મંદિર મેનેજમેન્ટનો અધિકાર ત્રાવણકોર શાહી ઘરાનાને સોંપી દેવાનો ઐતિહાસિક ચૂકાદો આપ્યો.

**અગાઉનો ચૂકાદો :**

- ✓ કેરળ હાઇકોર્ટે ૨૦૧૧ની સાલમાં કેરળ સરકારને પદ્મનાભસ્વામી મંદિરની તમામ સંપત્તિઓ અને મેનેજમેન્ટનો કબજો સંભાળી લેવાનો આદેશ આપ્યો હતો.

**ચૂકાદાની અન્ય બાબતો :**

- ✓ સુપ્રીમની ખંડપીઠે તિરુવનંતપુરમના જિલ્લા જજની અધ્યક્ષતાવાળી કમિટીને કામચલાઉ ધોરણે મંદિરનો વહીવટ સંભાળી લેવાનો આદેશ આપ્યો છે.
- ✓ ખંડપીઠે કહ્યું કે, જ્યા સુધી મુખ્ય કમિટીની રચના ન થાય ત્યાં સુધી જિલ્લા જજની કમિટી મંદિરનો વહીવટ કરશે.
- ✓ હવે પછી સુપ્રીમ કોર્ટ મંદિરની સંપત્તિ અને તિરુપતિ તિરુમાલા, ગુરુવયૂર અને શબરીમાલા મંદિરોની જેમ દેવસ્થાનમ બોર્ડની સ્થાપનાની જરૂર છે કે નહીં તે અંગે ચુકાદો આપશે.

**પદ્મનાભસ્વામી મંદિર દેશનું ધનાઢ્ય મંદિર : મંદિર પાસે રૂ. ૨ લાખ કરોડનો ખજાનો**

- ✓ કેરળનું પદ્મનાભસ્વામી મંદિર દેશનું અતિ ધનાઢય મંદિર છે. ૨૦૧૧ની સાલમાં આ મંદિરના છ ભોંયરામાંથી એક લાખ કરોડનો ખજાનો મળી આવ્યો હતો.
- ✓ મંદિર પાસે અંદાજે રૂ.૨ લાખ કરોડનો ખજાનો હોવાનું અનુમાન છે.
- ✓ આ ભવ્ય મંદિરનું પુનઃનિર્માણ ૧૮મી સદીના ત્રાવણકોરના રાજાએ કરાવ્યું હતું અને તેમનો આખો પરિવાર દાસભાવે પદ્મનાભસ્વામીને સર્મિપત થઈને તેમની સેવા કરવા લાગ્યો હતો.

**ત્રાવણકોરમંદિર વિશે**

- ✓ બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, મત્સ્ય પુરાણ, વરાણ પુરાણ, સ્કંદ પુરાણ, વાયુ પુરાણ, ભગવત પુરાણ વગેરેમાં કેરળના આ પદ્મનાભ મંદિરનો ઉલ્લેખ હોવાનો દાવો થયો છે.
- ✓ ઈ.સ. પૂર્વ 500 આસપાસના કેરળના રાજાઓ આ મંદિરની રખેવાળી કરતા હોવાના ઉલ્લેખો પણ મળે છે.
- ✓ ત્રાવણકોર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું પછી એ રાજ્યના રાજાઓ આ મંદિરના સેવક તરીકે જ રાજ્ય સંભાળતા હતા.
- ✓ ત્રાવણકોરના ઈતિહાસકાર ડૉ. એલ. એ. રવિના કહેવા પ્રમાણે મંદિરના અસ્તિત્વ અંગે માન્યતા તો એવી ય છે કે કળિયુગના પહેલા દિવસે આ મંદિર સ્થાપિત થયું હતું.
- ✓ 1750માં માર્તંડ વર્માએ પોતાને ભગવાન પદ્મનાભના સેવક ગણાવીને રાજ્યનો બધો જ ખજાનો મંદિરને આપ્યો હતો. તેમણે જ મંદિરનું પુનઃનિર્માણ કરાવ્યું હતું. એ સમયે બનેલાં મંદિરના અત્યારે દર્શન કરી શકાય.
- ✓ સદીઓથી ત્રાવણકોર રાજવી પરિવાર જ મંદિરનું સંચાલન કરે છે. 2013માં છેલ્લા રાજા ઉત્રાટમ તિરૂનાલ માર્તન્ડ વર્માનું નિધન થયા પછી ત્રાવણકોર રાજ પરિવાર ટ્રસ્ટ બનાવીને મંદિરનું સંચાલન કરે છે.

## ૪.UNO : નીતિ આયોગ દ્વારા UNમાં દ્વિતીય સમીક્ષા અહેવાલ રજૂ કરાયો (વિકાસ લક્ષ્યાંક)

**અહેવાલની વિગત :**

- ✓ અહેવાલ મુજબ વર્ષ 2030 સુધીમાં યુએનના 17 સતત વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવા ભારતે પોતાની કુલ જીડીપીમાંથી 6.2 ટકાનો વધારાનો ખર્ચ કરવો પડશે.
- ✓ યુએનમાં કુલ 47 સભ્ય દેશો રિપોર્ટ રજૂ કરશે.

## ૫.પોલેન્ડ : વૈશ્વિક રાજકારણ

**પોલેન્ડના રાષ્ટ્રપતિ આંન્દ્રેજ ડૂડાના પક્ષનો વિજય**

- ✓ 5 વર્ષના કાર્યકાળ માટે પુનઃ ડૂડા ચૂંટાયા
- ✓ રાજધાની : વોર્સો

## ૬. જન્મ દિન વિશેષ : 13 જુલાઈ

## એકલવ્યની એકનિષ્ઠા: છોટુભાઈ પુરાણી

**જન્મ – 13 જુલાઈ-1885 અવસાન – 22 ડિસેમ્બર-1950**

- ✓ ગુજરાતમાં વ્યાયામ પ્રસારક અને કેળવણીકાર છોટુભાઈ પુરાણીનો જન્મદિવસ.
- ✓ બંગાળી લેખિકા આશાપૂર્ણાદેવી તેમજ વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ નેતા ગિરિરાજ કિશોરની પુણ્યતિથિ.
- ✓ ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિઓના પ્રણેતા અને આઝાદીના આશક <u>છોટુભાઈ બાલકૃષ્ણ પુરાણીનો જન્મ મોસાળ ડાકોરમાં</u> થયો હતો. બે વર્ષની વયે માતાનું અવસાન થયું હતું.
- ✓ તેઓએ શિક્ષણ ડાકોર, જામનગર, વડોદરા અને અમદાવાદમાં લીધુ હતું.
- ✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા છોટુભાઈ શ્રી અરવિંદની વિચારસરણીથી ખૂબ પ્રભાવિત હતા.
- ✓ <u>બંગાળી ક્રાંતિકારીઓના પ્રભાવમાં ગુજરાતમાંથી પણ વ્યાયામ પ્રવૃત્તિઓના માધ્યમથી દેશ સેવા માટે મરજિવા તૈયાર કરવાના ભાગરૂપે અખાડા, મલખમની પ્રવૃત્તિઓ શરૂ કરી.</u>
- ✓ યુવાનોને તન, મન અને ચારિત્ર્યથી સમૃદ્ધ કરવા વ્યાયામની સાથે ચર્ચા સભા, હસ્ત લિખિત સામયિકો, સાહસિક પ્રવાસો અને રમતો, પુસ્તકાલય અને સહકારી પ્રવૃત્તિઓ શરૂ કરી તત્કાલીન ગુજરાતના યુવાનોએ તેમની આ પ્રવૃત્તિને બહોળો પ્રતિસાદ આપ્યો હતો.
- ✓ <u>પુસ્તકો</u> : સારી સંતતિ, ઉષ્મા અને દેહધર્મ વિજ્ઞાન જેવા પુસ્તકો પણ લખ્યા છે.
- ✓ 22 ડિસેમ્બર 1950ના રોજ તેમનું અવસાન થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૭-૨૦૨૦)</u>

1. તાજેતરમાં 13 જુલાઇ 2020ના રોજ ગૂગલ ફોર ઈન્ડિયાની કેટલામી વાર્ષિક વર્ચ્યુઅલ બેઠક યોજાઇ - **<u>6th</u>**
2. તાજેતરમાં યોજાયેલી ગૂગલ ફોર ઈન્ડિયાની વાર્ષિક વર્ચ્યુઅલ બેઠક-2020માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા બાદ ગૂગલના CEO દ્વારા ભારતમાં કેટલા કરોડની રોકાણની જાહેરાત કરી છે - **<u>રૂ. 75,000/- કરોડ (10 અબજ $)</u>**

3. ગૂગલ દ્વારા ભારતમાં કયા ક્ષેત્રમાં 10 અબજ ડોલરનું રોકાણ કરવામાં આવશે- **ડિજિટલ શિક્ષણ અને ડિજિટલ ઇન્ડિયા**
4. ગૂગલ દ્વારા ભારતમાં આગામી કેટલા વર્ષમાં 10 અબજ ડોલરનું રોકાણ કરવામાં આવશે – **5 થી 7 વર્ષ**
5. આલ્ફાબેટના વર્તમાન સીઈઓનું નામ જણાવો - **સુંદર પિચાઇ**
6. સર્ચ એન્જિન ગૂગલના વર્તમાન સીઇઓનું નામ જણાવો - **સુંદર પિચાઇ**
7. ગૂગલ દ્વારા આગામી સમયમાં ભારતમાં સંભવિત કયા ચાર ક્ષેત્રોમાં રોકાણ કરવામાં આવશે **- 1. દરેક ભારતીય માટે તેની પોતાની ભાષા હિન્દી, તામિલ, પંજાબી કે માતૃભાષા સિવાયની અન્ય કોઈપણ બીજી ભાષામાં માહિતી પૂરી પાડવાના પ્રયાસો કરાશે. 2.ભારતની જરૂરિયાત મુજબ નવી પ્રોડક્ટ અને સેવા શરૂ કરાશે. 3. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન મુજબ બિઝનેસને વિકસાવાશે. 4. હેલ્થ, એજ્યુકેશન, કૃષિ સહિતનાં ક્ષેત્રોમાં સામાજિક કલ્યાણ માટે આધુનિક ટેકનોલોજી અપનાવવી તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવો**
8. ગૂગલ દ્વારા આ વર્ષ 2020ના અંત સુધીમાં ભારતમાં કેટલા શિક્ષકોને ગૂગલ ટુલ્સના ઉપયોગ દ્વારા શિક્ષણ કઈ રીતે વધુ સરળ બનાવવું તેના માટે ઓનલાઇન શિક્ષણ આપી તાલીમબદ્ધ કરાશે - **10 લાખ**
9. ગૂગલ દ્વારા આ વર્ષ 2020ના અંત સુધીમાં ભારતમાં કયા શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ આપી તાલીમબદ્ધ કરાશે - **CBSE**
10. ગૂગલ દ્વારા આ વર્ષ 2020ના અંત સુધીમાં ભારતમાં કેટલી શાળાના શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ આપી તાલીમબદ્ધ કરાશે - **22 હજાર**
11. ગૂગલ દ્વારા ભારતમાં સૌપ્રથમ કયા વર્ષે ઓફિસ શરૂ કરવામાં આવી હતી - **વર્ષે 2004**
12. ગૂગલ દ્વારા ભારતમાં સૌપ્રથમ કયા શહેરમાં ઓફિસ શરૂ કરવામાં આવી હતી – **હૈદરાબાદ અને બેંગલુરૂ**
13. તાજેતરમાં દક્ષિણ આફ્રિકા ખંડના કયા દેશમાં વાયરસના કારણે 400 જેટલા હાથીના મૃત્યુ થયા હતા - **બોત્સાવાના**
14. તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના બોત્સાવાના દેશમાં હાથીઓમાં સંભવિત કયા વાયરસને કારણે મોટા પ્રમાણમાં મૃત્યુ થયા છે - **નોવેલ એલિફન્ટ વાઈરસ અથવા પેથોજન વાઈરસ**
15. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કેરળના કયા મંદિરના મેનેજમેન્ટ અધિકાર શાહી ઘરાનાને સોંપી દેવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે - **પદ્મનાભસ્વામી મંદિર**
16. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા પદ્મનાભસ્વામી મંદિરનો અધિકાર કોને સોંપવામાં આવ્યો છે - **ત્રાવણકોર શાહી ઘરાના**
17. ત્રાવણકોરનું પદ્મનાભસ્વામી મંદિર કઈ સદીમાં તૈયાર કરવામાં આવ્યું હતું - **18મી સદી**
18. ત્રાવણકોરનું પદ્મનાભસ્વામી મંદિર કયા રાજ્યના રાજા દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું - **ત્રાવણકોરના રાજા**
19. વિશ્વનું સૌથી ધનાઢ્ય પદ્મનાથ સ્વામી મંદિરની સંપત્તિ કેટલી હોવાનો અંદાજ છે - **20 અબજ ડોલર**
20. વિશ્વનું સૌથી ધનાઢ્ય પદ્મનાથ સ્વામી મંદિર કયા રાજ્યમાં આવેલું છે - **કેરળ**
21. નીતિ આયોગ દ્વારા UNમાં તાજેતરમાં ભારતે તેનો કેટલામો રાષ્ટ્રીય સમીક્ષા રિપોર્ટ રજૂ કર્યો - **બીજો**
22. નીતિ આયોગ દ્વારા UNમાં તાજેતરમાં રજૂ કરેલા રાષ્ટ્રીય સમીક્ષા રિપોર્ટ મુજબ કયા વર્ષ સુધીમાં 17 સતત વિકાસ લક્ષાંક પ્રાપ્ત કરવા ભારતના જીડીપીમાં કેટલા ટકાનો વધારાનો ખર્ચ કરવો પડશે - **વર્ષે 2020 અને 6.2%**
23. તાજેતરમાં પોલેન્ડના કયા રાષ્ટ્રપતિ ફરીથી સત્તામાં ચૂંટાયા - **આંદ્રેજ ડૂડા**
24. પોલેન્ડની રાજધાનીનું નામ જણાવો - **વોર્સો**
25. 13 જુલાઈ 1885 કયા ગુજરાતી વ્યાયામ પ્રચારકનો જન્મ દિવસ છે - **છોટુભાઈ પુરાણી**
26. ગુજરાતી વ્યાયામ પ્રચારક છોટુભાઈ પુરાણીનો જન્મ ક્યાં થયો હતો – **ડાકોર**

DATE : 14-07-2020

| | |
|---|---|
| ૧. NGT : નિર્ણય (પેયજળ) | **વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં લિટર દીઠ ૫૦૦ મિલિગ્રામથી ઓછી TDS ધરાવતા RO પ્યોરિફાયર પર પ્રતિબંધ** |

✓ **કારણ:** ROમાં પાણીમાં રહેલ ખનીજ તત્વો નાશ પામે છે

**નવા માપદંડ :**

✓ આરઓ પ્યોરિફાયર લિટરદીઠ પાણીમાં ટોટલ ડિસોલ્વ્ડ સોલિડ્સ (TDS) ૫૦૦ મિલિગ્રામથી ઓછું રહેતું હોય તેવા RO પર પ્રતિબંધ મુકાશે.

**અમલ :**

✓ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (NGT)એ કેન્દ્રનાં પર્યાવરણ અને વન વિભાગને ડિસેમ્બર સુધીમાં દેશભરમાં RO પ્યોરિફાયરના ઉપયોગ પર પ્રતિબંધ.

✓ NGTના ચેરપર્સન : જસ્ટિસ આદર્શ કુમાર ગોયલ

✓ NGT : નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ

## ૨. વોટર એરોડ્રોમ : ગુજરાત સરકાર




**ગુજરાતમાં સંભવિત ચાર સ્થાનો ઉપર નવીન વોટર એરોડ્રામ તૈયાર કરાશે (ઉડ્ડયન- પ્રવાસન)**




**ચાર સ્થળ :**

1. સાબરમતી રિવરફ્રન્ટ - અમદાવાદ
2. કેવડિયા - નર્મદા
3. ધરોઈ ડેમ - મહેસાણા
4. શેત્રુંજય ડેમ - પાલીતાણા (ભાવનગર)

✓ ભારત સરકારની રિજનલ કનેક્ટિવિટી સ્કીમ ૩ અને ૪ અંતર્ગત અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ, કેવડિયામાં નર્મદાડેમ, શેત્રુંજય ડેમ- પાલિતાણા અને ધરોઈ ડેમ એમ ૪ સ્થળોએ વૉટર એરોડ્રોમ શરૂ કરાશે.

✓ રાજ્ય સરકાર આને માટે પ્રત્યેક સ્થળે ૧ થી ૨.૫ એકર જમીન ફાળવશે, ભવિષ્યમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયની મંજૂરીથી હવાઈ સેવાનો વ્યાપ પણ વિસ્તારાશે.

**વૉટર એરોડ્રોમ વિશે :**

✓ વૉટર એરોડ્રોમ એ ખુલ્લા પાણીનો વિસ્તાર હોય છે, જેનો ઉપયોગ એમ્ફીબિયસ વિમાન દ્વારા ઉતરાણ કે ઉડાન માટે થઈ શકે છે.

**કરાર :**

✓ રાજ્યમાં ચાર વૉટર એરોડ્રોમના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને ઍરપોર્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા સાથે સમજૂતી કરાર કરાશે.

## 3. UN : ખાદ્ય સુરક્ષા અને પોષણ અહેવાલ

**ભારતમાં એક દાયકામાં ૬ કરોડ લોકો પરથી ભૂખનું સંકટ દૂર થયું (આરોગ્ય)**

**અહેવાલની વિગત :**

✓ ભારતમાં ગત એક દાયકાથી વધુ સમયમાં કુપોષિત લોકોની સંખ્યામાં 6 કરોડનો ઘટાડો નોંધાયો.

✓ ભારતમાં કુપોષિતોની સંખ્યા 2004-06માં 24.94 કરોડ હતી. તે 2017-19માં ઘટીને 18.92 કરોડ રહી ગઈ.

✓ ભારતમાં બાળકોમાં ઓછી ઊંચાઈની સમસ્યા પણ ઘટી છે, પણ મોટા લોકોમાં સ્થૂળતાની સમસ્યા વધી છે.

✓ 2019માં દુનિયાભરમાં આશરે 69 કરોડ લોકો કુપોષિત મળ્યા હતા. આ સંખ્યા 2018ની તુલનાએ એક કરોડ વધુ હતી.

**હેતુ :**

✓ સંયુક્ત રાષ્ટ્રએ કુપોષણને ડામવાની પ્રગતિ પર નજર રાખવાના ઉદ્દેશ્યથી આ રિપોર્ટ તૈયાર કર્યો હતો.

**અહેવાલના મુખ્ય મુદ્દા :**

✓ રિપોર્ટ મુજબ દુનિયામાં કોરોના સંકટને લીધે 2020ના અંત સુધી વધુ 13 કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી શકે.

✓ એશિયાના પૂર્વ, દક્ષિણમાં કુપોષણમાં ઘટાડો નોંધાયો છે. અહીં મોટાં અર્થતંત્રો ભારત અને ચીનનું વર્ચસ્વ છે.

**ભારતમાં કુપોષણ, બાળકોનાં કદ અને વયસ્કોની સ્થૂળતા અંગે સ્થિતિમાં સંતુલન**

ભૂખ : 14% લોકો પર હજુ સંકટ

| વર્ષ | કુપોષિત | વસતીમાં |
|---|---|---|
| 2004-06 | 24.94 કરોડ | 21.70% |
| 2017-19 | 18.92 કરોડ | 14% |

**સ્થૂળતા : વયસ્કોમાં 0.8%નો વધારો**

| વર્ષ | વયસ્ક | ટકામાં |
|---|---|---|
| 2012 | 2.52 કરોડ | 3.10% |
| 2016 | 3.43 કરોડ | 3.9% |

**કદ : 5 વર્ષ સુધીના 34.7% પીડિત**

| વર્ષ | બાળકો | ટકામાં |
|---|---|---|
| 2012 | 6.2 કરોડ | 47.8% |
| 2019 | 4.03 કરોડ | 34.7% |

**અહેવાલ તૈયાર કરનાર :**

- ✓ રિપોર્ટ સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય-કૃષિ સંગઠન, આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ ફંડ, યુનિસેફ, સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ ખાદ્ય કાર્યક્રમ અને ડબ્લ્યુએચઓ.

**૪. ગૌરવ : સૂરીનામ દેશમાં ભારતીય વંશના ચંદ્રિકા પ્રસાદ સંતોખી નવા રાષ્ટ્રપ્રમુખ બન્યા**

- ✓ ભૂતપૂર્વ ન્યાયમંત્રી અને પ્રોગ્રેસિવ રિફોર્મ પાર્ટીના નેતા સંતોખી બિનહરીફ રાષ્ટ્રપ્રમુખ ચૂંટાયા હતા.
- ✓ 51 સભ્યોની નેશનલ એસેમ્બલીએ તેમને 5 વર્ષ માટે ચૂંટયા.

**૫. માનવ સંસાધન વિકાસ મંત્રાલય : ઓનલાઈન અભ્યાસક્રમની 'પ્રજ્ઞાતા' માર્ગદર્શિકા જાહેર (શિક્ષણ)**

**નવી જોગવાઈ :**

**પ્રી-પ્રાઈમરી**

| સેશન | સમય | મહત્તમ સમય |
|---|---|---|
| 1 | 30 મિનિટ | 30 મિનિટ |

**ધોરણ 1થી 8**

| સેશન | સમય | મહત્તમ સમય |
|---|---|---|
| 2 | 45 મિનિટ | 1. 30 કલાક |

**ધોરણ 9થી 12**

| સેશન | સમય | મહત્તમ સમય |
|---|---|---|
| 4 | 30થી 45 મિનિટ | 2થી 3 કલાક |

**૬. નિમણૂક : ખેલકૂદ**

**IPLના CEO હેમાંગ અમીન BCCIના નવા વચગાળાના CEO**

- ✓ BCCI : મુખ્ય મથક – મુંબઈ

**૭. ગુજરાત સરકાર : નિર્ણય**

**ગુજરાતના ઓટો રિક્ષાચાલકો માટે માટે હવે વાદળી કલરના એપ્રોનનો યુનિફોર્મ નક્કી કરાયો**

- ✓ **જાહેરનામું :** બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
- ✓ તા. ૧૩ જૂલાઈ ૨૦૨૦

**૮. જન્મ દિન વિશેષ : 14 જુલાઈ**

**અભિનય સમ્રાટ : ઉપેન્દ્ર ત્રિવેદી**

**જન્મ – 14 જુલાઈ 1937 અવસાન – 4 જાન્યુઆરી 2015**

- ✓ આજે તારીખ 14 જુલાઈ અને વિલક્ષણ સંન્યાસી સ્વામી શિવાનંદ અને ગુજરાતી ચલચિત્ર જગત પર દાયકાઓ સુધી અમીટ છાપ છોડનાર અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મદિવસ છે.
- ✓ મૂળ ગામ ઇડર તાલુકામાં કુકડિયા પણ ઉપેન્દ્રનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોરમાં થયો હતો.
- ✓ વિદ્યાર્થી અવસ્થામાં વકતૃત્વ, નાટક અકાદમી એનએનસીમાં ભાગ લેતા. તે પછી મુંબઈ ભણવા ગયા. સિદ્ધાર્થ કોલેજમાં કોમર્સનાં અભ્યાસ સાથે અભિનયની તાલીમ પણ લીધી.
- ✓ ભીતરના વહેણ, ઝેર તો પીધાં જાણી જાણી, અભિનય સમ્રાટ જેવા નાટકો કર્યા.
- ✓ 1971માં જેસલ તોરલ ફિલ્મથી ઉપેન્દ્રભાઈને ગુજરાતી ચલચિત્રોમાં પ્રવેશ થયો.

**અન્ય ફિલ્મો :**

- ✓ સોન કંસારી, વીર માંગડાવાળો, માનવીની ભવાઈ, હોથલ પદમણી, જોગીદાસ ખુમાણ, રા નવઘણ, રાજા ગોપીચંદ, લીલુડી ધરતી, કાદુ મકરાણી, અમરસિંહ રાઠોડ, પાતળી પરમાર, ગરવો ગરાસિયો, વેરની વસૂલાત, સૂરજ ચંદ્રની સાખે, હલામણ જેઠવો, મેહુલો લુહાર અને સોરઠની પદમણી જેવી અનેક ફિલ્મોમાં અભિનયનાં ઓજસ પાથર્યા હતા.
- ✓ સ્નેહલતા સાથેની ઉપેન્દ્ર ત્રિવેદીની 30થી વધુ ફિલ્મોએ ગ્રામીણ ગુજરાતના દર્શકોને ખાસ્સું ઘેલું લગાવ્યું હતું.
- ✓ ગુજરાતી ફિલ્મોના આ સુપરસ્ટારનું 4 જાન્યુઆરી-2015ના રોજ અવસાન.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૭-૨૦૨૦)**

1. NGTના આદેશ મુજબ ભારતમાં ક્યાં સુધીમાં RO પ્યોરિફાયર ઉપર પ્રતિબંધ મુકવામાં આવશે- **ડિસેમ્બર 2020**
2. ભારતમાં વર્ષ 2020ના અંત સુધીમાં લિટર દીઠ કેટલા મિલીગ્રામથી ઓછી TDS ધરાવતા RO ઉપર પ્રતિબંધ મુકવામાં આવશે- **500**
3. તાજેતરમાં કયા વૈશ્વિક સંસ્થાના અહેવાલ મુજબ ROના કારણે પાણીમાં રહેલા ખનીજ તત્વો નાશ પામે છે - **WHO**

4. પીવાના પાણી માટે વપરાતા શબ્દ TDSનું વિસ્તૃત નામ જણાવો- **ટોટલ ડિસોલ્વ્ડ સોલિડસ્**
5. NGTનું વિસ્તૃત નામ જણાવો- **નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ**
6. NGTના વર્તમાન ચેરપર્સન જણાવો - **જજ આદર્શ કુમાર ગોયલ**
7. ગુજરાતમાં આગામી સમયમાં સંભવિત કયા ચાર સ્થાનો પર વોટર એરોડ્રામ તૈયાર કરાશે – **૧.સાબરમતી રિવરફ્રન્ટ – અમદાવાદ, ૨. કેવડિયા - નર્મદા, ૩. ધરોઈ ડેમ – મહેસાણા, ૪.શેત્રુંજય ડેમ - પાલીતાણા (ભાવનગર)**
8. વોટર એરોડ્રામમાં ઉતરાણ કે ઉડાન માટે ક્યાં વિમાનનો ઉપયોગ કરવામાં આવે છે - **એમ્ફીબિયસ વિમાન**
9. તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ યુએનના "ખાદ્ય સુરક્ષા અને પોષણ અહેવાલ" મુજબ ભારતમાં છેલ્લા એક દાયકામાં કેટલા કરોડ લોકો પરથી ભૂખનું સંકટ દૂર થયું છે - **06 કરોડ**
10. તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ યુએનના "ખાદ્ય સુરક્ષા અને પોષણ અહેવાલ" મુજબ ભારતમાં વર્ષ 2004-06માં કુપોષિતની સંખ્યા કેટલી હતી જે 2017-19માં ઘટીને કેટલી થઈ છે - **24.94 કરોડ અને 18.92 કરોડ**
11. યુએનના અહેવાલ મુજબ વર્ષ 2019માં કેટલા કરોડ લોકો કુપોષિત મળ્યા હતા - **69 કરોડ**
12. યુએનના અહેવાલ મુજબ ભારતમાં હજુ કેટલા ટકા લોકો પર ભૂખનું જોખમ છે - **14 %**
13. તાજેતરમાં જુલાઈ 2020માં જાહેર કરવામાં આવેલ"ખાદ્ય સુરક્ષા અને પોષણ અહેવાલ" કઈ સંસ્થાઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે - **સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય-કૃષિ સંગઠન, આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ ફંડ, યુનિસેફ, સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ ખાદ્ય કાર્યક્રમ અને ડબ્લ્યુએચઓ**
14. તાજેતરમાં મૂળ ભારતીય વંશના ચંદ્રિકા પ્રસાદ સંતોખી કયા દેશના નવા રાષ્ટ્ર પ્રમુખ તરીકે બિન હરીફ ચૂંટાયા છે - **સુરીનામ**
15. મૂળ ભારતીય વંશના રાષ્ટ્રપ્રમુખ ચંદ્રિકા પ્રસાદ સંતોખીનો પક્ષ જણાવો - **પ્રોગ્રેસિવ રિફોર્મ પાર્ટી**
16. જુલાઈ-૨૦૨૦માં MHRD મંત્રાલય દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની કઈ માર્ગદર્શિકા જાહેર કરાઈ - **'પ્રજ્ઞાતા'**
17. MHRD મંત્રાલય દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની જાહેર કરાયેલી 'પ્રજ્ઞાતા' માર્ગદર્શિકા અનુસાર પ્રી-પ્રાઈમરીના એક સેશન માટે કેટલો સમય નક્કી કરાયો – **30 મિનિટ**
18. MHRD મંત્રાલય દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની જાહેર કરાયેલી 'પ્રજ્ઞાતા' માર્ગદર્શિકા અનુસાર ધો.૧ થી ૮ના બે સેશન માટે મહત્તમ કેટલો સમય નક્કી કરાયો – **૧.30 કલાક**
19. MHRD મંત્રાલય દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની જાહેર કરાયેલી 'પ્રજ્ઞાતા' માર્ગદર્શિકા અનુસાર ધો.૯ થી ૧૨ના ચાર સેશન માટે મહત્તમ કેટલો સમય નક્કી કરાયો – **૨ થી 3 કલાક**
20. જુલાઈ-૨૦૨૦માં BCCIના નવા વચગાળાના CEO તરીકે કોની નિમણૂક કરાઈ - **IPLના CEO હેમાંગ અમીન**
21. BCCIનું વડુ મથક કયાં આવેલુ છે – **મુંબઈ**
22. ગુજરાતના ઓટો રિક્ષાચાલકો માટે એપ્રોનનો યુનિફોર્મનો કયો કલર નક્કી કરાયો - **વાદળી**
23. ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ઓટો રિક્ષાચાલકો માટે એપ્રોનનો યુનિફોર્મનો વાદળી કલર નક્કી કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું - **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**
24. કયા ગુજરાતી કલાકારને અભિનય સમ્રાટનું બિરુદ મળેલું છે – **ઉપેન્દ્ર ત્રિવેદી**
25. ગુજરાતી અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મ દિન જણાવો - **14 જુલાઈ 1937**
26. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનું મૂળ ગામ કયુ છે – **કુકડિયા ગામ, તા. ઈડર**
27. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મ ક્યા થયો હતો – **ઈન્દોર(મધ્યપ્રદેશ)**
28. ઉપેન્દ્ર ત્રિવેદીએ કયા જાણીતા નાટકોમાં અભિનય કર્યો છે - **ભીતરના વહેણ, ઝેર તો પીધાં જાણી જાણી, અભિનય સમ્રાટ**
29. ઉપેન્દ્ર ત્રિવેદીએ 1971માં કઈ ફિલ્મથી ગુજરાતી ચલચિત્રોમાં પ્રવેશ કર્યો હતો - **જેસલ તોરલ**
30. ઉપેન્દ્ર ત્રિવેદીએ કઈ મહત્વની ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો છે - **સોન કંસારી, વીર માંગડાવાળો, માનવીની ભવાઈ, હોથલ પદમણી, જોગીદાસ ખુમાણ, રા નવઘણ, રાજા ગોપીચંદ, લીલુડી ધરતી, કાદુ મકરાણી, અમરસિંહ રાઠોડ, પાતળી પરમાર, ગરવો ગરાસિયો, વેરની વસૂલાત, સૂરજ ચંદ્રની સાખે, હલામણ જેઠવો, મેહુલો લુહાર અને સોરઠની પદમણી**

DATE : 15-07-2020

## ૧. USA : વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકા છોડી જવાનો અગાઉનો આદેશ ટ્રમ્પ સરકાર દ્વારા પરત લેવાયો (વૈશ્વિક સંબંધો)

- ✓ **રાહત :** USAમાં અભ્યાસ કરતા ૨ લાખ ભારતીય સહીત ૧૦ લાખથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને રાહત

**અગાઉનો શું નિર્ણય હતો :**

- ✓ ૬ જૂનના રોજ યુએસ ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઇસીઇ)એ આદેશ કર્યો હતો કે, જેમની કોલેજ અથવા યુનિવર્સિટીમાં ફોલ સેમેસ્ટર દરમિયાન ફક્ત ઓનલાઇન ક્લાસિસ ઓફર કરાયાં છે તેમાં અભ્યાસ કરતાં વિદેશી વિદ્યાર્થીઓએ અમેરિકા છોડીને જવું પડશે અથવા તો તેમણે ઇન પર્સન ક્લાસિસ ચલાવનારી કોલેજ અથવા યુનિવર્સિટીમાં પ્રવેશ લેવો પડશે.
- ✓ આદેશનું ઉલ્લંઘન કરનારાને ઇમિગ્રેશન કાયદાઓ અંતર્ગત કાર્યવાહીનો સામનો કરવો પડશે. તેમને દેશનિકાલ કરવામાં આવી શકે છે.

## ૨. સંરક્ષણ મંત્રાલય : ભારતીય સેનાને રૂ. 300 કરોડ સુધી સંરક્ષણ ખરીદીનો વિશેષાધિકાર અપાયો (સંરક્ષણ)

- ✓ સંરક્ષણ મંત્રાલય હેઠળની સંરક્ષણ ખરીદી પરિષદે (ડીએસી) સશસ્ત્ર દળોને રૂ. 300 કરોડ સુધીની સંરક્ષણ ખરીદીનો વિશેષાધિકાર આપ્યો છે.
- ✓ આ વિશેષાધિકારથી ફક્ત જરૂરિયાતો જ નહીં પણ ખરીદી માટેના સમયનો પણ બચાવ થશે તથા સશસ્ત્ર દળોને હવે મહત્વના હથિયારો એક વર્ષની અંદર મળી જશે.
- ✓ ઈમજરન્સી જરૂરી શ્રેણી હેઠળ દરેક ખરીદી 300 કરોડ કરતા વધારે હોવી ન હોવી જોઈએ.
- ✓ સંરક્ષણ મંત્રી – રાજનાથસિંહ

## 3. "કરમિત્ર" અભિયાનનો પ્રારંભ (આર્થિક)

**હેતુ :**

- ✓ સીજીએસટી દ્વારા રાજ્યમાં કર ચોરી ડામવા, તેની જાણકારી મેળવવા, પકડવા, કર મિત્ર અભિયાન શરૂ કરાયું :
- ✓ સાચી માહિતી આપનારને રિવોર્ડ-પુરસ્કાર અપાશે

**અભિયાન વિશે :**

- ✓ આ અભિયાન અગાઉ હાથ ધરાયેલ ઇન્ફોર્મર-બાતમીદાર આધારિત ઇન્ટેલિજન્સ સિસ્ટમ અભિયાનની તુલનાએ વધુ પ્રભાવી છે.
- ✓ આ સ્કીમ મારફ્ત ડિપાર્ટમેન્ટ કરચોરી સામેના અભિયાનમાં તમામ નાગરિકને જોડવા માગે છે અને કરચોરી વિરુદ્ધ સરકારને મદદ કરીને દેશના દરેક નાગરિક કરમિત્ર બની શકે

**અભિયાનનું માધ્યમ :**

- ✓ આ અભિયાન અંતર્ગત કોઈ પણ નાગરિક દૂરસંચારના અદ્યતન માધ્યમો જેવા કે વોટ્સઅપ, વિડિયો, ઓડિયો, એસએમએસ વગેરે માધ્યમો મારફ્ત કોઈ પણ વ્યક્તિ ટેક્સ ચોરી સંબંધિત માહિતી અને વિગતો ડિપાર્ટમેન્ટને સરળતાથી પૂરી પાડી શકે છે.
- ✓ આ હેતુસર અલગથી વોટ્સઅપ અને એસએમએસ માટે ૯૧૫૭૦૨૦૦૬ નંબર ફાળવવામાં આવ્યો છે. આ ફોન નંબરની સુવિધા ૨૪ કલાક ચાલુ રહેશે.
- ✓ ઈમેલ-commr-cexamd3@nic.in પર માહિતી મોકલી શકાશે.
- ✓ કોના દ્વારા : સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ (CGST) ગાંધીનગર

## ૪. નિમણૂક : ADBના નવા ઉપાધ્યક્ષ તરીકે ભારતના પૂર્વ ચૂંટણી કમિશનર શ્રી અશોક લવાસાની નિમણૂક

**કાર્ય :**

- ✓ તેઓ એડીબીમાં પ્રાઈવેટ સેક્ટર ઓપરેશન્સ અને પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ સંભાળશે.
- ✓ ADB : એશિયન ડેવલપમેન્ટ બેંક
- ✓ મુખ્ય મથક : મનિલા (ફિલિપાઈન્સ)
- ✓ ADBના વર્તમાન પ્રમુખ અને દેશ -માસાત્સુગૂ અસાકાવા (જાપાન)

## ૫. ક્લાઈમેટ ચેન્જ : વિશ્વમાં સૌથી ગરમ સ્થળ અમેરિકાના પૂર્વ કેલિફોર્નિયાના રણપ્રદેશની 'ડેથ વેલી'માં ગરમીનો પારો 53.3 ડિગ્રી :

**કારણો :**

- ✓ ક્લાઈમેટ ચેન્જની અસર દુનિયાભરમાં જોવા મળી રહી છે.
- ✓ અમેરિકાના પૂર્વ કેલિફોર્નિયાના રણપ્રદેશની 'ડેથ વેલી' એટલે કે 'મોતની ખીણ'માં ૧૨મી જૂલાઈ-૨૦૨૦ના રોજ ગરમીનો પારો 53.3 ડિગ્રીએ પહોંચ્યો હતો
- ✓ આ છેલ્લાં ત્રણ વર્ષમાં પૃથ્વી પર કોઈ વિસ્તારમાં નોંધાયેલું સૌથી વધુ તાપમાન.
- ✓ સાઈબેરિયામાં જાન્યુઆરીથી જૂન 2020 સુધી 5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવા પાછળ ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન છે.

- ✓ અહીં જંગલોમાં લાગેલી આગથી 11.5 લાખ હેક્ટરમાં પથરાયેલાં વૃક્ષો ખાક થઈ ગયાં છે, જેથી 5.6 કરોડ ટન કાર્બન ઉત્સર્જન થયું હતું.
- ✓ આગની લપેટોએ અહીંના વાયુમંડળને પણ રાખથી ભરી દીધું છે.

**ચેતવણી :**

- ✓ જો કાર્બન ઉત્સર્જન આ જ ગતિએ વધતું રહ્યું તો વર્ષ-2030 સુધી આ ખીણનું તાપમાન 60 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.
- ✓ કેલિફોર્નિયાનો આ રણપ્રદેશ ફ્લોરિડાના પનામા સિટી સુધી આશરે પોણા ત્રણ હજાર કિ.મી.માં ફેલાયેલો છે.

**મોતની ખીણ વિશે**

- ✓ દુનિયાની સૌથી ગરમ જગ્યા છે.
- ✓ અહીં સામાન્ય તાપમાન પણ 50 ડિગ્રી સેલ્સિયસ ઉપર રહે છે.
- ✓ વર્ષ 1913માં અહીંનું તાપમાન 56.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે હમણાં સુધીનો સૌથી ઊંચો આંકડો હતો.
- ✓ અહીં વરસાદ ખૂબ ઓછો થાય છે અને શિયાળો હોતો નથી.
- ✓ પેસિફિક સમુદ્રમાંથી આવતી હવાઓ અહીં સુધી પહોંચે ત્યાં સુધી સૂકી થઈ ગઈ હોય છે. તેમાં ભેજ હોતો નથી, એટલે અહીં ફક્ત ગરમ પવન ફૂંકાય છે.
- ✓ આ ખીણની સપાટી એવી છે જે સૂરજના પ્રકાશમાં ઝળહળી ઊઠે છે.
- ✓ આ સ્થળ સમુદ્ર સપાટીથી 190 ફૂટ નીચે છે, જેથી હવાના દબાણથી ગરમી વધે છે.
- ✓ સૌથી મહત્ત્વનું કારણ કાર્બન ઉત્સર્જન છે. તેનાથી ગરમી વધવાની ગતિ 600 ગણી વધી ગઈ છે.
- ✓ અહીં રાતનું તાપમાન 28થી 37 ડિગ્રી વચ્ચે રહે છે.

## ૬. ડાર્ક નેટ (ઇન્ટરનેટ)

**કેમ ચર્ચામાં**

- ✓ મુંબઈમાં ડાર્ક નેટ ઉપર કોરોના દર્દીઓ માટે પ્લાઝમા રૂપિયા 10 લાખ પ્રતિ લિટરે વેચાતું હોવાનો ઘટસ્ફોટ

ડાર્ક નેટ શું હોય છે ?

- ✓ ડાર્ક નેટ ઈન્ટરનેટનો એ ભાગ છે જેને સામાન્ય રીતે વપરાતા સર્ચ એન્જિનથી એક્સેસ ન કરી શકાય.

ઉપયોગ :

- ✓ તેનો ઉપયોગ માનવ તસ્કરી, નશીલા પદાર્થોના ખરીદ વેચાણ, હથિયારોની તસ્કરી જેવી પ્રવૃત્તિઓમાં થાય છે.
- ✓ ઈન્ટરનેટ પર તેને કોઈ ડાર્ક વેબ કહે છે તો કોઈ ડીપ વેબ.
- ✓ અહીં હથિયારો અને ડ્રગ્સની ડીલ થાય છે. જેને તમે ઈન્ટરનેટની દુનિયા માનો છો તે ફક્ત ચાર જ ટકા છે અને બાકી ૯૬ ટકા દુનિયા ડાર્ક છે.

## ૭. હોંગકોંગ સ્વાયત્તતા કાયદો

USની સંસદમાં પસાર : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર કરાયા (વૈશ્વિક વિવાદ)

**કાયદાની જોગવાઈ :**

- ✓ આ કાયદા મુજબ ચીન સરકાર હોંગકોંગના લોકો પર દમનકારી હરકતો માટે જવાબદાર હશે અને અમેરિકાને આવી હરકતો સામે કાર્યવાહીનો અધિકાર હશે.

**આરોપ:**

- ✓ ચીને હોંગકોંગની આઝાદી છીનવીને ત્યાંના લોકો માટે સારી તકો ખતમ કરી દીધી.

**ચીનની પ્રતિક્રિયા :**

- ✓ બીજી તરફ અમેરિકાના નિર્ણયથી ચીન રોષે ભરાયું છે. ચીની વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે આ ચીનની આંતરિક બાબતોમાં દખલ છે, જેનો બદલો લઈશું.
- ✓ ચીન પણ તેનાં હિતોના રક્ષણ માટે અમેરિકી લોકો અને સંસ્થાઓ પર નિયંત્રણો લાદશે.

## ૮. દિન વિશેષ : ૧૫ જુલાઈ વિશ્વ યુવા કૌશલ દિવસ

**થીમ-૨૦૨૦: Skills For a Resilient Youth**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૭-૨૦૨૦)

1. ઓનલાઇન અભ્યાસક્રમમાં જોડાયેલા વિદેશી વિદ્યાર્થીઓ માટેની વિઝા રદ કરવાની અગાઉની નીતિ કયા દેશ દ્વારા તાજેતરમાં પરત ખેંચવામાં આવી છે - **અમેરિકા**
2. સંરક્ષણ મંત્રાલય ભારતીય સેનાને કેટલા કરોડના શસ્ત્રો ખરીદવા માટે તાજેતરમાં વિશેષાધિકાર આપ્યો છે - **રૂ.300 કરોડ**
3. સંરક્ષણ મંત્રાલય માટે શસ્ત્રો ખરીદવા માટેની મંજૂરી કઈ કમિટી દ્વારા આપવામાં આવે છે - **સંરક્ષણ ખરીદી પરિષદ**
4. ભારતના વર્તમાન શિક્ષણ મંત્રીનું નામ જણાવો- **રાજનાથ સિંહ**
5. તાજેતરમાં ગુજરાતમાં કરચોરી અટકાવવા અને કરચોરને પકડવા કયું નવું અભિયાન લોન્ચ કરાયું છે - **"કરમિત્ર"**
6. "કરમિત્ર" અભિયાન કોના દ્વારા શરૂ કરાયું છે - **CGST, ગાંધીનગર**

7. CGSTનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ**
8. "કરમિત્ર" અભિયાનમાં માહિતી આપનારને રાજ્ય સરકાર દ્વારા કયા પ્રકારે સન્માન કરાશે - **પુરસ્કાર અથવા રિવોર્ડ**
9. "કરમિત્ર" અભિયાન અંતર્ગત કયા નંબર ઉપર whatsapp અથવા એસએમએસથી માહિતી આપી શકાશે - **91570 02006**
10. તાજેતરમાં ADBના નવા ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે - **ભારતના પૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસા**
11. ADBનું મુખ્ય મથક ક્યાં આવેલું છે - **મનિલા, ફિલીપાઇન્સ**
12. ADBનું વિસ્તૃત નામ જણાવો-**એશિયન ડેવલોપમેન્ટ બેન્ક**
13. તાજેતર જુલાઈ-2020માં અમેરિકાના કયા રણપ્રદેશમાં સૌથી વધુ ગરમીનો પારો નોંધાયો હતો - **પૂર્વ કેલિફોર્નિયા**
14. જુલાઈ-2020માં અમેરિકાના "ડેથ વેલી"વિશ્વમાં સૌથી વધુ કેટલા ડિગ્રી ગરમી તાપમાન નોંધાયું હતું - 53.3 ડિગ્રી
15. વિશ્વનું સૌથી ગરમ સ્થળ "ડેથ વેલી" ક્યાં આવેલું છે - પૂર્વ કેલિફોર્નિયાના રણપ્રદેશમાં
16. વિશ્વનું સૌથી ગરમ સ્થળ "ડેથ વેલી"માં અત્યાર સુધીમાં કયા વર્ષે સૌથી વધુ કેટલું તાપમાન નોંધાયું છે - 1913 અને 56.7 ડિગ્રી
17. તાજેતરમાં મુંબઈમાં ડાર્ક નેટ ઉપર કોરોના દર્દીઓ માટે પ્લાઝમા પ્રતિ લિટર કેટલામા વેચાતું હોવાનો ઘટસ્ફોટ થયો હતો – **રૂ. ૧૦ લાખ**
18. ડાર્ક નેટ કોને કહેવાય છે - **ડાર્ક નેટ ઈન્ટરનેટનો ભાગ છે જેને સામાન્ય રીતે વપરાતા સર્ચ એન્જિનથી એક્સેસ ન કરી શકાય**
19. ડાર્ક નેટનો ઉપયોગ શામાં થાય છે - **માનવ તસ્કરી, નશીલા પદાર્થોના ખરીદ વેચાણ, હથિયારોની તસ્કરી જેવી પ્રવૃત્તિઓમાં**
20. ડાર્ક નેટને ઈન્ટરનેટ પર અન્ય કયા નામે ઓળખવામાં આવે છે - **ડાર્ક વેબ તથા ડીપ વેબ.**
21. ઈન્ટરનેટની દુનિયા કેટલા ટકા છે તથા બાકી કેટલા ટકા દુનિયા ડાર્ક છે - **૪ તથા ૯૬**
22. જુલાઈ-૨૦૨૦માં USની સંસદમાં કયા દેશની સ્વતંત્રતા કાયદો પસાર કરાયો - **હોંગકોંગ**
23. જુલાઈ-૨૦૨૦માં USની સંસદમાં હોંગકોંગ સ્વતંત્રતા કાયદો પસાર કરાયો તેમાં કઈ જોગવાઈ કરાઈ છે - **ચીન સરકાર હોંગકોંગના લોકો પર દમનકારી હરકતો માટે જવાબદાર હશે અને અમેરિકાને આવી હરકતો સામે કાર્યવાહીનો અધિકાર હશે**
24. વિશ્વ યુવા કૌશલ દિવસ કયારે મનાવવામાં આવે છે - **૧૫ જુલાઈ**
25. વિશ્વ યુવા કૌશલ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **Skills For a Resilient Youth**

DATE : 16-07-2020

**૧.ટ્વિટર : ટ્વિટરના ઈતિહાસનું સૌથી મોટું હેકિંગ : ૩૭૩ યુઝર્સ ભોગ બન્યા : બિટકોઈન કૌભાંડ (ટેકનોલોજી)**

**વિશ્વમાં કેટલા લોકો ભોગ બન્યા :**

**અમેરિકા, યુરોપ અને એશિયાના બિટકોઇન રોકાણકારો ભોગ બન્યા**

- ✓ હેકરોએ ટ્વિટ દ્વારા ફોલોઅર્સને સંખ્યાબંધ એડ્રેસ પર નાણાં મોકલવા જણાવ્યું હતું.
- ✓ ૧૫મી જુલાઈ સાંજ સુધીમાં ૧,૨૦,૦૦૦ ડોલર જેટલાં ૪૦૦ બિટકોઇન ટ્રાન્ઝેક્શન કરાયાં હતાં.
- ✓ આ કૌભાંડનો ભોગ બનનાર ૫૦ ટકા અમેરિકી બિટકોઇન એક્સ્ચેન્જમાં ફંડ ધરાવતાં હતાં.
- ✓ ૨૫ ટકા પીડિત યુરોપ અને ૨૫ ટકા પીડિત એશિયાના હોવાનું મનાય છે.

**કોના ટ્વિટર એકાઉન્ટ હેક કરાયાં :**

- ✓ અમેરિકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામા
- ✓ માઇક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ
- ✓ ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક
- ✓ અમેરિકાના પ્રમુખપદના ડેમોક્રેટ ઉમેદવાર જો બિડેન
- ✓ અમેરિકાના પ્રમુખપદના સ્વતંત્ર ઉમેદવાર કેની વેસ્ટ
- ✓ રિયાલિટી ટીવી સ્ટાર કિમ કાર્દાશિયન
- ✓ બિઝનેસ ટાયકૂન વોરેન બફેટ
- ✓ એમેઝોનના સીઈઓ જેફ બેઝોસ
- ✓ મીડિયા બિલિયોનર માઇક બ્લુમબર્ગ
- ✓ એપલ કંપનીનું કોર્પોરેટ એકાઉન્ટ

✓ ઉબર કંપનીનું કોર્પોરેટ એકાઉન્ટ

**કેવી રીતે એકાઉન્ટ હેક કરાયા :**

✓ હેકરોએ એમ્પ્લોયી ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને મોટા માથાઓના ટ્વિટર એકાઉન્ટ હેક કરી લીધાં હતાં.

✓ હેકરોએ ઇન્ટરનલ સિસ્ટમ અને ટૂલ્સનો એસેસ ધરાવતા ટ્વિટરના કર્મચારીઓને જ ટાર્ગેટ બનાવ્યાં.

✓ તેના દ્વારા તેમણે અગ્રણી વ્યક્તિઓના ટ્વિટર એકાઉન્ટ પર કબજો જમાવ્યો.

## ૨. દિયામેર – ભાષા ડેમ (જળ વિવાદ)

**ભારતના વિરોધ વચ્ચે ચીનની મદદથી POKમાં ઝેલમ નદી પર વિશાળ ડેમનું ગેરકાયદેસર બાંધકામ શરૂ**

✓ વિસ્તાર : ગિલગિટ બાલ્ટિસ્તાન

✓ ડેમ પ્રોજેક્ટ માટે પાકિસ્તાન અને ચીન વચ્ચે ૪૪૨ બિલિયન ડોલરનો કરાર

**પ્રોજેક્ટ વિશે :**

✓ પાકિસ્તાનનો આ ત્રીજો સૌથી મોટો ડેમ છે.

✓ આ પ્રોજેક્ટ દ્વારા ૪૫૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે

✓ લગભગ ૧૬,૦૦૦ લોકોને રોજગારી પૂરી પાડશે.

✓ ૨૦૨૮ની સાલમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થવાની ધારણા.

**ભારતનો વિરોધ :**

**દિયામેર-ભાષા ડેમનું નિર્માણ ગેરકાયદેસર :**

✓ ભારતે આ વિવાદિત વિસ્તારમાં ચીનની સહાયથી બાંધવામાં આવી રહેલા દિયામેર-ભાષા ડેમનો વિરોધ કર્યો છે.

✓ આ વિસ્તાર ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરનો હિસ્સો છે તેથી ડેમ બનાવવો ગેરકાયદેસર છે.

✓ ભારતના વિરોધ છતાં પણ પાકિસ્તાન દ્વારા ડેમ બનાવાઈ રહ્યો છે.

✓ પીઓકેના લોકો પણ કોહાલા વિસ્તારમાં બની રહેલા ડેમનો વિરોધ કરી રહ્યા છે.

✓ પાકિસ્તાન સરકારે કાશ્મીરના સુધાનોટી જિલ્લામાં ઝેલમ નદી પર આઝાદ પટ્ટાન હાઈડ્રો પ્રોજેક્ટની જાહેરાત કરી છે.

✓ આ તમામ પ્રોજેક્ટ બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ પહેલનો હિસ્સો છે.

## 3. UNO : સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણી

✓ સ્થાપના : ૨૪ ઓક્ટોબર-૧૯૪૫

✓ મુખ્યમથક : ન્યૂયોર્ક (અમેરિકા)

**UNOની વિવિધ સંસ્થાઓ**

## ૪. કોરોના વાયરસ સાથે જોડાયેલા મહત્વના શબ્દો (આરોગ્ય)

**૧. રેસિપરેટર:**

✓ રેસિપરેટર એ ડિવાઈસ છે, જે કોઈ વ્યક્તિમાં શ્વાસ લેવા દરમિયાન ખતરનાક પદાર્થો જેવા કેમિકલ અથવા ચેપી કણોનાં પ્રવેશને અટકાવે છે. કોવિડ-19થી બચાવ માટે સામાન્ય રીતે જે રેસિપરેટરનો ઉપયોગ કરવામાં આવે છે.એન-95 માસ્ક છે

**૨. એન્ટીબોડી:**

✓ એન્ટીબોડી એવું પ્રોટિન મિશ્રણ છે, જે આપણી રોગપ્રતિકાર શક્તિનો ભાગ છે અને શરીરને સુરક્ષા પુરી પાડે છે. તે શરીરમાં બેક્ટરિયા કે માઈક્રોબ્સ દ્વારા પેદા થયેલા ઝેરી પદાર્થોને નિષ્ક્રિય કરે છે. એન્ટીબોડીને ઈમ્યુનોગ્લોબુલિન પણ કહે છે

**3. એન્ટીજન:**

✓ એન્ટીજન એવા બહારના તત્વ હોય છે, જે રોગપ્રતિકાર તંત્રને એન્ટીબોડી બનાવવા માટે પ્રેરિત કરે છે. એન્ટીજન બીમારી ફેલાવતા બેક્ટરિયા, વાઈરસ કે ફંજાઈમાંથી કોઈ પણ હોઈ શકે છે.

**૪. ઈક્યુબેશન:**

✓ કોઈ વ્યક્તિને જ્યારે કોરોના વાઈરસનો ચેપ લાગે છે તો જરૂરી નથી કે બીમારીનાં લક્ષણ તરત જ દેખાય. તેની અસર દેખાવામાં 2 થી 14 દિવસ સુધીનો સમય લાગી શકે છે. આ સમયને ઈક્યુબેશન પીરિયડ કહે છે.

## ૫. નિર્ણય : ભારતીય ચૂંટણી પંચ

✓ ૬૫ વર્ષથી મોટી વયના મતદારો માટે પોસ્ટલ બેલેટ સુવિધાને ચૂંટણીપંચ દ્વારા રદ્દ કરાઈ

✓ **અગાઉનો નિર્ણય :** ચૂંટણીપંચ દ્વારા અગાઉ તા. ૧૯ જૂનના રોજ આ નિયમ કરાયો હતો તે હવે રદ્દ કરાયો.

## ૬. અવસાન : સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરુષોતમપ્રિયદાસજી ૭૮ વર્ષે અમદાવાદ ખાતે અક્ષર નિવાસી

✓ મણિનગર ગાદી સંસ્થાન, અમદાવાદ

✓ **પ્રદાન:** ૪૦ વર્ષમાં ૨૫૨ મંદિર બનાવનાર

✓ રૂ. ૧૦૦ કરોડનું દાન મેળવનાર

**સ્વામીજીનો પરિચય :**

પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજ

✓ **જન્મ :** 28.5.1942 **બ્રહ્મલીન :** 16.1.2020

✓ **જન્મ:** ભારાસર(કચ્છ)

✓ **પિતા :** હીરજીભાઈ માધાણી **માતા :** રામબાઈ

✓ **આચાર્ય :** મણિનગર ગાદી સંસ્થાન

✓ **સાધુ જીવન શરૂઆત :** 21 માર્ચ 1962

✓ **ગુરૂ :** માત્ર 19 વર્ષ અને 9 મહિનાની વયે ગુરુદેવ જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાના શિષ્ય બની સાધુ જીવન અપનાવ્યું.

✓ **શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યપદે :** 28 ફેબ્રુઆરી 1979ના રોજ જીવનપ્રાણમુક્તજીવન સ્વામીબાપાએ પુરુષોત્તમપ્રિયદાસજીને શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યપદે પ્રસ્થાપિત કર્યા.

✓ **ગાદી સંસ્થાનના આચાર્ય :** સાધુ જીવનના 16 વર્ષ, 11 મહિના પછી ગાદી સંસ્થાનના આચાર્ય બન્યા.

**સાધુ જીવનની શરૂઆત :**

✓ 28 ફેબ્રુઆરી 1979એ દિક્ષા ગ્રહણ કર્યા પછી ગુરુ જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાની પૂજા કરીને આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજીએ સાધુ જીવનની શરૂઆત કરી હતી.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં 16 જુલાઇના રોજ વિશ્વના ઈતિહાસમાં સૌપ્રથમવાર કેટલા ટ્વિટર એકાઉન્ટ યુઝર્સ હેક કરવામાં આવ્યા જે ટ્વિટર ઇતિહાસનું સૌથી મોટું હેકિંગ તરીકે ઓળખાય છે - **373**
2. તાજેતરમાં વિશ્વના કયા કયા ભાગોમાં ટ્વિટર હેકિંગનો લોકો ભોગ બન્યા - **અમેરિકા, યુરોપ અને એશિયાના બિટકોઈન રોકાણકારો**
3. તાજેતરમાં વિશ્વના હેકરોએ કઈ પદ્ધતિથી મોટી હસ્તીઓના ટ્વિટર એકાઉન્ટ હેક કર્યા હતા - **એમ્પ્લોઈ ક્રેડેન્શિયલ્સના ઉપયોગ દ્વારા**
4. પીઓકેમાં ભારતના વિરોધ વચ્ચે પણ કઈ નદી ઉપર પાકિસ્તાન-ચીન ગેરકાયદેસર બંધમાંથી રહ્યું છે - **ઝેલમ**
5. POKમાં ઝેલમ નદી ઉપર કયો વિશાળ બંધ બાંધવામાં આવી રહ્યો છે - **દિયામોર-ભાષા ડેમ**
6. દિયામોર-ભાષા ડેમ માટે પાકિસ્તાન અને ચીન વચ્ચે કેટલા ડોલરનો સમજૂતી કરાર થયો છે - **442 બિલિયન ડોલર**
7. દિયામોર-ભાષા ડેમ પ્રોજેક્ટને ભારતે કયા કેન્દ્રશાસિત પ્રદેશનો હિસ્સો ગણાવ્યો છે - **જમ્મુ કાશ્મીર**
8. યુનાઇટેડ નેશન્સના સ્થાપના વર્ષેની 2020માં કેટલામી ઉજવણી કરવામાં આવી રહી છે - **75 વર્ષ**
9. યુનાઇટેડ નેશન્સનું મુખ્ય મથક ક્યાં આવેલું છે -**ન્યૂયોર્ક (યુએસએ)**
10. યુનાઇટેડ નેશન્સનો સ્થાપના દિવસ જણાવો - **24 ઓક્ટોબર 1945**
11. તાજેતરમાં ભારતીય ચૂંટણી પંચે અગાઉ કરેલો તેનો કેટલા વર્ષથી મોટી વ્યક્તિઓને પોસ્ટર બેલેટ પેપર દ્વારા મતદાન કરવાનો અધિકાર 16 જુલાઇના રોજ રદ કરાયો - **65 વર્ષે**
12. તાજેતરમાં સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગરના કયા આચાર્યનું 78 વર્ષે અક્ષરવાસી થયા - **આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી**
13. મણીનગર ગાદી સંસ્થાનના સ્વામીનું મૂળ વતન જણાવો - **ભારાસર, કચ્છ**
14. મણીનગર ગાદી સંસ્થાન ક્યાં આવેલું છે – **અમદાવાદ**

## DATE : 17-07-2020

### ૧. યુરોપિયન સ્પેસ એજન્સી (EU) (ખગોળ વિજ્ઞાન)

**EUના સ્પેસ ક્રાફ્ટ સોલાર ઓર્બિટર દ્વારા લેવાયેલી અત્યાર સુધીની વિશ્વની સૌથી નજીકની સૂર્યની તસવીર**

**અન્ય મહત્વના તથ્યો :**

✓ તસવીર સૂર્યથી ૭.૭ કરોડ કિલોમીટરના અંતરેથી લેવાઈ.

✓ પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતર કરતાં આ અડધું.

✓ કરોડો કિલોમીટરનું અંતર આમ તો વધુ જ કહેવાય, પણ બ્રહ્માંડમાં આ અંતર ઘણુ ઓછુ.

✓ સૂર્યની અસાધારણ ગરમીને કારણે તેની નજીક તો જઈ શકાતું નથી. પરંતુ ઓર્બિટરની આ તસવીરથી સૂર્યની સપાટી પર ચાલતા પ્લાઝમા યુદ્ધને તથા તેની ગરમીને નજીકથી જોવાનો સંશોધકોને લાભ મળ્યો હતો.

✓ સોલાર ઓર્બિટર હજુ બે વર્ષ સુધી કાર્યરત રહી સૂર્યની શક્ય એટલું નજીક પહોંચી વધુ ક્લોઝ-અપ તસવીર લેવા પ્રયાસ કરશે.

### ૨. સ્વદેશી કોરોના વેક્સિન : ICMR અને ભારત બાયોટેક દ્વારા કોરોનાની 'Covaxin' રસીના પ્રથમ ડોઝના માનવીય પરીક્ષણનો પ્રારંભ (આરોગ્ય)

**પરીક્ષણની અન્ય વિગતો :**

- ✓ હરિયાણાના રોહતકમાં PGIમાં વોલેન્ટિયર્સનાં પહેલા ગ્રૂપમાં ૩ વ્યક્તિઓને Covaxinનો પહેલો ડોઝ આપવામાં આવ્યો હતો.
- ✓ આ સાથે દેશમાં કોવાક્સિનની પ્રથમ ટ્રાયલમાં ૩૭૫ વોલેન્ટિયર્સને ડોઝ અપાયા
- ✓ આ ત્રણેય વ્યક્તિઓમાં વેક્સિનની કોઈ આડઅસરો જણાઈ નથી.
- ✓ પહેલા તબક્કાનાં ટ્રાયલમાં બીજો ડોઝ ૧૪મા દિવસે અપાશે. કુલ ૧૧૨૫ વોલેન્ટિયર્સ પર પરીક્ષણ કરવામાં આવશે.

**૧૪ શહેરોમાં હ્યુમન ટ્રાયલ માટે સેફ્ટી પર ભાર મુકાશે**

- ✓ રોહતક, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ, પટના, કાનપુર, ગોરખપુર, ભુવનેશ્વર, ચેન્નઈ અને ગોવામાં હ્યુમન ટ્રાયલ માટે સુરક્ષા અને સ્ક્રીનિંગ પર ભાર મૂકવામાં આવશે.
- ✓ પટનામાં ૪ દિવસ પહેલા ટ્રાયલ શરૂ કરાઈ છે.
- ✓ પહેલા તબક્કામાં ઓછામાં ઓછો એક મહિનો લાગશે.
- ✓ પહેલા અને બીજા તબક્કામાં કુલ ૧૫ મહિનાનો સમય લાગશે.
- ✓ કોરોના વેકિસનની અદંજે કિંમત રૂ. ૧૦૦૦ જેટલી હોય શકે છે.

## ૩. ખેલકૂદ : સ્પેનિસ ફૂટબોલ લીગ લાલીગા-૨૦૨૦

- ✓ **વિજેતા:** રિયલ મેડ્રીડ ૩૪મી વાર ચેમ્પિયન
- ✓ **હરીફ ટીમ :** વિલારલ
- ✓ **યજમાન :** મેડ્રિડ-સ્પેન

## ૪. UN : UNની આર્થિક-સામાજિક પરિષદની ૭૫મી વર્ષગાંઠ નિમિતે વડાપ્રધાન મોદીનું UNમાં વર્ચ્યુઅલ સંબોધન (વૈશ્વિક સંબંધો)

**ભારતને UNની અસ્થાયી સુરક્ષા પરિષદનું સભ્યપદ મળ્યા બાદ પ્રથમ સંબોધન**

**સંબોધનના મહત્વના અંશો :**

- ✓ ભારતનું સૂત્ર છે સબકા સાથ સબકા વિકાસ અને સબકા વિશ્વાસ.
- ✓ ગત વર્ષે ગાંધીજીની ૧૫૦મી જયંતીએ ભારતે છ હજાર ગામડાઓમાં સ્વચ્છતાના લક્ષ્યને પ્રાપ્ત કર્યું.
- ✓ ૧૦ કરોડ કરતા વધારે મકાનોમાં ટોઈલેટ બનાવવામાં આવ્યા.
- ✓ ૭ કરોડ ગ્રામીણ મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રૂપનો ભાગ બનેલી.
- ✓ સ્થાનિક સરકારે ૧૦ લાખથી વધારે મહિલાઓનું પ્રતિનિધિત્વ કરી રહી છે.
- ✓ છેલ્લાં છ વર્ષમાં સરકાર દ્વારા ૪૦ કરોડ બેન્ક એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે.

**યુએનમાં ભારતની ભૂમિકા :**

- ✓ ભારત યુએનની સ્થાપના કરનારા ૫૦ દેશોમાં સ્થાન.
- ✓ બીજા વિશ્વ યુદ્ધ બાદ જે દેશો સાથે આવ્યા તે ૫૦ દેશોમાં ભારત પણ મહત્વની કામગીરી કરનારો દેશ હતો.
- ✓ યુએન દ્વારા આજે ૧૯૩ દેશોને એકસાથે લાવવામાં આવ્યા છે.
- ✓ જેમ જેમ યુએન સાથે દેશો જોડાતા ગયા તેમ તેમ તેનું કદ વિસ્તરતું ગયું અને તેની સામેના પડકારો અને તેની પાસેની અપેક્ષાઓ વધતી ગઈ.
- ✓ ભારતે સતત યુએનની કામગીરીમાં યોગદાન આપ્યું છે.
- ✓ દુનિયાભરમાં ભારતનો કોરોનાનો રિકવરી રેટ સૌથી વધારે છે.
- ✓ ભારત દ્વારા કોરોના સામેના જંગ દરમિયાન ૧૫૦થી વધુ દેશોને મદદ કરવામાં આવી.

## ૫. HCL : નવા ચેરપર્સન તરીકે દેશના સૌથી શ્રીમંત મહિલા રોશની નાદાર મલ્હોત્રાની નિમણૂક




- ✓ દેશની સૌથી શ્રીમંત મહિલા રોશની નાદર મલ્હોત્રા HCL ટેકનોલોજીની ચેર પર્સન બની છે.
- ✓ વેલ્થ ઇન્ડિયા મુજબ રોશની 2019માં 31400 કરોડ રૂપિયા સાથે દેશની સૌથી શ્રીમંત મહિલા હતી.

## ૬. UNSC : પાકિસ્તાનના આંતકી સંગઠન તહરીક-એ તાલીબાનનો વડો નૂરવલી મહેસૂદ UNSC દ્વારા વૈશ્વિક આંતકવાદી જાહેર (વૈશ્વિક આંતકવાદ)

## ૭. નિર્ણય : ગુજરાત સરકાર

**ગુજરાતમાં મેડિકલ અને પેરામેડિકલના તમામ વર્ષના વિદ્યાર્થીઓને "કોવિડ સહાયક" બનાવાશે (આરોગ્ય)**

- ✓ **હેતુ :** કોરોનાના કેસ વધતાં માનવ બળની અછતને પહોંચી વળવા

- ✓ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે મેડિકલ ઉપરાંત ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથી, નર્સિંગ, ફીઝિયોથેરાપી સહિતના તમામ મેડિકલ-પેરામેડિકલ કોર્સીસના પહેલાથી માંડી છેલ્લા વર્ષ સુધીના તમામ વિદ્યાર્થીઓને કોરોના કામગીરીમાં જોડવાનો નિર્ણય કર્યો છે.
- ✓ કોરોના મહામારીમાં માનવ સંસાધનની અછતને પહોંચી વળવા સરકારે રાજ્યના 80 હજારથી વધુ મેડિકલ-પેરામેડિકલ વિદ્યાર્થીની કોવિડ સહાયક તરીકે મદદ લેવા નિર્ણય કર્યો.

**વિદ્યાર્થીઓને આ પ્રકારની કામગીરી સોંપાશે :**

**પ્રિવેન્ટિવ કેર**

- ✓ કોમ્પ્યુનિટી સર્વેલન્સ, અવેરનેસ, આરોગ્ય શિક્ષણ, રોગનું કારણ-નિવારણની પ્રવૃતિ
- ✓ આઉટરીચ મેડિકલ ઓપીડીમાં ડોકોટરના સુપરવિઝનમાં મેડિકલ કેર, તાવ અને ઓક્સીજનની કમી વાળા દર્દીનું સ્ક્રિનિંગ
- ✓ ઈમ્યુનિટી વધે તેવો ખોરાક તથા ઔષધી બાબતો
- ✓ સેમ્પલ કલેક્શન સમયે કાઉન્સેલિંગ

**ક્લિનિકલ કેર**

- ✓ -હેલ્પ ડેસક, કંટ્રોલરૂમ, કાઉન્સેલિંગ , હેલ્થ એજ્યુકેશન, હોમ આઈસોલેશન કરેલ દર્દીના કેર ટેકર તરીકે
- ✓ નિષ્ણાંત ડોક્ટરોના સુપરવિઝન હેઠળ મેડિકલ કેર-બેઝિક મેડિકલ ચેકઅપ,પેશન્ટ સ્ક્રિનિંગ, પેશન્ટ ફાઈલ મેઈન્ટેન, મેડિકલ પ્રોસિઝરમા મદદ
- ✓ સેમ્પલ કલેકશન, પેકેજિંગ અને ટ્રાન્સપોર્ટ

**લોજિસ્ટિક**

- ✓ વિવિધ દવાઓની જાણકારી, સ્ટોક મેઈન્ટેનિંગ અને નિષ્ણાંતોની સલાહ મુજબ સમયસર દવા અને ખોરાક મળે તેવી વ્યવસ્થા
- ✓ હોસ્પિટલ મેનેજમેન્ટમાં સહાય દર્દી તથા દર્દીઓના સગાઓનું કાઉન્સેલિંગ

**અન્ય**

- ✓ હેલ્થ અને મેડિકલ ડેટા મેનેજમેન્ટ
- ✓ તજજ્ઞાનના માર્ગદર્શન હેઠળ ડેટા એનાલિસીસ
- ✓ 1100 અને 104 હેલ્પલાઈન પર ટેલી કાઉન્સેલિંગ

## ૮. અવસાન : 'ગુજરાત સમાચાર'ના પ્રસિદ્ધ કાર્ટૂનિસ્ટ ઈન્દ્રદેવ આચાર્યનું ૯૩ વર્ષે મુંબઈ ખાતે અવસાન

- ✓ ગુજરાત સમાચાર સાથે ચાર દાયકા કરતાં પણ વધુ સમયથી સંકળાયેલા અને ૯૩ વર્ષની જૈફ ઉમ્મરે પણ સતત કાર્યરત રહેલા જાણીતા કાર્ટુનિસ્ટ ડૉ. ઈન્દ્રદેવ આચાર્યનું ૧૬મી જુલાઈએ મુંબઈમાં અવસાન થયું હતું.
- ✓ "આચાર્યની આજકાલ" શીર્ષક હેઠળ આવતાં તેમનાં પોકેટ કાર્ટૂનોથી જાણીતા બનેલા સ્વ. આચાર્ય અર્થશાસ્ત્રનાં ડૉકટરેટ (પીએચ.ડી.) હતા.
- ✓ ડૉ. ઈન્દ્રદેવ આચાર્ય વ્યંગ ચિત્રકાર, લેખક, પત્રકારની બહુમુખી પ્રતિભાના કલાકાર હતા.

## ૯. જન્મ દિન વિશેષ : 17 જુલાઈ

**નટવર્ય : અમૃત જાની**

**જન્મ : 17 જુલાઈ 1912 અવસાન : 9 ઓગસ્ટ 1997**

- ✓ આજે ભારતીય હવાઈ દળના ફ્લાઈંગ ઓફિસર, પરમવીર ચક્ર વિજેતા નિર્મલજીત શેખો, જર્મન કલાવિદ હરમાન ગેત્સ અને ગુજરાતી રંગભૂમિના ઉમદા નટ અમૃતલાલ જટાશંકર જાનીનો જન્મદિવસ
- ✓ નંદશંકર મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક અને અર્થશાસ્ત્રના જનક આદમ સ્મિથની પુણ્યતિથિ.
- ✓ રંગભૂમિની પ્રયોગશાળા સમા મોરબી પાસે ટંકારામાં અમૃત જાનીનો જન્મ થયો હતો.
- ✓ 1927માં ભારત ગૌરવ નાટકમાં છાયાદેવીના પાત્ર દ્વારા નટ તરીકે કારકિર્દી શરૂ કરનાર અમૃત જાનીએ તે પછી રણગર્જના, લગ્ન બંધન, સમય સાથે શંભુ મેળો, ગર્ભ શ્રીમંત સમેત 450થી વધુ નાટકોમાં અભિનય કર્યો હતો.
- ✓ તેઓ નાટકમાં પ્રારંભે સ્ત્રી પાત્રો ભજવતા અને ગીતો પણ ગાતા.
- ✓ અમૃતભાઈએ નાટકોમાં કરુણ રસના પાત્રો ભજવવામાં સાર્થકતા અનુભવી હતી. તેઓએ પાછળથી પુરુષ પાત્રો પણ ભજવ્યા હતા.
- ✓ અમૃત જાનીએ ગુજરાતની જૂની રંગભૂમિ, ઉમળકો અને અભિનય પંથે (આત્મકથાનક) જેવા પુસ્તકો પણ લખ્યા.
- ✓ ચીન યુદ્ધ વખતે (1962) નાટકો કરી વડાપ્રધાન રાહત ફંડમાં ફાળો આપી કલાકારનો રાષ્ટ્રધર્મ પણ અમૃત જાનીએ અદા કર્યો હતો.
- ✓ ગુજરાતના આ નટવર્યનું 9 ઓગસ્ટ 1997ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૭-૨૦૨૦)

1. તાજેતર જૂલાઇ 2020માં કઈ એજન્સીના માધ્યમથી સૂર્યની અત્યાર સુધીની સૌથી નજીકની તસવીર લેવામાં આવી છે - **યુરોપિયન સ્પેસ એજન્સી**
2. -યુરોપિયન સ્પેસ એજન્સીના માધ્યમથી કયા ઓર્બિટર દ્વારા સૂર્યની સૌથી નજીકની તસવીર લેવામાં આવી - **સ્પેસ ક્રાફ્ટ સોલાર ઓર્બિટર**
3. "સ્પેસ ક્રાફ્ટ સોલાર ઓર્બિટર" દ્વારા તાજેતરમાં કેટલા નજીકના અંતરેથી સૂર્યની તસવીર લેવાઇ - **7.7 કરોડ કિ.મી.**
4. તાજેતરમાં સ્વદેશી કોરોના વેક્સિન માટે કઈ લેબ દ્વારા પ્રથમ માનવી પરીક્ષણનો પ્રારંભ કરાયો - **ICMR અને ભારત બાયોટેક**
5. ICMR અને ભારત બાયોટેક દ્વારા તૈયાર કરવામાં આવનાર સ્વદેશી કોરોના વેક્સિનને કયું નામ આપવામાં આવ્યું છે - **Covaxin**
6. જુલાઈ 2020માં સ્પેનિશ ફૂટબોલ લીગ લાલીગા-2020 ચેમ્પિયન ટીમનું નામ જણાવો - **રીયલ મેડ્રીડ**
7. સ્પેનિશ ફૂટબોલ લીગ લાલીગા-2020 ઉપવિજેતા ટીમનું નામ જણાવો - **વિલારલ**
8. તાજેતરમાં સ્પેનિશ ફૂટબોલ લીગ લાલીગા-2020 ચેમ્પિયન ટ્રોફી ક્યાં યોજાઈ - **મેડ્રિડ, સ્પેન**
9. તાજેતરમાં 16 જુલાઇના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યુએનની કેટલામી વર્ષગાંઠ નિમિત્તે પ્રથમવાર UN આર્થિક-સામાજિક પરિષદને સંબોધન કર્યું - **75મી**
10. ભારતનું યુએનની સ્થાપના કરનાર સૌપ્રથમ કેટલા દેશોમાં નામ સામેલ છે - **50**
11. વર્તમાનમાં UNOના કુલ સભ્ય દેશો જણાવો - **193**
12. HCLના નવા ચેરપર્સન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે - **રોશની નાદાર મલ્હોત્રા**
13. પાકિસ્તાનના આંતકી સંગઠન તહરીક-એ તાલીબાનના વડાનું નામ જણાવો - **નૂરવલી મહેસૂદ**
14. જુલાઈ-૨૦૨૦માં કોના દ્વારા પાકિસ્તાનના આંતકી સંગઠન તહરીક-એ તાલીબાનના વડા નૂરવલી મહેસૂદને વૈશ્વિક આંતકવાદી જાહેર કરાયો - **UNSC**
15. જુલાઈ-૨૦૨૦માં ગુજરાત સરકારે શાનો અભ્યાસ કરતાં તમામ વર્ષના વિદ્યાર્થીઓને "કોવિડ સહાયક" બનાવવાનો નિર્ણય કર્યો - **મેડિકલ અને પેરામેડિકલ**
16. જુલાઈ-૨૦૨૦માં ગુજરાત સરકારે કયા હેતુસર મેડિકલ અને પેરામેડિકલના તમામ વર્ષના વિદ્યાર્થીઓને "કોવિડ સહાયક" બનાવવાનો નિર્ણય કર્યો - **કોરોનાના કેસ વધતાં માનવ બળની અછતને પહોંચી વળવા**
17. ગુજરાત સરકારે કોરોના મહામારીમાં માનવ સંસાધનની અછતને પહોચી વળવા રાજ્યના કેટલા મેડિકલ-પેરામેડિકલ વિદ્યાર્થીની કોવિડ સહાયક તરીકે મદદ લેવા નિર્ણય કર્યો - **80 હજારથી વધુ**
18. ગુજરાત સરકારે મેડિકલ-પેરામેડિકલ વિદ્યાર્થીની કોવિડ સહાયક તરીકે કઈ કઈ પ્રકારની કામગીરી સોંપી - **પ્રિવેન્ટિવ કેર, ક્લિનિકલ કેર, લોજિસ્ટિક તથા અન્ય કામગીરી**
19. જુલાઈ-૨૦૨૦માં 'ગુજરાત સમાચાર'ના ક્યા પ્રસિદ્ધ કાર્ટૂનિસ્ટનું ૯૩ વર્ષે મુંબઈ ખાતે અવસાન થયું - **ઈન્દ્રદેવ આચાર્ય**
20. પ્રસિદ્ધ કાર્ટૂનિસ્ટ ઈન્દ્રદેવ આચાર્ય કયા શીર્ષક હેઠળ આવતાં તેમનાં પોકેટ કાર્ટૂનોથી જાણીતા બન્યા હતા - **"આચાર્યની આજકાલ"**
21. ગુજરાતના જાણીતા નટવર્ય અમૃત જાનીનો જન્મ દિવસ જણાવો - **17 જુલાઈ 1912**
22. ઈન્દુલાલ યાજ્ઞિકની પુણ્યતિથિ જણાવો - **17 જુલાઈ**
23. ગુજરાતી રંગભૂમિની પ્રયોગશાળા સમા અમૃત જાનીનો જન્મ કયાં થયો હતો - **મોરબી પાસે ટંકારામાં** વિવેકાનંદ

DATE : 18-07-2020

૧. રામ મંદિર નિર્માણ : અયોધ્યા (ધર્મ)

**નવીન પ્રાચીન મંદિર સોમપુરા શિલ્પ વિદ્યા કોલ બેલિંગ પ્રમાણે આકાર લેશે.**

**પદ્ધતિ :**

✓ મંદિરમાં સાકર સિમેન્ટ નહીં વપરાય. કોલ બેલિંગ વિશેષ શિલ્પવિદ્યા અનુસાર શિલાઓને એકબીજા સાથે જોડીને નિર્માણ પૂર્ણ આકાર પ્રાપ્ત કરશે.

✓ મંદિર નિર્માણમાં 10 હજાર ટન શિલાઓ વપરાશે.


✓ મંદિરના નિર્માણમાં સ્ટીલનો અને બંસી પહાડની ગુલાબી રંગની શિલાઓનો ઉપયોગ કરાશે.

✓ અમદાવાદ અને રાજસ્થાનના 450થી વધુ સોમપુરા શિલ્પકાર રામમંદિરના નિર્માણ કાર્યમાં જોડાશે.

૨. કોરોના સંક્રમણ (આરોગ્ય)

**કોરોના ટ્રાન્સમિશન અંગે ભાસ્કર ગાઈડ**

## પરિસ્થિતિ ૧ થી ૫




## 3. મલક્કા સ્ટ્રીટ - આંદામાન નિકોબાર : ભારતીય નૌકાદળની આંદામાન સમુદ્રમાં જંગી લશ્કરી કવાયત (સંરક્ષણ)




**મલક્કા સ્ટ્રીટ વિશે :**

- ✓ આંદામાનમાં મલક્કા સ્ટ્રીટમાંથી ચીન, શ્રીલંકા, પાકિસ્તાન સહીત તમામ દેશોના વ્યાપારી તેમજ યુદ્ધ જહાજો હિન્દ મહાસાગરમાં પ્રવેશે છે
- ✓ ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વની ધરાવતી એ જગ્યા કવાયત માટે પસંદ કરી છે
- ✓ લદાખમાં ચીન સાથે ભારતના સંઘર્ષ ચાલુ છે, પરંતુ ચીનની નજર આંદામાન દ્વિપસમુહ પર પણ છે.
- ✓ લદાખમાં સૈન્યને વ્યસ્ત રાખીને આંદામાનમાં ચીન કોઈ છમકલું કરે એવી શક્યતા અગાઉ લશ્કરી નિષ્ણાતો વ્યક્ત કરી ચૂક્યા છે.
- ✓ ભારતીય નૌકાદળ અહીં પૂર્ણપણે સતર્ક છે અને તૈયાર પણ છે એ સંદેશો આપવા ભારતે આ આયોજન કર્યું છે.
- ✓ કવાયતમાં કેટલા જહાજો-સબમરિન ભાગ લેશે તેનો આંકડો જાહેર કરવામાં આવ્યો નથી. પરંતુ ઈસ્ટર્ન કમાન્ડના તમામ મહત્વપૂર્ણ જહાજો ભાગ લેશે.
- ✓ જહાજ ઉપરાંત દરિયાઈ સર્વેલન્સ માટેના વિમાનો P-8-I ભાગ લેશે.

## ૪. જન્મ દિન વિશેષ : 18 જુલાઈ

### (૧) ઈતિહાસકાર : છોટુભાઈ નાયક

**જન્મ – 18 જુલાઈ-1913 અવસાન – 9 જાન્યુઆરી-1976**

- ✓ આજે લેખક, પત્રકાર ઈશ્વરલાલ દેસાઈ, રંગભૂમિના તેજસ્વી નટ અમૃત કેશવ નાયક, સ્થિતિ સ્થાપકતાના સિદ્ધાંતના શોધક રોબર્ટ હૂક, દંતકથારૂપ ગઝલ ગાયક મેંદી હસન, અને ફારસી, ઉર્દૂ અને મધ્યકાલીન ઈતિહાસના અભ્યાસી અને કોશકાર છોટુભાઈ રણછોડજી નાયકનો જન્મદિવસ તથા રાજેશ ખન્નાની પુણ્યતિથિ
- ✓ વલસાડના ભાગોદ ગામે જન્મેલા છોટુભાઈ પારડી, વડોદરા અને મુંબઈમાં ભણ્યા હતા.
- ✓ 1942માં 'અબ્દુલ રહીમ ખાનખાના અને એનું સાહિત્ય મંડળ' શીર્ષકથી પીએચડીની પદવી મેળવી હતી.
- ✓ છોટુભાઈએ કોલ્હાપુર, નવસારી, અમદાવાદની એચ.કે. કોલેજ અને પ્રતિષ્ઠિત ભો.જે. વિદ્યાભવન વગેરે જગ્યાએ અધ્યાપક તરીકે રહ્યા હતા.
- ✓ 1964માં ગુજરાત યુનિ.ના ભાષા ભવનમાં ફારસીના અધ્યાપક અને અધ્યક્ષ તરીકે જોડાયા હતા.
- ✓ ગુજરાતના નાગરોનું ફારસી ભાષા અને સાહિત્યમાં ખેડાણ, અરબી-ફારસીની ગુજરાતી પર અસર, સૂફી મત, મધ્યયુગીન ભારત ખંડ 1-2 અને ગુજરાતમાંની ઈસ્લામી સલ્તનતનો ઈતિહાસ જેવા પુસ્તકો દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને ઈતિહાસ જેવી વિદ્યાશાખાઓને સમૃદ્ધ કરી છે.
- ✓ છોટુભાઈનું 9 જાન્યુ.1976ના રોજ અવસાન થયું હતું.

### (૨) નેલ્સન મંડેલાનો જન્મ દિવસ

- ✓ જન્મ : ૧૮ જુલાઈ ૧૯૧૮ અવસાન : ૫ ડિસેમ્બર ૨૦૧૩



- ✓ <u>નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ</u>
- ✓ <u>ઉજવણી :</u> યુનાઈટેડ નેસન્સ દ્વારા પ્રતિ વર્ષ ૧૮મી જૂલાઈના રોજ
- ✓ <u>નેલ્સન મંડેલા :</u> દક્ષિણ આફ્રિકાના ગાંધી તરીકે ઓળખ

**<u>સન્માનો :</u>**

- ✓ ૧૯૭૯માં આંતરરાષ્ટ્રીય દૂરંદેશી બદલ જવાહરલાલ નહેરૂ પારિતોષિક.
- ✓ ૧૯૯૦માં ભારતનું શ્રેષ્ઠ નાગરીક સન્માન ભારત રત્ન.
- ✓ ૧૯૯૩માં નોબેલ શાંતિ પુરસ્કાર સમેત મંડેલાને આશરે ૨૫૦ કરતાં વધુ સન્માનો પ્રાપ્ત થયા હતા.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૭-૨૦૨૦)</u>

1. અયોધ્યામાં નવીન પ્રાચીન રામ મંદિર કઈ વિશેષ પદ્ધતિ પ્રમાણે આકાર લેશે - **<u>સોમપુરા શિલ્પ વિદ્યા કોલ બેલિંગ</u>**
2. અયોધ્યામાં નવીન રામ મંદિરમાં શિલાઓને એકબીજા સાથે જોડીને મંદિર નિર્માણ કરવામાં આવશે તેને શું કહેવામાં આવે છે - **<u>કોલ બેલિંગ</u>**
3. અયોધ્યામાં નિર્માણ પામનાર રામ મંદિરમાં કયા રાજ્યના શિલ્પકારો જોડાશે - **<u>ગુજરાત અને રાજસ્થાન</u>**
4. અયોધ્યામાં નિર્માણ પામનાર રામ મંદિરમાં કયા શિલ્પકારો જોડાશે - **<u>સોમપુરા શિલ્પકારો</u>**
5. તાજેતર જુલાઈ 2020માં ભારતીય નૌકાદળ દ્વારા કયા સમુદ્રમાં જંગી લશ્કરી કવાયત યોજવામાં આવી હતી - **<u>આંદામાન નિકોબાર</u>**
6. ભારત માટે ખૂબ જ વ્યૂહાત્મક એવી મલાક્કા સ્ટ્રીટ ક્યાં આવેલી છે - **<u>આંદામાન નિકોબાર</u>**
7. ચીન, લંકા અને પાકિસ્તાન સહિત વિવિધ દેશોના વેપારી તેમજ યુદ્ધ જહાજો હિંદ મહાસાગરમાં ક્યાંથી પ્રવેશ કરે છે - **<u>મલક્કા સ્ટ્રીટ</u>**
8. ઇતિહાસકાર છોટુભાઈ નાયકનો જન્મદિવસ જણાવો - **<u>18 જુલાઈ 1913</u>**
9. ઇતિહાસકાર છોટુભાઈ નાયકનો જન્મ ક્યાં થયો હતો - **<u>ભાગોદ, વલસાડ</u>**
10. વર્ષ 1964માં છોટુભાઈ નાયક કઈ યુનિવર્સિટીમાં ફારસીના અધ્યાપક તરીકે જોડાયા હતા - **<u>ગુજરાત યુનિવર્સિટી</u>**
11. નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ ક્યારે ઉજવાય છે - **<u>18 જુલાઈ 1918</u>**
12. નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ કઈ સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે - **<u>UNO</u>**
13. દક્ષિણ આફ્રિકાના "ગાંધી" તરીકે કોણ ઓળખાય છે - **<u>નેલ્સન મંડેલા</u>**
14. નેલ્સન મંડેલાને કયા વર્ષે ભારતરત્ન એનાયત કરાયો હતો - <u>1990</u>
15. નેલ્સન મંડેલાને કયા વર્ષે શાંતિનો નોબલ પારિતોષિક અપાયો હતો – <u>1993</u>

## DATE : 19-07-2020

<u>૧. હિન્દ મહાસાગર (દરિયાઈ શક્તિ) આંદામાન નિકોબારમાં USનું સૌથી શક્તિશાળી યુદ્ધ જહાજ નિમિત્ઝ તહેનાત</u>

- ✓ <u>હેતુ:</u> હિન્દ મહાસાગરમાં ચીનની ગતિવિધિ રોકવા પેટ્રોલિંગ કરશે

**<u>હિન્દ મહાસાગરમાં ડ્રેગનને પછડાટ આપવા ખાસ વ્યૂહ રચના</u>**

- ✓ એક તરફ ભારતનું શક્તિશાળી નૌકાદળ અને બીજી તરફ આંદામાન નિકોબાર તેમજ સાઉથ ચાઈના સી તરફ અમેરિકાનું વિમાનવાહક જહાજ પેટ્રોલિંગ કરી રહ્યું છે.
- ✓ ચીનનો ગલ્ફના દેશો સાથેનો વેપાર હિન્દ મહાસાગરમાંથી થાય છે અને તે ક્રૂડ તેમજ ઊર્જાની આયાત પણ આ દરિયાઈ માર્ગે કરે છે તેથી જો ભારત આ રૂટ બ્લોક કરે તો તેને મોટી પછડાટ ખાવી પડે તેમ છે.

**<u>યુદ્ધ જહાજ નિમિત્ઝ વિશે :</u>**

- ✓ અમેરિકાનાં સુપર કેરિયર્સમાં અણુથી ચાલતું નિમિત્ઝ ખૂબ જ શક્તિશાળી છે. તેને ૩ મે ૧૯૭૫માં અમેરિકાના નૌકાદળમાં સામેલ કરાયું હતું.
- ✓ આ જહાજ યુએસનાં સ્ટ્રાઈક ગ્રૂપ ૧૧નો એક હિસ્સો છે જે એકલા હાથે અનેક દેશોનો ખાતમો કરવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ ૩૩૨ મીટર લાંબા વિમાનવાહક જહાજમાં ૯૦ યુદ્ધ વિમાનો અને હેલિકોપ્ટર્સ તેમજ ૩000 સૈનિકો તહેનાત રહે છે.

## ૨. રામ મંદિર : અયોધ્યા (ધર્મ)



**મુખ્ય મંદિર વિશે :**

✓ મુખ્ય મંદિર 5.5 એકરમાં ફેલાયેલુ હશે

✓ અયોધ્યામાં 5 શિખર અને મંડપનું મંદિર અને મંડપનું મંદિર નવા સ્વરૂપમાં 5.5 એકરમાં બનશે.

✓ મંદિરનું ગર્ભગૃહ જમીનથી 19 ફૂટ ઉપર હશે. ભોંયતળિયાની ઉપર બે માળ હશે.

✓ 5 શિખર ધરાવતા મંદિરની કમ્પાઉન્ડ વૉલ પણ હશે. તેમાં દિશા મુજબ પંચદેવ બિરાજશે.

✓ ટ્રસ્ટ પાસે કુલ 67.7 એકર ભૂમિ.

✓ મંદિર માટે 5.5 એકર વપરાશે.

✓ બાકીની 62.2 એકર જમીનમાં શ્રદ્ધાળુઓ માટે સુવિધા ઊભી કરાશે.



## 3. જન્મ દિન વિશેષ : 19 જુલાઈ

### સત્તાવનનો અરુણોદય : મંગલ પાંડે

જન્મ – 19 જુલાઈ-1827 અવસાન – 8 એપ્રિલ 1857

✓ સન સત્તાવનના સંગ્રામના પહેલા શહીદ મંગલ પાંડેનો આજે જન્મદિવસ.

✓ તેમનો જન્મ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના નાગવા ગામે થયો હતો.




✓ યુવાવસ્થામાં તંદુરસ્ત શરીર હતું, શહેર અકબરપુરમાં સેનાની પરેડ જોવા ગયા ત્યાં કોઈએ તેમનું શરીર જોઈ લશ્કરમાં જોડાવા કહ્યું અને મંગલ પાંડે 1848માં બ્રિટિશ થળ આર્મીમાં જોડાઈ ગયા.

✓ 1850માં બરાકપુર સૈનિક ટુકડીમાં જોડાયા.

✓ એકવાર માતાદીન નામના વાલ્મીકિ જ્ઞાતિના કંપનીના સેવકે સૈનિકોના માટલામાંથી પાણી પીવા પ્રયત્ન કર્યો, તેને મંગલ પાંડેએ જમાનાની તાસીર મુજબ રોક્યો તો માતાદીને કહ્યું રાઈફલમાં ગાય અને ડુક્કરની ચરબી લગાડેલી કારતૂસ મોંઢેથી તોડવાની થશે ત્યારે તમે શું કરશો. માતાદીન કારતૂસ બનાવવાના કારખાનામાં કામ કરતો હોવાથી તેની વાતમાં સચ્ચાઈ હતી.

✓ 29 માર્ચ 1857ના રોજ કારતૂસ તોડવાની કહેવાયું ત્યારે મંગલ પાંડેએ તેનો વિરોધ કર્યો.

✓ બ્રિટિશ ઓફિસરે રાઈફલ છીનવવા પ્રયાસ કર્યો, મંગલે ઓફિસરે પર હુમલો કરી તેને મારી નાંખ્યો.

✓ પ્રતિક્રિયારૂપે મંગલ પાંડેને ફાંસીની સજા કરવામાં આવી. પણ મંગલ પાંડેની લોકપ્રિયતા લીધે સ્થાનિક કક્ષાએ તેને ફાંસીની સજા કરવા માટે કોઈ જલ્લાદ તૈયાર ન થયો.

✓ આખરે કલકતાથી જલ્લાદ બોલાવી 8 એપ્રિલ 1857ના રોજ 29 વર્ષની વયે તેમને ફાંસી આપવામાં આવી હતી.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં હિંદ મહાસાગરમાં ભારતીય સેનાને સહયોગ કરવા અમેરિકા દ્વારા કયું શક્તિશાળી યુદ્ધજહાજ તહેનાત કરવામાં આવ્યું છે - **નિમિત્ઝ**
2. "નિમિત્ઝ" યુદ્ધ જહાજ કયા વર્ષે અમેરિકન નૌકાદળમાં સામેલ થયું હતું - **3 મે 1975**
3. "નિમિત્ઝ" યુદ્ધ જહાજની લંબાઈ જણાવો - **332 મીટર**
4. "નિમિત્ઝ" યુદ્ધ જહાજ ઉપર એક સાથે કેટલા યુદ્ધ વિમાન અને સૈનિકો તહેનાત કરી શકાય છે - **90 અને 3,000**
5. ચીનનો ગલ્ફ દેશો સાથેનો ક્રુડ તેમજ ઊર્જાનો વેપાર કયા સમુદ્ર માર્ગે થાય છે - **હિંદ મહાસાગર**
6. અયોધ્યા ખાતે ભગવાન રામનું મંદિર જમીન નિર્માણ પામશે - **5.5 એકર**
7. અયોધ્યા ખાતે ભગવાન રામના મંદિર પરિસરની કુલ કેટલી જમીન ઉપર યાત્રાળુઓ માટે વિવિધ સુવિધા ઊભી કરાશે - **62.2 એકર**
8. અયોધ્યા ખાતે ભગવાન રામના મંદિર પરિસરની કુલ કેટલી જમીન છે- **67.7 એકર**

9. 1857ના અરુણોદય એવા શહીદ મંગલ પાંડેનો જન્મદિવસ જણાવો - <u>19 જુલાઈ 1827</u>

10. મંગલ પાંડેને ક્યારે ફાંસી આપવામાં આવી હતી - <u>8 એપ્રિલ 1857</u>

11. મંગલ પાંડેનું જન્મ સ્થળ જણાવો – <u>નાગવા (ઉત્તર પ્રદેશ)</u>

12. મંગલ પાંડે 1850માં સૌપ્રથમ કઈ લશ્કરી ટુકડીમાં જોડાયા હતા - <u>બરાકપુર સૈનિક ટુકડી</u>

DATE : 20-07-2020

## ૧. અલ અમલ યાન : UAE દ્વારા મંગળ ગ્રહના અભ્યાસ માટે યાન લોન્ચ કરાયું (અવકાશ વિજ્ઞાન)



✓ **અર્થ :** અરબી ભાષા - આશા/ઉમ્મીદ

**અલ અમલ યાન વિશે :**

✓ મંગળની ભ્રમણકક્ષામાં એક વર્ષ સુધી અભ્યાસ કરશે

✓ અલ અમલ મંગળના પર્યાવરણ અને તુઓનો અભ્યાસ કરશે.

✓ **હેતુ :** લાંબાગાળાનો હેતુ તો આગામી ૧૦૦ વર્ષમાં મંગળ પર માનવ વસાહત વસાવવાનો છે.

✓ છ મહિનાનો પ્રવાસ કરીને અમલ ફેબ્રુઆરી ૨૦૨૧માં મંગળની કક્ષામાં પહોંચશે.

✓ <u>યુ.એ.ઈ. એ સાત આરબ અમિરાતનું સંગઠન.</u>

✓ આ સંગઠનના ૫૦ વર્ષ ફેબ્રુઆરી ૨૦૨૧માં પૂરાં થાય છે. એ વખતે જ મિશન મંગળ પર પહોંચે એવું યુએઈએ આયોજન કર્યું.

✓ **લોન્ચિંગ સ્થળ:** તનેગાશિમા અવકાશ મથક, જાપાન

✓ **કંપની :** મિત્સુબિશી હેવી ઇન્ડસ્ટ્રીઝ

✓ **એજન્સી :** આરબ સ્પેસ મિશન

## ૨. ખેલકૂદ : ICC ટુર્નામેન્ટનો નવો કાર્યક્રમ જાહેર

✓ આગામી ત્રણ વર્ષમાં આઇસીસીની ત્રણ મોટી ટૂર્નામેન્ટ રમાશે.

✓ ટી ૨૦ વર્લ્ડ કપ : ઓક્ટોબર અને નવેમ્બર-૨૦૨૧

✓ ટી ૨૦ વર્લ્ડ કપ : વર્ષ-૨૦૨૨ (ભારત)


✓ વન-ડે વર્લ્ડ કપ : વર્ષ-ઓક્ટોબર તથા નવેમ્બર-૨૦૨૩ (ભારત)

## 3. યુદ્ધ અભ્યાસ : આંદામાન-નિકોબાર ખાતે ભારતીય નૌકાદળ અને US નેવીનો સંયુક્ત યુદ્ધ અભ્યાસ સંપન્ન

## ૪. નિમણૂક : ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ પદે નવસારીના મરાઠી સાંસદ સી.આર.પાટીલની નિમણૂક




✓ **જન્મ :** મહારાષ્ટ્ર



ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત
**અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના**
રાજકીય અને સામાજીક જીવનનો સંક્ષિપ્ત પરિચય

- શ્રી સી. આર. પાટીલનો જન્મ 16 માર્ચ 1955ના રોજ મહારાષ્ટ્રના જલગાંવ નજીક પીંપરી-અકારાઉત ખાતે થયો હતો.
- શાળાકીય શિક્ષણ દક્ષિણ ગુજરાતમાં વિવિધ સ્થળે લીધું અને સુરતમાંથી ITI પાસ કર્યું.
- વર્ષ 1975માં ગુજરાત પોલીસની સેવામાં જોડાયા.
- 25 ડિસેમ્બર 1989માં ભારતીય જનતા પાર્ટીના સભ્ય બનીને સામાજિક જીવનની શરૂઆત કરી.
- સુરત શહેર ભાજપના કોષાધ્યક્ષ તેમજ શહેર ઉપપ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી.
- GIDC અને GACLના અધ્યક્ષ તરીકેની કુશળતાપૂર્વક જવાબદારી નિભાવી.
- લોકસભા, વિધાનસભા, કોર્પોરેશન, પંચાયતની ચૂંટણીઓમાં વિવિધ સ્તરે પક્ષને મજબૂત કરવામાં મહત્વની વ્યુહાત્મક ભૂમિકા નિભાવી.
- વર્ષ 2009, 2014, અને 2019માં નવસારીના સાંસદ તરીકે ચૂંટાયા.
- લોકસભાની ચૂંટણીમાં આજદિન સુધીમાં સૌથી વધુ 6,89,668 મતોની સરસાઈથી વિજેતા બનવાનો વિક્રમ સર્જ્યો.
- લોકસભા હાઉસિંગ કમિટીના ચેરમેન અને લોકસભા અર્બન ડેવલપમેન્ટ કમિટીના મેમ્બર તરીકે કાર્યરત.
- બિહાર પ્રદેશ ભાજપના સહપ્રભારી તરીકે કાર્યરત.
- 20 જુલાઈ 2020ના રોજ ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરાઈ.

## ૫. નવા સુધારેલો ગ્રાહક સુરક્ષા કાયદો (વહીવટ)

✓ ભારતમાં અમલ : તા. ૨૧મી જૂલાઈ-૨૦૨૦થી

**કાયદાના સુધારાની મહત્વની નવી જોગવાઇઓ**

✓ ખરાબ વસ્તુથી ગ્રાહકનું મોત થાય તો આરોપીને ૭ વર્ષની કેદ થશે

✓ કંપની વ્યાપારી અને ડ્રિસ્ટીબ્યુટર પર પણ જવાબદાર રહેશે. અન્ય કેસોમાં રૂ. ૧ થી ૧૦ લાખ સુધીનો દંડ થશે.

✓ હવેથી પીઆઇએલ કે જાહેર હિતની અરજી કંઝ્યૂમર ફોરમમાં દાખલ કરી શકાશે, જે અગાઉ હાઇકોર્ટમાં જ થઇ શકતી હતી.

✓ નવા કાયદામાં હવે ઓનલાઇન અને ટેલિશોપિંગ કંપનીઓને પણ સામેલ કરવામાં આવી છે

- ✓ ખાણીપીણીની વસ્તુઓમાં મિલાવટ કરનારી કંપનીઓને નાણાકીય દંડ થઇ શકે છે.
- ✓ ગ્રાહક મધ્યસ્થતા સેલનું ગઠન કરાશે, બન્ને પક્ષો સહમિતીથી મધ્યસ્થતાનો રસ્તો પસંદ કરી શકશે
- ✓ કન્ઝ્યૂમર ફોરમમાં એક કરોડ રૂપિયા સુધીનો કેસ અને રાજ્ય ગ્રાહક આયોગમાં એકથી 10 કરોડનો કેસ ચાલી શકશે.
- ✓ થીયેટરોમાં હવેથી ખાણીપીણીની વસ્તુઓ પર વધુ પૈસા લેવાય તો ફરિયાદ થવાથી કાર્યવાહી કરવામાં આવશે
- ✓ કેરી બેગના પૈસા નહી વસુલી શકાય.

**ઓનલાઇન વસ્તુ વેચવાના કડક નિયમો લાગુ થશે**

- ✓ ૨૦મી જુલાઈએ કહ્યું હતું કે આ સપ્તાહના અંત સુધીમાં ઇ રિટેઇલર નિયમો લાગુ કરી દેવામાં આવશે.
- ✓ જેમાં હવેથી ઓનલાઇન જે પણ વસ્તુ વેચાણ માટે મુકવામાં આવે તે વસ્તુ ક્યા દેશ અને પ્રાંતમાં બની છે તેની જાણકારી ગ્રાહકોને ફરજિયાત આપવાની રહેશે.
- ✓ એટલે કે વસ્તુની તસવીરો અને અન્ય વિગતો ઓનલાઇન જાહેર કરવામાં આવે તેમાં તેનો સમાવેશ કરાશે.
- ✓ ભારતીય ગ્રાહકોને વસ્તુઓ પહોંચાડનારી ભારતની કે વિદેશી ઇ કોમર્સ કંપનીઓએ આ નિયમોનું ફરજિયાત પાલન કરવાનું રહેશે.
- ✓ કેન્દ્ર સરકાર, નવી દિલ્હી
- ✓ કેન્દ્રીય ગ્રાહક, અન્ન અને જાહેર વિતરણ મંત્રી : શ્રી રામ વિલાસ પાસવાન

**૬. વૈશ્વિક બાબત : ચીનથી નારાજ બ્રિટન દ્વારા હોંગકોંગ સાથે 30 વર્ષ જૂની પ્રત્યાર્પણ સંધી રદ**

- ✓ **મુખ્ય કારણ:** ચીનના નવી રાષ્ટ્રીય સુરક્ષા ધારાના કારણે નિર્ણય કરાયો
- ✓ ચીને બ્રિટનની એક સમયની કોલોની એવા હોંગકોંગમાં નવો રાષ્ટ્રીય કાયદો લાગુ કરતાં બ્રિટને હોંગકોંગ સાથેની 30 વર્ષ જૂની પ્રત્યાર્પણની સંધી તાત્કાલિક અસરથી અને અનિશ્ચિત સમય સુધી રદ કરી નાંખી.
- ✓ બ્રિટને ચીનમાં ઉઈઘુર મુસ્લિમો પર ગુજારવામાં આવતા અત્યાચારોને મુદ્દે બનાવ્યો છે.
- ✓ બ્રિટિશ સરકારના આ નિર્ણયનું લેબર પાર્ટીએ પણ સમર્થન કર્યું હતું.
- ✓ યુકે ચીન સાથે સકારાત્મક સંબંધ ઈચ્છે છે. પરંતુ ચીને હોંગકોંગ પર નવો રાષ્ટ્રીય સુરક્ષા કાયદો લાગુ કરીને આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનો ભંગ કર્યો છે.
- ✓ આ સંધી રદ થવાથી બ્રિટન હોંગકોંગમાં હથિયારોની નિકાસ અટકાવી દેશે.
- ✓ અમેરિકાએ ઉઘુર મુસ્લિમો અને હોંગકોંગ સાથે જોડાયેલા કેટલાક મામલામાં ચીનના કેટલાક મહત્ત્વની અધિકારીઓ અને સંસ્થાઓના હોદેદારોને અપાયેલો વિશેષ દરજ્જો હટાવી લીધો હતો.
- ✓ ૨૦૧૮માં તિબેતના મુદ્દે કાયદાનો હવાલો આપીને ચીનના કેટલાક અધિકારીઓના વિઝા પર પ્રતિબંધ લાદ્યો હતો.
- ✓ યુએસ અને બ્રિટન ઉપરાંત કેનેડાએ પણ હોંગકોંગ સાથેની પ્રત્યાર્પણ સંધીને રદ કરી
- ✓ ચીનના નવા અને ઘાતકી ધારાને લઇને પહેલા તો અમેરિકાએ હોગકોંગ સાથે વેપારમાં પ્રાથમિકતા આપવાનો દરજ્જો પાછો ખેંચ્યો હતો. બ્રિટને પણ હોંગકોંગના નાગરિકોને બ્રિટનમાં આવવા આમંત્રણ આપ્યું હતું.
- ✓ ઉલ્લેખનીય છે કે ૧૯૯૭ સુધી બ્રિટને હોંગકોંગ પર શાસન કર્યું હતું. પછી બ્રિટન દ્વારા હોંગકોંગને ચીનને સોંપ્યું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૭-૨૦૨૦)**

1. તાજેતર 20 જૂલાઇના રોજ UAE દ્વારા કયું અવકાશ યાન લોન્ચ કરાયું – **અલ અમલ યાન**
2. "અલ અમલ યાન" કયા ગ્રહના અભ્યાસ માટે છોડવામાં આવ્યું છે - **મંગળ**
3. "અલ અમલ યાન" કયા લોન્ચિંગ પેડ ખાતેથી છોડાયું અને દેશનું નામ જણાવો - **તનેગાશિયા અવકાશ મથક, જાપાન**
4. "અલ અમલ યાન"નો અર્થ અને કઈ ભાષાનો શબ્દ છે - **આશા/ઉમ્મીદ અને અરબી**
5. UAE કેટલા આરબ અમીરાતનું સંગઠન છે - **07**
6. તાજેતરમાં જાહેર કરાયેલા ICCના નવા કાર્યક્રમ મુજબ આગામી T-20 વર્લ્ડ કપ ક્યારે યોજાશે - **ઓક્ટોબર અને નવેમ્બર 2021**
7. તાજેતરમાં જાહેર કરાયેલા ICCના નવા કાર્યક્રમ મુજબ આગામી T-20 વર્લ્ડ કપ2022માં ક્યાં યોજાશે -**ભારત**
8. તાજેતરમાં જાહેર કરાયેલા ICCના નવા કાર્યક્રમ મુજબ આગામી વન ડે વર્લ્ડ કપ કયારે અને ક્યાં યોજાશે - **ઓક્ટોબર-નવેમ્બર 2023 અને ભારત**
9. ICCનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ**
10. તાજેતર જૂલાઇ 2020માં આંદામાન-નિકોબાર ખાતે કયા બે દેશો વચ્ચે નૌકાદળનો સંયુક્ત યુદ્ધ અભ્યાસ યોજાયો - **ભારત-અમેરિકા**

11. તાજેતરમાં ગુજરાતમાં ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી - **નવસારીના સાંસદ સી. આર. પાટીલ**

12. ભારત સરકાર દ્વારા નવા સુધારેલા ગ્રાહક સુરક્ષા કાયદાનો અમલ ક્યારથી કરવામાં આવ્યો - **21જુલાઈ 2020**

13. ભારતમાં નવા સુધારેલા ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ ખરાબ વસ્તુથી ગ્રાહકનું મૃત્યુ થાય તો આરોપી કેટલા વર્ષની કેદ થશે - **07**

14. ભારતમાં નવા સુધારેલા ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ કન્ઝ્યુમર ફોરમ અને રાજ્ય ગ્રાહક આયોગમાં કેટલી રકમ સુધીનો કેસ ચલાવવામાં આવશે- **રૂ.1 કરોડ સુધીનો અને રૂ. 1 થી 10 કરોડ**

15. કેન્દ્રના ગ્રાહક,અન્ન અને જાહેર વિતરણ મંત્રીનું નામ જણાવો – **રામ વિલાસ પાસવાન**

16. જુલાઈ 2020માં બ્રિટન દ્વારા કયા દેશ સાથેની 30 વર્ષ જુની પ્રત્યાર્પણ સંધિ તાજેતરમાં રદ કરાઈ -**હોંગકોંગ**

17. કયા દેશ દ્વારા હોંગકોંગમાં નવો રાષ્ટ્રીય સુરક્ષા કાયદો લાગુ કરાતા તાજેતરમાં બ્રિટન દ્વારા 30 વર્ષ જૂની સંધિ રદ કરાઈ છે - **ચીન**

18. કયા વર્ષ સુધી હોંગકોંગ ઉપર બ્રિટનનું શાસન હતું - **1997**

DATE : 21-07-2020

## ૧. કોરોના સંક્રમણ : કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા ‘સિરો પ્રિવેલન્સ સરવે’ (આરોગ્ય)

**શું છે એન્ટિબોડી ટેસ્ટ**

- ✓ આ ટેસ્ટ વ્યક્તિને કોરોના વાઇરસનું સંક્રમણ છે કે નહીં તે ચકાસવા માટે નહીં પરંતુ વ્યક્તિના શરીરમાં એન્ટિબોડીની હાજરી છે કે કેમ તે ચકાસવા માટે થાય છે.
- ✓ સમયાંતરે કરાતા સિરો સર્વે દ્વારા મહામારી કેટલી હદે પ્રસરી છે તે અંગેના મહત્ત્વના પુરાવા મળી આવે છે.
- ✓ એન્ટિબોડી ટેસ્ટ કોરોના સંક્રમણ છે કે નહીં તેનું નિદાન કરતો ટેસ્ટ નથી પરંતુ આ ટેસ્ટ દ્વારા માહિતી મળે છે કે વ્યક્તિને કોરોના વાઇરસનો ચેપ ભૂતકાળમાં લાગી ચૂક્યો છે કે કેમ.

**સિરો પ્રિવેલન્સ સર્વે શું છે અને તેના તારણો :**

- ✓ સિરો પ્રિવેલન્સ સર્વે સમયાંતરે કરવામાં આવતો હોય છે જેથી મહામારીનો પ્રસાર સામાન્ય લોકોમાં કેવી રીતે થઇ રહ્યો છે તેની જાણકારી મળી રહે.
- ✓ મહામારીના ૬ મહિનામાં સરકાર દ્વારા લેવાયેલાં લોકડાઉનનાં પગલાં, અસરકારક કન્ટેનમેન્ટ અને સર્વેલન્સ, કોન્ટેક્ટ ટ્રેસિંગ અને ટ્રેકિંગના કારણે દિલ્હીમાં ફક્ત ૨૩.૪૮ ટકા લોકો જ કોરોનાથી સંક્રમિત થયાં છે.
- ✓ હજુ મોટી વસતી કોરોનાથી સંક્રમિત થઇ શકે છે તેથી કન્ટેનમેન્ટ જેવા આકરાં પગલાં જારી રાખવાની જરૂર છે.
- ✓ સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક અને હેન્ડ સેનિટાઇઝિંગનો ઉપયોગ જેવાં પગલાંનો સખતાઇથી અમલ થવો જોઇએ.

**દિલ્હીમાં કરાયેલા સિરો પ્રિવેલન્સ સરવેના આંકડા જાહેર**

- ✓ સેમ્પલ જુલાઇના પ્રારંભ સુધી લેવાયાં છે તેથી અંદાજ કરતાં વધુ લોકો સંક્રમિત હોઇ શકે છે.
- ✓ સર્વેમાં ડોર-ટુ-ડોર સેમ્પલ કલેક્શન કરાયું નથી તેથી ૧૦ ટકા વસતીનો સર્વેમાં સમાવેશ થયો નથી.
- ✓ એન્ટિબોડીની હાજરી છે જે જાણવું પૂરતું નથી, એન્ટિબોડી કેવા પ્રકારના છે તે જાણવાની પણ જરૂર.
- ✓ એન્ટિબોડી કોરોના વાઇરસનો નાશ કરવામાં સક્ષમ છે કે નહીં તેની માહિતી જરૂરી.
- ✓ ઇમ્યુનિટી લાંબાગાળા માટે આવી છે કે ટૂંકાગાળા માટે તે સંશોધનનો વિષય
- ✓ સિરો પ્રિવેલન્સ સર્વે અનુસાર દિલ્હીની ૧.૯ કરોડની વસતીમાંથી ૨૩.૪૮ ટકા એટલે કે ૪૭ લાખ લોકો કોરોનાથી સંક્રમિત થઇ ચૂક્યા છે.
- ✓ આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દિલ્હીમાં સરેરાશ ૨૩.૪૮ ટકા લોકોમાં ઇમ્યૂનોગ્લોબ્યુલિનજી (IgG) એન્ટિબોડી જોવા મળ્યા છે.
- ✓ સ્ટડી દર્શાવે છે કે, મોટી સંખ્યામાં સંક્રમિત થયેલા લોકોમાં કોરોનાના કોઇ લક્ષણ જોવા મળી રહ્યાં નથી. તેનો અર્થ એ થયો કે દિલ્હીમાં હર્ડ ઈમ્યૂનિટીનો પ્રારંભ થઈ ચુક્યો છે.
- ✓ નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ (NCDC) અને દિલ્હીની સરકારે ૨૭ જૂનથી ૧૦ જુલાઇ વચ્ચે આ અભ્યાસ હાથ ધર્યો હતો.
- ✓ સર્વેમાં લેબ સ્ટાન્ડર્ડ પ્રમાણે ૨૧,૩૮૭ સેમ્પલ લઇ ટેસ્ટ કરાયાં હતાં.

## ૨. અમરનાથ યાત્રા : કોરોના સંક્રમણને કારણે સતત બીજા વર્ષે અમરનાથ યાત્રા રદ કરાઇ (ધર્મ)



**અન્ય વિગત :**

- ✓ સવાર સાંજની આરતીનું જીવંત પ્રસારણ કરાશે
- ✓ દર વર્ષે યાત્રા માટે એપ્રિલમાં નોંધણી શરૂ થાય છે
- ✓ સતત બીજા વર્ષે અમરનાથયાત્રા રદ કરાઇ છે.
- ✓ ૨૦૧૯માં કેન્દ્ર સરકારે આર્ટિકલ ૩૭૦ રદ કરી જમ્મુ-કાશ્મીરનું બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજન કરવાની જાહેરાત કરતાં તે સમયે ચાલી રહેલી અમરનાથયાત્રા અધવચ્ચે સ્થગિત કરી દેવાઈ હતી.

**અમરનાથ શ્રાઇન બોર્ડ વિશે :**

- ✓ અમરનાથયાત્રાનું સંચાલન કરતા અમરનાથ શ્રાઇન બોર્ડની રચના વર્ષ ૨000માં કરાઇ હતી.
- ✓ તેના અધ્યક્ષપદે જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ-ઉપરાજ્યપાલ રહે છે.

### ૩. નવીન પહેલ : ભારતીય જળસીમા (દરિયાઇ વેપાર)

**નિર્ણય : ભારતીય જળસીમામાં વ્યાપારી અને ફિશિંગ જહાજો માટે અલગ રૂટિંગ સિસ્ટમનો તારીખ ૧લી ઓગસ્ટ ૨૦૨૦થી પ્રારંભ**

- ✓ હેતુ: નેવિગેશનની સલામતી અને કાર્યક્ષમતાને ધ્યાને રાખીને નિર્ણય કરાયો

**વધુ વિગત :**

- ✓ દેશના શિપિંગ મંત્રાલયે, અરબી સમુદ્રમાં દક્ષિણ-પશ્ચિમ ભારતીય જળમાં વેપારી જહાજો અને ફિશિંગ જહાજોના સંચાલન માટેના માર્ગોને અલગ કરી દીધા છે અને અલગ રૂટિંગ સિસ્ટમ તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૦થી અમલી બનશે.




**ફાયદા અને અસરો :**

- ✓ જહાજોને ટક્કરથી બચવા સમુદ્રમાં જીવનની સલામતીની સાથેસાથે ટ્રાફિકમાં સરળતા અને દરિયાઇ પર્યાવરણની સુરક્ષામાં સુધારાની ખાતરી કરશે.
- ✓ તેના લીધે શિપિંગ ટ્રાફિકનું અસરકારક રીતે નિયમન કરશે.
- ✓ ભારતના દક્ષિણ-પશ્ચિમ દરિયાકાંઠાના આજુબાજુનો અરબી સમુદ્રનો વિસ્તાર એ વ્યસ્ત દરિયાઈ માર્ગ છે.
- ✓ જેમાં મોટી સંખ્યામાં વેપારી જહાજો આ વિસ્તારમાંથી પસાર થાય છે અને આ જ ક્ષેત્રમાં ફિશિંગ જહાજો પણ કાર્યરત છે.
- ✓ જેના કારણે કેટલીકવાર અકસ્માતો થાય છે અને મોટાપાચે સંપત્તિનું નુકસાન થાય છે, પર્યાવરણનું પ્રદૂષણ થાય છે અને ક્યારેક જાનહાનિ થાય છે.
- ✓ કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રી : શ્રી મનસુખ માંડવીયા
- ✓ મંત્રાલય : શિપિંગ

### ૪. સ્વદેશી : "ભારત" ડ્રોન (સંરક્ષણ)




**કાર્યક્ષેત્ર-હેતુ :**

- ✓ ચીન પર નજર રાખવા માટે ભારતીય સેનાને દેશમાં જ વિકસિત કરાયેલ 'ભારત' ડ્રોનનો ઉપયોગ કરાશે.
- ✓ આ સ્વદેશી ડ્રોન ડીઆરડીઓએ તૈયાર કરાયુ. તેની મદદથી તેના પૂર્વ લદાખમાં એલએસીની સાથે ઊંચાઈવાળાં ક્ષેત્રો અને પર્વતીય વિસ્તારોમાં ચોક્કસ નિરીક્ષણ કરી શકશે.
- ✓ કોના દ્વારા તૈયાર કરાયું : આ ડ્રોન ચંદીગઢમાં આવેલી ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનની લેબમાં તૈયાર કરાયું.

**ડ્રોનની વિશેષતા :**

- ✓ આ ડ્રોન નાનું છે પણ અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી ડ્રોન ભારત અત્યંત સચોટ રીતે કોઈ પણ સ્થાને કામ કરે છે.
- ✓ અગ્રિમ રિલીઝ ટેક્નિકની સાથે યુનિબોડી બાયોમિમેટિક ડિઝાઈન નિરીક્ષણ મિશન માટે ઘાતક સંયોજન છે.
- ✓ ડ્રોનમાં કૃત્રિત ગુપ્ત તંત્ર પણ છે જે શત્રુઓ અને મિત્રોને શોધીને તે મુજબ કાર્યવાહી કરવામાં સક્ષમ છે.

✓ તે ઠંડા વિસ્તારમાં પણ નિરીક્ષણ કરી શકે છે. તેને રડાર પણ પકડી શકતું નથી.

૫. રાજ્યસભા : નવા ૬૧ સાંસદના રાજ્યસભાના સભ્ય તરીકે શપથ (રાજ્યશાસ્ત્ર)

✓ કુલ ૬૧માંથી ૪૩ પ્રથમવાર વિજેતા

✓ રાજ્યસભામાં ભાજપના સાંસદોની સંખ્યા ૭૫થી વધીને ૮૬.

૬. EU : કોરોના મહામારી સામે લડવા યુરોપિયન યુનિયને ૮૫૫ અબજ ડોલર ફાળવ્યા : સમજૂતી (આરોગ્ય)

✓ ચાર દિવસની મેરેથોન વાટાઘાટો પછી યુરોપિયન સંઘના ૨૭ દેશોના નેતાઓ વચ્ચે કોરોનાના રાહત પેકેજ અંગે સમજૂતિ થઈ હતી.

✓ યુરોપિયન સંઘે ૮૫૫ અબજ ડોલરનું ફંડ ફાળવ્યું હતું.

✓ આ ફંડને યુરોપિયન સંઘના નેતાઓએ ઐતિહાસિક ગણાવ્યું હતું અને એ સંઘની એકતાના કારણે શક્ય બન્યું હોવાનું કહ્યું હતું.

✓ સાત વર્ષ માટે કોરોના પ્રભાવિત દેશોને આ ફંડમાંથી સહાય અપાશે.

૭. NCERT : ધો.12ના પુસ્તકમાં જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જા માટેની કલમ 370 રદ્દ કરતુ પ્રકરણ ઉમેરાયુ (શિક્ષણ)

✓ એનસીઆરટીએ ધો.12ના રાજકીય વિજ્ઞાનના પુસ્તકના એક પાઠમાં સંશોધન કરીને તેમાંથી અલગતવાદી રાજકારણની વિગતો દૂર કરી છે અને ગયા વર્ષે જમ્મુ-કાશ્મીરમાં સમાપ્ત કરાયેલા વિશેષ દરજ્જાનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

✓ એનસીઆરટીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે પાઠ્યપુસ્તકમાં સ્વતંત્રતા પછી ભારતમાં રાજકારણ નામના પ્રકરણમાં પણ સંશોધન કર્યુ છે.

✓ આ પ્રકરણમાંથી અલગતાવાદનો ઉલ્લેખ દૂર કરવામાં આવ્યો છે જ્યારે કલમ ૩૭૦નો ઉલ્લેખ સામેલ કરવામાં આવ્યો.

✓ ૫ ઓગસ્ટ-૨૦૧૯ના રોજ કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કર્યો હતો અને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કર્યો હતો.

✓ અલગતાવાદનું જે પ્રકરણ હટાવવામાં આવ્યો છે તેમાં જણાવવામાં આવ્યું છે કે અલગતાવાદીઓનું એક જૂથ કાશ્મીરને અલગ રાષ્ટ્ર બનાવવા માગે છે.

✓ જ્યારે અલગતાવાદીઓનું એક અન્ય જૂથ કાશ્મીરને પાકિસ્તાનમાં ભેળવવા માગે છે. ત્રીજો અલગતાવાદી જૂથ રાજ્યના લોકો માટે વધુ સ્વાયત્તા માગે છે.

૮. અવસાન : મધ્ય પ્રદેશના રાજ્યપાલ લાલજી ટંડનનું 85 વર્ષની ઉંમરે લખનઉ ખાતે નિધન




12 વર્ષની ઉંમરે સંઘ સાથે જોડાયા હતા

ટંડન 12 વર્ષની ઉંમરથી જ સંઘની શાખાઓમાં જતા હતા.

✓ સંઘ સાથે જોડાયેલા હોવાના કારણે જ તેમની મુલાકાત અટલ બિહારી વાજપેયી સાથે થઈ હતી.

✓ અટલજીએ લખનઉની સીટ છોડી ત્યારે તે વારસાગત લાલજી ટંડનને આપવામાં આવી હતી.

2009માં ટંડને લોકસભા ચૂંટણી જીતી અને લખનઉના સાંસદ બન્યા.

**રાજકીય સફર**

✓ ટંડનની રાજકીય સફર 1960થી શરૂ થઈ હતી.

✓ તેઓ 2 વાર કાઉન્સિલર અને બે વાર વિધાનસભા પરિષદના સભ્ય રહ્યા હતા.

✓ સતત ત્રણ વખત ધારાસભ્ય રહ્યા હતા.

✓ તેઓ કલ્યાણ સિંહ સરકારમાં મંત્રી પણ રહ્યા. તે સાથે જ યુપી વિધાનસભામામાં વિરોધપક્ષના નેતા પણ રહ્યા હતા.

૯. જન્મ દિન વિશેષ : 21 જુલાઈ

જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા: ઉમાશંકર જોશીની ૧૧૦મી જન્મજયંતી

જન્મ : 21 જુલાઈ 1911

અવસાન : 19 ડિસેમ્બર 1988

✓ આજે અવિનાશ વ્યાસ, રંગકર્મી ગોવર્ધન પંચાલ, ક્રિકેટર ચંદુ બોરડે, સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વે તથા “ભૂખ્યાજનોનો જઠરાગ્ની જાગશે ને ખંડેરની ભસ્મકણી ન લાધશે” જેવી અમર પંક્તિઓના સર્જક કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, સંપાદક, વિવેચક, સ્વતંત્રતા સૈનિક, ગુજરાત યુનિ.ના કુલપતિ અને જાહેર જીવનના અગ્રણી શ્રી ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મદિવસ.



## સર્જક : ઉમાશંકર જોશી

- ✓ <u>જૂના ઈડર રાજ્યના બામણા ગામે જન્મેલા કવિ ઉમાશંકર</u> બી.એ., એમ.એ થઈ શિક્ષક અને પ્રાધ્યાપક થયા હતા.
- ✓ તેમની સર્વોચ્ચ વ્યવસાયી કારકિર્દી ગુજરાત યુનિ.ના ભાષા ભવનમાં પ્રોફેસર, અધ્યક્ષ અને ભવનના નિયામક અને <u>ગુજરાત યુનિ.ના કુલપતિ તરીકે રહી હતી.</u>
- ✓ સર્જનાત્મક સાહિત્યના ક્ષેત્રે ઉમાશંકરે <u>સાપના ભારા, શ્રાવણી મેળો, પારકા જણ્યા, ગંગોત્રી, નિશીથ, વિશ્વ શાંતિ, પ્રાચીના, મહાપ્રસ્થાન જેવા કવિતા, વાર્તા, નવલકથાના પુસ્તકો</u> ઉપરાંત <u>હૃદયમાં પડેલી છબીઓ, પુરાણોમાં ગુજરાત, 31મા ડોકિયું, અખો એક અધ્યયન અને ચીનમાં 54 દિવસ જેવા ઈતિહાસ, ચરિત્ર અને પ્રવાસ વર્ણનો</u> પણ લખ્યા છે."



**ઉમાશંકર જેઠાલાલ જોશી**

**જન્મ તા. : 21-7-1911** **અવસાન તા. : 19-12-1988**

**સર્જક નામ : ઉમાશંકર જોશી** **ઉપનામ : વાસુકિ**

ઉમાશંકર જોશીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના બામણા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ જેઠાલાલ અને માતાનું નામ નવલબેન હતું. ઉમાશંકર જોશીએ સાત ધોરણ સુધીનો અભ્યાસ ઈડરમાં અને એમ.એ. સુધીનો અભ્યાસ અમદાવાદમાં કર્યો હતો. મુંબઈમાં શિક્ષક તરીકે જોડાયા હતા. પછી અમદાવાદમાં અધ્યાપનકાર્ય કર્યું હતું. તેમણે ભાષાભવનના અધ્યક્ષ અને પછી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે સેવાઓ આપી હતી. સત્યાગ્રહની લડતમાં જોડાયા અને જેલવાસ પણ તેમણે ભોગવ્યો હતો.

ઉમાશંકર જોશીની કવિતામાં 'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી'નો અભિગમ સ્પષ્ટ જોવા મળે છે. 'વિશ્વશાન્તિ', 'નિશીથ,' 'ગંગોત્રી' —તેમના કાવ્યસંગ્રહો અને 'શ્રાવણી મેળો' વાર્તાસંગ્રહ છે. એમણે 'સંસ્કૃતિ' સામયિક શરૂ કર્યું હતું. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદચંદ્રક અને ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક ઉપરાંત અન્ય પારિતોષિકો પણ પ્રાપ્ત થયાં હતાં. પ્રસ્તુત સૉનેટ 'ગંગોત્રી' માંથી લીધું છે.

દરેક માણસની એક એવી ઉત્કટ લાગણી હોય છે કે, કોઈ પોતાને ચાહે. આ સૉનેટમાં કવિ જગતનાં તત્ત્વોને પ્રશ્ન કરે છે, 'છે કો મારું અખિલ જગમાં....?' તમામ પ્રકૃતિતત્ત્વો તરફથી નકારમાં ઉત્તર મળે છે. છેલ્લે કવિ પોતાના હૃદયને પ્રશ્ન કરે છે. કવિનું હૃદય પણ શરમ ત્યજીને ના પાડી દે છે. ત્યાં કવિને વિચાર આવે છે કે મારું હૃદય અન્યો માટે હોય તો મારા માટે ક્યાંક તો એવું હૃદય હશે ને ! છેલ્લી બે પંક્તિઓમાં કવિએ ચમત્કૃતિ સર્જીને પોતાની કવિત્વશક્તિનો પરિચય કરાવ્યો છે.

- ✓ ગરવી ગુજરાત માટે ગૌરવરૂપ આ સાહિત્યકારનું 19 ડિસેમ્બર 1988નાં રોજ અવસાન થયું હતું.
- ✓ <u>ઉપનામ : વાસુકી</u>
- ✓ એવોર્ડ:
- ✓ જ્ઞાનપીઠ પુરસ્કાર - ૧૯૬૭
- ✓ રણજિતરામ સુવર્ણચંદ્રક - ૧૯૩૯
- ✓ નર્મદ સુવર્ણ ચંદ્રક - ૧૯૪૭
- ✓ સોવિએત લેન્ડ નહેરૂ એવોર્ડ – ૧૯૭૩

**<u>સભ્યપદ/હોદ્દાઓ</u>**

- ✓ સભ્ય - નેશનલ બુક ટ્રસ્ટ - ૧૯૬૫
- ✓ સભ્ય - કેન્દ્રીય ભાષા સલાહકાર સમિતિ - ૧૯૬૬
- ✓ પ્રમુખ - ગુજરાતી સાહિત્ય પરિષદ - ૧૯૬૮
- ✓ પ્રમુખ - સાહિત્ય અકાદમી એવોર્ડ-ગુજરાતી - ૧૯૭૮-૧૯૮૨
- ✓ ઉપ કુલપતિ - ગુજરાત યુનિવર્સિટી - ૧૯૭૦
- ✓ રાજ્યસભાના સભ્ય - ૧૯૭૦-૧૯૭૬
- ✓ કુલપતિ, વિશ્વભારતી યુનિવર્સિટી - શાંતિનિકેતન - ૧૯૭૯-૧૯૮૨
- ✓ પ્રમુખ - દિલ્હી સાહિત્ય અકાદમી - ૧૯૭૮-૧૯૮૩

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૭-૨૦૨૦)</u>

1. કોરોના મહામારીનો પ્રસાર સામાન્ય લોકોમાં કેવી રીતે થઈ રહ્યો છે તેની જાણકારી મળી રહે તે માટે તાજેતરમાં ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા કયો ખાસ સરવે કરાયો -**<u>સિરો પ્રિવેલન્સ સરવે</u>**
2. કોરોના સંક્રમણ સમયે આરોગ્ય વિભાગ દ્વારા વ્યક્તિનો એન્ટિબોડી ટેસ્ટ કેમ કરવામાં આવે છે - **<u>વ્યક્તિના શરીરમાં એન્ટીબોડીની હાજરી છે કે કેમ તે તપાસવા અને ભૂતકાળમાં તેને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો કે નહીં</u>**
3. તાજેતરમાં ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા કોરોના મહામારી અંગેનો સિરો પ્રિવેલન્સ સરવે કયા શહેરમાં કરાયો - **<u>નવી દિલ્હી</u>**
4. તાજેતરમાં દેશમાં કોરોના મહામારીના કારણે સતત બીજા વર્ષે અમરનાથ યાત્રા કોના દ્વારા રદ કરાઈ - **<u>અમરનાથ શ્રાઈન બોર્ડ</u>**
5. ગત વર્ષે 2019માં અમરનાથ યાત્રા કયા કારણોસર અધવચ્ચે રદ કરવામાં આવી હતી - **<u>આર્ટિકલ 370 રદ કરાઈ હતી</u>**
6. અમરનાથ શ્રાઈન બોર્ડની રચના ક્યારે કરવામાં આવી હતી - **<u>વર્ષે 2000</u>**
7. હોદ્દાની રૂએ અમરનાથ શ્રાઈન બોર્ડના અધ્યક્ષ સ્થાને કોણ હોય છે - **<u>જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ/ઉપ રાજ્યપાલ</u>**
8. ભારતીય જળસીમામાં વ્યાપારી અને ફિશિંગ જહાજો માટે અલગ રૂટ સિસ્ટમનો પ્રારંભ કઈ તારીખથી કરવામાં આવશે – **<u>01 ઓગસ્ટ 2020</u>**
9. ભારતીય શિપિંગ મંત્રાલય દ્વારા કયા કારણસર વેપારી-ફિશિંગ જહાજોના માર્ગ સમુદ્રમાં અલગ કરવાની જાહેરાત કરી છે - **<u>નેવિગેશન સલામતી, પર્યાવરણની સુરક્ષા અને અરબી સમુદ્ર</u>**
10. ભારતના વર્તમાન કેન્દ્રીય શિપિંગ રાજ્ય મંત્રીનું નામ જણાવો - **<u>મનસુખભાઈ માંડવીયા</u>**

11. ચીન પર નજર રાખવા ભારતીય સેના દ્વારા તાજેતરમાં કયું સ્વદેશી ડ્રોન ખરીદવામાં આવ્યું -"**ભારત**"

12. સ્વદેશી "ભારત" ડ્રોન કઈ સંસ્થા દ્વારા તૈયાર કરાયું છે - **DRDO, ચંદીગઢ**

13. દુશ્મનના રડારમાં પકડી ન શકાતું ભારત દ્વારા બનાવેલું અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી ડ્રોનનું નામ જણાવો - "**ભારત**"

14. રાજ્યસભામાં તા.21 જુલાઇના રોજ કુલ કેટલા નવા સભ્યોએ લીધા - **61**

15. રાજ્યસભામાં નવા સભ્યોના આગમનથી ભાજપનું તા.21જૂલાઇ 2020ની સ્થિતિએ કુલ સંખ્યાબળ જણાવો - **86**

16. કોરોના મહામારી સામે લડવા તાજેતરમાં EU દ્વારા તેના દેશો માટે કેટલી સહાય ફાળવવામાં આવી - **855 અબજ $**

17. EUમાં હાલમાં કેટલા સભ્ય દેશો જોડાયેલા છે - **27**

18. EUનું વિસ્તૃત નામ જણાવો - **યુરોપિયન યુનિયન**

19. તાજેતરમાં NCERT દ્વારા કયા ધોરણના અભ્યાસક્રમમાં જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જા માટેની કલમ 370 રદ કરતું ઐતિહાસિક પ્રકરણ કયા વિષયમાં ઉમેરવામાં આવ્યું છે - **ધોરણ 12, વિજ્ઞાન**

20. જમ્મુ કશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ 370ને કઈ તારીખે રદ કરવામાં આવી હતી - **05 ઓગસ્ટ 2019**

21. તાજેતરમાં NCERT દ્વારા કયા ધોરણના અભ્યાસક્રમમાંથી અલગતાવાદનું પ્રકરણ દૂર કરવામાં આવ્યું છે - **ધોરણ 12**

22. જુલાઈ-૨૦૨૦માં મધ્ય પ્રદેશના ક્યા રાજ્યપાલનું ૮૫ વર્ષની ઉંમરે લખનઉ ખાતે નિધન થયુ - **લાલજી ટંડન**

23. તાજેતરમાં અવસાન પામેલા મધ્યપ્રદેશના રાજ્યપાલ લાલજી ટંડને ક્યા વર્ષે લોકસભા ચૂંટણી જીતી અને લખનઉના સાંસદ બન્યા હતા – **૨૦૦૯**

24. ૨૧ જુલાઈ ૨૦૨૦ના રોજ કવિ ઉમાશંકર જોશીની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરાઈ – **૧૧૦મી**

25. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીનું જન્મ સ્થળ જણાવો - **જૂના ઈડર રાજ્યના બામણા ગામે**

26. ગુજરાતી સંગીતકાર અવિનાશ વ્યાસનો જન્મ દિવસ જણાવો – **૨૧મી જુલાઈ**

27. પ્રચલીત કાવ્ય પંક્તિ “ભૂખ્યાજનોનો જઠરાગ્ની જાગશે ને ખંડેરની ભસ્મકણી ન લાધશે” કોની રચના છે – **કવિ ઉમાશંકર જોશી**

28. કવિ ઉમાશંકર જોશીનું ઉપનામ જણાવો - **વાસુકી**

29. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો - **વર્ષ-૧૯૬૭**

30. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો - **વર્ષ-૧૯૩૯**

31. ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશીને કયા વર્ષે નર્મદ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો - **વર્ષ-૧૯૪૭**

32. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે નેશનલ બુક ટ્રસ્ટના સભ્યપદે રહ્યાં હતા - **વર્ષ-૧૯૬૫**

33. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે કેન્દ્રીય ભાષા સલાહકર સમિતિના સભ્ય પદે રહ્યાં હતા - **વર્ષ-૧૯૬૬**

34. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા - **વર્ષ-૧૯૬૮**

35. સાહિત્યકાર ઉમાશંકર જોશી ક્યા વર્ષો દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ પદે રહ્યાં હતા - **૧૯૭૦**

36. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે રાજ્યસભાના સભ્યપદે સેવા આપી હતી – **વર્ષ- ૧૯૭૦-૧૯૭૬**

37. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતનના કુલપતિ પદે સેવા આપી હતી – **વર્ષ-૧૯૭૯-૧૯૮૨**

38. સાહિત્યકાર ઉમાશંકર જોશી કયા વર્ષે દિલ્હી સાહિત્ય અકાદમીના પ્રમુખ પદે રહ્યાં હતા– **વર્ષ-૧૯૭૮-૧૯૮૩**

## DATE : 22-07-2020

### ૧. પેરિસ કલાયમેટ એગ્રીમેન્ટ (પર્યાવરણ)

ગૌરવ: સાયન્સ બેઝ્ડ ટાર્ગેટ ઈનિશિયેટીવ ઉપર હસ્તાક્ષર કરનાર અદાણી પોર્ટ ભારતનું એકમાત્ર બંદર (પોર્ટ) : વિશ્વનું સાતમું બંદર




✓ પેરિસ કલાયમેટ એગ્રીમેન્ટ અંગે ભારતની નિષ્ઠા મજબૂત કરતા અદાણી પોર્ટ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન

લિમિટેડે સાયન્સ બેઝડ ટાર્ગેટ ઈનિશિયેટિવ- SBTI ઉપર હસ્તાક્ષર કર્યા.

**ગ્લોબલ વોર્મિંગ ઘટાડવાનો લક્ષ્યાંક :**


- ✓ કંપનીઓ તેની સમગ્ર વેલ્યુ ચેઈનમાં ગ્લોબલ વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેન્ટિગ્રેડના પ્રિ-ઈન્ડસ્ટ્રિયલ લેવલ સુધી સિમિત રાખવાના વિજ્ઞાન આધારિત એમિશન ઘટાડવાના લક્ષ્યાંકો માટે નિષ્ઠા દર્શાવે છે.
- ✓ અદાણી પોર્ટ એ SBTIના કમિટમેન્ટ લેટર ઉપર હસ્તાક્ષર કરનારું ભારતનું એક માત્ર અને વિશ્વનું સાતમું પોર્ટ છે.

**SBTI સંસ્થા વિશે :**

- ✓ SBTI એ સીડીપી, યુનાઈટેડ નેશન્સ ગ્લોબસ કોમ્પેક્ટ, વર્લ્ડ રિસોર્સ ઈન્સ્ટિટયૂટ અને વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર સાથે મળીને કામ કરતી સંસ્થા છે.
- ✓ વિવિધ કંપનીઓના લક્ષ્યાંકોનું મૂલ્યાંકન કરે છે.
- ✓ અદાણી પોર્ટે ટાસ્કફોર્સ ઓન ક્લાયમેટ રિલેટેડ ફાયનાન્સિયલ ડીસ્ક્લોઝરના ટેકેદાર તરીકેના કમિટમેન્ટ ઉપર પણ હસ્તાક્ષર કર્યા.
- ✓ કુલ ૧૬ કંપનીઓ તેને સહયોગ આપે છે.
- ✓ અદાણી પોર્ટ, SBTI અને TCFDની એમિશન ઘટાડવાની ઝુંબેશ માટે તેમજ કાર્બન ન્યુટ્રલનો ધ્યેય હાંસલ કરવા માટેના નક્કી કરાયેલા લક્ષ્યાંકો માટે કટિબદ્ધ.
- ✓ **SBTI** : સાયન્સ બેઝ્ડ ટાર્ગેટ ઈનિશિયેટીવ

## ૨. ઇન્ડિયા આઈડિયા સમિટ-2020 (વિદેશી રોકાણ)

**US-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (USIBC) વતી આયોજિત ઈ-સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું સંબોધન**




**વિષય : Building a better future**

**વડાપ્રધાન મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ ભારત હેલ્થ, એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિફેન્સ-સ્પેસ, કૃષિ, વીમા, સિવિલ એવિયેશન સહિત સાત સેક્ટરમાં રોકાણ કરવા માટે તમને આમંત્રિત કરે છે.
- ✓ ભારતનું હેલ્થકેર સેક્ટર ૨૨ ટકાની ઝડપે આગળ વધી રહ્યું છે.
- ✓ ભારત ગેસ બેસ્ડ ઈકોનોમી પરિવર્તિત થઈ રહ્યો છે. આ સેક્ટરમાં અમેરિકાની કંપનીઓ માટે ઘણી તકો હશે.
- ✓ ભારતમાં સૌથી મોટો ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે.
- ✓ ભારતમાં ડિફેન્સમાં રોકાણ માટેની એફડીઆઈ મર્યાદા ૭૪ ટકા કરી.
- ✓ વીમા સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજૂરી આપી છે.

## ૩. સિદ્ધિ : કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ : તાપી (ઉર્જા)

**દેશમાં પ્રથમવાર સ્વદેશી ટેક્નોલોજીથી ૭૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન**



**અન્ય વિગત :**

- ✓ દેશનું પ્રથમ સ્વદેશી 700 મેગાવોટનું પરમાણુ વીજળીઘર એકમ કાકરાપાર યુનિટ-૩માં ૨૨મી જુલાઈ-૨૦૨૦ની વહેલી સવારે 09.36 કલાકે રિએક્ટરની અંદર ચેઇન રિએક્શનની પ્રક્રિયા સફળતાપૂર્વક કરવામાં આવી હતી.
- ✓ પરમાણુ રિએક્ટરનું હૃદય ધબકવાનું શરૂ થયું છે. જેને ક્રિટિકલટી કહેવામાં આવે છે.
- ✓ ઉત્પાદન શરૂ થતાં હજી ૩ માસનો સમય લાગશે.
- ✓ આ રિએક્ટરના પાર્ટ, ઉપકરણ સંપૂર્ણ ભારતીય.
- ✓ 700 મેગાવોટ પીએચડબ્લ્યૂઆરમાં સુરક્ષાના આધુનિક ઉપકરણો લગાવવામાં આવ્યા છે
- ✓ કાકરાપાર ખાતે વર્ષ-૨૦૨૧માં ચોથુ રિએક્ટર શરૂ થશે.




**ગુજરાતને મળશે 50 % વીજળી**

- ✓ કાકરાપાર પરમાણુ એકમથી ગુજરાતને 50 ટકા વીજળી મળશે.
- ✓ બાકીનો હિસ્સો નજીકના પ્રદેશો તેમજ નેશનલ ગ્રિડમાં વીજળી વિતરણ યોજના અંતર્ગત અપાશે

**એટોમિક પાવર પ્લાન્ટની વિશેષતા તથા ક્ષમતા :**

- ✓ <u>કુલ ખર્ચ :</u> અંદાજે 16,500 કરોડ
- ✓ <u>નિર્માણ કાર્ય :</u> નવેમ્બર 2010થી શરૂ
- ✓ <u>કોંક્રીટ-સળિયા :</u> 8 લાખ ક્યૂબિક મીટર
- ✓ <u>વીજળી ઉત્પાદન :</u> કાકરાપાર 90 લાખ લોકોની રોજની વીજ જરૂરિયાત પૂરી કરશે
- ✓ <u>હાલનું ઉત્પાદન :</u> પહેલેથી જ 220-220 મેગાવોટના 2 યુનિટ વીજળીનું ઉત્પાદન કરે છે.
- ✓ **<u>ખાસિયત:</u>** દેશનું એકમાત્ર સૌથી મોટું રિએક્ટર છે. 700-700 મેગાવોટના બંને એકમોના ડોમનું વજન 570 ટન છે.
- ✓ એટલે કે અમેરિકાના સ્ટેચ્યુ ઓફ યુનિટીથી અઢી ગણું વધારે છે. જે મિસાઇલ હુમલાથી પણ સુરક્ષિત છે. આ સાથે તેની ડિઝાઇન ભૂકંપ પ્રૂફ છે.

**<u>ક્રિટિકલ એટલે સ્થિર સલામત :</u>**

- ✓ <u>પરમાણુ ઊર્જાની બાબતમાં ક્રિટિકલનો અર્થ સ્થિર અને સલામત એવો થાય છે.</u>

**<u>અણુ ઉર્જા પેદા કરવાની પ્રક્રિયા :</u>**

- ✓ ન્યુક્લિયર રિએક્ટરમાં યુરેનિયમ-૨૩૫નો અણુ તોડી તેના બે ભાગ કરી ઊર્જા પેદા કરવાની હોય છે.
- ✓ બે ભાગ થાય એમાંથી વળી અણુ નીકળે અને એના પણ ભાગ થાય. આ રીતે પરમાણુંનું એકમાંથી બે, બેમાંથી ચાર, ચારમાંથી આઠ.. વિભાજન થતું રહે.
- ✓ એક સરખી રીતે જ વિભાજન થવું જોઈએ, અન્યથા અકસ્માત સર્જાઈ શકે પરંતુ જ્યારે કોઈ પરમાણુ રિએક્ટરમાં આ વિભાજન સલામત રીતે થવા લાગે, તેમાંથી ઊર્જા ઉત્પન થવા માંડે એ સ્થિતિને ક્રિટિકલ કહેવામાં આવે છે.
- ✓ વિભાજનની પ્રક્રિયા પર જ્યાં સુધી સંચાલકોનો કાબુ હોય ત્યાં સુધી એ રિએક્ટર સલામત ગણાય.

**<u>પરમાણુ ઉર્જાની દિશામાં આગેકૂચ :</u>**

- ✓ <u>ભારતમાં હાલ કુલ ૨૨ પરમાણુ રિએક્ટર છે, જે મળીને વર્ષે ૬૭૮૦ મેગાવોટ વીજળી પેદા કરે છે.</u>
- ✓ <u>ભારતનું આયોજન 9,000 મેગાવોટ પરમાણુ ઊર્જા મેળવવાનું છે. એ લક્ષ્યાંક પૂર્વે કરવા બીજા નવ પરમાણુ રિએક્ટર તૈયાર થઈ રહ્યા છે.</u>

**<u>ફાયદા-ગેરફાયદા</u>**

- ✓ પરમાણુ ઊર્જા બેધારી તલવાર છે. પરમાણુ દ્વારા અઢળક શુદ્ધ ઊર્જા મળે અને અકસ્માત થાય તો મોટી ખાનાખરાબી સર્જાઈ શકે જેનું મોટું ઉદાહરણ <u>૨૦૧૧માં જાપાનમાં થયેલા ફૂકુશિમા અકસ્માત</u> વખતે જોવા મળ્યું હતું.
- ✓ આ કામગીરી જોખમી હોવાથી કોઈ પણ પરમાણુ પ્લાન્ટ ક્રિટિકલ સ્થિતિએ પહોંચે એ મોટી સિદ્ધિ ગણાય છે.
- ✓ કાકરાપારનો ત્રીજો પ્લાન્ટ એ પણ ભારતની સિદ્ધિ જ છે.

**<u>50 હજાર મકાન બને તેટલા કોંક્રીટનો ઉપયોગ થયો</u>**

- ✓ 700 મેગાવોટના એક પરમાણુ રિએક્ટરમાં કુલ 2 કુલિંગ ટાવર હશે. બંને એકમોમાં કુલ 4 કુલિંગ ટાવર હશે.
- ✓ જેના માટે કુલ 2.50 લાખ ક્યૂબિક મીટર કોંક્રીટની જરૂરિયાત હતી. એટલે કે થ્રી બીએચકેના 50 હજાર મકાનનું નિર્માણ થઇ શકે તેટલા કોંક્રીટથી ચાર કુલિંગ ટાવર બનાવવામાં આવ્યા છે. તેના પરથી તેની વિશાળતાનો ખ્યાલ આવે છે.

## <u>૪. રામ મંદિર : અયોધ્યામાં નવા નકશા પ્રમાણે 3 નવા મંડપનો વધારો કરાયો (ધર્મ)</u>

**<u>મંદિરની ભવ્યતા વિશે :</u>**

- ✓ **મંદિરમાં એક સાથે 10,000 લોકો સાથે ભગવાનના દર્શન કરી શકે તેવી વ્યવસ્થા**




**<u>મંદિરની ભવ્યતા વિશે :</u>**

- ✓ ઊચાઈ 161 ફૂટ      પહોળાઈ 235 ફૂટ
- ✓ લંબાઈ -360 ફૂટ      મંદિરની ઉપર ધજા 35 ફૂટ
- ✓ થાંભલા 318      દરેક લાઈનમાં 106 થાંભલા
- ✓ જમીનથી મંદિર 17 ફૂટ ઊચું
- ✓ 3 લાખ 75 હજાર ઘન ફૂટ પથ્થરનો સમાવેશ કરાશે
- ✓ રામ મંદિર માટે જૂની ડિઝાઇન 1985-86માં તૈયાર કરવામાં આવી હતી, ત્યારે હાલ શ્રદ્ધાળુઓની ભીડને જોતા મંદિરની ડિઝાઇનમાં વધારો કરવામાં આવ્યો છે.
- ✓ નવા ડિઝાઇન પ્રમાણે મંદિરમાં 3 નવા નૃત્ય મંડપ તૈયાર કરવામાં આવશે, 2 મંડપ આગળ અને 1 બાજુમા તૈયાર કરવામાં આવશે.
- ✓ સમગ્ર મંદિરમાં 3 લાખ 75 હજાર ઘન ફૂટ પથ્થરનો ઉપયોગ કરવામાં આવશે, જે પૈકી 70 હજાર ઘન ફૂટ પથ્થર પહેલાથી તૈયાર હતા.

✓ બીજા 3 લાખ ઘન ફૂટ પથ્થર બંસીપુરા થી માંગવામાં આવશે.

**મંદિરમાં ચોક્કસ 20 ફૂટની જગ્યામાં ખાડો કરીને ભૂમિ પૂજન કરાશે**

✓ 5મી ઓગસ્ટ બપોરે 12.15 કલાકે રામ મંદિરની કોઈ ચોક્કસ જગ્યા નક્કી કરીને ભૂમિ પૂજન કરવામાં આવશે.

✓ ભૂમિ પૂજન એક જ અઠવાડિયા બાદ બંસીપુરાથી પથ્થરો મંગાવવામાં આવશે.

**મંદિરના 40 ફૂટ નીચેથી માટીના સેમ્પલ લેવાયાં હતાં**

✓ L એન્ડ T કંપની દ્વારા 1 અઠવાડિયા પહેલા મંદિરના દરેક જગ્યાની 40 ફૂટ નીચેથી માટીના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

✓ સોલેટ બેસીંગ કેપેસીટીના સેમ્પલ બાદ નક્કી કરાશે કે દરેક મંડપમાં પથ્થરનો ભાર કેટલો રાખવો.

✓ ત્યાર બાદ સમગ્ર મંદિરમાં કેટલું વજન રાખવું તે નક્કી કરવામાં આવશે.

✓ રામમંદિરના આર્કિટેક નિખિલ સોમપુરા

## ૫. ધ્રુવાસ્ત્ર મિસાઈલ : સફળ પરીક્ષણ (સંરક્ષણ)



**ધ્રુવાસ્ત્ર મિસાઈલ વિશે :**

✓ હેલિકોપ્ટરથી લોન્ચ થનારી 'નાગ' મિસાઈલ કોઈપણ ટેન્કને ઉડાવી શકે.

✓ **ગતિ** : 230 મીટર પ્રતિ સેકેન્ડ

✓ 8 કિલો વોરહેડ (દારૂગોળો) લઈ જઈ શકે

✓ **મારક ક્ષમતા** : 7 કિ.મી. **વજન** : 45 કિલો

✓ **લંબાઈ** : 19 મીટર **વ્યાસ** : 0.16 મીટર

✓ હવે આ મિસાઈલ 'ધ્રુવાસ્ત્ર' નામે ઓળખાશે

✓ ભારતમાં બનેલી ધ્રુવાસ્ત્ર એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે. તે 7 કિ.મી.ના દાયરામાં દુશ્મનની ટેન્કોને નિશાન બનાવી શકે છે.

✓ ભારતીય સેનાએ હેલિકોપ્ટરથી લૉન્ચ થઈ શકે એવી 'નાગ' મિસાઈલનું સફળ પરીક્ષણ કરીને સેનામાં સામેલ કરી છે.

✓ આ મિસાઈલનું પરીક્ષણ ઓડિશાના બાલાસોરમાં 15 અને 16 જુલાઈ-2020ના રોજ કરાયું હતુ.

✓ નાગ મિસાઈલ કોઈ પણ ટેન્કને ધ્વસ્ત કરવા સક્ષમ છે. તે ઉડાન ભર્યા પછી ઓપરેટરને સમગ્ર વિસ્તારની તસવીરો પણ મોકલે છે.


✓ **પરીક્ષણ : બાલાસોર, ઓડિશા**

## ૬. નેલ્સન મંડેલા પુરસ્કાર-૨૦૨૦ : મોરિસાના કોયેટ અને મારિઆના વર્દીનોયને UN દ્વારા 'નેલ્સન મંડેલા પુરસ્કાર'થી સન્માનિત

✓ ૧૮ જુલાઈ–આંતરરાષ્ટ્રીય 'નેલ્સન મંડેલાના દિવસે એવોર્ડ એનાયત.

## ૭. દિન વિશેષ : 22મી જુલાઇ

## ભારતીય તિરંગા દિવસ




✓ ભારતના વર્તમાન રાષ્ટ્રધ્વજ તિરંગાનો તારીખ ૨૨મી જુલાઇ-૧૯૪૭ના રોજ બંધારણસભા દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## ૮. દિન વિશેષ : ૨૦ જુલાઈ આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ

✓ દર વર્ષે ૨૦મી જુલાઇએ આંતરરાષ્ટ્રીય ચેસ ડેની ઉજવણી.

✓ વર્ષ ૧૯૨૪માં આ દિવસે ઇન્ટરનેશનલ ચેસ ફેડરેશનની સ્થાપના થઇ હતી.

✓ યુનેસ્કોના પ્રસ્તાવને માન આપીને ૧૯૬૬થી દર વર્ષે તેની ઉજવણી થાય છે.

✓ બૌદ્ધિક એવી આ રમતની શોધ કરનાર- ભારત.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૭-૨૦૨૦)

1. ગ્લોબલ વોર્મિંગ ઘટાડવાના લક્ષ્યાંક સાથે તાજેતરમાં સાયન્સ બેઝ્ડ ટાર્ગેટ ઈનિશિયેટિવ ઉપર હસ્તાક્ષર કરનાર ભારતના પ્રથમ પોર્ટનું નામ જણાવો - **અદાણી પોર્ટ**
2. પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટ અંતર્ગત SBIT ઉપર હસ્તાક્ષર કરનાર અદાણી વિશ્વનું કેટલામું છે - **7th**
3. પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટ અંતર્ગત SBIT ઉપર અદાણી પોર્ટની સાથે અન્ય કોને હસ્તાક્ષર કર્યા - **સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિમિટેડ**

4. SBIT કઈ કઈ સંસ્થાઓ સાથે ગ્લોબલ વોર્મિંગ ઘટાડવાના હેતુથી સાથે કાર્યરત છે - સીડીપી, યુનાઈટેડ નેશન્સ ગ્લોબસ કોમ્પેકટ, વર્લ્ડ રિસોર્સ ઈન્સ્ટિટયૂટ અને વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર
5. તાજેતરમાં 22 જૂલાઇ 2020ના રોજ ભારતમાં રોકાણ માટે અમેરિકા સાથે કઈ એક સમિટ યોજાઇ જેને વડાપ્રધાન શ્રી મોદી દ્વારા સંબોધન કરાયું - ઇન્ડિયા આઈડિયા સમિટ-2020
6. ઇન્ડિયા આઈડિયા સમિટ-2020નું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું - US-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ USIBC
7. "ઇન્ડિયા આઈડિયા સમિટ-2020"નો વિષય જણાવો - "બિલ્ડીંગ અ બેટર ફ્યુચર"
8. "ઇન્ડિયા આઈડિયા સમિટ-2020"માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં કયા સાત ક્ષેત્રમાં રોકાણ માટે અમેરિકન રોકાણકારોને આમંત્રણ આપ્યું - હેલ્થ, એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિફેન્સ-સ્પેસ, કૃષિ, વીમા, સિવિલ એવિયેશન
9. ભારતમાં સંરક્ષણ ક્ષેત્રે વિદેશી રોકાણની મર્યાદા કેટલા ટકા છે - 74%
10. ભારતમાં વીમા ક્ષેત્રે વિદેશી રોકાણની મર્યાદા કેટલા ટકા છે - 100 ટકા
11. તાજેતરમાં ભારતમાં સૌપ્રથમવાર સ્વદેશી ટેકનોલોજીથી કુલ 700 મેગાવોટ પરમાણુ ઊર્જા ઉત્પાદન પ્લાન્ટનો પ્રારંભ ક્યાં થયો - કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ
12. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ કયા જિલ્લામાં આવેલો છે - તાપી
13. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ ખાતે આગામી સમયમાં ક્યારે ચોથુ પરમાણુ રિએક્ટર શરૂ કરાશે- વર્ષે 2021
14. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટમાંથી ગુજરાતને કેટલા ટકા વીજળી મળશે - 50%
15. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટમાં અગાઉથી 2 યુનિટ કેટલા મેગાવોટ વીજળી ઉત્પાદન કરી રહ્યા છે - 220-220
16. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ ભારત સરકારની કઈ સંસ્થા દ્વારા ક્યારે સ્થાપવામાં આવ્યો છે - ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા:1984
17. કાકરાપાર એટોમિક પાવર પ્લાન્ટ ખાતે તાજેતરમાં 22 જુલાઈ 2020ના રોજ કયા યુનિટની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરાઇ - ત્રીજા
18. પરમાણુ ઊર્જાની બાબતમાં ક્રિટીકલનો અર્થ જણાવો - સ્થિર અને સલામત
19. ભારતમાં હાલ કુલ કેટલા પરમાણુ રિએક્ટર કાર્યરત છે - 22
20. ભારતમાં 22 જુલાઈ 2020ની સ્થિતિએ હાલ કાર્યરત પરમાણુ રિએક્ટરોમાં કુલ કેટલા મેગાવોટ વીજળી ઉત્પાદન કરવામાં આવે છે - 6780 મેગાવોટ
21. આગામી સમયમાં ભારત કુલ કેટલા મેગાવોટ પરમાણુ ઊર્જા મેળવવાનું લક્ષ્યાંક ધરાવે છે - 9000 મેગાવોટ
22. ભારતમાં હાલની સ્થિતિ કુલ કેટલા નવા પરમાણુ રિએક્ટર નિર્માણાધીન છે - 09
23. નવા નિર્ણય મુજબ રામ મંદિર અયોધ્યામાં મંદિરની ઉંચાઇ કેટલા ફૂટ રાખવામાં આવશે - 161 ફૂટ
24. નવા નિર્ણય મુજબ રામ મંદિર અયોધ્યામાં એક સાથે કેટલા લોકો દર્શન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાશે - 10,000
25. જુલાઈ-૨૦૨૦માં ભારતીય સેના દ્વારા કઈ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું - ધ્રુવાસ્ત્ર
26. ભારતની હેલિકોપ્ટરથી લોન્ચ થનારી કઈ મિસાઈલ કોઈપણ ટેન્કને ઉડાવી શકવા સક્ષમ છે - 'નાગ'
27. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલની પ્રતિ સેકેન્ડની ગતિ ક્ષમતા જણાવો - 230 મીટર
28. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલ તેની સાથે કેટલો વોરહેડ (દારૂગોળો) લઈ જઈ શકે છે - 8 કિલો
29. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલની મારક ક્ષમતા જણાવો - 7 કિ.મી.
30. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલનો વજન જણાવો - 45 કિલો
31. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલ લંબાઈ-વ્યાસ જણાવો - 19 મીટર તથા 0.16 મીટર
32. ભારતમાં બનેલી એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલનું નામ જણાવો - ધ્રુવાસ્ત્ર
33. ધ્રુવાસ્ત્ર મિસાઈલનું પરીક્ષણ કયારે કરવામાં આવ્યું - 15 અને 16 જુલાઈ-2020
34. તા.15 અને 16 જુલાઈ-2020ના રોજ ધ્રુવાસ્ત્ર મિસાઈલનું પરીક્ષણ ક્યા સ્થળેથી કરાયુ – બાલાસોર(ઓડિશા)
35. આફ્રિકાના ગાંધી તરીકે ઓળખાતા નેલ્સન મંડેલાની યાદમાં પ્રતિ વર્ષ કયો પુરસ્કાર આપવામાં આવે છે - નેલ્સન મંડેલા પુરસ્કાર

36. નેલ્સન મંડેલા પુરસ્કાર-૨૦૨૦થી કોને સન્માનિત કરવામાં આવ્યા - **મોરિસાના કોયેટ અને મારિઆના વર્દીનોય**

37. પ્રતિ વર્ષ કયા દિવસે અને કોના દ્વારા નેલ્સન મંડેલા પુરસ્કાર આપવામાં આવે છે – **18 જુલાઈ તથા UN**

38. ભારતીય તિરંગા દિવસ કયારે મનાવવામાં આવે છે - **22મી જુલાઇ**

39. પ્રતિ વર્ષ 22મી જુલાઇના રોજ શા માટે ભારતીય તિરંગા દિવસ મનાવવામાં આવે છે - **ભારતના વર્તમાન રાષ્ટ્રધ્વજ તિરંગાનો ૨૨મી જુલાઇના રોજ બંધારણસભા દ્વારા સ્વીકાર કરાયો હતો**

40. આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **20મી જુલાઇ**

41. ઇન્ટરનેશનલ ચેસ ફેડરેશનની સ્થાપના કયા વર્ષે થઇ હતી – **વર્ષ-1924**

42. યુનેસ્કોના પ્રસ્તાવને માન આપીને ક્યારથી પ્રતિ વર્ષે આંતરરાષ્ટ્રીય ચેસ દિવસની ઉજવણી થાય છે – **વર્ષ-1966**

43. પ્રચંડ બુદ્ધિ માગી લેતી રમત ચેસની શોધ ક્યાં દેશમાં થઈ હતી – **ભારત**

DATE : 23-07-2020

## ૧. કોવિડ-19 : વેસ્ટના નિકાલ માટે નવી માર્ગદર્શિકા જાહેર (આરોગ્ય)

**કોવિડ-૧૯ના વેસ્ટના નિકાલ માટે નવી ગાઈડલાઈન :**

1. ઉપયોગમાં લેવાયેલા માસ્ક નિકાલ કરતાં પહેલાં કાપીને એક પેપર બેગમાં ૭૨ કલાક મૂકી રાખવાના રહેશે
2. હોસ્પિટલો અને મેડિકલ સંસ્થાનો ઉપરાંત મોલ અને ઓફિસો જેવા વ્યાવસાયિક સંસ્થાનોએ પણ આ ગાઇડલાઇન અનુસરવી પડશે
3. મોલ, ઓફિસ વગેરેમાં જનરલ પબ્લિક દ્વારા છોડાયેલા પીપીઇ ૩ દિવસ અલગ કચરાપેટીમાં રાખવા
4. પીપીઇના નિકાલ પહેલાં તેને કાપી નાખવા પડશે જેથી તેનો અન્ય ઉપયોગ થાય નહીં
5. કોરોના સંક્રમિત વ્યક્તિ દ્વારા તરછોડાયેલું ભોજન, પાણીની ખાલી બોટલ પેકેજિંગ મટિરિયલને અલગ બેગમાં ટાઇટ બાંધીને નિકાલ કરવો
6. બાયો મેડિકલ વેસ્ટ માટેની પીળા રંગની બેગનો ઉપયોગ જનરલ સોલિડ વેસ્ટ માટે કરવો નહીં

## ૨. હેમર મિસાઈલ : ચીન સામે લડવા રાફેલ ફાઈટર માટે હેમર મિસાઈલ તાત્કાલિક ખરીદાશે (સંરક્ષણ)




- ✓ રાફેલ ફાઇટર જેટને વધુ શક્તિશાળી બનાવવા માટે વાયુસેનાએ રાફેલને હેમર મિસાઇલથી સજ્જ કરવા માટે ઇમરજન્સી ઓર્ડર કર્યો છે.
- ✓ ૨૯ જુલાઇએ ફ્રાંસથી ભારતને ૫ રાફેલ મળશે. જ્યારે મીટિયર અને લોંગ રેન્જ સ્કાલ્પ જેવી અત્યાધૂનિક મિસાઇલ આ પહેલાં જ ભારતને મળી ગઇ છે.
- ✓ મીટિયર વિઝયુઅલ રેન્જથી આગળ પણ ટાર્ગેટ પાર પાડી શકે એવી ક્ષમતા ધરાવે છે.
- ✓ આ ખાસિયતને કારણે દુનિયામાં જાણીતી છે અને મીટિયર રેન્જ ૧૫૦ કિલોમીટરની છે.
- ✓ રાફેલ આવ્યા બાદ તેને સૈન્યમાં સામેલ કરવાની વિધિ ૨૦ ઓગષ્ટે કરવામા આવી છે.

**હેમર મિસાઈલની વિશેષતાઓ :**

- ✓ મૂળ બનાવટ : ફ્રાંસ
- ✓ હેમર (હાઇલી એજાઇલ મોડયુલર મ્યૂનિશન એક્સટેન્ટેડ રેન્જ) મીડિયમ રેન્જ મિસાઇલ છે.
- ✓ આકાશમાંથી જમીન પર હુમલો કરવા સક્ષમ.
- ✓ લદ્દાખ જેવા પહાડી વિસ્તારમાં પણ મજબૂતથી મજબૂત આશ્રય અને બંકરોને તબાહ કરી શકે છે.
- ✓ રેન્જ : ૬૦ થી ૭૦ કિલોમીટર

## 3. નિમણૂક : GCMMFના નવા ચેરમેન તરીકે શ્રી શામળજી પટેલની નિમણૂક વાઇસ ચેરમેન તરીકે શ્રી વાલમજી હુમ્બલ



- ✓ કાર્યકાળ 2.5 વર્ષ
- ✓ હાલની જવાબદારી શ્રી શામળભાઈ પટેલ, ચેરમેન, સાબરડેરી-હિંમતનગર
- ✓ શ્રી વાલમજી હુમ્બલ : સરહદ ડેરી-કચ્છ
- ✓ GCMMF - ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, આણંદ
- ✓ કુલ રૂ.38 હજાર કરોડનું વાર્ષિક ટર્ન ઓવર

**૪. ગુજરાત મત્સ્યઉદ્યોગ વટહુકમ-2020 (કાયદો)**

**ગુજરાત મત્સ્યઉદ્યોગ કાયદો-2003માં સુધારા વટહુકમ જાહેર**

**નવી જોગવાઇઓ :**

- ✓ આ સુધારાથી ગુજરાત બહારની ફિશિંગ બોટો સામે સીમા ઉલ્લંઘન બદલ રૂપિયા એક લાખ દંડ અને બોટમાં મળેલ મત્સ્ય પેદાશોની હરાજી કરીને જે રકમ મળે તેની પાંચ ગણી રકમ સરકાર વસૂલી શકશે.
- ✓ પાકિસ્તાન સિક્યુરિટી દ્વારા ભારતીય ફિશિંગ બોટના અપહરણ અટકાવવા કડક પગલા લેવાશે
- ✓ સુધારાથી મરીન પોલીસના PSI કે તેથી ઉપરના ગુજરાતના જળ વિસ્તારમાં માછીમારી કરતી કોઈ પણ પ્રકારની ફિશિંગ વેશલ્સ, બોટ, ક્રાફ્ટ, ડિપસી બોટ અથવા અન્ય કોઈ યાંત્રિક રચના કે મછવોની તપાસ અને જપ્તીની સત્તાઓ મળશે.
- ✓ રાજ્ય બહારની બોટો ગુજરાતના દરિયાઇ વિસ્તારમાં માછીમારી કરતી પકડાશે તો તેને દંડિત કરવા, બોટમાંથી મળેલી મત્સ્યની હરાજી કરતા જે રકમ મળે તેથા પાંચ ગણી રકમ વસૂલાવા માટે સ્થાનિક સત્તાક્ષેત્રના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા શિક્ષાત્મક સજા થશે.
- ✓ અગાઉ આ કાયદામાં દંડની કોઈ જ જોગવાઈ નહોતી.
- ✓ આ સુધારાથી બીજા રાજ્યના માછીમારોથી ગુજરાતના માછીમારોને થતુ નુકશાન અટકશે.
- ✓ ગૃહ રાજ્ય મંત્રી : શ્રી પ્રદિપસિંહ જાડેજા

**૫. ગૌરવ :ગુજરાતમાં સૌપ્રથમવાર આદ્યશક્તિપીઠ અંબાજી મંદિરને શ્રેષ્ઠ સંચાલન માટે ISO-9001 પ્રમાણપત્ર અપાયું (વહીવટ-ધર્મ)**

**માપદંડ**

- ✓ મંદિર પરિસરના સુઆયોજિત સંચાલન, ગબ્બર પરની સુવિધાઓ, પ્રસાદ-અન્ય ખાદ્યસામગ્રી તેમજ યાત્રા નિવાસ સગવડતાઓના સરળ સંચાલન સાથે અંબાજી વિસ્તારમાં ટ્રસ્ટ દ્વારા હાથ ધરાતી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલન અને સેવાકીય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**સંસ્થા :**

- ✓ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર સ્ટાન્ડેડાઈઝેશન ISO એ યુ.કે. બેઝ્ડ સંગઠન છે.
- ✓ જે તે સંસ્થા સંગઠનોને તેની ગુણવત્તાયુક્ત સેવાઓ, પર્યાવરણ જાળવણીના ઉપાયો, સુરક્ષા સલામતીની બાબતોના મુલ્યાંકનના આધારે ISO સર્ટિ. માટે પસંદગી કરે છે.
- ✓ જે 3 વર્ષ માટે માન્ય રહેશે.
- ✓ દર વર્ષે સર્વેલન્સ ઓડીટ દ્વારા જે તે સુવિધાઓની ગુણવત્તામાં સુધારાની ચકાસણી થતી હોય છે.
- ✓ યાત્રાધામ વિકાસમંત્રી – શ્રી દિલીપકુમાર ઠાકોર
- ✓ યાત્રાધામ વિકાસ રાજયમંત્રી – શ્રી વિભાવરીબહેન દવે

**૬. મણિપુર વોટર પ્રોજેક્ટ : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રોજેક્ટનું ઈ-શિલાન્યાસ (જળ વ્યવસ્થાપન)**

**પ્રોજેક્ટ અંગે રૂ. 3054 કરોડના ખર્ચે 2.80 લાખ ઘરને નળ જોડાણ મળશે**

**લક્ષ્યાંક :**

- ✓ વર્ષ-2024 સુધીમાં 'જળ જીવન મિશન'થી ગ્રામીણ વિસ્તારમાં દરેક ઘર સુધી પીવાનું પાણી આપવાનો લક્ષ્યાંક

**સિદ્ધિ :**

- ✓ માર્ચ-2019 સુધીમાં ગ્રામીણ વિસ્તારોના 18.33 ટકા ઘરો સુધી નળ જોડાણ અપાયા
- ✓ મણિપુરના મુખ્યમંત્રી:શ્રી એન. બિરેન સિંહ
- ✓ રાજ્યપાલ : નજમા હેપ્તુલ્લા
- ✓ રાજધાની : ઈમ્ફાલ

**૭. વાઈરસ સામે લડનાર એન્ટીબોડી કેવી રીતે તૈયાર થાય છે (આરોગ્ય)**



શરીરમાં બનતા એન્ટિબોડીઝ એક પ્રકારનું પ્રોટીન છે અને વાઈરસની સામે લડીને આપણને સ્વસ્થ રાખે છે.

**એન્ટિબોડી એટલે શું ?**

✓ એન્ટિબોડી અંગ્રેજીના 'વાય' આકારના પ્રોટીન હોય છે, જે એક પ્રકારની શ્વેત રક્ત કોશિકાઓ છે.

✓ એન્ટિબોડીને ઈમ્યુનોગ્લોબુલિન પણ કહે છે. બેક્ટરિયા કે વાઈરસ (પેથોજન) જ્યારે શરીરમાં પ્રવેશે છે, તો ઈમ્યુન સિસ્ટમ (ઈમ્યુનોગ્લોબુલિન પ્રોટીન) તેની સામે લડે છે અને એન્ટિબોડી તૈયાર કરે છે. જેને શરીરના ગેટકીપર પણ કહેવાય છે.

૮. જન્મ દિન વિશેષ : 23 જુલાઈ

ભારતીય રાષ્ટ્રવાદનો અરુણોદય : લોકમાન્ય ટિળક

જન્મ – 23 જુલાઈ-1856 અવસાન – 1 ઓગષ્ટ-1920

✓ આપણા દેશમાં આઝાદી વિશે જાહેરમાં બોલવું એ રાજદ્રોહ સમાન હતું ત્યારે "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ" જેવા સૂત્ર દ્વારા દેશમાં આઝાદીની ચેતના જગાવનાર બાળ ગંગાધર ટિળકનો આજે જન્મદિવસ.




મહારાષ્ટ્રમાં નેતાઓની ખાણ ગણાતા રત્નાગિરિ જિલ્લામાં જન્મેલા ટિળક બી.એ, એલ.એલ.બી થયા પણ વકીલાત ન કરતા જીવન દેશસેવા માટે સમર્પિત કર્યું હતું.

✓ "કેસરી" અને "મરાઠા" જેવા સામયિકો ચલાવી અને ગણપતિ ઉત્સવ અને શિવાજી જયંતી જેવા પસંગો ઊજવવાની શરૂઆત કરી મહારાષ્ટ્ર અને ભારતમાં રાષ્ટ્રીય અસ્મિતાનો પાયો નાંખ્યો હતો.

✓ 'ગીતા રહસ્ય' અને 'આર્કિટિક હોમ ઓફ વેદાઝ' જેવા પુસ્તકો લખ્યા. 1897માં રેન્ડ અને આર્યસ્ટનના ખૂન પાછળ તેમના લખાણો કારણભૂત હોવાનું જણાવી ટિળકને 18 માસની સજા કરવામાં આવી હતી. તે પછી સમગ્ર દેશભરમાં તેમની પ્રચંડ લોકપ્રિયતા ઊભી થઇ હતી.

✓ ગુજરાતમાં પણ તેમના સેંકડો અનુયાયીઓ હતા.

✓ નેતા તરીકે ટિળકનું માનવું હતું કે નેતાએ ક્યારેય સભાઓમાં સમયસર ન જવું જોઈએ કારણકે લોકો નેતાઓને જેટલું માન આપે છે તેટલું કોઈને પણ આપતા નથી.

✓ 1914માં હોમરુલ લીગની સ્થાપના કરનારા આ ઝુઝારું નેતા લોકમાન્ય ટીળકનું 1920માં અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૭-૨૦૨૦)

1. કોરોના-19ના વેસ્ટ નિકાલ માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન મુજબ ઉપયોગમાં લેવાયેલ માસ્કને કાપીને કેટલા કલાક સુધી પેપર બેગમાં મૂકી રાખવાનો રહેશે - 72 કલાક
2. કોરોના અંગે વેસ્ટ નિકાલની કેન્દ્રની નવી ગાઇડલાઇન પ્રમાણે સામાન્ય લોકો દ્વારા ઉપયોગ કરાયેલ PPE કિટને કેટલા દિવસ સુધી કચરાપેટીમાં અલગ મૂકી રાખવાનો રહેશે - 3 દિવસ
3. ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા તાત્કાલિક ધોરણે રાફેલ ફાઈટર માટે ઉપયોગમાં લેવાનાર "હેમર મિસાઈલ"કયા દેશ પાસેથી ખરીદવામાં આવશે - ફ્રાંસ
4. "HEMER"નો અર્થ જણાવો - હાઈલી એજાઈલ મોડ્યુલર મ્યુનિશન એક્સટેન્ડેડ રેન્જ
5. "હેમર મિસાઈલ"ની રેન્જ જણાવો -60-70 કિલોમીટર
6. "હેમર મિસાઈલ"ની મારક ક્ષમતા જણાવો - લદાખ જેવા પહાડી વિસ્તારમાં પણ મજબૂત બંકર તબાહ કરવા સક્ષમ
7. તાજેતરમાં ગુજરાતમાં GCMMFના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરાઈ - શામળજીભાઇ પટેલ
8. તાજેતરમાં ગુજરાતમાં GCMMFના નવા વાઈસ ચેરમેન તરીકે કોની નિમણૂક કરાઈ - શ્રી વાલમજી હુંબલ (સરહદ ડેરી, કચ્છ)
9. હિંમતનગરમાં આવેલી સાબરડેરીના ચેરમેનનું નામ જણાવો - શ્રી શામળજી પટેલ
10. નવા ચૂંટાયેલા GCMMFના ચેરમેન અને વાઇસ ચેરમેનનો કાર્યકાળ જણાવો - 2.5 વર્ષ
11. GCMMFનું વિસ્તૃત નામ જણાવો - ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન- આણંદ
12. તાજેતરમાં ગુજરાત મત્સ્ય ઉદ્યોગ વટહુકમ-2020 મુજબ ગુજરાત બહારની ફિશિંગ બોટ સામે સીમા ઉલ્લંઘન બદલ કેટલો દંડ અને મત્સ્ય પેદાશમાંથી કેટલી રકમ

વસુલ કરશે - **રૂ. 1 લાખ અને મત્સ્ય પેદાશની હરાજી કરી જે રકમ મળે તેની પાંચ ગણી**

13. ગુજરાતમાં સૌપ્રથમવાર કયા મંદિરને શ્રેષ્ઠ સંચાલન માટે પ્રતિષ્ઠિત ISO-9001:2015 પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે - **આદ્ય શક્તિપીઠ અંબાજી મંદિર**
14. ગુજરાતના યાત્રાધામ વિકાસ મંત્રીનું નામ જણાવો - **શ્રી દિલીપભાઈ ઠાકોર**
15. "નલ સે જલ" યોજના અંતર્ગત તાજેતરમાં "મણિપુર વોટર પ્રોજેક્ટનો" ઇ-શિલાન્યાસ કોના દ્વારા કરાયો - **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
16. મણિપુર વોટર પ્રોજેક્ટ પાછળ કેટલા કરોડના ખર્ચે અંદાજે 2.80 લાખ ઘરોને નળ જોડાણ આપવામાં આવશે - **રૂ. 3054 કરોડ**
17. કેન્દ્ર સરકાર દ્વારા કયા વર્ષ સુધીમાં "જળ જીવન મિશન" અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં દરેક ઘર સુધી પીવાનું પાણી આપવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - **વર્ષ 2024**
18. મણિપુરના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **એન. બિરેન સિંહ**
19. મણિપુરના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો - **નજમા હેપતુલ્લા**
20. વાયરસ સામે લડનાર એન્ટિબોડી કયા આકારના પ્રોટીન હોય છે - **અંગ્રેજીના-Y**
21. એન્ટિબોડી અન્ય કયા નામે ઓળખાય છે - **ઈમ્યૂનોગ્લોબુલિન**
22. લોકમાન્ય ટિળકનો જન્મદિવસ જણાવો - **23 જુલાઈ 1856**
23. "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ" આઝાદીની ચળવળમાં આ સૂત્ર કોના દ્વારા અપાયું હતું - **લોકમાન્ય ટિળક**
24. કેસરી અને મરાઠા જેવા સામયિકોનું મુખ્યત્વે કોણ ચલાવતું હતું - **લોકમાન્ય ટિળક**
25. મહારાષ્ટ્રમાં "ગણપતિ ઉત્સવ" અને "શિવાજી જયંતિ" જેવા ઉત્સવ ઉજવવાનો પ્રારંભ કોના દ્વારા કરાયો- **લોકમાન્ય ટિળક**
26. "ગીતા રહસ્ય" પુસ્તકના લેખકનું નામ જણાવો - **લોકમાન્ય ટિળક**
27. લોકમાન્ય ટિળકનું અવસાન ક્યારે થયું હતું - **01 ઓગસ્ટ 1920**

**DATE : 24-07-2020**

## ૧.ગુજરાતમાં આવેલા વિવિધ સરકારી વીજ પ્લાન્ટ અને તેની ઉત્પાદન ક્ષમતા (ઊર્જા)

| પ્લાન્ટ-યુનિટ | બળતણ | મે.વો.ક્ષમતા | સ્થાપના |
|---|---|---|---|
| 1. કચ્છ-3 | લિગ્નાઇટ | 75 | 31-3-97 |
| 2. ગાંધીનગર-૫ | કોલસા | 210 | 17-3-98 |
| 3. વણાકબોરી-૭ | કોલસા | 210 | 31-12-98 |
| 4. ધુવારણ-૧ | ગેસ | 107 | 28-1-04 |
| 5. ધુવારણ-૨ | ગેસ | 113 | 01-11-07 |
| 6. ઉતરાણ- એક્સ. | ગેસ | 375 | 08-11-09 |
| 7. કચ્છ-૪ | લિગ્નાઇટ | 75 | 20-12-09 |
| 8. ઊકાઈ-૬ | કોલસા | 500 | 8-6-13 |
| 9. ધુવારણ-3 | ગેસ | 375 | 21-5-14 |
| 10.સિક્કા-3 | આ.કોલસા | 250 | 14-9-15 |
| 11. સિક્કા-૪ | આ.કોલસા | 250 | 28-12-15 |
| 12. ભાવનગર-૧ | લિગ્નાઇટ | 250 | 16-5-16 |
| 13. ભાવનગર-૨ | લિગ્નાઇટ | 250 | 27-3-17 |
| 14. વણાકબોરી | કોલસા | 800 | - |
| કુલ | | 3,840 | |

## ૨. કુંભાર સશક્તિકરણ યોજના (રોજગારી)

✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે નવી દિલ્હીથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કુંભાર સમુદાયના લોકોને વિદ્યુત ચાકનું વિતરણ કર્યું હતું

✓ ખાદી-ગ્રામોદ્યોગ આયોગ દ્વારા કાર્યરત કુંભાર સશક્તિકરણ યોજના હેઠળ ૧૦૦ જેટલા પ્રશિક્ષિત કારીગરોને આ વિદ્યુત ચાકનું વિતરણ કરાયું હતું

હેતુ :

✓ પ્રજાપતિ સમુદાયને આત્મનિર્ભર બનાવવાના હેતુથી વિદ્યુત ચાકનું વિતરણ

## 3. નિર્ણય : કેન્દ્ર સરકાર : જળ પરિવહનને પ્રોત્સાહન આપવા જળમાર્ગ વપરાશ શુલ્ક ત્રણ વર્ષ માટે માફ (દરિયાઈ વેપાર)

✓ જહાજ મંત્રાલયે, ભારત સરકારના અંતર્દેશીય જળમાર્ગ વપરાશના શુલ્ક ત્રણ વર્ષ માટે માફ કર્યા છે.

✓ અંતર્દેશીય જળમાર્ગને પૂરક, પર્યાવરણને અનુકૂળ અને સસ્તા પરિવહનના માધ્યમ તરીકે પ્રોત્સાહિત કરવાની નેમ સાથે તાત્કાલિક અસરથી જળમાર્ગ વપરાશ શુલ્ક માફ કરવાનો નિર્ણય લેવાયો છે.

હેતુ :

✓ કુલ કાર્ગો ટ્રાફિકના માત્ર ૨ ટકાનું જ જળમાર્ગથી પરિવહન થાય છે.

- ✓ જળમાર્ગ શુલ્ક માફ કરવાનો નિર્ણયને લીધે ઉદ્યોગોને તેમની લોજિસ્ટિક જરૂરિયાતો માટે રાષ્ટ્રીય જળમાર્ગનો ઉપયોગ કરવા તરફ આકર્ષિત કરશે.
- ✓ આ પરિવહનનું માધ્યમ પર્યાવરણને અનુકૂળ હોવાથી તે અન્ય પરિવહન માધ્યમો પરનું ભારણ ઘટાડશે અને ધંધામાં સરળતાને પ્રોત્સાહન આપશે.

**વર્તમાન દર :**

- ✓ ભારતીય જળમાર્ગ સત્તા (IWAI) અંતર્દેશીય કાર્ગો વહાણોને ચલાવા માટે કિ.મી. દીઠ કુલ રજિસ્ટર્ડ ટન દીઠ રૂ. ૦.૦૨ના દરે અને આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર ક્રૂઝ જહાજોને ચલાવવા કિ.મી. દીઠ કુલ રજિસ્ટર્ડ ટનદીઠ રૂ. ૦.૦૫ના દરે જળમાર્ગ વપરાશ શુલ્ક વસૂલ કરાય છે.
- ✓ કેન્દ્રીય જહાજ રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર) – શ્રી મનસુખ માંડવિયા

## ૪. સિદ્ધિ :ખેલકૂદ-એશિયન ગેમ્સ-૨૦૧૮

**ભારતને ચાર બાય ૪૦૦ મીટર મિક્સ રિલે એશિયન ગેમ્સ-૨૦૧૮ના સિલ્વર મેડલને સ્થાને હવે ગોલ્ડ મેડલ અપાયો**

- ✓ કારણ: ગોલ્ડ મેડલ વિજેતા બહેરીન ટીમનો ખેલાડી કેમી એડેકોયા ડોપિંગમાં પ્રતિબંધિત જાહેર થતા સંપૂર્ણ ટીમને ડિસક્વોલિફાય કરી દેવાને કારણે ગોલ્ડ મેડલ પરત લેવાયો

**અન્ય વિગત :**

- ✓ એઆઇયુએ એડેકોયાના પરિણામને રદ કરતાં અનુ રાઘવનને વિમેન્સ ૪૦૦ મીટર હર્ડલ રેસમાં ચોથા સ્થાનેથી અપગ્રેટ કરીને ત્રીજા ક્રમે મૂકવામાં આવી હતી જેના કારણે તેને બ્રોન્ઝ મળ્યો હતો.

**ભારતીય ટીમ**

- ✓ મોહમ્મદ અનસ, એમ આર પૂવમ્મા, હિમા દાસ અને અરોકિયા રાજિવની ભારતીય ટીમે ૩:૧૫:૭૧નો સમય હાંસલ કર્યો હતો અને ભારતીય ટીમ બહેરીન (૩:૧૧:૮૯) કરતાં પાછળ રહી હતી.
- ✓ જાકાર્તા ખાતે યોજાયેલી આ એશિયન ગેમ્સની અંતિમ રેસમાં અનુ રાઘવન ૫૬.૯૨ સેકન્ડના સમય સાથે ચોથા સ્થાને રહી હતી. આમ હવે ભારતના એશિયન ગેમ્સ ૨૦૧૮માં કુલ મેડલ્સની સંખ્યા ૨૦ની થઇ છે જેમાં આઠ ગોલ્ડ તથા નવ સિલ્વર મેડલ છે.

**મેડલ ટેલી - ભારત**

- ✓ ગોલ્ડ – ૦૮ સિલ્વર – ૦૯ બ્રોન્ઝ – 03
- ✓ કુલ – ૨૦

## ૫. અવસાન : નૃત્યાંગના - કોરિયોગ્રાફર અમલા શંકરનું કોલકત્તા ખાતે ૧૦૧ વર્ષે નિધન



**પરિચય :**

- ✓ તેઓ પ્રખ્યાત નૃત્ય નિર્દેશક અને કોરિયોગ્રાફર સ્વ. ઉદયશંકરનાં પત્ની હતાં.
- ✓ તેમણે ઉદયશંકર સાથે કલ્પના ફિલ્મમાં કામ કર્યું હતું.

**એવોર્ડ :**

- ✓ પ.બંગાળ સરકાર દ્વારા 2011માં તેમને બંગવિભૂષણ એવોર્ડથી સન્માનિત.

## ૬. નિર્ણય : ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી દ્વારા તા. ૧લી ઓક્ટોબર-૨૦૨૦થી મીઠાઈના ઉત્પાદન અને ઉપયોગની તારીખ ફરજિયાત (આરોગ્ય)

**નવી જોગવાઈ :**

- ✓ હવે તમામ મીઠાઈ વિક્રેતાઓ એ મીઠાઈના પેકેટ પર મીઠાઈ ક્યારે બની છે અને ક્યાં સુધી તેનો ઉપયોગ કરી શકાશે તે લખવું ફરજિયાત બનાવાયું છે.
- ✓ આવું નહીં કરનાર દુકાનદાર વિરુદ્ધ દંડ અને દુકાન પર તાળા મારવા સુધીની કાર્યવાહી પણ થઈ શકશે

## ૭. પથ્થલગડી ચળવળ શું છે (નકસલી પ્રવૃત્તિ)

પથ્થલગડી ચળવળ શું છે?

- ✓ ઝારખંડના ખૂંટી જિલ્લાનાં ગામોમાં ચાર વર્ષ પહેલાં પથ્થલગડી ચળવળે વેગ પકડ્યો હતો.
- ✓ પથ્થલગડી શબ્દ કોઈ મૃત વ્યક્તિની સમાધિ પર પથ્થર મૂકવાના આદિવાસી રિવાજમાંથી આવ્યો છે.
- ✓ આ રિવાજને ધ્યાનમાં રાખી ઝારખંડમાં આદિવાસી સમુદાયો મોટા પથ્થરો પર સંદેશા રજૂ કરે કરે છે, જેને પથ્થલગડી તરીકે ઓળખાય છે.
- ✓ જોકે તેઓ તેમના ઉદ્દેશો માટે હિંસક અને ગેરકાયદે રીતે આ રિવાજનો ઉપયોગ કરી રહ્યા છે.

**વિગત :**

- ✓ ગુજરાતમાં પથ્થલગડી ચળવળ ચલાવવા માટે આવેલા ઝારખંડના ખૂંટી જિલ્લાના બે સહિત ત્રણ નકસલવાદી

તાપીમાંથી એટીએસે ઝડપી પાડ્યા હતા. આ ત્રણમાં એક મહિલા નક્સલવાદીનો પણ સમાવેશ થાય છે.

- ✓ પકડાયેલા નકસલવાદીઓ સતીપતી સંપ્રદાયના લોકોમાં હિંસક ઉશ્કેરણી કરી રહ્યા હતા.
- ✓ ATSની ટીમે તેમના ઘરમાં તપાસ કરતા નકસલી પ્રવૃત્તિની સામગ્રી તથા મોબાઈલ અને લેપટોપ મળી આવ્યા હતા.
- ✓ તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કટાસવણ ગામેથી ગુજરાત એટીએએસ (એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ)એ મૂળ ઝારખંડના બે સહિત ત્રણ નક્સલીને ઝડપી પાડ્યાં.
- ✓ પકડાયેલા નકસલવાદી બિરસા અને સામુ રાજ્યમાં પથ્થલગડી વિચારધારાનો પ્રચાર કરવા માટે પૈસા એકત્રિત કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.
- ✓ તેઓ પથ્થલગડી આંદોલન પદ્ધતિ અપનાવી સ્થાનિક આદિવાસીઓને સરકાર વિરુદ્ધ ઉશ્કેરતા હતા.

## ૮. નિર્ણય : ભારતીય સેનામાં મહિલા અધિકારીઓના સ્થાયી કમિશનને અધિકૃત મંજૂરી – રક્ષા મંત્રાલય, ભારત સરકાર (સંરક્ષણ)

- ✓ સેનામાં પુરુષ અધિકારીઓની જેમ જ જુદાં જુદાં મહત્વના પદો પર મહિલા ઓફિસરો તૈનાત થઇ શકશે.
- ✓ ગત ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાના પાંચ મહિના બાદ ભારતીય સેનામાં મહિલાઓના અધિકાર મામલે કેન્દ્ર સરકારે આદેશ જાહેર કર્યો છે.
- ✓ સરકારની મંજૂરી બાદ ભારતીય સેનામાં મહિલા અધિકારીઓ મોટી ભૂમિકામાં જોવા મળશે.
- ✓ આ આદેશ અનુસાર મહિલા અધિકારીઓને આર્મી એર ડિફેન્સ, સિગ્નલ, એન્જિનિયર્સ, આર્મી એવિએશન, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયર્સ, આર્મી સર્વિસ કોર, આર્મી ઓર્ડિનન્સ કોર અને ઇન્ટેલિજનિસ કોર એમ ભારતીય સેનાની ૧૦ સ્ટ્રીમમાં સ્થાયી કમિશન મળવાપાત્ર છે.
- ✓ ઉપરાંત જજ અને એડવોકેટ જનરલ તેમજ આર્મી એજ્યુકેશન કોરને પણ આ સુવિધા મળશે.
- ✓ પરમેનન્ટ કમિશન સિલેક્શન બોર્ડ દ્વારા મહિલા અધિકારીઓને તૈનાત કરવામાં આવશે

**સ્થાયી કમિશન એટલે શું :**

- ✓ કોઇ અધિકારી નિવૃત્તિની ઉંમર સુધી સેનામાં કામ કરી શકે છે અને નિવૃત્ત થયા બાદ પેન્શનના પણ હકદાર બને છે.
- ✓ આ અંતર્ગત શોર્ટ સર્વિસ કમિશનમાં કામ કરતા અધિકારીઓ પણ સ્થાયી કમિશનમાં આવી શકે છે.
- ✓ શોર્ટ સર્વિસ કમિશન અંતર્ગત તૈનાત અધિકારીઓને ૧૪ વર્ષની સેવા બાદ નિવૃત્ત કરી દેવામાં આવે છે અને તેમને એ પછી પેન્શન પણ નથી મળતું.
- ✓ આ પહેલા મહિલાઓ માત્ર ૧૦ વર્ષ સુધી જ નેવીમાં સેવા આપી શકતી હતી.
- ✓ હકીકતમાં સેનામાં અધિકારીઓની ખોટ પૂરી કરવા માટે શોર્ટ સર્વિસ કમિશનની શરૂઆત થઇ હતી જે અંતર્ગત પુરુષ અને મહિલા બંનેની ભરતી કરવામાં આવતી હતી.
- ✓ પરંતુ સ્થાયી કમિશન માટે માત્ર પુરુષ અધિકારીઓ જ અરજી કરી શકતા હતાં.

## ૯. દિન વિશેષ : 23 જુલાઈ-1927 રાષ્ટ્રીય પ્રસારણ દિવસ




NATIONAL BROADCASTING DAY: JULY 23

- ✓ ભારતીય રેડિયો પ્રસારણ સેવાનો પ્રારંભ

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૭-૨૦૨૦)**

1. ગુજરાતમાં કેટલા વિવિધ સરકારી વીજ પ્લાન્ટ આવેલા છે - **14**
2. ગુજરાતમાં આવેલા સરકારી વીજ પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલા મેગાવોટ છે - **3840 મેગાવોટ**
3. ગુજરાતમાં કોલસા બળતણ આધારિત વીજ પ્લાન્ટ કયા કયા આવેલા છે - **ગાંધીનગર, વણાકબોરી કુલ-2, ઉકાઇ, સિક્કા-3, સિક્કા-4**
4. ગુજરાતમાં ગેસ બળતણ આધારિત વીજ પ્લાન્ટ કયા કયા આવેલા છે - **ધુવારણ 1,2 અને 3 અને ઉતરાણ**
5. ગુજરાતમાં લિગ્નાઇટ બળતણ આધારિત વીજ પ્લાન્ટ કયા કયા આવેલા છે - **કચ્છ-3 અને 4, ભાવનગર 1 અને 2**
6. તાજેતરમાં ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં કઈ યોજના અંતર્ગત પ્રજાપતિ સમાજના પ્રશિક્ષિત કારીગરોને આત્મનિર્ભર બનાવવા 100 જેટલા વિદ્યુત ચાકનું વિતરણ કરાયું - **કુંભાર સશક્તિકરણ યોજના**
7. કેન્દ્ર સરકારના શિપિંગ મંત્રાલય દ્વારા જળ પરિવહનને પ્રોત્સાહન આપવા કેટલા વર્ષ માટે જળ માર્ગ વપરાશ શુલ્ક માફ કરવામાં આવ્યું છે - **3 વર્ષ**

8. હાલમાં ભારતમાં કુલ કાર્ગો ટ્રાફિકના માત્ર કેટલા ટકા જ જળ માર્ગ પરિવહનથી થાય છે- 02%
9. તાજેતરમાં ભારતને એશિયન ગેમ્સ-2018ના ચાર બાય 400 મીટર મિક્સ રિલેમાં સિલ્વર સ્થાને હવે કયો મેડલ પ્રાપ્ત થયો - ગોલ્ડ
10. એશિયન ગેમ્સ-2018માં ચાર બાય 400 મીટર મિક્સ રિલેમાં કયા કયા ભારતીય ખેલાડીઓનો સમાવેશ થાય છે - મોહમ્મદ અનસ, એમ.આર.પૂવમ્મા, હિમા દાસ અને આરોકિયા રાજિવની
11. એશિયન ગેમ્સ-2018 કયાં યોજાઈ હતી - જાકાર્તા
12. એશિયન ગેમ્સ-2018માં તાજેતરમાં થયેલ અપડેટ બાદ ભારતને કયા કયા મેડલ પ્રાપ્ત થયા છે - ગોલ્ડ-08, સિલ્વર-09 અને બ્રોન્ઝ- 03
13. તાજેતરમાં કોલકત્તામાં 101 વર્ષે અવસાન પામેલ અમલા શંકરનું ક્ષેત્ર જણાવો - નૃત્યાંગના અને કોરિયોગ્રાફર
14. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી દ્વારા આગામી કઈ તારીખથી ભારતમાં મીઠાઈના ઉત્પાદન અને ઉપયોગની તારીખ ફરજિયાત કરાઈ છે - 01 ઓક્ટોબર 2020
15. ભારતમાં નક્સલી પ્રવૃત્તિ સાથે જોડાયેલ પથ્થલગડી ચળવળએ કયા રાજ્યમાં વેગ પકડ્યો છે - જિલ્લા- ખૂંટી, ઝારખંડ
16. ભારતીય સેનામાં મહિલા અધિકારીઓના સ્થાયી કમિશનને તાજેતરમાં અધિકૃત રીતે કોને મંજૂરી આપી છે - સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર
17. ભારતીય સેનામાં "સ્થાયી કમિશન" એટલે શું - કોઇપણ અધિકારી નિવૃતિની ઉંમર સુધી સિંહનો કામ કરી શકે અને નિવૃત્તિ બાદ પેન્શનના હકદાર પણ બને
18. ભારતીય સેનામાં શોર્ટ સર્વિસ કમિશન અંતર્ગત કેટલા વર્ષ બાદ અધિકારીઓને નિવૃત્ત કરી દેવામાં આવે છે -14 વર્ષ
19. ભારતીય સેનામાં સ્થાયી કમિશનના અમલથી મહિલાઓને કઈ કઈ સ્ટ્રીમમાં લાભ મળશે - આર્મી એર ડિફેન્સ, સિગ્નલ, એન્જિનિયર્સ, આર્મી એવિએશન, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયર્સ, આર્મી સર્વિસ કોર, આર્મી ઓર્ડિનન્સ કોર અને ઇન્ટેલિજનિસ કોર
20. ભારતમાં "રાષ્ટ્રીય પ્રસારણ દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે – 23 જુલાઈ
21. ભારતમાં રેડિયો પ્રસારણ સેવાનો પ્રારંભ ક્યારે થયો હતો જેને "રાષ્ટ્રીય પ્રસારણ દિવસ"તરીકે ઓળખાય છે - 23 જુલાઈ 1927

DATE : 25-07-2020

## ૧. નિર્ણય : શસ્ત્ર ખરીદી (સંરક્ષણ)

**ભારત દ્વારા US પાસેથી 1.8 અબજ ડોલરના ખર્ચે 6 લોન્ગ રેન્જ પોઝિડોન-8 (P-8) આઈ વિમાન ખરીદવાનો નિર્ણય**




- ✓ હાલમાં ભારતીય નૌકાદળમાં સામેલ P-8 આઇ વિમાનનો વ્યાપક ઉપયોગ.
- ✓ ભારતીય સેના અને નૌકાદળ અત્યારે હિંદ મહાસાગર અને પૂર્વ લદાખમાં સર્વેલન્સ માટે આ વિમાનનો ઉપયોગ કરી રહ્યાં છે.

**લોન્ગ રેન્જ પોઝિડોન-8 આઈ વિમાન વિશે :**

- ✓ આ વિમાન રડાર, ઇલેક્ટ્રો-ઓપ્ટિક સેન્સર્સ, હાર્પૂન બ્લોક-ટુ મિસાઇલ અને એમકે-૫૪ લાઇટવેઇટ ટોર્પિડોથી સજ્જ.
- ✓ ભારતીય નેવીએ જાન્યુઆરી ૨૦૦૯માં અમેરિકાની બોઇંગ કંપની સાથે ૮ નંગ P-8 આઇ વિમાનની ખરીદી કરવા માટે ૨.૧ અબજ ડોલરનો કરાર કર્યો હતો. જે હાલ નૌકાદળમાં સામેલ થઈ ચૂક્યાં છે.
- ✓ જુલાઈ ૨૦૧૬માં ભારતે વધુ વિમાનો માટે ૧.૧ અબજ ડોલરનો કરાર કર્યો હતો તે અંતર્ગત ૪ P-8 આઇ વિમાન ડિસેમ્બર મહિનામાં ભારત આવી પહોંચશે.

**નિકાસ નિયંત્રણો હળવા બનતાં ભારતને મોટો લાભ થશે**

- ✓ અમેરિકાએ ૮૦૦ કિમી પ્રતિ કલાક સુધીની ઝડપ ધરાવતા અનમેન્ડ એરિયલ વ્હિકલ (યુએવી)ની નિકાસ પરના પ્રતિબંધ હળવા બનાવતાં ભારતને મોટો લાભ થશે.
- ✓ ભારત હવે અમેરિકા પાસેથી પ્રિડેટર-બી અને ગ્લોબલ હોંક સર્વેલન્સ ડ્રોન સરળતાથી મેળવી શકશે.
- ✓ આ બંને ડ્રોન ૮૦૦ કિમી પ્રતિ કલાક કરતાં ઓછી ઝડપ ધરાવે છે.

- ✓ ચીન અત્યારે પાકિસ્તાન, યમન અને લિબિયાને વિંગ લૂંગ ડ્રોન પૂરાં પાડી રહ્યો છે.
- ✓ આ ડ્રોન ૧,૦૦૦ કિલોગ્રામ બોંબ અથવા એર ટુ સરફેસ મિસાઇલનું વહન કરી શકે છે.
- ✓ US પાસેથી અન્ય 6 પ્રિડેટર-B વેપનાઈઝ્ડ ગાર્ડિયન ડ્રોન ખરીદાશે

૨.પંજાબ 2020 રેફરેન્ડમ(વૈશ્વિક સંબંધો)

**કેનેડા દ્વારા ભારતમાં પંજાબમાંથી અલગ ખાલિસ્તાનની માંગણી કરતો પંજાબ 2020 રેફ રેન્ડમ ફગાવાયો**

- ✓ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની સરકારે અલગ ખાલિસ્તાન રાજ્યની માગણી કરતો પંજાબ-૨૦૨૦ રેફરેન્ડમ ફગાવ્યો હતો.
- ✓ કેનેડાનાં અલગતાવાદી અને ખાલિસ્તાન તરફી ગ્રુપ શીખ્સ ફોર જસ્ટિસ (SFJ) દ્વારા આ રેફરેન્ડમનું આ વર્ષનાં નવેમ્બરમાં આયોજન કરાયું હતું.
- ✓ કેનેડાની સરકારે તેને ફગાવતા ભારત માટે આ મોટી કૂટનીતિક જીત.
- ✓ કેનેડા ભારતની સંપ્રભુતા અને સાર્વભૌમત્વ, એકતા અને પ્રાદેશિક અખંડતાનું સન્માન કરે છે અને કેનેડાની સરકાર સૂચિત રેફરેન્ડમને માન્ય રાખતું નથી.

SFJ વિશે :

- ✓ SFJની સ્થાપના: વર્ષ 2007માં અલગતાવાદીઓ દ્વારા
- ✓ SFJ : શીખ્સ ફોર જસ્ટિસ
- ✓ રાજધાની : ટોરેન્ટો

3. UNનો અહેવાલ : કેરળ અને કર્ણાટકના ISના ગઢમાં 200 આતંકી સક્રિય (આતંકવાદ)

- ✓ IS : ઈસ્લામિક સ્ટેટ

**(૧) ભારતમાં ISની નવી શાખા વિલાયાર ઓફ હિન્દ**

- ✓ ગત વર્ષે 10 મેએ આઇએસએ તેની અમાક સમાચાર સંસ્થાના માધ્યમથી કહ્યું હતું કે તેની ભારતીય સહયોગી નવી શાખાનું નામ વિલાયાહ ઑફ હિન્દ (ભારત પ્રાંત) છે, જેના 180થી 200 સભ્ય છે.

**(૨) IS ભારતમાં નવો 'ગઢ' બનાવવાની જાહેરાત કરી ચૂક્યું છે :**

- ✓ ગત વર્ષે મેમાં ઇસ્લામિક સ્ટેટ (ISIS, ISIL અને દાએશ તરીકે પણ ઓળખાય છે) આતંકી સંગઠને ભારતમાં નવો પ્રાંત સ્થાપિત કરવાનો દાવો કર્યો હતો.
- ✓ આ કાશ્મીરમાં આતંકીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ બાદ અનોખી જાહેરાત.
- ✓ જમ્મુ-કાશ્મીરના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ તે દાવાને ફગાવી દીધો હતો.
- ✓ અગાઉ કાશ્મીરમાં આઇએસના હુમલાને તેની કથિત ખુરાસાન પ્રાંતીય શાખા સાથે જોડવામાં આવ્યા છે, જેની રચના 2015માં થઈ હતી અને જેનું લક્ષ્ય અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને આસપાસના ક્ષેત્ર હતા.

૪. સિદ્ધિ : VG 12-B (ભારતીય રેલવે)

**પ્રથમવાર ભારતમાં બનેલું સૌથી શક્તિશાળી સ્વદેશી એન્જિન VG 12-Bના સફરનો પ્રારંભ**

- ✓ ક્ષમતા : 12 હજાર H.P
- ✓ દિલ્હીથી રવાના થયેલું VG 12-B નામનું એન્જિન 25મી જુલાઈએ વહેલી સવારે 2:45 વાગ્યે ફુલેરા સ્ટેશન પહોંચ્યું.

**ભારત વિશ્વનો છઠ્ઠો દેશ :**

- ✓ આ સાથે ભારત 10 હજારથી વધુ હોર્સ પાવરના એન્જિન ધરાવનાર દુનિયાનો છઠ્ઠો દેશ બન્યો.

૫. ભારતીય રેલવે : અરવલ્લીની પર્વતમાળાને વિંધીને રેલવેએ હરિયાણામાં વિશ્વની પ્રથમ ડબલ કન્ટેનર ઈલેક્ટ્રિક ટનલ બનાવી

- ✓ હરિયાણામાં રેલવે દ્વારા દુનિયાની પ્રથમ ડબલ કન્ટેનર ઈલેક્ટ્રિક ટનલ બનાવાઈ.
- ✓ અરવલ્લીની પર્વતમાળાને વિંધીને એક કિલોમીટર લાંબી દુનિયાની પ્રથમ ઈલેક્ટ્રીફાઈડ રેલવે ટનલ તૈયાર, જેમાંથી બે માલગાડીઓ પસાર થઈ શકશે.
- ✓ પહાડીઓને કોતરીને બનાવેલા ભોંયરામાંથી ૧૦૦ કિ.મી.ની ઝડપે માલગાડી દોડશે.

ઈસ્ટર્ન કોરિડોર વિશે :

- ✓ ઈસ્ટર્ન કોરિડોર પશ્ચિમ બંગાળથી પંજાબના લુધિયાનાને જોડશે
- ✓ ૧૮૫૬ કિલોમીટર લાંબો કોરિડોર પશ્ચિમ બંગાળ ઉપરાંત ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબને જોડશે.
- ✓ બીજી તરફ વેસ્ટર્ન કોરિડોર ઉત્તર પ્રદેશના દાદરીથી મુંબઈના જવાહરલાલ નેહરુ પોર્ટ સાથે જોડાશે.
- ✓ ૧૫૦૬ કિલોમીટર લાંબો આ કોરિડોર હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર માટે ફાયદારૂપ બનશે.

✓ આ બંને કોરિડોર ૨૦૨૧ના અંત સુધીમાં પૂરા થાય તેવી શક્યતા છે.

**૬. કોરોના વાયરસ : ગુજરાતમાં કોરોનાના સૌથી ઘાતક લક્ષણ GH ક્લેડનું પ્રમાણ 51.8 ટકા નોંધાયું**

✓ IIM-GBRC દ્વારા ગુજરાતના 18 જિલ્લાઓમાં સર્વેક્ષણનું તારણ

**ક્લેડ એટલે શું ?**

**ગુજરાતમાં જોવા મળતો GH ક્લેડ શા માટે ઘાતક ?**

✓ દરેક વાયરસને એના પ્રોટીન સ્ટ્રકચર, સ્ટ્રીપ, ઘાતકતા વગેરે પ્રમાણે કેટેગરાઈઝ કરવામાં આવે છે.

✓ આ વિભાજન વાયરસને લગતા આગળના વૈજ્ઞાનિક અભ્યાસમાં મદદરૂપ નીવડે છે. ખાસ કરીને વાયરસની રસી બનાવવા માટે કે દાવાને લગતા સંશોધન માટે આ માહિતી જરૂરી બને છે.

✓ હાલની કોરોના વાયરસ એ જુના SARS cov ગ્રૂપનો જ નવા મેમ્બર છે. અને તેને પણ તેના માળખા પ્રમાણે અને અન્ય વિશેષતાઓ પ્રમાણે ૭ અલગ અલગ ભાગમાં વહેંચવામાં આવ્યો છે. જેને ક્લડ કહેવામાં આવે છે.

✓ તેને WHO દ્વારા S, V, L, G, GH, GR અને O એવા ૭ ક્લેડમાં વહેંચવામાં આવ્યો

✓ તેમાં GH પ્રકારનો ક્લેડ એ સૌથી ઘાતક અને ખતરનાક ક્લેડ છે જેનું ગુજરાતમાં જોવા મળતા કોરોના વાયરસના સેમ્પલમાં સૌથી ઊંચું ૫૧.૮ ટકા જેટલું પ્રમાણ છે.

✓ જેના લીધે ગુજરાતમાં મૃત્યુ દર ઘણો ઉંચો છે તેવું એક તથ્ય પણ સમજી શકાય છે.

✓ GBRC : ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર

✓ IIM : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ

**૭. જન્મ દિન વિશેષ : 25 જુલાઈ**

**ગુજરાતના લ્યૂથર કિંગ અને પત્રકાર : કરસનદાસ મૂળજી**

**જન્મ – 25 જુલાઈ-1832 અવસાન – 28 ઓગસ્ટ-1871**

✓ "ખીંચો ન કમાનો કો ન તલવાર ચલાઓ, જબ તોપ મુકાબીલ હો તબ અખબાર નીકાલો" પ્રસ્તુત કાવ્યપંકિત ગુજરાતી પત્રકારત્વમાં સિદ્ધ કરનાર કરસનદાસ મૂળજીનો આજે જન્મદિવસ.

✓ મુંબઇમાં જન્મેલા કરસનદાસે શિક્ષણ પણ મુંબઈમાં જ લીધું હતું.

✓ આ મહામાનવનું સ્મરણ ખાસ કરીને 1862માં થયેલા મહારાજ લાયબલ કેસ માટે થાય છે.

✓ 1855માં 'સત્યપ્રકાશ' નામનું સામયિક શરૂ કર્યું અને નામ પ્રમાણે પત્રકારત્વ ખેડ્યું. તત્કાલીન વૈષ્ણવ સંપ્રદાયમાં ચાલતી કુરીતિઓ સામે રીતસર અહાલેક જગાવી.

✓ તે મુદ્દે મુંબઇ હાઈકોર્ટમાં કેસ ચાલ્યો અને ધાર્મિક સત્તા સામે 30 વર્ષના યુવાનની તર્કબુદ્ધિવાદી અભિગમનો જ્વલંત વિજય થયો.

✓ મહારાજ લાયબલ કેસ સમગ્ર પશ્ચિમ ભારતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. અને કરસનદાસ ગુજરાતના અગ્રણી સુધારક તરીકે પ્રસ્થાપિત થયા હતા.

✓ 1862માં ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડ્યો અને સ્વાનુભવને આધારે "ઇંગ્લેન્ડમાં પ્રવાસ" નામનું સુંદર પ્રવાસ વર્ણન લખ્યું. જેનો મરાઠીમાં પણ અનુવાદ થયો છે.

✓ કરસનદાસે 'નીતિ સંગ્રહ' અને 'સંસાર સુખ' નામના પુસ્તકો પણ લખ્યાં છે.

✓ બહુશ્રુતતા, સૂક્ષ્મ અવલોકનશક્તિ અને વિગતવાર વિવરણ એ તેમના લેખનનો વિષય છે.

✓ કરસનદાસ મૂળજીનું 28 ઓગસ્ટ 1871ના રોજ અવસાન થયું હતું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૭-૨૦૨૦)**

1. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા અમેરિકા પાસેથી કયા 6 લોન્ગ રેન્જ વિમાન ખરીદવાનો નિર્ણય કરાયો છે - **P-8**
2. યુએસ બનાવટના P-8 આઈ વિમાનનું વિસ્તૃત નામ જણાવો - **પોઝિડોન-8**
3. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા અમેરિકા પાસેથી કેટલા ડોલરના ખર્ચે 6 લોન્ગ રેન્જ P-8 આઇ વિમાન ખરીદવાનો નિર્ણય કરાયો છે - **1.8 અબજ ડૉલર**
4. ભારતમાં હાલમાં કયા દળમાં કુલ આઠ P-8 આઈ વિમાન વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે - **નૌકાદળ**
5. ભારત સંરક્ષણના હેતુથી આગામી સમયમાં અમેરિકા પાસેથી અન્ય છ નંગ કયા ડ્રોન ખરીદશે - **પ્રિડેટર-B વેપનાઈઝ્ડ ગાર્ડિયન ડ્રોન**
6. તાજેતરમાં ભારતના સમર્થનમાં કયા દેશ દ્વારા પંજાબ 2020 રેફરેન્ડમ ફગાવી દેવામાં આવ્યો છે - **કેનેડા**
7. પંજાબ 2020 રેફરેન્ડમનો મુખ્ય હેતુ જણાવો - **ભારતના પંજાબમાંથી અલગ ખાલિસ્તાન દેશની માગણી**
8. SFJ ગ્રૂપ એટલે શું - **શિખ્સ ફોર જસ્ટિસ**

9. ભારતના પંજાબમાંથી અલગ ખાલિસ્તાન દેશની માગણી કેનેડામાં કોના દ્વારા કરવામાં આવે છે - **SFJ**
10. કેનેડા સરકારમાં પંજાબ 2020 રેફરેન્ડમ કોના દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો - SFJ
11. SFJની સ્થાપના અલગતાવાદીઓ દ્વારા કયા વર્ષમાં થઈ હતી - **2007**
12. તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલ UNના અહેવાલ મુજબ કયા રાજ્યમાં અંદાજે 200 જેટલા ISના આંતકીઓ સક્રિય છે – **કેરળ અને કર્ણાટક**
13. IS દ્વારા ભારતમાં કઈ નવી શાખા શરૂ કરાઇ છે - **વિલાયાર ઑફ હિન્દ**
14. આંતકવાદી સંગઠન ISનું વિસ્તૃત નામ જણાવો - **ઈસ્લામિક સ્ટેટ**
15. આંતકવાદી સંગઠન IS અન્ય કયા નામે ઓળખાય છે - **ISIS, ISIL અને દાએશ**
16. જુલાઈ-૨૦૨૦માં પ્રથમવાર ભારતમાં બનેલું કયુ સૌથી શક્તિશાળી સ્વદેશી એન્જિનના સફરનો પ્રારંભ થયો - **VG 12-B**
17. જુલાઈ-૨૦૨૦માં પ્રથમવાર ભારતમાં બનેલું સૌથી શક્તિશાળી સ્વદેશી એન્જિન VG 12-Bના સફરનો પ્રારંભ થયો તેની ક્ષમતા જણાવો - **12 હજાર H.P**
18. ભારતીય રેલ્વે કેટલા હોર્સ પાવરના એન્જિન ધરાવનાર દુનિયાનો છઠ્ઠો દેશ બન્યો - **10 હજારથી વધુ**
19. કઈ પર્વતમાળાને વિંધીને રેલવેએ હરિયાણામાં ડબલ કન્ટેનર ઈલેક્ટ્રિક ટનલ બનાવી – **અરવલ્લી**
20. ભારતીય રેલ્વે દ્વારા કયા રાજ્યમાં વિશ્વની પ્રથમ ડબલ કન્ટેનર ઈલેક્ટ્રિક ટનલ બનાવવામાં આવી – **હરિયાણા**
21. જુલાઈ-૨૦૨૦માં ભારતીય રેલ્વે દ્વારા અરવલ્લીની પર્વતમાળાને વિંધીને કેટલી લાંબી ઈલેક્ટ્રીફાઈડ રેલવે ટનલ તૈયાર કરી - **એક કિલોમીટર**
22. જુલાઈ-૨૦૨૦માં ભારતીય રેલ્વે દ્વારા હરિયાણામાં અરવલ્લીની પર્વતમાળાને વિંધીને તૈયાર કરાયેલી ઈલેક્ટ્રીફાઈડ ટનલમાંથી કેટલી માલગાડી કેટલી ઝડપે દોડી શકશે – **બે તથા ૧૦૦ કિ.મી.**
23. ભારતીય રેલ્વેનો ઈસ્ટર્ન કોરિડોર પશ્ચિમ બંગાળથી પંજાબના કયા સ્થળને જોડશે - **લુધિયાના**
24. વર્ષ-૨૦૨૧ પૂર્ણ થનાર ભારતીય રેલ્વેના ઈસ્ટર્ન કોરિડોરની લંબાઈ જણાવો - **૧૮૫૬ કિલોમીટર**
25. ભારતીય રેલ્વેનો ઈસ્ટર્ન કોરિડોર કયા રાજ્યોને જોડશે - **પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબ**
26. વર્ષ-૨૦૨૧ પૂર્ણ થનાર ભારતીય રેલ્વેના વેસ્ટર્ન કોરિડોરની લંબાઈ જણાવો - **૧૫૦૬ કિલોમીટર**
27. ભારતીય રેલ્વેનો વેસ્ટર્ન કોરિડોર કયા રાજ્યો માટે ફાયદારૂપ બનશે - **હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર**
28. ગુજરાતમાં કોરોના વાયરસના કયા ઘાતક લક્ષણનું સૌથી વધુ પ્રમાણ નોંધાયું - **GH ક્લેડ**
29. ગુજરાતમાં કોરોના વાયરસના ઘાતક GH ક્લેડ લક્ષણનું સૌથી વધુ કેટલું પ્રમાણ નોંધાયું - **51.8 ટકા**
30. ગુજરાતમાં કોના દ્વારા કરાયેલા સર્વેક્ષણમાં કોરોના વાયરસના ઘાતક GH ક્લેડ લક્ષણનું સૌથી વધુ પ્રમાણ નોંધાયું - **IIM-GBRC**
31. ગુજરાતમાં કોરોના વાયરસના ઘાતક GH ક્લેડ લક્ષણ સંદર્ભે IIM-GBRC દ્વારા કેટલા જિલ્લાઓમાં સર્વેક્ષણ કરાયું - **18 જિલ્લા**
32. કોઈ વાયરસની રસી બનાવવા માટે કે દાવાને લગતા સંશોધન માટે કઈ માહિતી જરૂરી બને છે – વાયરસના પ્રોટીન સ્ટ્રકચર, સ્ટ્રીપ, ઘાતકતા વગેરે માહિતી
33. હાલની કોરોના વાયરસ એ જુના કયા ગ્રૂપનો જ નવા મેમ્બર છે - **SARS cov**
34. વિશ્વ આરોગ્ય સંસ્થા WHO દ્વારા કોવિડ-૧૯ને કયા ૭ ક્લેડમાં વહેંચવામાં આવ્યો - **S, V, L, G, GH, GR અને O**
35. GBRCનું વિસ્તૃત નામ જણાવો - **ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર**
36. IIMનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ**
37. ગુજરાતના લ્યૂથર કિંગ અને પત્રકાર કરસનદાસ મૂળજીનો જન્મ દિવસ જણાવો – **25 જુલાઈ-1832**
38. ગુજરાતી સાહિત્યકાર-પત્રકાર કરસનદાસ મૂળજી 1862માં થયેલા કયા કેસથી જાણીતા બન્યા - **મહારાજ લાયબલ**
39. વર્ષ-1855માં પત્રકાર કરસનદાસ મૂળજીએ કયુ સામયિક શરૂ કર્યું હતુ - **'સત્યપ્રકાશ'**
40. કયો કેસ સમગ્ર પશ્ચિમ ભારતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો તેમજ તેને કારણે કરસનદાસ મુળજી ગુજરાતના અગ્રણી

સુધારક તરીકે પ્રસ્થાપિત થયા હતા - **મહારાજ લાયબલ કેસ**

41. કરસનદાસ મુળજી 1862માં ઇંગ્લેન્ડનો પ્રવાસ ખેડીને કયુ પ્રવાસ વર્ણન પુસ્તક લખ્યુ હતુ - **"ઇંગ્લેન્ડમાં પ્રવાસ"**

42. કરસનદાસ મુળજીનું પ્રવાસ વર્ણન પુસ્તક "ઇંગ્લેન્ડમાં પ્રવાસ"નો કઈ ભાષામાં અનુવાદ થયો છે – **મરાઠી**

43. કરસનદાસ મૂળજીનું અવસાન કયારે થયું હતું - **28 ઓગસ્ટ 1871**

DATE : 26-07-2020

૧. મન કી બાત : તારીખ 26મી જુલાઈ 2020 : 67મી આવૃત્તિ

**દર માસના છેલ્લા રવિવારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મન કી બાત**

૨. સોશિયલ મીડિયા (સમૂહ સંચાર)

**facebookનું નવું ફીચર ROOMS : ન્યૂ ટેક્નોલોજી**

**Facebook ROOMS કેવી રીતે કામ કરે છે?**

- ✓ દુનિયાના પાંચ અબજ કરતાં પણ વધુ લોકો આજે facebookનો ઉપયોગ કરે છે.
- ✓ facebook દ્વારા ૨૨મી જુલાઈ ૨૦૨૦ના રોજ એપ્લિકેશનમાં એક નવું અપડેટ આપવામાં આવ્યું છે.
- ✓ facebookનું વર્ઝન નંબર છે ૨૮૦.૦.૦.૪૮.૧૨૨ છે.
- ✓ જેમાં facebook દ્વારા એક ધમાકેદાર ફીચર રૂમ લોન્ચ કરવામાં આવ્યું છે.

**facebookના અપડેટ રૂમ શું છે ?**

- ✓ ૫૦૦૦ મિત્રો એક સાથે વીડિયો કોન્ફ્રન્સથી વાતચીત કરી શકો તેવું ફીચર છે.
- ✓ ટૂંકમાં facebook દ્વારા વીડિયો કોન્ફ્રન્સિંગની પહેલ માટે આપવામાં આવેલો અપડેટ જેને આપણે આજે રૂમના નામથી ઓળખીએ છીએ.

**facebook રૂમ લાવવાનો મુખ્ય આશય શું છે?**

- ✓ હાલ કોરોના મહામારીને કારણે આખું વિશ્વ અનલોક હોવા છતાં પણ લોક ડાઉનમાં છે, અને ખાસ કરીને વર્ક ફ્રોમ હોમ તથા ઓનલાઇન એજ્યુકેશન ચાલી રહ્યું છે.
- ✓ ઘણી બધી એક્ટિવિટી ઓનલાઇન ચાલી રહી છે તે સંદર્ભે ફેસબુક દ્વારા નવું અપડેટ આપવામાં આવ્યુ છે.
- ✓ નવા ફિચરના માધ્યમથી તમે દુનિયાના કોઈપણ વ્યક્તિ સાથે દુનિયાના કોઇપણ ખૂણામાં બેઠેલા તમારા મિત્ર સાથે કે તમારા બધા મિત્રો સાથે રૂમ ફીચરથી વીડિયો કોન્ફ્રન્સિંગ કરી શકો છો.

**facebook ROOMS કેવી રીતે કામ કરે છે?**

- ✓ જ્યારે ફેસબુકમાં આવેલા રૂમ આઇકોન ઉપર ક્લિક કરવામાં આવે છે ત્યારે તમને પૂર્વ નિર્ધારિત રીતે તમારું નામ તમારા ડીપી નીચે દેખાય છે, તમારું નામ અને રૂમ નીચે કુલ ત્રણ ઓપ્શન આપવામાં આવેલા છે

1. **ROOMS એક્ટિવિટી**

- ✓ રૂમ એક્ટિવિટીમાં ૨૫ એક્ટિવિટીની યાદી આપવામાં આવે છે. જે તમારે એક્ટિવિટીને અનુરૂપ ન હોય તો ત્યાં ન્યૂ ટેબ પણ અપાયુ છે. જેના દ્વારા તમે તમારી પોતાની નવી એક્ટિવિટી પણ ઉમેરી શકો છો.
- ✓ ત્યારબાદ એક્ટિવિટીમાં જે નામનું ફેસબુક એકાઉન્ટ હોય તેના નામનું પૂર્વ નિર્ધારિત રૂમ બનાવીને અપાય છે.
- ✓ તમે પ્રસંગોને અનુસાર તમારી રૂમ એક્ટિવિટીને પસંદ કરી શકો છો.

2. **WHO IS INVITED?**

- ✓ ફેસબુકના આ ફીચરે બાકીની તમામ વીડિયો કોન્ફ્રન્સથી એપ્લિકેશન ઊંઘ ઉડાડી દીધી છે. આ ફીચરમાં યુઝર કોને ઇન્વાઇટ કરી શકે તે પ્રશ્ન છે.
- ✓ જેના જવાબમાં ફેસબુક દ્વારા બે રેડિયો અપાયા છે, જેમાં પહેલું તમે ફેસબુકના બધા જ ફ્રેન્ડને ઇન્વાઇટ કરી શકો છો અને બીજું કોઈ ચોક્કસ પ્રકારના લોકોને જ તમે બોલાવી શકો છો.
- ✓ જેની પસંદગી યુઝર ફેસબુક ફ્રેન્ડ લિસ્ટમાંથી કરીને રૂમ મિટિંગમાં બોલાવી શકે છે.

3. **START TIME**

- ✓ આ ફીચર દ્વારા તમારે કઈ તારીખે કેટલા વાગે અથવા કેટલા સમયે તમારે તમારી રૂમ મિટિંગની શરૂઆત કરવાની છે તે પણ તમે નિર્ધારિત કરી શકો છો
- ✓ પરિણામે તમે તમારી નિર્ધારિત સમયે મિટિંગ નિર્ધારિત કરી શકો છો.

**શું રૂમ મિટિંગ સલામત છે ?**

- ✓ તમે તમારા પસંદગીના વ્યક્તિઓ જોડે મિટિંગ કરવા ઈચ્છો છો તે જ વ્યક્તિઓને મિટિંગમાં બોલાવી શકો છો. પરિણામે એ શ્રેષ્ઠ છે
- ✓ તમારા સિવાય બહારની કોઈપણ વ્યક્તિ મિટિંગને જોઈ શકતી નથી. જેથી તે સલામત છે.

## ૩. રેન્સમવેર : માલવેર કે વાઈરસ (સાઇબર ક્રાઇમ)

**રેન્સમવેર કેવી રીતે કામ કરે છે ?**

- ✓ રેન્સમવેર હુમલો કમ્પ્યૂટર પર થાય તો, મુખ્ય સાત પ્રકારની માહિતીને આપના કમ્પ્યૂટરમાં બ્લોક કરે છે.
- ✓ માય ડોક્યુમેન્ટ ફોલ્ડર, બેન્ક રિલેટેડ સોફ્ટવેર અથવા ફાઈલો, ક્રેડિટ કાર્ડની માહિતી, પાસવર્ડ પ્રકારની કોઈ ફાઇલ બનાવી હોય તો તે, ઇમેલ એકાઉન્ટ, આપણા કમ્પ્યૂટરમાં પ્રોટેક્ટ કરેલી અથવા Hidden કરેલી ફાઈલો અને બ્રાઉઝર પ્રકારની પ્રક્રિયાઓ.
- ✓ જો આપના કમ્પ્યૂટર ઉપર રેન્સમવેર હુમલો થાય તો તેને કાઢવા માટે રેન્સમવેર decrypt ટૂલનો ઉપયોગ કરવામાં આવે છે, જે ૯૦ ટકા સુધી તમારી ફાઈલોને રિકવર કરીને આપી શકે છે.

**રેન્સમવેર હુમલા મુખ્યત્વે ક્યાં થઈ શકે ?**

- ✓ સરકારી ઓફિસ, સંરક્ષણ સંસ્થાઓ, શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટી, બેન્કો બેન્કના એટીએમ, રેલવેના સોફ્ટવેર, એરપોર્ટના સોફ્ટવેર, સમાચાર સંસ્થાઓ સોના-ચાંદીના વેપારીઓ, દવાખાના, મીડિયા હાઉસ અને હોટેલો

**કમ્પ્યૂટરમાં રેન્સમવેર એટેકને ચકાસવાના ટૂલ્સ**

- ✓ ID રેન્સમવેર
- ✓ ક્રિપ્ટો શેરીફ રેન્સમવેર

## ૪. EMISAT : ભારતીય જાસૂસી ઉપગ્રહ (અવકાશ વિજ્ઞાન)

- ✓ નામ : કૌટિલ્ય
- ✓ DRDOના EMISAT ઉપગ્રહ દ્વારા ચીન અને પાકિસ્તાનની સરહદો પરની ગતિવિધિની માહિતી આપી

**EMISAT વિશે :**

- ✓ ભારતનાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઇઝેશનનો આ સેટેલાઇટ EMISAT ઇન્ટેલિજન્સ ઇનપુટ ભેગી કરવાનું કામ કરે છે.
- ✓ આમાં એક ELINT એટલે કે ઇલેક્ટ્રોનિક ઇન્ટેલિજન્સ સિસ્ટમ 'કૌટિલ્ય' લાગ્યું છે, જેની ખૂબી છે કે તે રક્ષા ક્ષેત્રની મહત્વની જાણકારીઓ ભેગી કરી શકે છે.
- ✓ સેટેલાઇટ હાલમાં અરૂણચાલ પ્રદેશની પાસે આવેલા તિબેટની ઉપરથી પસાર થયો છે જે ચીનની પીપલ્સ લીબરેશન આર્મીનાં કબજા હેઠળ છે.
- ✓ ઇસરો દ્વારા બનાવવામાં આવેલા EMISATની ELINT સિસ્ટમ દુશ્મનનાં વિસ્તારમાં ટ્રાન્સમિશન માટે ઉપયોગ થનારા રેડિયો સિગ્નલ્સને વાંચી શકે છે.

**પાકિસ્તાન પર પણ ભારતની બાજ નજર**

- ✓ આ પહેલા પણ ભારતનાં સેટેલાઇટ EMISATનાં ELINTએ પાકિસ્તાન નેવીનાં ઓર્મારા બેઝ (જિન્નાહ નેવલ બેઝ)ની ઉપર ચક્કર લગાવ્યા હતા.
- ✓ આ બેઝ વિશે કહેવામાં આવે છે કે અહીં ચીનનાં સહયોગથી પાકિસ્તાને સબમરીન ભેગી કરી રાખી છે.
- ✓ પાકિસ્તાન અને ચીન મળીને આગામી ઠંડી સુધી ભારતની વિરુદ્ધ કાશ્મીર અને લદ્દાખમાં બેવડી લડાઈ લડવાની તૈયારી કરી રહ્યા છે.

## ૫. સુપ્રીમ કોર્ટ : IT એક્ટની કલમ 66A રદ (બંધારણ)

**ચૂકાદો :**

- ✓ બંધારણના આર્ટિકલ ૧૯ એ હેઠળ દરેક નાગરિકને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર છે.
- ✓ આઈટી એક્ટની કલમ 66A મુજબ સોશિયલ મીડિયા પર વાંધાજનક લખનાર વ્યક્તિની ધરપકડ કરવાની સરકારની સત્તા હતી.
- ✓ છેલ્લા કેટલાક દિવસોમાં સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ કરવાને કારણે ઘણા લોકોને જેલમાં મોકલવામાં આવ્યા હતા.
- ✓ ફેસબુક પર ટિપ્પણી કરવા માટે મુંબઈની બે યુવતીઓને જેલ મોકલવામાં આવ્યા બાદ મામલો ગરમાયો હતો.
- ✓ જસ્ટિસ જે ચેલેમેશ્વર અને ન્યાયાધીશ રોહિંટન નરીમાનની ખંડપીઠે સરકાર દ્વારા કાયદાના દુરુપયોગ અંગે ચુકાદો આપ્યો.
- ✓ કોર્ટે કહ્યું કે આઇટી એક્ટ સ્પષ્ટ રીતે people's right to know અધિકારનું ઉલ્લંઘન કરે છે.
- ✓ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે આ કાયદો ખૂબ જ અસ્પષ્ટ છે. તે ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે.
- ✓ ખૂબ જ કડક નિર્ણય લેતા કોર્ટે આ કાયદાને ગેરબંધારણીય ગણાવ્યો છે.
- ✓ હવે આ કાયદા હેઠળ કોઈને પણ જેલમાં રાખવામાં આવશે નહીં.
- ✓ કોર્ટે માન્યું કે 66Aના કાયદાથી નાગરિકોના અભિવ્યક્તિના મૂળભૂત અધિકારનો ભંગ થાય છે.

**IT એક્ટની કલમ 66A શું છે ?**

- ✓ IT એક્ટની કલમ 66A મુજબ કમ્પ્યૂટર અથવા કોઈ અન્ય સંદેશાવ્યવહાર ઉપકરણ જેવા મોબાઇલ ફોન અથવા

ટેબલેટ દ્વારા "અપમાનજનક" સંદેશા મોકલવા માટેની શિક્ષાની વ્યાખ્યા છે.

✓ દોષિત ઠેરવવાથી વધુમાં વધુ ત્રણ વર્ષ જેલ અને પાંચ લાખ સુધીનો દંડની જોગવાઈ

**કલમ 66A જામીનપાત્ર છે ?**

✓ સોશિયલ નેટવર્ક સાઇટ્સ પર અપમાનજનક દ્રષ્ટિકોણ પોસ્ટ કરવાના મામલામાં મોટાભાગના કેસોમાં પોલીસે આઈપીસીની કલમ 153 અને 505ની સાથે આઇટી એક્ટની કલમ 66Aની પણ અરજી કરી શકે છે. જે જામીનપાત્ર ગુનો છે.

## ૬. દિન વિશેષ : 26મી જુલાઇ 21મો કારગિલ વિજય દિવસ : ઓપરેશન વિજય




✓ ભારત દર વર્ષની 26 જુલાઈએ કારગિલ વિજય દિવસ ઉજવે છે.

✓ 26 જુલાઈ 1999ના રોજ ભારતે પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધમાં 'ઓપરેશન વિજય' સફળ થયાની ઘોષણા કરી હતી.

✓ 'ઓપરેશન વિજય' અંતર્ગત ભારતીય સૈનિકોએ ઘૂસણખોર પાકિસ્તાની સૈનિકો પર બહાદૂરીભર્યું આક્રમણ કરીને હાલના કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના કારગિલ જિલ્લાની મુસ્કોહ વેલીમાં આવેલા ઝુલૂ ટોપ સ્થળને ફરી પોતાના કબજામાં મેળવી લીધું હતું.

✓ એ યુદ્ધ 60 દિવસો સુધી ચાલ્યું હતું. એ યુદ્ધમાં બંને દેશે સૈનિકોની ખુવારી ભોગવી હતી.

✓ ભારત દર વર્ષે આ તારીખે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા દેશના વીર જવાનોને શ્રદ્ધાંજલિ પણ આપે છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૭-૨૦૨૦)

1. તાજેતરમાં 26 જુલાઈ 2020ના રોજ રવિવારે "મન કી બાત" કાર્યક્રમની કેટલામી આવૃત્તિ યોજાઈ- **67મી**
2. "મન કી બાત" કાર્યક્રમ દર મહિનાના કયા રવિવારે યોજાય છે - **છેલ્લા રવિવારે**
3. તાજેતરમાં facebook દ્વારા એક સાથે 5,000 લોકો વીડિયો કોન્ફરન્સથી વાતચીત કરી શકે તે માટે કયું નવું ફિચર લોન્ચ કરાયું - **ROOMS**
4. સાઇબર ક્રાઇમ તરીકે ઓળખાતો રેન્સમવેર હુમલો કોની ઉપર કરવામાં આવે છે - **કમ્પ્યુટર**
5. આપણા કમ્પ્યુટર ઉપર રેન્સમવેર હુમલો થાય તો તેને દૂર કરવા માટે કયા ટૂલ્સનો ઉપયોગ થાય છે જે તમારી ફાઇલ 90 ટકા રીકવર કરી આપે છે - **decrypt**
6. કમ્પ્યુટરમાં કયા ટૂલ્સ રેન્સમવેર હુમલોને જાણી શકાય છે - **ID રેન્સમવેર અને ક્રિપ્ટો શેરીફ રેન્સમવેર**
7. કમ્પ્યૂટર પર રેન્સમવેર હુમલો થાય તો મુખ્ય કેટલા પ્રકારની માહિતીને બ્લોક કરે છે - **સાત**
8. કમ્પ્યૂટર પર રેન્સમવેર હુમલો થાય તો મુખ્ય ક્યા સાત પ્રકારની માહિતીને બ્લોક કરે છે - **માય ડોક્યુમેન્ટ ફોલ્ડર, બેન્ક રિલેટેડ સોફ્ટવેર અથવા ફાઈલો, ક્રેડિટ કાર્ડની માહિતી, પાસવર્ડ પ્રકારની કોઈ ફાઇલ બનાવી હોય તો તે, ઇમેલ એકાઉન્ટ, કમ્પ્યૂટરમાં પ્રોટેક્ટ કરેલી અથવા Hidden કરેલી ફાઈલો અને બ્રાઉઝર પ્રકારની પ્રક્રિયાઓ**
9. કમ્પ્યૂટરમાં રેન્સમવેર વાયરસના હુમલા મુખ્યત્વે વધુ ક્યાં થવાની શક્યતા રહેલી છે - **સરકારી ઓફિસ, સંરક્ષણ સંસ્થાઓ, શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટી, બેન્કો બેન્કના એટીએમ, રેલવેના સોફ્ટવેર, એરપોર્ટના સોફ્ટવેર, સમાચાર સંસ્થાઓ સોના-ચાંદીના વેપારીઓ, દવાખાના, મીડિયા હાઉસ અને હોટેલો**
10. ચીન અને પાકિસ્તાનની સરહદો પરની ગતિવિધિની માહિતી આપનાર ભારતીય જાસૂસી ઉપગ્રહનું નામ જણાવો - **કૌટિલ્ય**
11. DRDOનું વિસ્તૃત નામ જણાવો – **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન**
12. EMISAT શું છે – **ભારતીય જાસુસી ઉપગ્રહ**
13. ભારતીય જાસુસી ઉપગ્રહ EMISAT કોના દ્વારા બનાવવામાં આવ્યો છે - **ઇસરો**
14. ભારતીય જાસુસી ઉપગ્રહ EMISATની વિશેષતા જણાવો - **EMISATની ELINT સિસ્ટમ દુશ્મનનાં વિસ્તારમાં ટ્રાન્સમિશન માટે ઉપયોગ થનારા રેડિયો સિગ્નલ્સને વાંચી શકે છે**
15. જુલાઈ-૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે IT એક્ટની કઈ કલમ રદ કરી - **66A**
16. ભારતીય બંધારણના કયા આર્ટિકલ હેઠળ દરેક નાગરિકને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર છે – **19A**

17. આઈટી એક્ટની કઈ કલમ મુજબ સોશિયલ મીડિયા પર વાંધાજનક લખનાર વ્યક્તિની ધરપકડ કરવાની સરકારની સત્તા હતી - **66A**
18. સુપ્રીમ કોર્ટની કઈ ખંડપીઠે સરકાર દ્વારા કાયદાના દુરુપયોગ અંગે IT એક્ટની કલમ 66A રદ્દ કરતો ચુકાદો આપ્યો - **જસ્ટિસ જે ચેલેમેશ્વર અને ન્યાયાધીશ રોહિંટન નરીમાન**
19. સુપ્રીમ કોર્ટે IT એક્ટની કલમ 66A રદ્દ કરતા ચુકાદામાં આઇટી એક્ટ સ્પષ્ટ રીતે કયા અધિકારનું ઉલ્લંઘન કરતુ હોવાનું નોધ્યુ - **people's right to know**
20. કમ્પ્યૂટર અથવા મોબાઇલ ફોન કે ટેબલેટ જેવા સંદેશાવ્યવહાર ઉપકરણ દ્વારા "અપમાનજનક" સંદેશા મોકલવા અંગે શિક્ષા માટે IT એક્ટની કલમ કઈ છે - **66A**
21. IT એક્ટની કલમ 66A મુજબ દોષિતને વધુમાં વધુ કેટલા વર્ષ જેલ અને કેટલા રૂપિયાના દંડની જોગવાઈ છે – **ત્રણ વર્ષ તથા પાંચ લાખ સુધીનો દંડ**
22. કારગિલ વિજય દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **26મી જુલાઇ**
23. તા.26મી જુલાઈ 2020ના રોજ કેટલામો કારગિલ વિજય દિવસ મનાવવામાં આવ્યો - **21મો**
24. ભારતે પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધમાં 'ઓપરેશન વિજય' સફળ થયાની ઘોષણા કયારે કરી હતી - **26 જુલાઈ 1999**
25. કયા ઓપરેશન અંતર્ગત ભારતીય સૈનિકોએ ઘૂસણખોર પાકિસ્તાની સૈનિકો પર બહાદૂરીભર્યું આક્રમણ કર્યુ હતુ - **'ઓપરેશન વિજય'**
26. 'ઓપરેશન વિજય' અંર્તગત ભારતીય સૈનિકોએ પાકિસ્તાની સૈનિકો પર આક્રમણ કરી હાલના કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના કારગિલ જિલ્લાના કયા સ્થળ પર કબ્જો મેળવ્યો હતો - **મુસ્કોહ વેલીમાં આવેલા ઝુલૂ ટોપ સ્થળ**
27. કારગિલ યુદ્ધ કેટલા દિવસ ચાલ્યું હતું – **60**

**DATE : 27-07-2020**

## ૧.ભારતીય હવાઈદળ : નવા પાંચ રાફેલ ફાઈટર જેટ ભારતીય હવાઈદળમાં સામેલ (સંરક્ષણ)

✓ ફ્રાન્સ બનાવટના રાફેલનું તા.૨૯મી જુલાઈ-૨૦૨૦ના રોજ ભારતમાં આગમન

✓ ફ્રાન્સના મેરિનેક એરબેઝથી રફાલની ભારત માટે ઉડાન

✓ રાફેલ બનાવનાર કંપની : દસોલ્ટ(દૈસો), ફ્રાન્સ



**મહત્વની વિગત :**

✓ આધુનિક હથિયારો અને મિસાઇલ્સથી સજ્જ રાફેલ વિમાનોને એક જ અઠવાડિયામાં રેડી ટુ મિશન કરવામાં આવશે.

✓ રાફેલ માટે ૧૨ પાઇલટને તાલીમ આપવામાં આવી છે. તેઓ આ પ્લેન લઈને ભારત આવી રહ્યા છે.

✓ ભારતે ૨૦૧૬માં ફ્રાન્સ સાથે રૂ. ૫૯ હજાર કરોડમાં ૩૬ રાફેલ ફાઇટર જેટનો સોદો કર્યો હતો

✓ ૩૬માંથી ૩૦ ફાઇટર જેટ્સ હશે અને ૬ ટ્રેનિંગ એરક્રાફ્ટ હશે.

✓ ટ્રેનર જેટ્સ બે બેઠકવાળા હશે અને તેમાં પણ ફાઇટર જેટ્સ જેવાં ફીચર્સ હશે.

✓ સંભવિત ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં આ તમામ જેટ ભારત આવશે.

**કયા કયા એરબેઝ ઉપર રાફેલ તહેનાત કરાશે**

**૧. અંબાલા (હરિયાણા)**

✓ પાકિસ્તાન સીમા કવર કરવા

**૨. હાશિમારા (પશ્ચિમ બંગાળ)**

✓ ચીન સીમા કવર કરવા

**મિસાઈલ અને રડાર સિસ્ટમ રાફેલને શક્તિશાળી બનાવે છે**




**રાફેલ એટ એ ગ્લાન્સ :**

✓ રાફેલની પહેલી ખેપ ફ્રાન્સના મેરિનેક બેઝ પરથી 7000 કિમીનું અંતર કાપીને ભારતના અંબાલામાં લેન્ડ કરશે

- ✓ <u>આખી સફર દરમિયાન કલાકના લગભગ 1000 કિમીની ઝડપે ઉડાણ ભરશે. જોકે રાફેલની વધારેમાં વધારે સ્પીડ 2130 કિમી પ્રતિ કલાકની છે.</u>
- ✓ રાફેલમાં અત્યાધુનિક મિસાઇલ અને ઘાતક બોંબ લગાડાયા છે.
- ✓ દુનિયાની સૌથી ઘાતક મિસાઇલ અને સેમિ સ્ટીલ્થ ટેક્નોલોજીથી સજ્જ
- ✓ હવામાંથી હવામાં જ ત્રાટકવાની ક્ષમતા ધરાવનાર દુનિયાની સૌથી ઘાતક મિસાઇલ મિટિયર અને સ્કાલ્પ પણ રાફેલમાં લગાડાઈ છે.
- ✓ રાફેલ પરમાણુ હુમલો કરવા માટે પણ સક્ષમ છે.
- ✓ 100 કિમીના વ્યાપમાં પણ ટાર્ગેટને શોધીને તેનો ખાતમો બોલાવી શકે છે
- ✓ 55,000 ફૂટની ઊંચાઇએથી પણ દુશ્મન પર હુમલો કરવા સક્ષમ છે રાફેલ
- ✓ 16 ટન બોમ્બ-મિસાઇલ લઇ જવાની અને એક મિનિટમાં 2,500 ગોળા ઝીંકવાની ક્ષમતા
- ✓ તેની ઝડપ 2,130 કિ.મી. પ્રતિ કલાક છે, એટલે કે અવાજની ગતિથી બમણી.
- ✓ તે પરમાણુ હુમલા માટે પણ સક્ષમ છે.
- ✓ તેના નોઝ પરનું મલ્ટિ ડાયરેક્શનલ રડાર 100 કિ.મી.ની રેન્જમાં 40થી વધુ ટાર્ગેટ પર નિશાન લઇ શકે છે.
- ✓ તેમાં લાગેલો 1 ટનનો કેમેરો એટલો શક્તિશાળી છે કે જમીન પર પડેલા ક્રિકેટ બૉલનો પણ ફોટો પાડી શકે છે.

<u>**રાફેલની અન્ય ખૂબીઓ...**</u>

- ✓ <u>**ફીચર્સ:**</u> પોતાના વજનથી દોઢ ગણો બોજ ઉપાડવા સક્ષમ વિશ્વનું એકમાત્ર જેટ
- ✓ ઊંચાઇ 5.3 મિટર, પહોળાઇ 10.9 મિટર, લંબાઇ 15.3 મિટર
- ✓ લેન્ડિંગ કેપેસિટી-450 મી.ના એરિયામાં લેન્ડિંગમાં સક્ષમ.
- ✓ પોતાના વજનથી દોઢ ગણો પેલોડ લઇ જવા સક્ષમ એકમાત્ર જેટ.
- ✓ હથિયારો વિનાના રાફેલનું વજન 11 ટન.
- ✓ 16 ટન વજનના બોમ્બ, મિસાઇલો અને ઇંધણ લઇ જવા સક્ષમ છે.

<u>**3 કરોડ રૂ. સુધીના લેસર બોમ્બ**</u>

- ✓ <u>**મિકા એર-ટુ-એર મિસાઇલ:**</u> આ મિસાઇલ 50 કિ.મી.ની રેન્જ સાથે લક્ષ્ય પ્રમાણે પોતાનો રસ્તો નક્કી કરી શકે છે.
- ✓ <u>**મીટિયોર મિસાઇલ:**</u> વિશ્વની અજોડ મિસાઇલ. રેન્જ 100 કિ.મી. ઘણાં નિશાનો પર હુમલો કરી શકે છે. આ મિસાઇલોથી સજ્જ હોવાથી રાફેલને દુશ્મન દેશની સરહદમાં ઘૂસીને હુમલો કરવાની જરૂર નહીં પડે.
- ✓ <u>**લેસર કે જીપીએસ ગાઇડેડ બોમ્બ:**</u> એક બોમ્બની કિંમત 50 હજારથી સાડા ત્રણ લાખ યુરો (44 લાખથી 3 કરોડ રૂ.) સુધી હોઇ શકે છે.
- ✓ આઇએસઆઇએસ પર હુમલા માટે મોટા ભાગે તેનો જ ઉપયોગ થયો. રાફેલમાં આ પ્રકારના 6 બોમ્બ લાગી શકે છે. તેમના બોમ્બ પોડ્સ 10 કિ.મી. સુધીના ટાર્ગેટને નિશાન પર લઇ શકે છે.
- ✓ <u>**અન્ડર કેરેજમાં એક રિવોલ્વર કેનન:**</u> તે 30 મિ.મી.ની ગોળી 1,055 મી. પ્રતિ સેકન્ડની સ્પીડે છોડે છે.
- ✓ આ રિવોલ્વર કેનન દર મિનિટે 2,500 ગોળા ઝીંકી શકે છે.
- ✓ <u>**ફાયર એન્ડ ફરગેટ ફ્રૂઝ મિસાઇલ:**</u> જાતે ટાર્ગેટ શોધી લે છે. પાઇલટ ટાર્ગેટ સેટ કરે છે અને પછી તે જાતે જ જઇને હિટ કરી દે.

<u>**દુશ્મનની મિસાઇલનો માર્ગ ભટકાવે છે**</u>

- ✓ રાફેલમાં લાગેલી સ્પેક્ટ્રા ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સિસ્ટમ શત્રુના રડારને જામ કરી શકે છે અને પોતાની તરફ આવતી મિસાઇલથી સાવચેત કરે છે. તે પ્લેનના પ્રોટેક્ટિવ શીલ્ડનું કામ કરે છે.
- ✓ ખોટાં સિગ્નલ મોકલી શકે છે, રડાર સિગ્નલ જામ કરી શકે છે અને શત્રુનાં સિગ્નલ નિષ્ક્રિય કરી શકે છે.
- ✓ તેમ છતાં પણ શત્રુ મિસાઇલ હુમલો કરે તો સ્પેક્ટ્રા ડિકોય સિગ્નલ છોડીને તે મિસાઇલનો રૂટ ખરાબ કરી દે છે, જેથી તે રસ્તો ભટકી જાય છે.

<u>**ફ્લાઈટ રેન્જ અને ઇંધણ ક્ષમતા**</u>

- ✓ ફ્લાઈટ રેન્જ સાડા દસ કલાકથી વધુ, એટલે કે સતત 10 કલાકથી વધુ ઊડી શકે
- ✓ આ દરમિયાન 6 વાર ઇંધણ ભરવાની જરૂર પડે, જે હવામાં જ ભરી શકાય છે.
- ✓ તેમાં અંદરની તરફ અંદાજે સાડા પાંચ ટન ઇંધણ સ્ટોર થઇ શકે છે.
- ✓ બહારની ટેન્કમાં 2 હજાર લિટર ઇંધણ સમાઇ શકે છે.

<u>રાફેલના 3 પ્રકાર:</u>

✓ ટ્રેનર- 2 સીટર, રાફેલ સી- સિંગલ સીટર, રાફેલ એમ- નેવીના વિમાનવાહક જહાજ માટે. તે સ્ફૂર્તિલું હોવા ઉપરાંત તેનાથી પરમાણુ હુમલા પણ કરી શકાય છે.

**ભારતમાં તાલીમ અને મેઈન્ટેનન્સ :**

✓ 7 ભારતીય પાઈલટને ઓક્ટોબર 2019થી ફ્રાન્સના બોન્દી મેરિનેક એરબેઝ પર ટ્રેનિંગ આપવામાં આવી રહી હતી. કુલ 15 પાઈલટને તાલીમ અપાશે.

✓ આ પાઈલટ અને ઇન્સ્ટ્રક્ટર બંને ભૂમિકા નિભાવશે. ત્રણ ફ્રેન્ચ એક્સપર્ટ ભારતીય વાયુદળ માટે નિમિત્ત રૂપે કામ કરશે.

✓ કંપની આ વિમાનોના મેઇન્ટેનન્સ માટે ભારતમાં યુનિટ તૈયાર કરી રહી છે.

✓ નાગપુરમાં એપ્રિલ 2018થી વિમાનના સ્પેરપાર્ટ્સ બનાવનારી કંપની તુરગીસ ગેલાર્ડના એકમનો પાયો નખાયો હતો.

**ચીન, પાકિસ્તાનના ફાઇટર જેટ સાથે તુલના**

| ખાસિયત | રાફેલ (ભારત) | એફ-16 (પાક.) | જે-20 (ચીન) |
|---|---|---|---|
| સ્પીડ/કલાક | 2,130 કિ.મી. | 2,414 કિ.મી. | 2,223 કિ.મી. |
| વજન | 11 ટન | 9 ટન | 19 ટન |
| ઇંધણ ક્ષમતા | 5.5 ટન | 3.1 ટન | --- |
| રેન્જ | 3,700 કિ.મી. | 4,220 કિ.મી. | 3,400 કિ.મી. |

✓ રાફેલ અને જે-20 એક મિનિટમાં 18 હજાર મી.ની ઊંચાઇ સુધી પહોંચી જાય છે જ્યારે એફ-16 15 હજાર મી. સુધી.

**ફ્રાન્સ સિવાય માત્ર 3 દેશ પાસે રાફેલ**

| | |
|---|---|
| ફ્રાન્સ | 108 |
| ભારત | 36 (કુલ ઓર્ડર) |
| ઇજિપ્ત | 24 |
| કતાર | 24 |

**આ ફાઇટર જેટ્સની ટક્કરનું છે રાફેલ**

✓ અત્યાધુનિક ફાઇટર પ્લેન યુરોફાઇટર ટાયફૂન,

✓ ચીનના જે-20, પાક.ના એફ-16,

✓ સુપર હોર્નેટ, બ્લોક-60,

✓ મિગ-35,

✓ સાબ ગ્રિપિન જેવાં ફાઇટર જેટ્સને ટક્કર આપવા સક્ષમ.

**આ 6 દેશ પણ રાફેલ ખરીદશે**

1. જર્મની, ઇટાલી, સ્પેન, બ્રિટન, ઓસ્ટ્રિયા સાઉદી અરેબિયા

✓ ફ્રાન્સ તેમને કુલ 707 રાફેલ વેચશે.

**૨. ડિજિટલ સ્ટ્રાઈક : ભારત સરકાર દ્વારા ચીનની વધુ ૪૭ એપ ઉપર પ્રતિબંધ (સ્વદેશી-સાયબર સુરક્ષા)**

✓ ચીનની કુલ-૧૦૬ એપ પર પ્રતિબંધ

✓ મંત્રાલય : ઈલેટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી

**3. સ્પેશિયલ ૪૪ : UAPA હેઠળ આંતકવાદીઓની તમામ સંપત્તિ જપ્ત કરવા ગૃહ મંત્રાલય દ્વારા સ્પેશિયલ-૪૪ ટીમની રચના (આંતકવાદી ગતિવિધિ)**

✓ કેન્દ્ર સરકાર હવે આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ લોકો ઉપર કડક કાર્યવાહી કરવા માટે UAPA સંશોધન બિલના નવા કાયદા હેઠળ એક નવી ટીમ બનાવી છે, જેનું નામ સ્પેશિયલ ૪૪ રખાયું

**ટીમનો હેતુ :**

✓ ભારતમાં આતંક ફેલાવવા કે આતંકમાં સામેલ તમામની સંપત્તિ પર આ ટીમ નજર રાખશે. આ ટીમમાં ૪૪ સ્પેશિયલ અધિકારી હશે.

**ટીમમાં કોનો કોનો સમાવેશ :**

✓ આ ટીમમાં ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી), ફાઇનાન્શિયલ ઇન્ટેલિજન્સ (FIU) રિઝર્વ બેન્ક, ગૃહ મંત્રાલય, સેબી, રાજ્યોની એટીએસ, રાજ્યોની સીઆઇડી સહિત બીજા વિભાગ સામેલ હશે.

✓ આ અધિકારીઓ એવા લોકો પર નજર રાખશે જેમની વિરુદ્ધ UAPA કાયદા હેઠળ કેસ દાખલ થયેલા છે.

✓ આ અધિકારી આતંકવાદીઓની સંપત્તિ પર નજર રાખશે. સાથે જ તેમની સંપત્તિ જપ્ત કરવા અને બેન્ક એકાઉન્ટ ફ્રીજ કરવા માટે પણ આદેશ આપશે.

**UAPAએ હેઠળ થયેલી કામગીરી :**

✓ દાઉદ સહિત ૧૩ આતંકીઓ જાહેર

✓ ગૃહ મંત્રાલયે નવા યુએપીએ કાયદા હેઠળ જે આતંકવાદીઓની યાદી જાહેર કરી છે, તેની સંપત્તિ શોધી કાઢી જપ્ત કરશે.

✓ આ કાયદા હેઠળ અત્યાર સુધીમાં દાઉદ ઇબ્રાહીમ, મસૂદ અઝહર, ઝાકીર ઉર રહેમાન લખવી અને હાફિઝ સઇદને આતંકવાદી જાહેર કર્યા છે.

✓ ૯ ખાલિસ્તાની આતંકવાદીઓને વ્યક્તિગત રીતે યુએપીએ હેઠળ આતંકવાદી જાહેર કર્યા.

## ૪. કોરોના વાયરસ ટેસ્ટિંગ લેબ (આરોગ્ય)

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કોરોના ટેસ્ટિંગ માટે ત્રણ આધુનિક થ્રૂ પૂટ ટેસ્ટિંગ લેબનું ઈ-લોકાર્પણ**

**સ્થળ :**

1. નોઈડા (ઉત્તરપ્રદેશ) 2. મુંબઈ (મહારાષ્ટ્ર)
3. કોલકત્તા (પશ્ચિમ બંગાળ)



✓ ટેસ્ટિંગ ક્ષમતા પ્રતિ લેબ ૧૦,૦૦૦ સુધી

## ૫. ભારતમાં દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનાર માટે પકડવા હેન્ડલ ફરજિયાત (માર્ગ સલામતિ)

**જાહેરનામા મુજબ :**

✓ દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનારને પકડવા માટે હેન્ડલ અનિવાર્ય કરાયું છે.

✓ અકસ્માત ઓછા કરવા માર્ગ પરિવહન મંત્રાલયે અનેક પરિવર્તનનો નિર્ણય લીધો. આ અંગેનું જાહેરનામું બહાર પાડી દેવાયું.

✓ તેને લાગુ કરવા દ્વિચક્રી વાહન કંપનીઓને દોઢ વર્ષનો સમય અપાયો છે.

**ક્યારથી અમલ :**

✓ જાન્યુઆરી 2022થી દ્વિચક્રી વાહનોમાં આ તમામ પરિવર્તન અનિવાર્ય હશે.

**કારણ :**

✓ દેશમાં કુલ 21 કરોડ વાહનોમાં 14 કરોડ દ્વિચક્રી વાહનો છે. તેઓ જ સૌથી વધુ અકસ્માતનો ભોગ બનતા હોવાથી આ નિર્ણય લેવાયો.

**આ પરિવર્તન થશે :**

✓ પાછળ બેસનાર માટે હેન્ડલ અનિવાર્ય જેથી ઝટકો લાગે ત્યારે તે એકાએક ઉછળી ન પડે

✓ જમણી તરફના પૈડાને કવર કરવાનું રહેશે જેથી સાડી, દુપટ્ટો કે કોઈ કપડું ફસાય નહીં.

✓ સાઈડ સ્ટેન્ડ ગોળાકાર કરાશે. ઘણીવાર સાઈડ સ્ટેન્ડ રહી જવાથી વળાંક સમયે સંતુલન ખોરવાય છે.

✓ ફૂટરેસ્ટ પણ નિશ્ચિત માપના હશે. દરેક વાહનમાં સમાન પેટર્ન.

✓ ડિલિવરી બોક્સની સાઈઝ પણ નિશ્ચિત કરાશે. બોક્સની લંબાઈ 550 મિમી, પહોળાઈ 510 મિમી, ઊંચાઈ 500 મિમી હોવી જોઈએ.

## ૬. કુદરતી આપત્તિ USમાં હન્ના અને ડગલસ વાવાઝોડું ત્રાટક્યું

✓ ડગલસ : પવનની ઝડપ-૧૪૫ કિ.મી.

✓ ૩૨ પ્રાંતમાં ઈમરજન્સી જાહેર

## ૭. ગુજરાત પોલીસ : નવતર પહેલ

**ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યના 110 પોલીસ અધિકારી-કર્મચારીઓને DGP કમેન્ડેશન ડિસ્ક એનાયત : ગુજરાત દેશનું સાતમુ રાજ્ય**




✓ **પ્રથમવાર:** DGP કમેન્ડેશન ડિસ્ક આપવાની પ્રથાનો પ્રારંભ તા. ૨૭મી જુલાઈ-૨૦૨૦થી

**હેતુ:**

✓ ગુજરાત પોલીસની ઉત્તમ કામગીરીને બિરદાવવા અને મનોબળ વધારવા માટે આ પ્રથાનો પ્રારંભ

✓ વિગત :

✓ રાજ્યમાં સારી કામગીરી કરનારા અધિકારીઓ માટે ડીજીપીની કમેન્ડેશન ડિસ્ક એનાયત કરવાની પ્રથા શરૂ કરવામાં આવી છે.

**એવોર્ડ વિજેતા :**

✓ ગુજરાત પોલીસ અકેડેમી કરાઈ ખાતે પસંદગી પામેલા ૧૧૦ અધિકારીઓને ડીજીપી ડિસ્ક રૂપે આ એવોર્ડ એનાયત કરાયા.

✓ જેમાં ૨ એડિ.ડીજી, ૫ આઈ.જી., ૧ ડીઆઈજી, ૬ એસ.રી. ૧૬ ડીવાયએસપી, ૧૬ પીઆઈ, ૧૦ પીએસઆઈ, ૧૦ એએસઆઈ, ૨૨ હેડ કોન્સ્ટબલ તથા ૨૨ કોસ્ટેબલનો સમાવેશ થાય છે.

**અન્ય રાજ્યો :**

- ✓ દેશના આસામ, હિમાચલ પ્રદેશ, પંજાબ, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ અને કેરાલા જેવા રાજ્યો તથા સીમા સુરક્ષા બળ અને સી.આર.પી.એફ. જેવા પેરામીલીટરી ફોર્સદળોમાં આવા પદકો અપાઈ છે.
- ✓ હવે ગુજરાત પણ આવો ચંદ્રક આપનારૂ ૭મું રાજ્ય બન્યું છે.
- ✓ રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા દ્વારા એવોર્ડ એનાયત કરાયા
- ✓ **<u>સ્થાન:</u>** ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ-ગાંધીનગર

### <u>૮. દિન વિશેષ : ૨૭ જુલાઈ</u>

#### <u>(૧) કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (CRPF)નો સ્થાપના દિવસ</u>




- ✓ રચના : ૨૭ જુલાઇ, ૧૯૩૯
- ✓ ભારતના કેન્દ્રીય સશસ્ત્ર આરક્ષક દળોમાં સૌથી વિશાળ છે.
- ✓ આ દળ ભારત શાસનના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- ✓ આ દળનું મુખ્ય કાર્ય આરક્ષણ કાર્યવાહીઓમાં રાજ્યો અને સંઘ પ્રદેશોની સહાયતા કરવાનું તેમજ આંતકવાદી પ્રવૃતીઓ સંબંધિત છે.
- ✓ ભારતના સામાન્ય નિર્વાચનોમાં નીતિ-વ્યવસ્થા જાળવી રાખવામાં આ દળ અગત્યની ભુમિકા ભજવે છે.
- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘ માટેની કાર્યવાહીઓમાં પણ આ દળનો ઉપયોગ કરવામાં આવે છે.
- ✓ CRPF : કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ
- ✓ મુદ્રાલેખ : સેવા અને નિષ્ઠા

#### <u>(૨) મિસાઈલમેન અને ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ, ભારતરત્ન ડૉએ.પી.જે. અબ્દુલ કલામની પૂણ્યતિથિ</u>




- ✓ જન્મ તારીખ: 15 ઑક્ટોબર, 1931
- ✓ જન્મ સ્થળ: રામેશ્વરમ
- ✓ મૃત્યુ: 27 જુલાઈ, 2015, IIM-શીલોંગ
- ✓ <u>પુરૂ નામ: અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ અથવા ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ</u>
- ✓ ભારતના એરોસ્પેસ વૈજ્ઞાનિક હતા અને ઇ.સ.૨૦૦૨થી ૨૦૦૭ સુધી ભારતના રાષ્ટ્રપતિ પદે રહ્યા હતા.
- ✓ તેમનો જન્મ અને ઉછેર તમિલનાડુ રાજ્યના રામેશ્વરમ ખાતે થયો હતો.

**<u>સન્માન અને ખિતાબો :</u>**

- ✓ ૧૯૯૭માં અબ્દુલ કલામને વૈજ્ઞાનિક સંશોધન અને ભારતની સંરક્ષણ તકનિકીના આધુનિકિકરણમાં તેમણે કરેલા યોગદાન માટે ભારતના સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્નથી સન્માન
- ✓ ૨૦૧૨માં તેમનો ૭૯મો જન્મદિવસ યુનાઇટેડ નેશન્સે વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો.
- ✓ તેમને ૪૦ વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ)માંથી માનદ ડૉક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી.
- ✓ ભારત સરકારે તેમના ઇસરો અને ડી.આર.ડી.એ.માં કરેલા કાર્યો તથા ભારત સરકારના વિજ્ઞાન સલાહકાર તરીકેની સેવાઓ બદલ વર્ષ ૧૯૮૧માં તેમને પદ્મભૂષણ અને ૧૯૯૦માં પદ્મવિભૂષણથી નવાજ્યા.
- ✓ ૨૦૦૫માં તેમની સ્વિત્ઝર્લેન્ડની મુલાકાત દરમ્યાન તે દેશે ૨૬ મેને વિજ્ઞાન દિવસ ઘોષિત કર્યો હતો.
- ✓ ૨૦૧૩માં નેશનલ સ્પેસ સોસાયટી તરફથી તેમને વોન બ્રાઉન એવોર્ડ મળ્યો જે મેળવનાર તેઓ સૌપ્રથમ વ્યક્તિ હતા.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૭-૨૦૨૦)</u>

1. તાજેતરમાં 29 જૂલાઇ 2020ના રોજ ભારતીય હવાઈ દળમાં કયા આધુનિક ફાઈટર જેટ યુદ્ધ વિમાન સામેલ કરાયા - **<u>રાફેલ</u>**
2. "રાફેલ" યુદ્ધ વિમાનો કયા દેશ પાસેથી ખરીદવામાં આવ્યા છે - **<u>ફ્રાંસ</u>**
3. "રાફેલ" યુદ્ધ વિમાનોનું નિર્માણ કઈ કંપની દ્વારા કરવામાં આવે છે - **<u>દસોલ્ટ</u>**
4. "રાફેલ" યુદ્ધ વિમાનોને કયું ભારતીય નામ આપવામાં આવ્યું છે - **<u>RB</u>**
5. તાજેતરમાં 29 જૂલાઇ 2020ના રોજ ભારતીય હવાઈ દળમાં કેટલા આધુનિક ફાઈટર જેટ રાફેલ યુદ્ધ વિમાન સામેલ કરાયા - **<u>05</u>**
6. નવા "રાફેલ" યુદ્ધ વિમાનોને કયા ભારતીય એરબેઝ ઉપર તહેનાત કરાશે- **<u>અંબાલા (હરિયાણા) તથા હાશિમારા (પશ્ચિમ બંગાળ)</u>**

7. અંબાલા એરબેઝ અને હાશિમારા એરબેઝ કયા રાજ્યમાં આવેલા છે – **હરિયાણા અને પશ્ચિમ બંગાળ**
8. "રાફેલ" યુદ્ધ વિમાનો બનાવનાર કંપનીનું નામ જણાવો - **દસોલ્ટ**
9. તાજેતરમાં 29 જૂલાઇ 2020ના રોજ ભારતીય હવાઈ દળમાં આધુનિક ફાઈટર જેટ રાફેલ યુદ્ધ વિમાન સામેલ કરાયા જેનું સૌપ્રથમ આગમન કયા એરબેઝ થયું - **અંબાલા એરબેઝ, હરિયાણા**
10. ભારતે વર્ષ 2016માં ફ્રાન્સ સાથે કેટલા રાફેલ ખરીદવા કેટલા કરોડની સમજૂતી કરી હતી - **36 અને રૂ. 59 હજાર કરોડ**
11. તાજેતરમાં 29 જૂલાઇ 2020ના રોજ ભારતીય હવાઈ દળમાં આધુનિક ફાઈટર જેટ રાફેલ યુદ્ધ વિમાન સામેલ કરાયા તેને કયા એરબેઝ ઉપર પ્રથમ ઉડાન ભરી હતી - **મેરિનેક એરબેઝ, ફ્રાન્સ**
12. "રાફેલ" યુદ્ધ વિમાનોની રેન્જ જણાવો - **3700 કિ.મી.**
13. "રાફેલ" યુદ્ધ વિમાનની મહત્તમ સ્પીડ જણાવો - **2130 કિ.મી. પ્રતિ કલાક**
14. પરમાણુ હુમલા માટે સક્ષમ"રાફેલ" યુદ્ધ વિમાન કેટલા ટન બોમ્બ-મિસાઈલ લઈ જવા સક્ષમ છે - **16 ટન**
15. "રાફેલ" યુદ્ધ વિમાન પોતાના વજન કરતાં કેટલો વધુ વજન ઉપાડવા સક્ષમ છે - **1.5 (દોઢ ગણો)**
16. "રાફેલ" યુદ્ધ વિમાનમાં વપરાતી "ફાયર એન્ડ ફરગેટ ફ્રૂઝ મિસાઈલ એટલે શું - **મિસાઈલ જાતે જ ટાર્ગેટ શોધીને માર કરે છે**
17. "રાફેલ" યુદ્ધ વિમાન સતત કેટલા કલાક ઉડી શકે છે - **10 કલાક**
18. ભારત સરકાર તાજેતરમાં 27 જૂલાઇ 2020ના રોજ ચીન ઉપર વધુ એક ડિજિટલ સ્ટ્રાઈક કરીને કેટલી એપ ઉપર પ્રતિબંધ લગાવ્યો છે - **47 (કુલ-106)**
19. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા ચાઈનીઝ એપ ઉપર પ્રતિબંધ મુકવા આવે છે – **ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી**
20. તાજેતરમાં ભારતમાં આંતકવાદીઓની તમામ સંપત્તિ જપ્ત કરવા કઈ નવી ટીમની રચના કરવામાં આવી છે - **સ્પેશિયલ-44**
21. સ્પેશિયલ-44 ટીમની રચના કયા એકટ હેઠળ કરવામાં આવી છે - **UAPA**
22. સ્પેશિયલ -44 ટીમમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની કઈ કઇ એજન્સીઓના અધિકારીઓ સામેલ હશે - **ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી), ફાઇનાન્શિયલ ઇન્ટેલિજન્સ (FIU) રિઝર્વ બેન્ક, ગૃહ મંત્રાલય, સેબી, રાજ્યોની એટીએસ, રાજ્યોની સીઆઇડી સહિત બીજા વિભાગ સામેલ**
23. સ્પેશિયલ -44 ટીમમાં કેટલા અધિકારીઓ સામેલ હશે-**44**
24. ભારતમાં જુલાઈ-૨૦૨૦માં કોના હસ્તે ત્રણ આધુનિક કોરોના વાયરસ ટેસ્ટિંગ લેબનું ઈ-લોકાર્પણ કરાયું – **વડાપ્રધાન નરેન્દ્ર મોદી**
25. જુલાઈ-૨૦૨૦માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કઈ ત્રણ કોરોના વાયરસ ટેસ્ટિંગ લેબનું ઈ-લોકાર્પણ કરાયું - **નોઈડા (ઉત્તરપ્રદેશ), મુંબઈ (મહારાષ્ટ્ર) તથા કોલકત્તા (પશ્ચિમ બંગાળ)**
26. જુલાઈ-૨૦૨૦માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવેલી ત્રણ લેબની ટેસ્ટિંગની ક્ષમતા કેટલી છે – **પ્રતિ લેબ ૧૦,૦૦૦ સુધી**
27. જુલાઈ-૨૦૨૦માં ભારતમાં દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનાર માટે કઈ સુવિધા ફરજિયાત કરવાનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું - **પાછળ બેસનાર માટે પકડવા હેન્ડલ ફરજિયાત**
28. જુલાઈ-૨૦૨૦માં ભારતમાં દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનાર માટે પકડવા હેન્ડલ ફરજિયાત કરતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું તેને લાગુ કરવા કંપનીઓને કેટલો સમય અપાયો છે - **દોઢ વર્ષ**
29. જુલાઈ-૨૦૨૦માં ભારતમાં દ્વિચક્રી વાહનમાં પાછળ બેસનાર માટે પકડવા હેન્ડલ ફરજિયાત કરતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું તે કયારથી અમલી બનશે - **જાન્યુઆરી 2022**
30. જુલાઈ-૨૦૨૦ની સ્થિતિએ એક અંદાજ મુજબ દેશમાં કુલ કેટલા વાહનો છે તે પૈકી દ્વિચક્રી વાહનોની સંખ્યા કેટલી છે - **21 કરોડ તથા 14 કરોડ**
31. જુલાઈ-૨૦૨૦માં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના નવા જાહેરનામા મુજબ દ્વિચક્રી વાહનમાં અકસ્માત રોકવા કયા પૈડાને કવર કરવાનું રહેશે જેથી સાડી, દુપટ્ટો કે કોઈ કપડું ફસાય નહીં - **જમણી તરફના પૈડા**
32. જુલાઈ-૨૦૨૦માં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના નવા જાહેરનામા મુજબ દ્વિચક્રી વાહનમાં ડિલિવરી બોક્સની સાઈઝ કેટલી નિશ્ચિત કરવામાં આવી છે - **લંબાઈ 550 મિમી, પહોળાઈ 510 મિમી, ઊંચાઈ 500 મિમી**

33. જુલાઈ-૨૦૨૦માં USમાં કયું વાવાઝોડું ત્રાટક્યું - **હન્ના અને ડગલસ**

34. જુલાઈ-૨૦૨૦માં USમાં તોફાન મચાવનાર ડગલસ વાવાઝોડાની સ્પીડ જણાવો - **૧૪૫ કિ.મી.**

35. જુલાઈ-૨૦૨૦માં ગુજરાત પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યના કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓને વિશિષ્ટ એવોર્ડથી સન્માનિત કરાયા - **110**

36. જુલાઈ-૨૦૨૦માં ગુજરાત પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યના 110 પોલીસ અધિકારી-કર્મચારીઓને કયા વિશિષ્ટ એવોર્ડથી સન્માનિત કરાયા - **DGP કમેન્ડેશન ડિસ્ક**

37. પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ DGP કમેન્ડેશન ડિસ્ક એવોર્ડ આપનાર ગુજરાત કેટલામુ રાજ્ય બન્યું - **સાતમુ**

38. દેશના કયા રાજ્યોમાં પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ વિશિષ્ટ એવોર્ડ આપવામાં આવે છે - **આસામ, હિમાચલ પ્રદેશ, પંજાબ, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ અને કેરાલા**

39. ભારતમાં કયા પેરામીલીટરી ફોર્સદળોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ વિશિષ્ટ પદકો આપવામાં આવે છે - **સીમા સુરક્ષા બળ અને સી.આર.પી.એફ.**

40. ગુજરાતમાં પ્રથમવાર ક્યારે DGP કમેન્ડેશન ડિસ્ક એવોર્ડ આપવાની પ્રથાનો પ્રારંભ થયો - **તા. ૨૭મી જુલાઈ-૨૦૨૦થી**

41. ગુજરાત પોલીસની ઉત્તમ કામગીરીને બિરદાવવા અને મનોબળ વધારવાના હેતુથી પોલીસને કયો વિશિષ્ટ એવોર્ડ આપવાની પ્રથાનો પ્રારંભ થયો - **DGP કમેન્ડેશન ડિસ્ક**

42. ગુજરાત પોલીસ દ્વારા કઈ કેડરના કેટલા પોલીસ જવાનોને DGP કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૦થી સન્માનિત કરાયા - **૨ એડિ.ડીજી, ૫ આઈ.જી., ૧ ડીઆઈજી, ૬ એસ.રી. ૧૬ ડીવાયએસપી, ૧૬ પીઆઈ, ૧૦**

43. કોના હસ્તે DGP કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૦ એવોર્ડ આપી પોલીસ કર્મચારી-અધિકારીઓને સન્માનિત કરાયા - **રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા**

44. DGP કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૦ એવોર્ડ સન્માન સમારોહ કયા સ્થળે યોજાયો હતો - **ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ-ગાંધીનગર**

45. CRPFનો સ્થાપના દિવસ જણાવો - **૨૭ જુલાઈ, ૧૯૩૯**

46. CRPFનું વિસ્તૃત નામ જણાવો - **કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ**

47. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ કયા મંત્રાલય હેઠળ કાર્યરત છે – **ગૃહ મંત્રાલય**

48. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળનું મુખ્ય કાર્ય જણાવો - **આરક્ષણ કાર્યવાહીઓમાં રાજ્યો/સંઘ પ્રદેશોની સહાયતા કરવા તેમજ આંતકવાદી પ્રવૃતીઓ સંબંધિત તથા સામાન્ય ચૂંટણીમાં નીતિ-વ્યવસ્થા જાળવવા**

49. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળનો મુદ્રાલેખ જણાવો - **સેવા અને નિષ્ઠા**

50. ભારતના ક્યા વૈજ્ઞાનિક મિસાઈલમેનના ઉપનામથી જાણીતા બન્યા છે – **ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ**

51. મિસાઈલમેન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ભારતના કેટલામાં રાષ્ટ્રપતિ બન્યા હતા - **૧૧માં**

52. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો રાષ્ટ્રપતિ તરીકેનો સમયગાળો જણાવો – **વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭**

53. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ દિવસ જણાવો – **15 ઑક્ટોબર, 1931**

54. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું જન્મ સ્થળ જણાવો – **રામેશ્વરમ (તામિલનાડુ)**

55. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું અવસાન ક્યારે થયુ હતુ - **27 જુલાઈ, 2015 (શીલોંગ)**

56. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું પુરૂ નામ જણાવો - **અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ**

57. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને ક્યા વર્ષે ભારતના સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કરાયા હતા – **વર્ષ ૧૯૯૭**

58. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો કેટલામો જન્મદિવસ યુનાઇટેડ નેશન્સે વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો - **૭૯**

59. યુનાઇટેડ નેશન્સે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મદિવસ વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઉજવ્યો હતો – **વર્ષ ૨૦૧૨**

60. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને કેટલી વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ)માંથી માનદ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી હતી - **૪૦**

61. ભારત સરકારે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને પદ્મભૂષણ સન્માનિત કર્યા હતા- **વર્ષ ૧૯૮૧**

62. ભારત સરકારે કયા વર્ષમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને પદ્મવિભૂષણથી સન્માનિત કર્યા હતા – **વર્ષ ૧૯૯૦**

63. વર્ષ ૨૦૦૫માં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની કયા દેશની મુલાકાત દરમ્યાન તે દેશે ૨૬ મેને વિજ્ઞાન દિવસ ઘોષિત કર્યો હતો - **સ્વિત્ઝર્લેન્ડ**

64. કયા વર્ષમાં નેશનલ સ્પેસ સોસાયટી તરફથી ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને વોન બ્રાઉન એવોર્ડ મળ્યો જે મેળવનાર તેઓ સૌપ્રથમ વ્યક્તિ હતા – **વર્ષ ૨૦૧૩**

DATE : 28-07-2020

**૧. રાફેલ યુદ્ધ વિમાન (સંરક્ષણ)**

**30 હજાર હજાર ફૂટની ઊંચાઈએ પાંચ રાફેલમાં રિફ્યૂઅલિંગ કરાયું**



- ✓ અબુધાબીથી ભારત તરફ પ્રયાણ કરી રહેલા પાંચ રાફેલને ૩૦ હજાર ફૂટની ઊંચાઈએ રિફ્યૂઅલ કરાયા હતા.
- ✓ ફ્રાન્સ એરફોર્સના એરબસ એ ૩૩૦ મલ્ટિરોલ ટેન્કર ટ્રાન્સપોર્ટ વિમાનોએ પાંચ રાફેલમાં ઇંધણ પૂરી આપ્યું હતું.
- ✓ ઇન્ડિયન એરફોર્સના રશિયન ilyushin-૭૮ દ્વારા એરિયર રિફ્યૂઅલિંગ સપોર્ટ પૂરો પાડવામાં આવ્યો હતો.

**૨. રાફેલ યુદ્ધ વિમાન : પ્રથમ બેચ - પ્રથમ પાઇલટ**

**રાફેલ યુદ્ધ વિમાનને ઉડાડનાર પ્રથમ ભારતીય પાઈલટ એર કોમોડોર હિલાલ અહેમદ રાઠેર**



**રાફેલ ઉડાવનાર હિલાલ અહેમદ પહેલા ભારતીય પાઇલટ**

- ✓ રાફેલની પ્રથમ બેચે તા. ૨૯મી જુલાઈ-૨૦૨૦ના રોજ ફ્રાન્સથી ઉડાન ભરી ત્યારે પેરિસમાં એર કોમોડોર હિલાલ અહેમદ રાઠેર પણ હાજર હતા.
- ✓ હિલાલે ભારત અને ફ્રાન્સ વચ્ચે કડી બનીને રાફેલની કામગીરી ઝડપી બનાવી હતી.

**વતન અને કારકિર્દી :**

- ✓ હિલાલ અહેમદ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના રહેવાસી.
- ✓ હિલાલ વર્ષ-૧૯૮૮માં ફ્લાઇટ લેફ. તરીકે સામેલ થયા હતા.
- ✓ તેમની પાસે ૩૦૦૦ કલાક મિગ-૨૧, મિરાઝ ૨૦૦૦ અને કિરણ એસ્કાર ઉડાવવાનો બહોળો અનુભવ.
- ✓ હિલાલ અહેમદ રાઠેર રાફેલ ઉડાવી રહ્યા હોવાની તસવીર સાથે ટ્વિટર પર #Anantnag ટોપ ટ્રેન્ડ પર આવ્યું હતું.

**૩. 'મૌસમ' : 450 શહેરના હવામાનની સચોટ માહિતી માટે સરકારી એપ 'મૌસમ' લોન્ચ કરાઈ (હવામાન)**

**એપની વિશેષતા :**

- ✓ આ એપ હવામાન, તાપમાન, વરસાદ, પવનની ઝડપ, હવામાં ભેજ સહિતની ઘણી બધી માહિતી સામાન્ય લોકોને આપતું રહેશે.
- ✓ આગામી સાત દિવસમાં દેશના ૪૫૦ શહેરની હવામાનની જાણકારી મળતી થઈ જશે.
- ✓ આ એપ પર ૨૪ કલાક હવામાનનું પૂર્વાનુમાન આપવામાં આવશે.
- ✓ એપને દિવસમાં આઠ વાર અપડેટ કરવામાં આવશે .
- ✓ **મંત્રાલય : અર્થ એન્ડ સાયન્સ (ભારત સરકાર)**
- ✓ **મંત્રીશ્રી : ડૉ. હર્ષવર્ધન**

**૪. નિર્ણય : ગુજરાત સરકાર**

**જાહેરમાં માસ્ક ના પહેરનાર-થૂંકનારને રૂ.200ને બદલે રૂ.500નો દંડ**




- ✓ **અમલ :** 1લી ઓગષ્ટ-2020થી
- ✓ રાજ્યના અમૂલ પાર્લર ઉપરથી રૂ.10માં 5 માસ્ક મળશે

**૫. અવસાન : "મધર ઇન્ડિયા"ની અભિનેત્રી કુમકુમનું 86 વર્ષે મુંબઈમાં નિધન :**

- ✓ કુમકુમનું મૂળનામ - જૈબુન્નિસા
- ✓ જન્મ : બિહાર      પ્રથમ ફિલ્મ : આરપાર

**અન્ય ફિલ્મો :**

- ✓ તેમણે આરપાર, સીઆઇડી, કોહિનૂર, મધર ઇન્ડિયા, નયા દૌર, શ્રીમાન ફંટૂશ, ગંગા કી લહરેં, રાજા ઔર રંક, આંખે જેવી હિટ ફિલ્મોમાં કામ કર્યું હતું.

તેમના પર ફિલ્માવાયેલાં ગીતો :

✓ કભી આર કભી પાર

✓ મધુબન મેં રાધિકા નાચે રે ખૂબ લોકપ્રિય રહ્યાં.

૬. વિશ્વ વેપાર માટે હિન્દ મહાસાગરનું મહત્વ (વૈશ્વિક વ્યાપાર)




**આંકડાકીય વિગતો :**

**વિશ્વ વેપાર માટે હિન્દ મહાસાગર મહત્વનો**

✓ હિન્દ મહાસાગર કુલ 6.85 કરોડ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે અને ભારતીય નૌકાદળ એમાં સતત પેટ્રોલિંગ કરતું રહે છે.

✓ કુલ મળીને 36 દેશો છે, જેમને હિન્દ મહાસાગરની સરહદ સ્પર્શે છે.

✓ આ બધા દેશોના બંદરો પર રોજ રોજ માલવાહક જહાજો આવતાં-જતાં રહે છે.

✓ વિશ્વનો 95 ટકા વેપાર સમુદ્ર માર્ગે થાય છે, એટલે સમુદ્ર માર્ગ પર કોઈ પણ પ્રકારની અડચણ આવે તો તેની અસર જમીન પર ફેલાયેલા જે-તે દેશને થયા વગર રહે નહીં.

✓ અહીં ભારતીય નૌકાદળની હાજરીને કારણે જ દુનિયાના જહાજો સલામત રીતે પસાર થઈ શકે છે.

૭. દિન વિશેષ : 28 જુલાઈ : વર્લ્ડ હેપેટાઈટિસ દિવસ

**થીમ-2020: "Hepatitis-free future,"**

✓ હેપેટાઈટિસ ફાઉન્ડેશન અનુસાર હેપેટાઈટિસ બી દુનિયાભરમાં લિવરમાં ચેપનું સૌથી મુખ્ય કારણ છે.

✓ હેપેટાઈટિસના મુખ્ય કારણોમાં કેટલીક અસાવધાનીની સાથે ભોજન અને શરીરની સફાઈ ન હોવાનું છે.

✓ WHOના 2016ના રિપોર્ટ અનુસાર, દુનિયાભરમાં લગભગ 25 કરોડ લોકો હેપેટાઈટિસ-બી થી સંક્રમિત છે.

✓ દુનિયામાં દર વર્ષે લગભગ 7 લાખ લોકોનું મોત હેપેટાઈટિસ અને તેની જટિલતાના લીધે થાય છે.

✓ એકલા ભારતમાં જ હેપેટાઈટિસ-બીના દર્દીઓની સંખ્યા 6.5 કરોડ છે અને લગભગ દર વર્ષે 2.50 લાખ લોકોનાં મોત થાય છે.

✓ આ બીમારીની મુશ્કેલી એ છે કે, કોઈ પીડિતમાં તેનાં લક્ષણ દેખાવામાં 60 થી 150 દિવસ લાગી જાય છે.

✓ હેપેટાઈટિસ-એ અને ઈ વાઈરસ કમળાના કારણોમાં મુખ્ય છે.

✓ તે વર્ષમાં ખાસ કરીને ચોમાસામાં વધુ થાય છે.

૮. જન્મ દિન વિશેષ : 28 જુલાઈ

જ્ઞાનની પરબ : કે.કા. શાસ્ત્રી

જન્મ – 28 જુલાઈ-1905 અવસાન – 9 સપ્ટેમ્બર-2006

✓ જે કાર્લ પોપર, વિખ્યાત ધારાશાસ્ત્રી અને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ નટવરલાલ હરીલાલ ભગવતી અને હાલતી ચાલતી વિદ્યાપીઠ સમા મહામહોપાધ્યાય અને કે. કા. ના ટૂંકા નામે પ્રસિદ્ધ થયેલા કેશવરામ કાશીરામ શાસ્ત્રીનો જન્મદિવસ.

✓ જૂનાગઢના માંગરોળમાં જન્મેલા કે.કા. શાસ્ત્રીની મૂળ અટક બાંભણીયા હતી.

✓ માંગરોળમાં ભણી શિક્ષકની નોકરી કરી અમદાવાદમાં સ્થાયી થયા હતા.

✓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને પછી ભો.જે. વિદ્યાભવનમાં અધ્યાપક અને સંશોધક તરીકે જોડાયા હતા. અનુગ્રહ અને પ્રજાબંધુના તંત્રી પણ રહ્યાં હતાં.

✓ કે.કા શાસ્ત્રી પ્રમુખપણે ગુજરાતી ગ્રંથોના સંપાદન, હસ્તપ્રતોને આધારે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, વ્યાકરણ અને ઇતિહાસ સાથે જોડાયેલા હતા.

✓ ગુજરાતી ભાષા, વ્યાકરણ, ઈતિહાસ અને કોશ સાહિત્યમાં તેમનું યોગદાન છે.

✓ 240 કરતાં વધુ પુસ્તકો અને દોઢ હજારથી વધુ લેખોના કર્તા કે. કા.ના ચાણક્યના નીતિ સૂત્રો, ઉર્દૂ, ગુજરાતી શબ્દકોશ, પાયાનો સંસ્કૃત- ગુજરાતી શબ્દકોશ, પ્રારંભિક સંસ્કૃત વ્યાકરણ, ગુજરાતી વ્યુત્પત્તિકોશ, અપભ્રંશ વ્યાકરણ, ગુજરાતના સારસ્વતો, મીરાંના પદો, નરસિંહ મહેતા, પ્રેમાનંદ, લાલ બહાદુર શાસ્ત્રી વગેરે મુખ્ય છે.

✓ 9 સપ્ટેમ્બર 2006ના રોજ તેમનું અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૭-૨૦૨૦)

1. જુલાઈ-૨૦૨૦માં અબુધાબીથી ભારત તરફ પ્રયાણ કરી રહેલા પાંચ રાફેલને કેટલા ફૂટની ઊંચાઈએ રિફ્યૂઅલ કરાયા હતા - **30 હજાર**

2. જુલાઈ-૨૦૨૦માં અબુધાબીથી ભારત તરફ પ્રયાણ કરી રહેલા પાંચ રાફેલને 30 હજાર ફૂટની ઊંચાઈએ રિફ્યૂઅલ

કરાયા ત્યારે ઇન્ડિયન એરફોર્સના કયા વિમાન દ્વારા એરિયર રિફ્યૂઅલિંગ સપોર્ટ પૂરો પડાયો હતો - **રશિયન ilyushin-૭૮**

3. રાફેલ યુદ્ધ વિમાનને ઉડાડનાર પ્રથમ ભારતીય પાઈલટનું નામ જણાવો - **એર કોમોડોર હિલાલ અહેમદ રાઠેર**
4. રાફેલની પ્રથમ બેચે ક્યારે ફ્રાન્સથી ઉડાન ભરી હતી - **તા. ૨૯મી જુલાઈ-૨૦૨૦**
5. રાફેલ ઉડાવનાર પહેલા ભારતીય પાઇલટ હિલાલ અહેમદનું વતન જણાવો - **કાશ્મીરના અનંતનાગ જિલ્લાના રહેવાસી**
6. રાફેલ ઉડાવનાર પહેલા ભારતીય પાઇલટ હિલાલ ભારતીય વાયુસેનામાં ફ્લાઇટ લેફ. તરીકે ક્યારે જોડાયા હતા - **વર્ષ-૧૯૮૮**
7. રાફેલ ઉડાવનાર પહેલા ભારતીય પાઇલટ હિલાલ પાસે કયા વિમાનો ઉડાવવાનો બહોળો અનુભવ છે - **3000 કલાક મિગ-૨૧, મિરાઝ ૨૦૦૦ અને કિરણ એસ્કાર**
8. જુલાઈ-૨૦૨૦માં 450 શહેરના હવામાનની સચોટ માહિતી માટે કઈ સરકારી એપ લોન્ચ કરાઈ - **'મૌસમ'**
9. દેશના 450 શહેરના હવામાનની સચોટ માહિતી માટે લોન્ચ કરાયેલી સરકારી એપ 'મૌસમ'ની વિશેષતા જણાવો - **હવામાન, તાપમાન, વરસાદ, પવનની ઝડપ, હવામાં ભેજ સહિતની ઘણી બધી માહિતી પુરી પાડશે**
10. હવામાનની સચોટ માહિતી માટેની 'મૌસમ' એપ ક્યા મંત્રાલય દ્વારા બનાવવામાં આવી છે – **અર્થ એન્ડ સાયન્સ મંત્રાલય**
11. વર્તમાન કેન્દ્રીય અર્થ એન્ડ સાયન્સ મંત્રીનું નામ જણાવો - **ડૉ. હર્ષવર્ધન**
12. ગુજરાત સરકારે જાહેરમાં માસ્ક ના પહેરનાર-થૂંકનારને રૂ.200નો દંડ વધારીને કેટલો કર્યો - **રૂ.500**
13. ગુજરાતમાં જાહેરમાં માસ્ક ના પહેરનાર-થૂંકનારને રૂ.200ના બદલે રૂ.500 દંડના નિયમનો અમલ ક્યારથી કરાયો - **1લી ઓગષ્ટ-2020થી**
14. ગુજરાત સરકારના નવા નિર્ણય મુજબ રાજ્યના અમૂલ પાર્લર ઉપરથી કેટલા રૂપિયામાં કેટલા માસ્ક મળશે - **રૂ.10માં 5 માસ્ક**
15. જુલાઈ-૨૦૨૦માં કઈ બોલીવૂડ અભિનેત્રીનું 86 વર્ષે મુંબઈમાં નિધન થયું – **કુમકુમ**
16. અભિનેત્રી કુમકુમનું મૂળનામ જણાવો- **ઝૈબુન્નિસા**
17. અભિનેત્રી કુમકુમનું જન્મ સ્થળ જણાવો - **બિહાર**
18. અભિનેત્રી કુમકુમની પહેલી ફિલ્મનું નામ જણાવો - **આરપાર**
19. જુલાઈ-૨૦૨૦માં અવસાન પામનાર બોલીવૂડ અભિનેત્રી કુમકુમની જાણીતી ફિલ્મોના નામ જણાવો - **"મધર ઇન્ડિયા", આરપાર, સીઆઇડી, કોહિનૂર, નયા દૌર, શ્રીમાન ફંટૂશ, ગંગા કી લહરેં, રાજા ઔર રંક અને આંખે**
20. જુલાઈ-૨૦૨૦માં અવસાન પામનાર બોલીવૂડ અભિનેત્રી કુમકુમ પર ફિલ્માવાયેલાં ખૂબ લોકપ્રિય ગીતોના નામ જણાવો - **કભી આર કભી પાર તથા મધુબન મેં રાધિકા નાચે રે**
21. વિશ્વના કેટલા દેશોને હિન્દ મહાસાગરની સરહદ સ્પર્શ કરે છે - **36**
22. વિશ્વનો કેટલા ટકા વેપાર દરિયાઈ માર્ગે થાય છે- **95%**
23. હિન્દ મહાસાગર અંદાજે કેટલા ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે - **6.85 કરોડ ચોરસ કિ.મી.**
24. હિન્દ મહાસાગરનો મોટા ભાગનો વિસ્તાર કયા દેશના નૌકાદળના તબામાં આવે છે - **ભારતીય નૌકાદળના વેસ્ટર્ન અને ઈસ્ટર્ન કમાન્ડ**
25. વર્લ્ડ હેપેટાઈટિસ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **28 જુલાઈ**
26. વર્લ્ડ હેપેટાઈટિસ દિવસ-2020ની થીમ જણાવો - **"Hepatitis-free future,"**
27. હેપેટાઈટિસ ફાઉન્ડેશન અનુસાર વિશ્વભરમાં હેપેટાઈટિસ બી નું સૌથી મુખ્ય કારણ કયુ છે - **લિવરમાં ચેપ**
28. WHOના 2016ના રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં કેટલા લોકો હેપેટાઈટિસ-બી થી સંક્રમિત છે - **લગભગ 25 કરોડ**
29. WHOના 2016ના રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં દર વર્ષે અંદાજે કેટલા લોકોનું મોત હેપેટાઈટિસ અને તેની જટિલતાના લીધે થાય છે - **લગભગ 7 લાખ**
30. WHOના 2016ના રિપોર્ટ અનુસાર ભારતમાં હેપેટાઈટિસ-બીના દર્દીઓની સંખ્યા કેટલી હતી અને દર વર્ષે અંદાજે કેટલા લોકોનાં મોત થાય છે - **6.5 કરોડ તથા 2.50 લાખ**
31. જ્ઞાનની પરબ સમાન કે.કા. શાસ્ત્રીનો જન્મ દિવસ જણાવો - **28 જુલાઈ-1905**
32. હાલતી ચાલતી વિદ્યાપીઠ સમા મહામહોપાધ્યાય કે.કા. શાસ્ત્રીનુ અવસાન કયારે થયુ હતુ – **9 સપ્ટેમ્બર-2006**
33. ગુજરાતી વિદ્વાન કે.કા. શાસ્ત્રીનો જન્મ કયા થયો હતો - **જૂનાગઢના માંગરોળમાં**
34. ગુજરાતી વિદ્વાન કે.કા. શાસ્ત્રીની મૂળ અટક કઈ હતી - **બાંભણીયા**

35. વિદ્વાન કે.કા. શાસ્ત્રીએ કયા પેપરના તંત્રી તરીકે સેવા આપી છે - **અનુગ્રહ અને પ્રજાબંધુ**

DATE : 29-07-2020


## ૧.ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020(NEP-2020)ને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી (શિક્ષણ)

**મહત્વની બાબતો :**

✓ શાળાઓમાં 5+3+3+4ની સિસ્ટમ લાગૂ કરાશે, સ્નાતક માટે 4 વર્ષ

✓ ધોરણ-5 સુધી માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં જ શિક્ષણ


✓ HRD મંત્રાલયનું નવું નામ - શિક્ષણ મંત્રાલય




**NEP-2020 એટ એ ગ્લાન્સ :**

✓ ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં સિંગલ રેગ્યુલેટર, ડિગ્રી અભ્યાસક્રમોમાં મલ્ટિપલ એન્ટ્રી અને એક્ઝિટ પોઇન્ટ, એમ.ફિલ અભ્યાસક્રમો રદ કરવા, બોર્ડની હળવી પરીક્ષાઓ, યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ એક્ઝામ સહિતના મહત્વના સુધારા નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં સામેલ કરાયા છે.

✓ છેલ્લે ૧૯૮૬માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી હતી અને ૧૯૯૨માં સુધારો કરાયો હતો.




**૫+3+3+૪ ડિઝાઇન**

✓ ફાઉન્ડેશન સ્ટેજ 3 વર્ષ આંગણવાડી-પ્રિસ્કૂલ વત્તા બે વર્ષ પ્રાઇમરી સ્કૂલમાં ધોરણ ૧ અને ૨ (૩ થી ૮ વર્ષ)

✓ પ્રિપેટરી સ્ટેજ ધોરણ ૩ થી પાંચ (૮ થી ૧૧ વર્ષ)

✓ મિડલ સ્ટેજ ધોરણ ૬ થી ૮ (૧૧થી ૧૪ વર્ષ)

✓ સેક્ન્ડરી સ્ટેજ ધોરણ ૯ થી ૧૨, બે તબક્કા – ધોરણ ૯-૧૦ અને ધોરણ ૧૧-૧૨ (૧૪થી ૧૮ વર્ષ)

**5+3+3+4 સિસ્ટમનો મતલબ શું?**

✓ શાળાકીય શિક્ષણ 10+2ના બદલે 5+3+3+4 સિસ્ટમ પર આધારિત રહેશે, જે અંતર્ગત વિદ્યાર્થીઓને 4 વર્ગમાં વહેંચ્યા.

✓ પ્રથમ વર્ગમાં 3થી 6 વર્ષના વિદ્યાર્થીઓ હશે. તેમને પ્રી-પ્રાઇમરી કે પ્લે સ્કૂલથી માંડીને ધો. 2 સુધીનું શિક્ષણ અપાશે.

✓ ધો. 2થી ધો. 5 સુધીનો અભ્યાસક્રમ તૈયાર કરાશે. ત્યાર બાદ ધો. 5થી ધો. 8 અને તે પછી ધો. 9થી ધો.12 સુધીના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી કાર્યક્રમ તૈયાર કરાયો છે.

**ધોરણ પાંચ સુધી માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં જ અભ્યાસ**

✓ નવી નીતિ ધોરણ પાંચ સુધી માતૃભાષા, પ્રાદેશિક ભાષાના માધ્યમથી જ અભ્યાસ કરાવવાનો રહેશે.

✓ શાળાઓ ધોરણ ૮ સુધી અમલ કરી શકે.


✓ તમામ ધોરણોમાં સંસ્કૃત શીખવવામાં આવશે અને સેકન્ડરી સ્કૂલ લેવલથી વિદેશી ભાષાઓનો અભ્યાસ કરાવાશે.

**અંડર ગ્રેજ્યુએટ ડિઝાઇન ૪ વર્ષનો અભ્યાસક્રમ**

✓ વિદ્યાર્થીને મલ્ટિપલ એક્ઝિટ ઓપ્શનની સુવિધા

✓ ૪ વર્ષનો અભ્યાસ કરશે તેને બેચલર ડિગ્રી અપાશે

✓ બે વર્ષ બાદ અભ્યાસ છોડી દેશે તેને ડિપ્લોમા અપાશે- ૧૨ મહિના જ અભ્યાસ કરનારે વોકેશનલ-પ્રોફેશનલ અભ્યાસ કરવો પડશે.




**હાયર એજ્યુકેશન**

✓ કાયદા અને મેડિકલ કોલેજો સિવાયની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે સિંગલ રેગ્યુલેટર
✓ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ એક્ઝામ
✓ ખાનગી અને સરકારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે એકસમાન નિયમો
✓ કોલેજોની સંલગ્નતા ૧૫ વર્ષમાં સમાપ્ત થશે, કોલેજોને સ્વાયત્તતા માટે રાજ્યવાર વ્યવસ્થા ગોઠવાશે
✓ દરેક કોલેજ ડિગ્રી આપતી સ્વાયત્ત કોલેજમાં તબદીલ થશે અથવા યુનિવર્સિટીનો હિસ્સો રહેશે
✓ એમ.ફિલના અભ્યાસક્રમ રદ કરી દેવાયાં

**નવી શિક્ષણનીતિ હાઇલાઇટ્સ**

✓ શાળામાં ધોરણ ૬ થી વોકેશનલ શિક્ષણ અપાશે
✓ સ્કીલ અને ક્ષમતાના આધારે રિપોર્ટ કાર્ડ અપાશે
✓ શિક્ષણ સંસ્થાઓ પર ફીની મર્યાદા લદાશે
✓ હાયર એજ્યુકેશનમાં વિષયોની છૂટછાટ રહેશે
✓ પ્રાદેશિક ભાષાઓમાં ઇ-કોર્સ તૈયાર કરાશે
✓ નેશનલ એજ્યુકેશનલ ટેકનોલોજી ફોરમની રચના કરાશે
✓ વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે નેશનલ એસેસમેન્ટ સેન્ટર પરખની રચના
✓ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે એક જ રેગ્યુલેટર રહેશે.
✓ ડિગ્રી કોર્સમાં મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટનો વિકલ્પ ઉપલબ્ધ બનશે એમફીલ કોર્સ બંધ કરવામાં આવશે.
✓ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવશે.
✓ નવી શિક્ષણ નીતિ હેઠળ વોકેશનલ એજયુકેશન સહિત ઉચ્ચ શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વર્ષ-૨૦૩૫ સુધીમાં ૫૦ ટકા સુધી લઇ જવાનો લક્ષ્યાંક છે. વર્ષ-૨૦૧૮માં આ રેશિયો ૨૬.૩ ટકા હતો.
✓ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ૩.૫ કરોડ નવી બેઠકો ઉમેરવામાં આવશે.
✓ ૨૦૩૦ સુધીમાં શિક્ષણ માટેની લઘુતમ ડિગ્રી ચાર વર્ષના ઇન્ટીગ્રેટેડ બીએ ડિગ્રી રહેશે.
✓ હાલમાં શિક્ષણ પાછળ જીડીપીની ૪.૪૩ ટકા રકમ ખર્ચવામાં આવે છે જે વધારીને ૬ ટકા કરવામાં આવશે.

## ૨. અનલૉક-3 : નવી માર્ગદર્શિકા જાહેર (વહીવટ)

**મુખ્ય બાબતો :**

**અનલોક-3 એટ એ ગ્લાન્સ**

**આટલી રાહત અપાઈ**

✓ નાઈટ કરફ્યૂમાંથી મુક્તિ
✓ પાંચ ઓગસ્ટથી જીમ અને યોગા સેન્ટર ખોલવામાં આવશે
✓ સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ૧૫ ઓગસ્ટની ઉજવણી

**અનલોક-૩ની ગાઈડલાઈન**

1. રાત્રી કરફ્યૂ દૂર કરવામાં આવશે, લોકો ઉપર કોઈ પ્રતિબંધ નહીં રહે.
2. યોગા સેન્ટરર્સ અને જિમ્નેશિયમ પાંચ ઓગસ્ટથી ખોલી શકાશે. આ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું અનુસરણ કરવું પડશે. સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખવું પડશે.
3. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દરમિયાન પણ સોશિયલ ડિસ્ટન્સિંગનું પૂરતું પાલન કરવું પડશે. આ માટે એસઓપીનું પાલન કરીને જ ઉજવણી કરવા દેવાશે.
4. શાળા, કોલોજો, શૈક્ષણિક સંસ્થાઓ, કોચિંગ ક્લાસિસ ૩૧ ઓગસ્ટ સુધી બંધ રહેશે.
5. વંદે ભારત મિશન હેઠળ મર્યાદિત સંખ્યામાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને ભારત આવવા દેવાશે. તેના માટે એરલાઈન્સ દ્વારા ગાઈડલાઈન્સ અનુસરવામાં આવશે.
6. કન્ટેન્મેન્ટ ઝોન અને રેડ ઝોન સિવાયના વિસ્તારોમાં જ ઉપરોક્ત સુવિધાઓ અને સેવાઓ ચાલુ કરવામાં આવશે.

## 3. રાફેલ યુદ્ધ વિમાન : તા.૨૯મી જુલાઈના રોજ બપોરે ૩.00 કલાકે અંબાલા એરબેઝ ઉપર આગમન



✓ રાફેલનો અર્થ : તૂફાન-હવાની તીવ્ર લહેર
✓ અંબાલા એરફોર્સ સ્ટેશને લેન્ડિંગ બાદ પાંચેય રાફેલનું વૉટર સેલ્યૂટથી સ્વાગત

**રાફેલનું સ્થાન :**

✓ રાફેલ અંબાલા સ્થિત એરફોર્સની 17મી સ્ક્વોડ્રન ગોલ્ડન એરોનો હિસ્સો બનશે, જેમાં 18 રાફેલ તહેનાત થશે. તેમાંથી 3 ટ્રેનર અને બાકી 15 યુદ્ધ વિમાન હશે. એરફોર્સ માટે 42 સ્ક્વોડ્રનને મંજૂરી છે.



**PM મોદીનું રાફેલના સ્વાગતમાં સંસ્કૃત ભાષામાં ટ્વિટ :**

- ✓ નભઃ સ્પૃશં દીપ્તમ્... રાષ્ટ્રરક્ષાસમં પુણ્યં,
- ✓ રાષ્ટ્રરક્ષાસમં વ્રતમ, રાષ્ટ્રરક્ષાસમં યજ્ઞો,
- ✓ દ્રષ્ટો નૈવચ નૈવચ નભઃ સ્પૃશં દીપ્તમ્...
- ✓ સ્વાગતમ્!
- ✓ ભારતમાં રાફેલ
- ✓ **અર્થ:** રાષ્ટ્રરક્ષા સમાન કોઈ પૂણ્ય, રાષ્ટ્રરક્ષા સમાન કોઈ વ્રત, રાષ્ટ્રરક્ષા સમાન કોઈ યજ્ઞ ન દેખાય છે ન તો છે.
- ✓ AIFના એર ચીફ માર્શલ -આર.કે.ભદૌરિયા
- ✓ સુધારો : HEMMER મિસાઈલ માટે અગાઉ ભૂલથી શોર્ય ફોર્મ HEMER લખાયું હતુ.

**૪. અવકાશ વિજ્ઞાન : સુરતની બે વિદ્યાર્થિનીઓ દ્વારા પૃથ્વીથી નજીકના એસ્ટ્રોઈડની શોધ**

**SPACE અભિયાનમાં શોધાયેલા એસ્ટ્રોઈડની NASAના વૈજ્ઞાનિકો દ્વારા પુષ્ટિ કરાઈ**

**અન્ય વિગત :**

- ✓ સુરતની બે વિદ્યાર્થિનીએ પૃથ્વીથી નજીક આવેલો અને ભવિષ્યમાં પૃથ્વી માટે જોખમી નીવડી શકે એવો એસ્ટ્રોઇડ શોધીને ઐતિહાસિક ખગોળિય સિદ્ધિ મેળવી છે.
- ✓ સુરત સ્થિત પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલમાં સીબીએસઈ વિભાગમાં ધોરણ-૧૦માં ભણતી વૈદેહી વેકરિયા અને રાધિકા લખાણીએ એચએલવી-૨૫૧૪ નામનો શુદ્રગ્રહ એટલે કે એસ્ટ્રોઇડ શોધીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના હાંસલ કરી.
- ✓ આ એસ્ટ્રોઇડ હાલમાં ચંદ્રની આસપાસ ફરી રહ્યો છે અને પૃથ્વીની નજીક છે. તેને એનઇઓ (નીઅર અર્થ ઓબ્જેક્ટ) તરીકે ઓળખવામાં આવી રહ્યો છે.
- ✓ વૈદેહી વેકરિયા અને રાધિકા લખાણીએ સ્પેસ એઆઇએએસસી (ઓલ ઇન્ડિયા એસ્ટ્રોઇલ સર્ચ કેમ્પઇન)માં ભાગ કરીને કોરોનાકાળ દરમિયાન ઘરે બેસીને એક નવા એસ્ટ્રોઇડ એચએલવી-૨૫૧૪ની શોધ કરી
- ✓ નાસાના વૈજ્ઞાનિકોએ પણ આ વાતની પૃષ્ટિ કરી છે. ઇન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ સર્ચ કોલેબેશનના ડિરેક્ટર પેટ્રિક મિલરે પણ આ વાતને અનુમોદન આપ્યું છે.

**૫. ઈન્ડો-ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન ટ્રસ્ટ (ધર્મ)**

**અયોધ્યામાં મસ્જિદ નિર્માણ માટે ટ્રસ્ટની રચના : 15 સભ્યો રહેશે**

- ✓ સંસ્થાપક : UP સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડ

**વધુ વિગત :**

- ✓ બોર્ડના અધ્યક્ષ જુફર અહમદ ફારુકીએ જણાવ્યું હતું કે અયોધ્યાના ધન્નીપુર ગામે ફાળવવામાં આવેલી પાંચ એકર જમીન પર મસ્જિદ, ઇન્ડો-ઇસ્લામિક રિસર્ચ સેન્ટર, ગ્રંથાલય અને હોસ્પિટલના નિર્માણ માટે ઇન્ડો-ઇસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન નામે ટ્રસ્ટની રચના કરવામાં આવી છે.
- ✓ ટ્રસ્ટમાં કુલ ૧૫ સભ્યો રહેશે.
- ✓ ફારુકીએ ટ્રસ્ટના નવ સભ્યોના નામની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે બોર્ડ પોતે સંસ્થાપક ટ્રસ્ટી રહેશે અને બોર્ડના મુખ્ય અધિકારી ટ્રસ્ટના પદે પ્રતિનિધિ બની રહેશે.
- ✓ ઉપરાંત તેઓ પોતે આ ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી અને અધ્યક્ષ રહેશે.
- ✓ ટ્રસ્ટના સભ્ય અતહર હુસેન ટ્રસ્ટના સત્તાવાર પ્રવકતા રહેશે.
- ✓ ફૈઝ આફતાબ મસ્જિદ નિર્માણના કોષાધ્યક્ષ રહેશે.
- ✓ મહમદ જુનૈદ સિદ્દીકી, શેખ સૈદુજ્જમ્માન, મહમદ રાશિદ અને ઇમરાન અહમદની ટ્રસ્ટના સભ્યપદે વરણી કરવામાં આવી છે.
- ✓ ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૯ નવેમ્બરે વિવાદિત સ્થાને રામમંદિર નિર્માણનો આદેશ કરવા ઉપરાંત મુસ્લિમોને મસ્જિદ નિર્માણ માટે અયોધ્યાના કોઇક મુખ્ય સ્થાને પાંચ એકર જમીન ફાળવવા આદેશ કર્યો હતો.

**૬.મેડન જુલિયન ઓક્સિલેશન એટલે શું (હવામાન)**

- ✓ એમજેઓને વાદળી અને વરસાદની પલ્સ ગણાય, જે જુદા જુદા મહાસાગરમાં વિષુવવૃત્તની આજુબાજુ ફરે છે, જેનો સાઈકલ પિરિયડ 30 થી 90 દિવસનો હોય છે
- ✓ એમજેઓ સામાન્ય રીતે પશ્ચિમ તરફથી (આફ્રિકા) તરફથી આવીને પૂર્વ આગળ વધતું એક ડિસ્ટર્બન્સ છે, જે અરબી સમુદ્રમાંથી બંગાળની ખાડીમાં અને ત્યાંથી આગળ વધીને પેસેફિક મહાસાગર તરફ આગળ વધે છે.
- ✓ એમજેઓને કારણે પવનોની પેટર્ન અને વાદળોનો જથ્થો વાતાવરણમાં વરસાદ માટેની સાનુકૂળ સ્થિતિની રચના કરે છે.

✓ જેમાં એક્ટિવ-ડીએક્ટિવ એમજેઓ હોય છે. હાલમાં એક્ટિવ એમજેઓ આગળ વધ્યું, જેથી ઓગસ્ટમાં સારો વરસાદ ખેંચી લાવશે.

**૭. સમુદ્રફળ : ગુજરાતમાં પ્રથમવાર 'સમુદ્રફળ તરીકે ઓળખાતા વૃક્ષની નોંધ કરાઈ (વનસ્પતિ શાસ્ત્ર)**

✓ બોટનિકલ નામ : બેરિંગટોનિઆ એક્યુટેન્ગુલા

✓ અન્ય નામ - મીઠા પાણીનું મેન્ગ્રુવ

✓ શોધ કરનાર : ડૉ. કાશ્મીરા સુતરીયા, ભાવનગર

**અન્ય સ્થાન :**

✓ આ વૃક્ષ સામાન્ય રીતે ઓરિસ્સા, આસામ, બંગાળ અને દક્ષિણ ભારતમાં વહેતી નદીના કિનારે જોવા મળે છે

✓ જેના ફુલ લાલ રંગના રેસદાર હોય છે અને રાત્રે ખીલે છે.

**ઔષધિય મહત્વ :**

✓ ઔષધિય મહત્વ ધરાવતી આ વનસ્પતિના કુમળા પાન ખોરાક તરીકે ઉપયોગી છે. તે ડાયાબીટીસ, કેન્સર, હૃદય અને રુધિર સંબંધિત ઉપયોગી છે.

✓ તેના ફળ દવા તથા પુજામાં ઉપયોગમાં લેવાય છે.

✓ બજારમાં તથા ઓનલાઈન સ્ટોર્સમાં ૧૦૦ ગ્રામના ૩૦૦ થી ૪૦૦ રૂપિયાના ભાવે મળે છે.

✓ ખનીજ પોષકતત્વો, વિટામિન્સ અને ફેટી એસીડ જેવા પોષક ઘટકો ઉપરાંત એ વનસ્પતિમાંથી કેટલાક વનસ્પતિજન્ય રસાયણો પણ પ્રાપ્ય બને છે જેમ કે એસ્કોર્બીક એસીડ, કેરેટીનોડસ, ટર્પેનોઈડસ વગેરે જે વનસ્પતિ સંશોધન દરમ્યાન મળી આવી છે.

**૮. રાફેલ યુદ્ધ વિમાનો : પ્રતિ રાફેલની અંદાજે કિંમત રૂ. 1640 કરોડ**



✓ અત્યારસુધીના સૌથી મોંઘા ફાઈટર જેટ

**૯. વિશ્વનો સૌથી મોટો ન્યૂક્લિયર ફ્યૂઝન પ્રોજેક્ટ (ઊર્જા)**

✓ ફ્રાન્સમાં વિશ્વના સૌથી મોટા ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટનો આરંભ.

**હેતુ :**

✓ આ પ્રોજેક્ટ પરમાણુ ફ્યુઝન એટલે કે બે પરમાણુ ભેગા કરીને ઊર્જા મેળવવામાં આવશે.

✓ જો પ્રયોગ સફળ રહેશે તો જગતની ઊર્જા સમસ્યાનો ઉકેલ આવી શકશે.

✓ દસ હજાર ટન કોલસા દ્વારા મળતી ઊર્જા અહીં સફરજન આકારના અણુ જથ્થા દ્વારા મળી શકશે.

**પ્રોજેક્ટનો કુલ ખર્ચ અને જોડાયેલા દેશો**

✓ પ્રોજેક્ટ પાછળ કુલ ૨૩.૫ અબજ ડૉલર (૧૭૬૦ અબજ રૂપિયા) ખર્ચાઈ રહ્યા છે અને ભારત સહિત જગતના ૩૫ દેશો સંયુક્ત રીતે તેનું આયોજન કરી રહ્યાં છે.

✓ આ પ્રોજેકટ એક પ્રકારનું પરમાણુ રિએક્ટર તૈયાર કરવાનો છે, જે અણુના ભંજન (મિશ્રણ)થી પેદા થતી ઊર્જાને કાબુમાં કરી શકે.

✓ આજે આ પ્રોજેક્ટના એસેમ્બલિંગનો આરંભ થયો હતો. એ કામ ૨૦૨૫ સુધી ચાલશે.

✓ એ પછી બધું બરાબર જણાતા તેમાં અણુ ઊર્જા પેદા કરવાનો અને ખાસ તો પેદા થતી ઊર્જાને નાથવાનો પ્રયાસ કરાશે.

✓ ૩૫ ભાગીદાર દેશોમાં યુરોપિયન સંઘના ૨૭ દેશો ઉપરાંત ભારત, અમેરિકા, જાપાન, ચીન, રશિયા, દક્ષિણ કોરિયા અને સ્વિત્ઝરલેન્ડનો સમાવેશ થાય છે.

✓ અત્યારે કુલ ૨૩૦૦ વિજ્ઞાની-એન્જિનીયરો અને કામદારો આ પ્રોજેક્ટ શરૂ કરવાના કામમાં લાગ્યા છે.

✓ **સ્થાન:** આ પ્રોજેક્ટ ફ્રાન્સના દક્ષિણ ભાગમાં આકાર લઈ રહ્યો છે.

**પરમાણુ રિએક્ટર વિશે :**

✓ આ પ્રકારનું રિએક્ટર બાંધવુ એ અતિ મુશ્કેલ કામ છે. તેનું રિએક્ટર કુલ ૨૩ હજાર ટન વજનનું થશે.

✓ એ વજનમાં ૩ હજાર ટન વજનતો માત્ર સુપરકન્ડક્ટિંગ મેગ્નેટનું છે.

✓ આ મેગ્નેટને સતત માઈનસ ૨૬૯ ડીગ્રી તાપમાને ઠંડા રાખવા પડશે.

✓ આ પ્રોજેક્ટના કેટલાક પાર્ટ્સ ભારતની એલ એન્ડ ટી દ્વારા તૈયાર કરાયા છે.

✓ જોકે તેમાં પેદા થનારા પ્લાઝમાનું તાપમાન ૧૫ કરોડ અંશ સેન્ટિગ્રેડ એટલે કે સૂર્યના તાપમાન કરતાં દસગણુ વધારે હશે.

✓ આ પ્રોજેક્ટ સફળ થશે અને પ્રયોગ દરમિયાન પ્રથમ પ્લાઝમા રૂપી ઊર્જા પેદા કરશે તો એ ઊર્જાનો જથ્થો ૫૦૦ મેગાવોટ જેટલો હશે.

✓ અમેરિકા આખો દેશ અત્યારે ૫૦ મેગાવોટ પરમાણુ ઊર્જા મેળવે છે. તેના કરતા દસગણી ઊર્જા આ એકલા પ્રોજેક્ટના એક પ્રયાસમાં મળી શકશે.

✓ આ સમગ્ર <u>પ્રોજેક્ટનું સંચાલન ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર (આઈટીઈઆર) દ્વારા</u> કરવામાં આવી રહ્યું છે.

✓ આ પ્રોજેક્ટની મંજૂરી તો ૨૦૦૬માં જ મળી ગઈ હતી. પરંતુ તેની તૈયારીમાં ઘણો સમય લાગ્યો હતો.

**<u>પરમાણુ ફ્યુઝન એટલે અખૂટ ઊર્જા :</u>**

✓ અત્યારે જગતમાં પરમાણુ ઊર્જા મેળવાય છે, પરંતુ એ પરમાણુ ફિઝન (વિભાજન) દ્વારા પરમાણુ ભેગા કરીને પણ ઊર્જા મેળવી શકાય. એ માટે જોઈએ એવી ટેકનોલોજી હજુ સુધી વિકસી શકી નથી.

✓ પરમાણુ ફ્યુઝન દ્વારા પેદા થતી ઊર્જાનો જથ્થો અને તાકાત પ્રચંડ હોવાથી તેમાં સૌથી મોટો પ્રશ્ન પેદા થતી ઊર્જાને કાબુમાં રાખવાનો થાય છે.

✓ જ્યારે કાબુમાં રાખવાની ફૂલપ્રુફ ટેકનોલોજી શોધાઈ જશે, ત્યારે આ રીતે ઊર્જા મેળવવી સરળ બની જશે.

✓ આ પ્રોજેક્ટને બીજા શબ્દોમાં મીનિ સૂર્યમાં પરમાણુ ફ્યુઝન થાય છે, માટે અખૂટ ઊર્જા પેદા થતી રહે છે.

## <u>૧૦. દિન વિશેષ : 29 જુલાઈ : વર્લ્ડ ટાઈગર ડે</u>




✓ ભારતમાં વાઘની વસ્તી અંગે કેન્દ્ર સરકાર દ્વારા અહેવાલ-૨૦૨૦ રજૂ

<u>અહેવાલના મહત્વના તથ્યો :</u>

✓ વિશ્વના ૭૦ ટકા ટાઈગર ભારતમાં

✓ સૌથી વધુ વાઘની વસ્તી જિમ કાર્બેટ નેશનલ પાર્ક, ઉત્તરાખંડ

**<u>ભારતમાં હાલ કુલ વાઘ-૨૯૬૭ (વર્ષ-૨૦૧૮ની ગણતરી મુજબ)</u>**

✓ જગતની ૭૦ ટકા વાઘ વસ્તી એકલા ભારતમાં છે. ભારતમાં અત્યારે ૨૯૬૭ વાઘ છે. આ આંકડો ૨૦૧૮માં થયેલી ગણતરીના આધારે રજૂ કર્યો હતો.

✓ એ વખતે વડાપ્રધાને પોતે જ વાઘની વસ્તીના આંકડા જાહેર કર્યા હતા.

✓ આ રિપોર્ટ પ્રમાણે <u>દેશમાં સૌથી વધુ ૨૩૧ વાઘ ઉત્તરાખંડના જિમ કોર્બેટ નેશનલ પાર્કમાં</u> છે.

✓ <u>ભારતમાં અત્યારે વાઘના સંરક્ષણ માટે કુલ ૫૦ ટાઈગર રિઝર્વ.</u>

✓ એમાંથી મિઝોરમનું દામ્ફા રિઝર્વ, પશ્ચિમ બંગાળનું બકસા અને ઝારખંડનું પાલામુ ટાઈગર રિઝર્વ એવા છે જ્યાં વસ્તી ગણતરી દરમિયાન કોઈ વાઘ જોવા મળ્યા ન હતા.

✓ એટલે આ ત્રણેય વન વિસ્તારને વાઘ વિહોણા માની લેવાયા છે. દેશના ૫૦ ટાઈગર રિઝર્વમાં કુલ મળીને ૧૯૨૩ વાઘ રહે છે, એટલે કે ભારતમાં વાઘની વસ્તીના ૬૫ ટકા વાઘ રિઝર્વ એરિયામાં રહે છે.

**<u>અન્ય પ્રાણીઓ ભારતમાં :</u>**

✓ ભારત વન્યજીવોના સંરક્ષણમાં સફળ રહ્યું છે, ભારતમાં માત્ર વાઘ નહી, ૩ હજારથી વધારે એકશિંગી ગેંડા છે, ૫૦૦થી વધારે એશિયાટીક સિંહ છે, 30 હજારથી વધારે વાઘ છે, એ સિવાયના અન્ય સજીવોની પણ અગણિત વસ્તી છે.

✓ રાજ્ય મુજબ વાત કરીએ તો વાઘની સૌથી વધુ ૫૨૬ જેટલી સંખ્યા મધ્યપ્રદેશમાં નોંધાઈ છે. એ પછી કર્ણાટક ૫૨૪ અને ઉત્તરાખંડમાં ૪૪૨ વાઘનો વસવાટ નોંધાયો છે.

✓ જિમ કોર્બેટ નેશનલ પાર્ક પછી સૌથી વધુ વાઘ કર્ણાટકના નાગરહોલમાં નોંધાયા છે. અહીં ૧૨૭ વાઘ છે.

✓ ત્રીજા ક્રમે કર્ણાટકનું જ બંદિપુર નેશનલ પાર્ક છે, જ્યાં ૧૨૬ વાઘ છે.

✓ મધ્યપ્રદેશના બાંધવગઢ અને આસામના કાઝિરંગામાં એક સરખા ૧૦૪ વાઘ નોંધાયા.

✓ ૧૦૦થી વધારે વાઘ હોય એવા જંગલમાં આ ઉપરાંત મદુમલાઈના વનોનો પણ સમાવેશ થાય છે.

✓ દેશના અનેક પાર્ક એવા છે જ્યાં વાઘની વસ્તી વધી શકે એમ છે, પરંતુ એ માટે પ્રયાસો કરવાની જરૂર છે.

✓ <u>દૃધવા, કાનહા, તાડોબા, સત્યમંગલા, સુંદરવન એવા જંગલો છે, જ્યાં ૮૦-૮૦ વાઘ નોંધાયા છે.</u>

**<u>વિશ્વમાં વાઘની રેન્જ :</u>**

✓ દુનિયામાં વાઘની ૧૩ રેન્જ આખા જગતમાં ૧૩ રેન્જ છે, જ્યાં વાઘ રહે છે.

✓ <u>ભારત બાંગ્લાદેશ, ભુતાન, કમ્બોડિયા, ચીન,ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, નેપાળ, રશિયા, થાઈલેન્ડ, વિએટનામ.</u>

✓ <u>કેન્દ્રિય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા અહેવાલ રજૂ કરાયો</u>

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૭-૨૦૨૦)</u>

1. ભારત સરકાર દ્વારા તાજેતરમાં તા. 29 જુલાઇના રોજ કઈ નવી શિક્ષણ નીતિ જાહેર કરવામાં આવી છે - **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020)**
2. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 કયા મંત્રાલય દ્વારા જાહેર કરાઈ - **માનવ સંશોધન વિકાસ મંત્રાલય**
3. માનવ સંશોધન વિકાસ મંત્રાલયનું નવું નામ જણાવો - **શિક્ષણ મંત્રાલય**
4. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં શાળાઓ માટે કઈ સિસ્ટમ લાગૂ કરવામાં આવશે - **5+3+3+4**
5. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં સ્નાતક માટે કેટલા વર્ષે નક્કી કરાયા - **4**
6. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં કયા ધોરણ સુધી માતૃભાષા-પ્રાદેશિક ભાષામાં જ શિક્ષણ આપવામાં આવશે - **5**
7. ભારતમાં છેલ્લે કયારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી હતી **– 1986 (સુધારો-1992)**
8. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં ફાઉન્ડેશન સ્ટેજ કેટલા વર્ષે અને પ્રિસ્કૂલ તેમજ પ્રાઈમરી સ્કૂલમાં કયા ધોરણનો સમાવેશ થાય છે – **3 વર્ષે+2 વર્ષે, ધોરણ 1 અને 2 (3 થી 8 વર્ષે)**
9. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં સેકન્ડરી સ્ટેજમાં કયા ધોરણનો સમાવેશ થાય છે - **9 થી 12**
10. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં તમામ ધોરણમાં કયો વિષય ફરજિયાત કરાયો છે - **સંસ્કૃત**
11. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં કયા ધોરણથી જ વૉકેશનલ શિક્ષણ અપાશે - **06**
12. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં વૉકેશનલ અને ઉચ્ચ શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો કયા વર્ષે સુધીમાં કેટલા ટકા સુધી લઈ જવાશે - **વર્ષે 2035 અને 50 ટકા**
13. હાલમાં શિક્ષણ પાછળ ભારતમાં GDP કેટલા ટકા ખર્ચે કરવામાં આવે છે જે વધારીને કેટલા ટકા કરાશે - **4.43 % અને 6 %**
14. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં કયો અભ્યાસક્રમ રદ કરાયો - **એમ.ફિલ**
15. ભારતમાં રાફેલ યુદ્ધ વિમાનોનું આગમન કયારે અને કયાં થયું- તા.29મી જુલાઈ-૨૦૨૦, બપોરે 3.00 કલાકે તથા અંબાલા એરબેઝ (પંજાબ)
16. "રાફેલ"નો અર્થે જણાવો - **તૂફાન, હવાની તીવ્ર લહેર**
17. ભારતમાં રાફેલ યુદ્ધ વિમાનો કઈ સ્કવોડ્રનનો હિસ્સો બનશે - **17મી ગોલ્ડન એરો**
18. ભારતીય વાયુદળના વર્તમાન વડા - **એર ચીફ માર્શલ આર.કે ભદોરીયા**
19. તાજેતરમાં સુરતની કઈ બે વિદ્યાર્થિનીઓએ પૃથ્વીથી નજીકના એસ્ટરોઇડની શોધ કરી જેની નાસાએ માન્યતા આપી છે - **વૈદેહી વેકરીયા અને રાધિકા લખાણી**
20. તાજેતરમાં સુરતની બે વિદ્યાર્થિનીઓએ પૃથ્વીથી નજીકના એસ્ટરોઇડની શોધ કરી તેનું નામ જણાવો - **HLV-2514**
21. મેડન જુલિયન ઓક્સિલેશન કોને કહેવાય છે – **તે વાદળી અને વરસાદની પલ્સ ગણાય છે, જે જુદા જુદા મહાસાગરમાં વિષુવવૃત્તની આજુબાજુ ફરે છે, જેનો સાઈકલ પિરિયડ 30 થી 90 દિવસનો હોય છે**
22. મેડન જુલિયન ઓક્સિલેશન કયા સમુદ્રમાંથી બંગાળની ખાડીમાં અને ત્યાંથી આગળ વધીને પેસેફિક મહાસાગર તરફ આગળ વધે છે – **અરબી સમુદ્ર**
23. જુલાઈ-૨૦૨૦માં ગુજરાતમાં પ્રથમવાર કયા વૃક્ષની નોંધ કરાઈ - **સમુદ્રફળ**
24. સમુદ્રફળ વૃક્ષનું બોટનિકલ નામ જણાવો - **બેરિંગટોનિઆ એક્યુટેન્ગુલા**
25. ગુજરાતમાં પ્રથમવાર સમુદ્રફળ તરીકે ઓળખાતા વૃક્ષની નોંધ કરાઈ તેની શોધ કરનારનું નામ જણાવો - **ડૉ. કાશ્મીરા સુતરીયા, ભાવનગર**
26. સમુદ્રફળ વૃક્ષ ભારતના ક્યા વિસ્તારોમાં જોવા મળે છે - **ઓરિસ્સા, આસામ, બંગાળ અને દક્ષિણ ભારતમાં વહેતી નદીના કિનારે**
27. ક્યા વૃક્ષને મીઠા પાણીના મેન્ગૃવ તરીકે પણ ઓળખવામાં આવે છે - **સમુદ્રફળ**
28. યુદ્ધ વિમાન રાફેલની કિંમત જણાવો – **પ્રતિ વિમાન અંદાજે રૂ. 1640 કરોડ**
29. ભારતીય વાયુસેનામાં સામેલ ફાઈટર જેટ પૈકી સૌથી મોંઘા ફાઈટર જેટ કયું છે – **રાફેલ ફાઈટર જેટ**
30. ક્યા સ્થળે વિશ્વનો સૌથી મોટા ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટનો આરંભ થયો છે – **ફ્રાન્સના દક્ષિણ ભાગમાં**
31. ક્યા હેતુસર ફ્રાન્સમાં વિશ્વના સૌથી મોટા ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટનો આરંભ થયો - **બે પરમાણુ ભેગા કરીને ઊર્જા મેળવવા**
32. વિશ્વના સૌથી મોટા ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટમાં અંદાજે કેટલો ખર્ચ થશે - **૨૩.૫ અબજ ડૉલર (૧૭૬૦ અબજ રૂપિયા)**

33. વિશ્વના સૌથી મોટા ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટથી કેટલી ઊર્જા મળવાનો અંદાજ છે - **દસ હજાર ટન કોલસા દ્વારા મળતી ઊર્જા જેટલો**
34. ફ્રાંસ સ્થિત ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટના કેટલાક પાર્ટ્સ કઈ ભારતીય કંપની દ્વારા તૈયાર કરાયા છે - **એલ એન્ડ ટી**
35. ફ્રાંસ સ્થિત ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટમાં પેદા થનારા પ્લાઝમાનું તાપમાન ૧૫ કરોડ અંશ સેન્ટિગ્રેડ એટલે કે સૂર્યના તાપમાન કરતાં કેટલા ગણુ વધારે હશે - **દસગણુ**
36. ફ્રાંસ સ્થિત ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટથી પ્લાઝમા રૂપી પેદા થનાર ઊર્જાનો જથ્થો જણાવો - **૫૦૦ મેગાવોટ જેટલો**
37. આઈટીઈઆરનું વિસ્તૃત નામ જણાવો – **ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર**
38. ફ્રાંસ સ્થિત ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટનું સંચાલન કોના દ્વારા કરવામાં આવી રહ્યું છે - **ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર**
39. ફ્રાંસ સ્થિત ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટમાં ભારત સહિત કુલ કેટલા ભાગીદાર દેશનો સમાવેશ થાય છે – **૩૫ દેશ**
40. ફ્રાંસ સ્થિત ન્યુક્લિયર ફ્યુઝન પ્રોજેક્ટમાં વિશ્વભરના કેટલા વિજ્ઞાની-એન્જિનીયરો અને કામદારો જોડાયેલા છે - **૨૩૦૦**
41. પરમાણુ ફ્યુઝન એટલે શું - **અખૂટ ઊર્જા**
42. વર્લ્ડ ટાઈગર ડે ક્યારે મનાવવામાં આવે છે - **29 જુલાઈ**
43. ભારતમાં વાઘની વસ્તી અંગે કેન્દ્ર સરકાર અહેવાલ-૨૦૨૦ અનુસાર વિશ્વના કેટલા ટકા ટાઈગર ભારતમાં છે - **૭૦**
44. ભારતમાં વાઘની વસ્તી અંગે કેન્દ્ર સરકારના અહેવાલ-૨૦૨૦ અનુસાર ભારતમાં સૌથી વધુ વાઘની વસ્તી ક્યાં જોવા મળે છે - **જિમ કાર્બેટ નેશનલ પાર્ક, ઉત્તરાખંડ**
45. વર્ષ-૨૦૧૮ની વાઘ ગણતરી મુજબ ભારતમાં ઉત્તરાખંડ સ્થિત જિમ કાર્બેટ નેશનલ પાર્કમાં સૌથી વધુ કેટલા વાઘ છે - **૨૩૧**
46. વર્ષ-૨૦૧૮ની વાઘ ગણતરી મુજબ ભારતમાં વાઘની સંખ્યા કેટલી હતી - **૨૯૬૭**
47. વર્ષ-૨૦૧૮ની વાઘની વસ્તીના આંકડા કોણે જાહેર કર્યા હતા - **વડાપ્રધાને**
48. ભારતમાં હાલમાં વાઘના સંરક્ષણ માટે કુલ કેટલા ટાઈગર રિઝર્વ છે - **૫૦**
49. વર્ષ-૨૦૧૮ની વાઘ ગણતરી દરમિયાન ભારતના ટાઈગર રિઝર્વ પૈકી ક્યા સ્થળે વસ્તી ગણતરી વખતે કોઈ વાઘ જોવા મળ્યા ન હતા - **મિઝોરમનું દામ્ફા રિઝર્વ, પશ્ચિમ બંગાળનું બકસા અને ઝારખંડનું પાલામુ**
50. વર્ષ-૨૦૧૮ની વાઘ ગણતરી મુજબ કયા રાજ્યમાં વાઘની સૌથી વધુ સંખ્યા છે – **મધ્યપ્રદેશ**
51. વિશ્વમાં વાઘની કુલ કેટલી રેન્જ છે, જ્યાં વાઘ રહે છે - **૧૩ રેન્જ**
52. વર્તમાન કેન્દ્રિય પર્યાવરણ મંત્રીનું નામ જણાવો - **પ્રકાશ જાવડેકર**

**DATE : 30-07-2020**

## ૧.ગુજરાત પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ (ગૃહ)

**નવો ગુજરાત પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ ડ્રાફ્ટ મુખ્યમંત્રીને સુપરત કરાયો**

**નવો GPM-૨૦૨૦**

- ✓ વર્ષ-૧૯૭૫માં રાજ્યના પોલીસ મેન્યુઅલની રચના થયા બાદ પ્રથમવાર નવું પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ તૈયાર કરવામાં આવ્યું છે.
- ✓ પોલીસ મેન્યુઅલના આ નવા ડ્રાફ્ટને ઇ-બુકના માધ્યમથી પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે જેથી આ ઈ-બુક પોકેટ-કો એપ્લિકેશન અને પોલીસની વેબસાઇટ પર સર્ચની સુવિધા સાથે ઉપલબ્ધ રહેશે.

**કુલ ત્રણ ભાગ**

- ✓ આ ત્રણ ભાગમાં CRPC, IPC, પુરાવા અધિનિયમ, POCSO, Act.૨૦૧૨, એસ.સી-એસ.ટી. સુધારા અધિનિયમ-૨૦૧૫, જુવેનાઇલ જસ્ટિસ (સીપીસ) એક્ટ ૨૦૧૫, અનલોફૂલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) સુધારા અધિનિયમ એક્ટ-૨૦૧૪નો સમાવેશ થયો છે.
- ✓ રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા દ્વારા તૈયાર કરાયો (હાલમાં નિવૃત્ત)

## ૨.ભારત-મોરિશિયસ સંબંધો (વૈશ્વિક સંબંધો)

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા મોરિશિયસની સુપ્રીમ કોર્ટના નવા બિલ્ડિંગનુ ઈ-ઉદઘાટન**



**વિશેષતાઓ –**

- ✓ ભારતની મદદથી કોર્ટની નવી ઈમારત તૈયાર
- ✓ સ્થાન : પોર્ટ લૂઈસ
- ✓ મોરિશિયસ વડાપ્રધાન : શ્રી પ્રવિન્દ જગન્નાથ (મૂળ ભારતીય)
- ✓ મોરિશિયસમાં ભારત દ્વારા અગાઉ વિઝન – SAGAR શરૂ કરાયું હતુ.
- ✓ SAGAR-સિક્યુરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજિયન

**અન્ય દેશો સાથે ભારતના આર્થિક સંબંધો**

- ✓ માલદીવ્ઝ-શ્રીલંકા સાથે આથિર્ક સહયોગને વેગ અપાશે
- ✓ ફક્ત મોરિશિયસ જ નહીં માલદીવ્ઝ અને શ્રીલંકા સાથે આર્થિક સહયોગને પણ ભારતે વેગ આપ્યો છે.
- ✓ માલદીવ્ઝ સાથે ૧૮ MOU કરાયા છે અને ૧.૪ અબજ ડૉલરની સહાય કરાઈ છે.
- ✓ શ્રીલંકાને પણ ૩.૪૫ અબજ ડૉલરની સહાય કરાઈ છે.

## ૩. USમાં 'ગાંધી-કિંગ એક્સચેન્જ એક્ટ' ખરડો પસાર (વૈશ્વિક સંબંધો)



**હેતુ :**

- ✓ અમેરિકી સંસદ મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની ધરોહરોનો પ્રચાર કરવા એક ખરડો પસાર કર્યો.
- ✓ ગાંધી-કિંગ એક્સચેન્જ એક્ટ ' નામનો આ ખરડો તેમના વિચારો અંગે સંશોધનમાં મદદ કરશે.

## ૪. મહિલા સશક્તિકરણ પખવાડિયા

**તા. ૧ થી ૧૪ ઓગસ્ટ-૨૦૨૦**

**કયા દિવસે કઈ ઉજવણી**


| | |
|---|---|
| 1 ઓગસ્ટ | મહિલા સુરક્ષા દિવસ |
| 2 ઓગસ્ટ | બેચી બચાવો બેટી પઢાઓ |
| 3 ઓગસ્ટ | મહિલા સ્વાલંબન દિવસ |
| 4 ઓગસ્ટ | મહિલા નેતૃત્વ દિવસ |
| 5 ઓગસ્ટ | મહિલા આરોગ્ય દિવસ |
| 6 ઓગસ્ટ | મહિલા કૃષિદિવસ |
| 7 ઓગસ્ટ | મહિલા શિક્ષણ દિવસ |
| 8 ઓગસ્ટ | મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ |
| 9 ઓગસ્ટ | મહિલા કલ્યાણ દિવસ |
| 10 ઓગસ્ટ | મહિલા બાળપોષણ જાગૃતિ દિવસ |
| 11 ઓગસ્ટ | મહિલા કર્મયોગી દિવસ |
| 12 ઓગસ્ટ | મહિલા અને કાનૂની જાગૃતિ દિવસ |
| 13 ઓગસ્ટ | શ્રમજીવી મહિલા દિવસ |
| 14 ઓગસ્ટ | મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ |




- ✓ તમામ ઉજવણી TV અને સોશિયલ મીડિયાના માધ્યમથી કરાશે

## ૫. NASA (અવકાશ વિજ્ઞાન)

**મંગળ ગ્રહ ઉપર જીવસૃષ્ટિની શોધ માટે નાસાનું 'પર્સેવરન્સ મિશન' લોન્ચ**



**હેતુ :**

- ✓ મંગળ ગ્રહ પર જીવસૃષ્ટીની શોધ માટે અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા- નાસાનું પર્સેવરન્સ મિશન ફ્લોરિડાના કેપ કાનવેરલ ખાતેથી સફળતાપૂર્વક લોન્ચ થયું હતુ.
- ✓ **ખર્ચ:** આશરે ૨.૪ અબજ ડોલર (આશરે ૧૩૪ અબજ ભારતીય રૂપિયા)નું આ મિશન સાત મહિનાનો પ્રવાસ ખેડીને મંગળ ગ્રહ પર ફેબ્રુઆરી, ૨૦૨૧માં પહોંચશે.
- ✓ નાસાએ યાનમાં એક એસયુવી કારની સાઈઝનું પર્સેવરન્સ રોવર અને ઈન્જેન્યુટી હેલિકોપ્ટર પણ મંગળ પર મોકલ્યા છે.
- ✓ કામગીરી : પર્સેવરન્સ મિશન દ્વારા વાતાવરણ, ધૂળ અને અન્ય ચીજોનો અભ્યાસ કરશે અને સેમ્પલ એકઠા કરશે તેમજ મંગળની હાઈરિઝોલ્યુશન તસવીરો પણ ઝડપશે.
- ✓ અવકાશયાન સેમ્પલ્સ લઈને પૃથ્વી પર પરત પણ ફરવાનું છે.

૬. UN : WMO-અહેવાલ

આગામી ૫ વર્ષમાં પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧.૫ ડિગ્રી વધી જશે (હવામાન)

- ✔ યુએન સંલગ્ન એજન્સી ધ વર્લ્ડ મેટીઓરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએમઓ)ના અહેવાલ મુજબ વિશ્વનું તાપમાન આગામી પાંચ જ વર્ષમાં ૧.૫ ડિગ્રી વધી જશે.
- ✔ સંભવતઃ ૨૦૨૪ આવતા સરેરાશ તાપમાન ૧ ડિગ્રી જેટલું વધી જાય તેવી પ્રબળ શક્યતા છે.

ઉપાય :

- ✔ અત્યારથી ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડવામાં આવે તો કદાચ આ વધારો અસ્થાઈ હશે.
- ✔ એટલે કે બે-ચાર વર્ષ પછી તાપમાન ફરીથી નોંધપાત્ર રીતે ઘટી શકે છે.
- ✔ વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠને કહ્યું હતું કે ૧૮૫૦ થી ૧૯૦૦ દરમિયાન જે તાપમાન હતું તેનાથી ૨૦મી સદીનું તાપમાન એક ડિગ્રી વધી ચૂક્યું છે, પરંતુ ૨૧ મી સદીના મધ્યાહન સુધીમાં સરેરાશ તાપમાન દોઢથી બે ડિગ્રી વધી શકે છે.
- ✔ WMO-જીનીવા(સ્વિસ)

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૭-૨૦૨૦)

1. નવો ગુજરાત પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ ડ્રાફ્ટ મુખ્યમંત્રીને ક્યારે સુપરત કરાયો – **૩૦મી જુલાઈ-૨૦૨૦**
2. ગુજરાત પોલીસ મેન્યુઅલની રચના ક્યારે થઈ હતી - **વર્ષ-૧૯૭૫**
3. નવો પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ કુલ કેટલા ભાગમાં છે - **ત્રણ**
4. નવા પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ના કુલ ત્રણ ભાગમાં શાનો સમાવેશ થાય છે - **CRPC, IPC, પુરાવા અધિનિયમ, POCSO, Act.૨૦૧૨, એસ.સી-એસ.ટી. સુધારા અધિનિયમ-૨૦૧૫, જુવેનાઇલ જસ્ટિસ (સીપીસ) એક્ટ ૨૦૧૫, અનલોફૂલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) સુધારા અધિનિયમ એક્ટ-૨૦૧૪**
5. નવા ગુજરાત પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ કોના દ્વારા તૈયાર કરાયો – **તત્કાલીન રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા**
6. જુલાઈ-૨૦૨૦માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કયા દેશની સુપ્રીમ કોર્ટના નવા બિલ્ડિંગનુ ઈ-ઉદઘાટન કરાયું - **મોરિશિયસ**
7. ભારતની મદદથી કયા દેશની સુપ્રીમ કોર્ટનું નવું બિલ્ડિંગ બનાવાયું છે – **મોરિશિયસ**
8. મોરેસિયસની સુપ્રીમ કોર્ટ કયાં આવેલી છે - **પોર્ટ લુઈસ**
9. મોરિશિયસના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **શ્રી પ્રવિન્દ જગન્નાથ**
10. મોરેસિયસના વર્તમાન વડાપ્રધાન શ્રી પ્રવિન્દ જગન્નાથનું મૂળ વતન જણાવો – **ભારત**
11. SAGARનું વિસ્તૃત નામ જણાવો - **સિક્યુરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજિયન**
12. ભારતે માલદીવ્ઝ સાથે કેટલા MOU કર્યા છે - **૧૮**
13. ભારતે માલદીવ્ઝને કેટલી સહાય કરી છે - **૧.૪ અબજ ડૉલર**
14. ભારતે શ્રીલંકાને કેટલી સહાય કરી છે - **૩.૪૫ અબજ ડૉલર**
15. જુલાઈ-૨૦૨૦માં કયા દેશમાં 'ગાંધી-કિંગ એક્સચેન્જ એક્ટ' ખરડો પસાર કરાયો - **US**
16. કયા હેતુસર USમાં 'ગાંધી-કિંગ એક્સચેન્જ એક્ટ' ખરડો પસાર કરાયો - **મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની ધરોહરોનો પ્રચાર કરવા**
17. ગુજરાતમાં તા. ૧ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન કયુ પખવાડિયુ ઉજવાશે- **મહિલા સશક્તિકરણ પખવાડિયુ**
18. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૧લી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - **મહિલા સુરક્ષા દિવસ**
19. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૨જી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - **બેટી બચાવો બેટી પઢાઓ**
20. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૩જી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - **મહિલા સ્વાલંબન દિવસ**
21. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૪થી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - **મહિલા નેતૃત્વ દિવસ**
22. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૫મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - **મહિલા આરોગ્ય દિવસ**
23. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૬ઠ્ઠી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - **મહિલા કૃષિ દિવસ**
24. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૭મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - **મહિલા શિક્ષણ દિવસ**

25. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૮મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ
26. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૯મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - મહિલા કલ્યાણ દિવસ
27. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૧૦મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - મહિલા બાળપોષણ જાગૃતિ દિવસ
28. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૧૧મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - મહિલા કર્મયોગી દિવસ
29. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૧૨મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - મહિલા અને કાનૂની જાગૃતિ દિવસ
30. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૧૩મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - શ્રમજીવી મહિલા દિવસ
31. ગુજરાતમાં મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત તા. ૧૪મી ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવશે - મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ
32. ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી ક્યા માધ્યમથી કરાશે - TV અને સોશિયલ મીડિયાના માધ્યમથી
33. અમેરિકન અવકાશ સંશોધન સંસ્થાનું નામ જણાવો – NASA
34. જુલાઈ-૨૦૨૦માં અમેરિકન અવકાશ સંશોધન સંસ્થા NASA દ્વારા કયા ગ્રહ ઉપર જીવસૃષ્ટિની શોધ માટે મિશન લોન્ચ કરાયું - મંગળ
35. જુલાઈ-૨૦૨૦માં NASA દ્વારા મંગળ ગ્રહ ઉપર જીવસૃષ્ટિની શોધ માટે કયું મિશન લોન્ચ કરાયું - 'પર્સેવરન્સ મિશન'
36. જુલાઈ-૨૦૨૦માં NASA દ્વારા મંગળ ગ્રહ ઉપર જીવસૃષ્ટિની શોધ માટે પર્સેવરન્સ મિશન' ક્યાંથી લોન્ચ કરાયું - ફ્લોરિડાના કેપ કાનવેરલ
37. NASA દ્વારા મંગળ ગ્રહ ઉપર જીવસૃષ્ટિની શોધ માટે લોન્ચ કરવામાં આવેલ પર્સેવરન્સ મિશન' પાછળ કેટલો ખર્ચ થયો - આશરે ૨.૪ અબજ ડોલર (આશરે ૧૩૪ અબજ ભારતીય રૂપિયા)
38. NASA દ્વારા મંગળ ગ્રહ ઉપર જીવસૃષ્ટિની શોધ માટે લોન્ચ કરવામાં આવેલ પર્સેવરન્સ મિશન' કેટલા મહિનાનો પ્રવાસ ખેડીને મંગળ ગ્રહ પર પહોંચશે - સાત
39. NASA દ્વારા મંગળ ગ્રહ ઉપર જીવસૃષ્ટિની શોધ માટે લોન્ચ કરવામાં આવેલ પર્સેવરન્સ મિશન' ક્યારે મંગળ ગ્રહ પર પહોંચશે - ફેબ્રુઆરી, ૨૦૨૧
40. WMOનું વિસ્તૃત નામ જણાવો – ધ વર્લ્ડ મેટીઓરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન
41. UN સંલગ્ન એજન્સી WMOના તાજેતરના અહેવાલ મુજબ આગામી ૫ વર્ષમાં પૃથ્વીનું સરેરાશ તાપમાન કેટલુ વધી જશે - ૧.૫ ડિગ્રી
42. UN સંલગ્ન એજન્સી WMOના તાજેતરના અહેવાલ મુજબ વર્ષ-૨૦૨૪ સુધીમાં પૃથ્વીનું સરેરાશ તાપમાન કેટલું વધવાનું અનુમાન છે - ૧ ડિગ્રી
43. વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠનના તાજેતરના અહેવાલ મુજબ વર્ષ-૧૮૫૦ થી ૧૯૦૦ દરમિયાન જે તાપમાન હતું તેનાથી ૨૦મી સદીનું તાપમાન કેટલું વધ્યુ છે – ૧ ડિગ્રી
44. વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠનના તાજેતરના અહેવાલ મુજબ ૨૧મી સદીના મધ્યાહ્ન સુધીમાં સરેરાશ તાપમાનમાં કેટલો વધારો થવાની શક્યતા છે – ૧.૫ થી ૨ ડિગ્રી
45. વિશ્વ હવામાન સંગઠન-WMOનું મુખ્ય મથક કયાં આવેલું છે – જીનીવા (સ્વિસ)

DATE : 31-07-2020

૧.નિમણૂક : ગુજરાતના નવા ૩૮માં DGP તરીકે આશિષ ભાટિયાની નિમણૂક (કાયદો-વહીવટ)

✓ બેચ : IPS-૧૯૮૫ કેડર : ગુજરાત

✓ પોલીસ ભવન ગાંધીનગર ખાતે નવા DGPને ગાર્ડ ઓફ ઓનર અપાયું

✓ DGP: ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ

૨. સિદ્ધિ : અંબાજી મંદિર (ધર્મ)

કેન્દ્ર સરકારની પ્રસાદ પરિયોજનામાં શક્તિપીઠ અંબાજીનો સમાવેશ

- ✓ ગુજરાતમાં સોમનાથ અને દ્વારકા બાદ ત્રીજા યાત્રાધામનો PRASADમાં સમાવેશ
- ✓ દેશની ૫૧ શક્તિ પીઠ પૈકીનુ ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં આવેલ વિશ્વપ્રસિદ્ધ આદ્યશક્તિ યાત્રાધામ અંબાજીનું કેન્દ્ર સરકારની પ્રસાદ પરિયોજનામાં સમાવેશ કરાયો.
- ✓ કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયે દેશના વધુ પાંચ તીર્થયાત્રા સ્થાનોનો આ યોજનામાં સમાવેશ કરવા કરેલી જાહેરાતમાં ગુજરાતના અંબાજીને પણ પ્રસાદ યોજના અન્વયે સાંકળી લેવાનો નિર્ણય કર્યો.
- ✓ યાત્રાધામ અંબાજીનો પ્રસાદ યોજના અન્વયે વિકાસ થશે.

**સુવિધાઓ :**

- ✓ ગુજરાત પ્રવાસન નિગમે યાત્રાધામ અંબાજીનો પ્રસાદ પરિયોજનામાં સમાવેશ કરીને પ્રવાસન સુવિધા કેન્દ્ર, કોમ્યુનીટી કિચન, ગબ્બર પગથિયાં નવિનીકરણ જેવી પ્રવાસન-યાત્રી સુવિધાઓ વિકસાવવા ભારત સરકારમાં દરખાસ્ત કરી હતી.
- ✓ યાત્રાધામ અંબાજીને તાજેતરમાં જ શ્રેષ્ઠ યાત્રીક સુવિધાઓ માટે ISO ૯૦૦૧ સર્ટીફિકેટ પણ પ્રાપ્ત થયુ છે.

**યોજનાનો હેતુ :**

- ✓ દેશના યાત્રાધામોમાં પ્રવાસીઓ માટે વર્લ્ડ ક્લાસ સુવિધાઓ ઊભી કરવા અને સ્થાનિક રોજગારી તથા સ્થાનિક કલા સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવાયેલી પ્રસાદ યોજનામાં ગુજરાતના પ્રસિદ્ધ અંબાજી મંદિરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- ✓ ભારતમાં કુલ-૪૧ યાત્રાધામનો પ્રસાદ હેઠળ સમાવેશ
- ✓ કેન્દ્રીય પ્રવાસન મંત્રાલય
- ✓ PRASAD : પિલગ્રિમ રિજુવિનેશન એન્ડ સ્પિરિચ્યૂઅલ ઓગમેન્ટેશન ડ્રાઈવ
- ✓ ૩. ખેલકૂદ : નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ-૨૦૨૦ : પસંદગી સમિતિની રચના

**સમિતિના અધ્યક્ષ અને સભ્યો :**

- ✓ **અધ્યક્ષ:** સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ મુકુંદકમ શર્મા

**સમિતિના સભ્ય-રમત**

- ✓ સેહવાગ (ક્રિકેટ), સરદારસિંહ (હોકી),
- ✓ મોનાલિસા બરુઆ મહેતા (ટેબલ ટેનિસ),
- ✓ દીપા મલિક (પેરા એથ્લેટિક્સ)
- ✓ વેંકટેસન દેવરાજન (બોક્સીંગ)
- ✓ મનીષ બટાવિયા-રમત ગમતના કમેંટેટર્સ
- ✓ આલોક સિંહા - રમત પત્રકાર
- ✓ નીરુ ભાટિયા
- ✓ આ ઉપરાંત રમત મંત્રાલયના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ડાયરેક્ટર જનરલ સંદીપ પ્રધાન,
- ✓ ટારગેટ ઓલિમ્પિક પોડિયમ યોજનાના સીઇઓ રાજેશ રાજાગોપાલન સમિતિમાં.

**કયા કયા એવોર્ડ :**

- ✓ રાજીવ ગાંધી ખેલ રત્ન દ્રોણાચાર્ય એવોર્ડ
- ✓ અર્જુન એવોર્ડ ધ્યાનચંદ એવોર્ડ
- ✓ રાષ્ટ્રીય રમત પ્રોત્સાહન એવોર્ડ અને
- ✓ મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફીના વિજેતાઓની પસંદગી.
- ✓ આ એવોર્ડ 29 ઓગસ્ટે સુપ્રસિદ્ધ હોકી ખેલાડી મેજર ધ્યાનચંદના જન્મદિવસ પર સ્પોર્ટ્સ દિવસના ઉપલક્ષ્યમાં આપવામાં આવે છે.
- ✓ રમત મંત્રાલય-ભારત સરકાર

૪. નિમણૂક : ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેઈન ઓથોરિટીના ચેરમેન તરીકે નિવૃત્ત IAS બલવંતસિંઘને બે વર્ષમાં એક્સટેન્શન

- ✓ કાર્યકાળ : ૧લી ઓગસ્ટ-૨૦૨૦થી બે વર્ષ

૫. જન્મ દિન વિશેષ : ૩૧ જુલાઈ

ગુજરાતના પહેલા આદિવાસી મુખ્યમંત્રી : અમરસિંહ ચૌધરી

જન્મ – ૩૧ જુલાઈ-૧૯૪૧

અવસાન – ૧૫ ઓગસ્ટ-૨૦૦૪

- ✓ આજે પ્રસિદ્ધ કળા મર્મજ્ઞ ડો.મધુસૂદન ઢાંકી, સમાજશાસ્ત્રી આઈ.પી.દેસાઈ, સાહિત્યકાર મુનશી પ્રેમચંદ અને ગુજરાતના પહેલાં આદિવાસી મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનો જન્મદિવસ.




- ✓ સાહિત્યકાર અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અને મહમંદ રફી પુણ્યતિથિ.
- ✓ અમરસિંહ ભીલાભાઈ ચૌધરીનો જન્મ વ્યારા તાલુકાના ડોલવણ ગામે થયો હતો.
- ✓ વડોદરાની એમ.એસ.યુનિ.માં સિવિલ એન્જીનીયરીંગનો અભ્યાસ પૂરો કરી અમરસિંહ ચૌધરી રાજનીતિમાં જોડાઈ

પહેલી વખતમાં જ 1972માં ઘનશ્યામ ઓઝા સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી બન્યા.

- ✓ તેઓ ગુજરાત સરકારના પાંચ વિભાગોમાં મંત્રી, વિરોધ પક્ષના નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી (6 જુલાઈ 1985 થી 9 ડીસેમ્બર 1989) સુધી વિસ્તરી હતી.
- ✓ તેઓ ગુજરાતના સૌથી યુવાન અને એકમાત્ર આદિવાસી મુખ્યમંત્રી તરીકેનો કીર્તિમાન પણ ધરાવે છે.
- ✓ અમરસિંહ ચૌધરીના મુખ્યમંત્રીકાળ દરમિયાન ગુજરાત સતત દુષ્કાળગ્રસ્ત રહ્યું હતું.
- ✓ તેમનાં મુખ્યમંત્રીકાળ દરમિયાન નર્મદા કોર્પોરેશનની રચના, નર્મદામાંથી પીવાના પાણીની યોજનાની મંજુરી, કામને બદલે અનાજની યોજના, બેકલોગ જગ્યાઓ પર ભરતી વગેરે નોંધપાત્ર કાર્યો રહ્યાં હતાં.
- ✓ તેઓનું 15 ઓગસ્ટ 2004નાં રોજ અમદાવાદમાં અવસાન થયું હતું .

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૭-૨૦૨૦)

1. ગુજરાતમાં શિવાનંદ ઝાની નિવૃત્તિ બાદ નવા DGP તરીકે કોની નિમણૂક કરાઈ - **આશિષ ભાટિયા**
2. આશિષ ભાટિયાની કેટલામાં DGP તરીકે નિમણૂક કરાઈ – ૩૮માં
3. ગુજરાતના નવા DGP આશિષ ભાટિયા કઈ બેચ-કેડરના અધિકારી છે - **IPS-૧૯૮૫ તથા ગુજરાત કેડર**
4. DGPનું વિસ્તૃત નામ જણાવો - ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ
5. તાજેતરમાં કેન્દ્ર સરકારની કઈ પરિયોજનામાં શક્તિપીઠ અંબાજીનો સમાવેશ કરાયો - **પ્રસાદ**
6. તાજેતરમાં કેન્દ્ર સરકારની પ્રસાદ પરિયોજનામાં શક્તિપીઠ અંબાજીનો સમાવેશ કરાયો આ પહેલાં ગુજરાતના કયા બે યાત્રાધામનો પ્રસાદ યોજનામાં સમાવેશ થયેલો છે - **સોમનાથ અને દ્વારકા**
7. કેન્દ્ર સરકારની પ્રસાદ પરિયોજના કયા મંત્રાલય હેઠળની યોજના છે – **પ્રવાસન મંત્રાલય**
8. ગુજરાતના કયા યાત્રાધામને તાજેતરમાં શ્રેષ્ઠ યાત્રીક સુવિધાઓ માટે ISO ૯૦૦૧ સર્ટીફિકેટ પ્રાપ્ત થયુ છે – અંબાજી
9. કેન્દ્ર સરકારની પ્રસાદ યોજનાનો હેતુ જણાવો - **દેશના યાત્રાધામોમાં પ્રવાસીઓ માટે વર્લ્ડ ક્લાસ સુવિધાઓ ઊભી કરવા અને સ્થાનિક રોજગારી તથા સ્થાનિક કલા સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા**
10. દેશના કુલ કેટલા યાત્રાધામનો પ્રસાદ યોજના હેઠળ સમાવેશ કરાયો છે - ૪૧
11. PRASADનું વિસ્તૃત નામ જણાવો - **પિલગ્રિમ રિજુવિનેશન એન્ડ સ્પિરિચ્યુઅલ ઓગમેન્ટેશન ડ્રાઈવ**
12. તાજેતરમાં નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ-૨૦૨૦ પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઈ - **સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ મુકુંદકમ શર્મા**
13. ભારતમાં નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ અંતર્ગત કયા કયા એવોર્ડ આપવામાં આવે છે - **રાજીવ ગાંધી ખેલ રત્ન, દ્રોણાચાર્ય એવોર્ડ, અર્જુન એવોર્ડ, ધ્યાનચંદ એવોર્ડ, રાષ્ટ્રીય રમત પ્રોત્સાહન એવોર્ડ**
14. ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેઈન ઓથોરિટીના ચેરમેન તરીકે કોને બે વર્ષનુ એક્સટેન્શન અપાયું - **નિવૃત્ત IAS બલવંતસિંઘ**
15. ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેઈન ઓથોરિટીના ચેરમેન બલવંતસિંઘનો કાર્યકાળ જણાવો - **૧લી ઓગસ્ટ-૨૦૨૦થી બે વર્ષ**
16. ગુજરાતના પહેલા આદિવાસી મુખ્યમંત્રી કોણ હતા - **અમરસિંહ ચૌધરી**
17. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનો જન્મદિવસ જણાવો - **૩૧ જુલાઈ-૧૯૪૧**
18. પ્રસિદ્ધ કળા મર્મજ્ઞ ડો.મધુસૂદન ઢાંકી, સમાજશાસ્ત્રી આઈ.પી.દેસાઈ તથા સાહિત્યકાર મુનશી પ્રેમચંદની જન્મ તારીખ જણાવો – **૩૧ જુલાઈ**
19. પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનો જન્મસ્થળ જણાવો – **ડોલવણ, તા.વ્યારા**
20. પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી કોની સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી બન્યા હતા - **ઘનશ્યામ ઓઝા**
21. પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી પ્રથમ વખત ક્યારે ઘનશ્યામ ઓઝા સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી બન્યા
22. હતા – **વર્ષ-૧૯૭૨**
23. અમરસિંહ ચૌધરીનો મુખ્યમંત્રીનો કાર્યકાળ જણાવો - **6 જુલાઈ 1985 થી 9 ડીસેમ્બર 1989**
24. અમરસિંહ ચૌધરીના મુખ્યમંત્રીકાળ દરમિયાન થયેલા નોંધપાત્ર કાર્યો જણાવો - **નર્મદા કોર્પોરેશનની રચના, નર્મદામાંથી પીવાના પાણીની યોજનાની મંજુરી, કામને બદલે અનાજની યોજના, બેકલોગ જગ્યાઓ પર ભરતી વગેરે**
25. પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનું કયારે તથા ક્યા અવસાન થયું હતું- **15 ઓગસ્ટ 2004 તથા અમદાવાદ**